ટૉલ્સ્ટૉયની વાર્તાઓ



આપણો સાહિત્ય વારસો

આપણો સાહિત્ય-વારસો

: ૧૯૭૫ :

માણસાઈના દીવા

ઝવેરચંદ મેઘાણી

પ્રહ્‌લાદ અને શ્રીધરાણીનાં કાવ્યો

સં૰ ભૃગુરાય અંજારિયા

ટૉલ્સ્ટૉયની વારતાઓ

સં૰ યશવંત શુક્લ

અલગારી રખડપટ્ટી

રસિક ઝવેરી

જનમટીપ

ઈશ્વર પેટલીકર

લોકમિલાપ ટ્રસ્ટ



આપણો સાહિત્ય-વારસો

સંપુટ ત્રીજો : ૧૯૭૫

સંપાદક-મંડળ
નગીનદાસ પારેખ, મનુભાઈ પંચોળી, અનંતરાય રાવળ,
યશવંત શુક્લ, મૂળશંકર ભટ્ટ, મહેન્દ્ર મેઘાણી

લોકમિલાપ ટ્રસ્ટ

સંપુટ પહેલો : ૧૯૭૩

જીવનનું પરોઢ (લઘુસંક્ષેપ) : પ્રભુદાસ ગાંધી

ન્હાનાલાલનાં કાવ્યો : સં૦ નગીનદાસ પારેખ

ધૂમકેતુની વારતાઓ : સં૦ અનંતરાય રાવળ

ગિજુભાઈના લેખો : સં૦ મૂળશંકર ભટ્ટ

માનવીની ભવાઈ (સંક્ષેપ) : પન્નાલાલ પટેલ

રૂ. ૧૦ (ટપાલ : ૨–૨૫) : પા. ૭૫૦

સંપુટ [illegible]જો : ૧૯૭૪

બાંધ[illegible]રિયાં (સંક્ષેપ) : ચન્દ્રવદન મહેતા

કલાપીનાં કાવ્યો : સં૦ ઉમાશંકર જોશી

દ્વિરેફની વારતાઓ : સં૦ હીરાબહેન પાઠક

પ્રકૃતિનો આનંદ : કાકા કાલેલકર

ભારેલો અગ્નિ (સંક્ષેપ) : રમણલાલ દેસાઈ

રૂ. ૧૨ (ટપાલ : ૨–૨૫) : પા. ૮૦૦

લોકમિલાપ ટ્રસ્ટ

૧૫૬૫ સરદારનગર, ભાવનગર ૩૬૪ ૦૦૧

આપણો સાહિત્ય-વારસો : સંપુટ ત્રીજો : ૧૯૭૫

ટૉલ્સ્ટૉયની વારતાઓ

સંપાદક
યશવંત શુક્લ

અનુવાદક
ચંદ્રશંકર પ્રાણશંકર શુક્લ

લોકમિલાપ ટ્રસ્ટ
૧૫૬૫ સરદારનગર, ભાવનગર–૩૬૪ ૦૦૧

આપણો સાહિત્ય-વારસો: સંપુટ ૩

આવૃત્તિ ૧ : ૨૬ જાન્યુઆરી, ૧૯૭૫ : ૧૨,૦૦૦ નકલ

પાંચ પુસ્તકોના સંપુટની કિંમત રૂ. ૧૫ ટપાલ-રવાનગી રૂ. ૨–૫૦

[આ પુસ્તકો સંપુટમાં જ મળી શકે છે]

☆

આ સંપુટની ૧૦ અથવા વધુ નકલો

૧૦ના ગુણાંકમાં (૨૦, ૩૦, ૪૦.....) ખરીદનાર માટે

ઘટાડેલી કિંમતો :

૧૦થી ૪૦ નકલ	સુધી	દર	૧૦	સંપુટના	રૂ.	૧૩–૫૦	લેખે
૫૦થી ૯૦	,,	,,	,,	,,	રૂ.	૧૨–૦૦	,,
૧૦૦થી ૪૯૦	,,	,,	,,	,,	રૂ.	૧૦–૦૦	,,
૫૦૦ અને વધુ નકલ માટે	,,	,,		,,	રૂ.	૯–૦૦	,,

[૧૦ અથવા વધુ સંપુટની વરધીની સાથે જ નાણાં અગાઉથી મોકલવાનાં છે, અને તે પુસ્તકો પ્રકાશકને ખરચે રેલ–પારસલથી પહોંચાડવામાં આવશે.]

☆

પ્રકાશન પહેલાં ૧૦ અથવા વધુ નકલનાં આગોતરાં નાણાં ભરનાર ગ્રાહકોને આ સંપુટ રૂ. ૯ લેખે ઘેરબેઠાં મળી શક્યો છે. એવી લગભગ ૬,૦૦૦ નકલની આગોતરી વરધી આ સંપુટ માટે મળી હતી. તે ઉપરાંત હરિ ૐ આશ્રમ (નડિયાદ) તરફથી આ સંપુટની વધુ ૬,૦૦૦ નકલો છપાવવા માટે રૂ. ૫૦,૦૦૦નું મૂડી-રોકાણ કરવામાં આવ્યું છે. આ સહાયને પરિણામે પ્રકાશન પછી પણ સંપુટની ૧૦ કે વધુ નકલો ખરીદનારને ઉપર મુજબની ઘટાડેલી કિંમતનો લાભ મળી શકે છે.

પ્રકાશક

લોકમિલાપ ટ્રસ્ટ (૧૫૬૫ સરદારનગર, ભાવનગર–૩૬૪ ૦૦૧) વતી મહેન્દ્ર મેઘાણી

મુદ્રક

શાંતિલાલ હરજીવન શાહ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૩૮૦ ૦૧૪

પ્રસ્તાવના

ટૉલ્સ્ટૉયે ઈ. સ. ૧૮૭૭માં 'ઍના કૅરેનીના' નામની નવલકથા પૂરી કર્યા પછી, એ જાતનું સાહિત્ય ન લખવાનો સંકલ્પ કર્યો, ને ધર્મગ્રંથોના ઊંડા અભ્યાસ તથા આત્મપરીક્ષણ તરફ વળ્યા. આ પરિવર્તનથી એમના જીવનની ઉત્તરાવસ્થા શરૂ થઈ ગણાય. તે પછી પણ તેમણે 'એ કન્ફેશન' જેવો આત્મકથારૂપ ગ્રંથ લખ્યો. એ નાનો છે, છતાં કલા અને આત્મ-કથનની દૃષ્ટિએ જગતનાં સર્વશ્રેષ્ઠ આત્મવૃત્તોની હારમાં મૂકી શકાય એવો છે, એમ પ્રસિદ્ધ ટીકાકારોનું માનવું છે. એમના ચરિત્રલેખક એલમર મૉડ લખે છે કે "ટૉલ્સ્ટૉયે આ સિવાય બીજું એકેય પુસ્તક ન લખ્યું હોત, તોયે તેમનું નામ મહાન લેખક તરીકે, સ્પષ્ટ વિચારક તરીકે, અને બે છેડા વચ્ચેનો મધ્યમમાર્ગ બતાવી માનવજાતિની કીમતી સેવા કરનાર તરીકે, કાયમ રહી જાત."[1] 'ત્યારે કરીશું શું?' એ ગ્રંથ પણ આ જ કાળમાં લખાયો.

આ આત્મમંથન દરમ્યાન તેમને જે સત્યો જડેલાં તે વાર્તાસાહિત્ય દ્વારા લોકો સુધી પહોંચાડવાનો આરંભ તેમણે કર્યો, તેને પરિણામે લખાયેલી — સાવ નાની વાર્તાઓને બાદ કરતાં — પહેલી સમર્થ કલાકૃતિ તે 'જીવનવન' ('ધી ડેથ ઑફ ઇવાન ઇલીચ') હતી. માણસને જીવનમાં ગમે તેટલા પૈસા મળે કે ગમે તેટલી સુખસગવડો મળે તોપણ, એ જીવન જો પરાર્થે ન વપરાયું હોય તો તે નિરર્થક છે, એળે ગયું છે, એટલું જ નહીં પણ ભયંકર છે, એ ઇવાન ઇલીચની જીવનકથા દ્વારા તેમણે બતાવ્યું છે. તેઓ કહે છે: "જે માણસ પોતાને ખાતર ને પોતાની વિષયવાસના-ઓને સંતોષવા સારુ જીવે છે તેની સ્ત્રી ગમે તેટલી રૂપવતી હોય ને તેને ગમે તેટલી કીર્તિ ને સંપત્તિ પ્રાપ્ત થાય તોપણ તે સુખી થઈ શકે નહીં."[2] એ જ વસ્તુ વર્ણવતાં મૉડ કહે છે: "આ પુસ્તકોમાં તેઓ એવા નિર્ણય પર આવ્યા કે પોતાના જ સ્વાર્થને ખાતર જીવન ગાળનાર કોઈ પણ સમજુ માણસને માટે એ જીવન દુ:ખમય નીવડ્યા વિના ન રહે. એમાંથી છૂટવાનો એકમાત્ર રસ્તો એ છે કે માણસે પોતાનું જીવન

---

૧. 'ધી લાઇફ ઑફ ટૉલ્સ્ટૉય', વૉ. ૧, પૃ. ૪૧૨.

૨. 'ચૂપ નહીં રહેવાય,' પૃ. ૮૮.

પરમાત્માના જીવનમાં — આપણા વ્યક્તિગત જીવનનો અંત આવશે ત્યારે પણ ટકી રહેનાર, અને આપણને આપણી બહારથી મળનાર, બુદ્ધિના પ્રકાશમાં — ભેળવી દેવું. ધરતી પર હાલ તુરત સ્વર્ગરાજ્ય સ્થાપવાના પ્રયત્નમાં પરમાત્મા સાથે ભળીને કામ કરનાર માણસને માટે જીવન એ આશીર્વાદરૂપ છે. પોતાનો જ સ્વાર્થ સાધવા મથનારને માટે જીવન એ દુર્ભાગ્યરૂપ છે, કેમ કે મૃત્યુ એ પ્રયત્નને હંફાવ્યા વિના રહેતું નથી."[1] પ્રસ્તુત કથાનો નાયક ઇવાન આના ઉદાહરણરૂપ છે. તેથી તેનું જીવન, સુખ માટેની સર્વ સાધનસામગ્રી તેની પાસે મોજૂદ હોવા છતાં, દુઃખ અને વિષાદથી ભરેલું છે; ને તેથી જ એને માટે 'જીવનવન' એ નામ સાર્થક ઠરે છે. કૌટુંબિક જીવનમાં પણ પતિ અને પત્ની જ્યારે પોતપોતાના વ્યક્તિગત સુખની જ ઝંખના કરે છે ત્યારે ગૃહજીવન કેવું કલેશમય બની જાય છે એનો પણ ચિતાર આમાં આપેલો છે. મૃત્યુ જ એ વેદનાનો અંત લાવે છે. પણ મૃત્યુને ટૉલ્સ્ટૉયે ભીષણ નથી આલેખ્યું. પ્રેક્ષકોને જ્યારે જીવનમાં ખેલ ખલાસ થતો દેખાય છે ત્યારે મરતો માણસ મૃત્યુને જ મરી જતું જુએ છે, 'મૃત્યુ મરી ગયું રે લોલ,' એમ લલકારે છે, ને આ જીવન કરતાં વિશાળ અને અધિક તેજસ્વી એવા નવજીવનમાં પ્રવેશ કરે છે.

> જીવનજ્યોતિપૂર રસાળું જગોજગ વ્યાપિયું રે લોલ,
> અમરપણું પ્રગટ્યું પછી તત્ક્ષણ મૃત્યુ મરી ગયું રે લોલ.
>
> (સ્મરણસંહિતા)

કથાના આ કરુણ છતાં પ્રેરક એવા અંતની સાથે વાચક પણ દુઃખ અને કલેશથી ભરેલા આ લોકની પાર જઈ ક્ષણભર એ અફાટ જીવન-સાગરની ઝાંખી કરી શકે છે.

૨

'એક સાધુની જીવનકથા' એ એમની ઉત્તરાવસ્થામાં લખાયેલી વાર્તા છે. એ લખાતાં ઘણાં વરસ નીકળી ગયેલાં. ટૉલ્સ્ટૉયને પોતાનાં લખાણો ફરી ફરી સુધારવાની ઘણી ટેવ હતી; ને કોઈ પણ કૃતિ સંતોષકારક

૧. 'એ કન્ફેશન'ની પ્રસ્તાવના, પૃ. ૯.

લાગે પછી જ તે પ્રસિદ્ધ કરતા. 'સંગ્રામ અને શાંતિ' (વૉર ઍન્ડ પીસ)ની નવલકથા એમણે ફરી ફરી સુધારેલી; ને એમનાં પત્નીએ સાત વાર આખી નવલકથાની સાફ નકલ કરેલી.[1] 'એક સાધુની જીવનકથા'માં આત્માર્થી માણસને નડતાં અનેક વિઘ્નોનું આલેખન છે. એ વિઘ્નો બહારથી આવે છે એના કરતાં વધારે તો મનમાંથી જ ઊઠે છે; ને મનરૂપી રણભૂમિ પર જ એ શત્રુઓ સામે સંગ્રામ કરવાનો હોય છે. તુકારામે કહેલું તેમ, 'आम्हां घरीं नित्य युद्धा चा प्रसंग, अंतर्बाह्य जग आणि मन.' (અમારે ઘેર તો રોજ યુદ્ધનો પ્રસંગ છે — એક તરફ આંતરિક તેમ જ બાહ્ય જગત, ને બીજી તરફ મન, નિરંતર લડતાં હોય છે.) આ આન્તર-યુદ્ધના ઇતિહાસમાં ટૉલ્સ્ટૉયે માણસના મનોભાવનું સૂક્ષ્મ પૃથક્કરણ આપેલું છે. એ શક્તિ એમનામાં અસાધારણ હતી, ને એમનાં લખાણોની એ એક મોટી વિશેષતા હતી. એ શક્તિને વિશે એલમર મૉડ લખે છે: "એને લીધે તેઓ માણસના વર્તનની પાછળ રહેલી માનસિક પ્રક્રિયાનું આબેહૂબ વર્ણન કરી શક્યા છે. ધીરે ધીરે એ પૃથક્કરણશકિત પૂર્ણતાએ પહોંચી; ને માણસની ચેતનાના નીચલા થરોમાં એમની પહેલાંનો કોઈ નવલકથાકાર નહોતો પહોંચ્યો એટલા ઊંડા તેઓ પહોંચ્યા છે."[2] એને લીધે એમની વાર્તાઓ ને નવલકથાઓએ પહેલેથી જ નવી ભાત પાડેલી. 'એક સાધુની જીવનકથા'માં વાર્તાના પ્રસંગોની સાથે સાથે મનોભાવનું પૃથક્કરણ પણ વણાઈ ગયેલું છે; અથવા કહો કે બાહ્ય પ્રસંગો એ મનોભાવનું પ્રતિબિંબ પાડે છે એટલે અંશે જ તેમને વાર્તામાં મહત્ત્વ છે. સર્જિયસના સંસાર-ત્યાગ ને ક્રોધરિપુને જીતવાના તેના પ્રયત્નોથી શરૂઆત થાય છે. કામ અને ક્રોધ બે જુદા શત્રુ નથી, પણ એક જ વિકારનાં બે પાસાં છે, એમ લેખકે સૂચવ્યું છે. એ સાધના ચાલતી હોય છે ત્યાં તપમાં ભંગ પાડવા જાણે એક અપ્સરા આવી ચડે છે. સાધુને ભારે મનોમંથન કરવું પડે છે, પણ છેવટે તે જીતે છે. ઈસુએ કહેલું કે, "તારો હાથ કે તારો પગ કુકર્મ કરવા માગે તો એને કાપી નાખજે, ને તારાથી દૂર ફેંકી દેજે."[3]

---

૧. મૉરિસ હિંડસ: 'મધુર રશિયા', પૃ. ૩૦૪.
૨. 'ઍના કેરેનીના'ની પ્રસ્તાવના, પૃ. ૭.
૩. મૅથ્યુ, ૧૮: ૮.

એટલે સાધુ કુહાડી વડે પોતાની આંગળી કાપી નાખે છે; અપ્સરા શરમાય છે; ને એને પરિણામે એનો જીવનપલટો થઈ એ સાધ્વી બને છે.

તે પછી સાધુની કીર્તિ ફેલાય છે. તે માંદા માણસોને સાજા કરે છે: ને એમ માની લોકો ટોળાબંધ એની પાસે આવે છે, ને એનો અહંભાવ પોષાય છે. તેના હૃદયનો ઝરો સુકાઈ જાય છે, ને એમાં નવો જીવનરસ રેડાતો નથી. તે બીજાંઓના પ્રેમને માટે ઝંખે છે, પણ તેના પોતાના હૈયામાં કોઈને માટે સાચો પ્રેમ રહ્યો નથી. કામરિપુ સામે લડવાની જે શક્તિ અગાઉ હતી તે પણ રહી નથી. એમાંથી જ આખરે તે લપસે છે. પણ એ પતન એને જાગ્રત કરે છે, ને તે સાધુવેશ તજી ખરેખર ઈશ્વરની શોધ કરવા ચાલી નીકળે છે. માણસોની વાહવા મેળવવાની પરવા ન કરવી, પણ અંતરમાં બેઠેલો રામ કહે તેમ જ કરવું, એવો નિશ્ચય કરે છે. તુકારામે કહેલું તેમ, "सत्य असत्यासी मन केलें ग्वाही, मानियेलें नाहीं बहुमता." (સત્ય-અસત્યનો નિર્ણય કરવામાં મેં મનને સાક્ષી બનાવ્યું, ને બહુમતીને અનુસરવાનું છોડી દીધું.) ટૉલ્સ્ટૉયે બીજે પણ[૧] બતાવ્યું છે કે માણસ જ્યાં સુધી કેવળ લોકરૂઢિને અનુસરે છે ત્યાં સુધી તેનો રસ્તો સુગમ દેખાય છે, તેને કશી મુશ્કેલી નડતી નથી, ને લોકો તેની સ્તુતિ કરે છે. તે લોકમતને છોડી અંતરનાદને અનુસરવા માંડે ત્યાં મુશ્કેલી તો લાગવા માંડે છે; પણ આત્મોન્નતિનો ખરો રસ્તો એ જ છે. આ વાર્તા પણ કહે છે કે જેમ જેમ સર્જિયસ લોકલાજ છોડી અંતરાત્માને અનુસરતો ગયો તેમ તેમ તેને ઈશ્વરની ઝાંખી થવા લાગી. સાધુવેશ છોડવાના તેના સંકલ્પો, 'વેશ ટેક છે આડી ગલી, પેઠો તે ન શકે નીકળી,' એ અખાની લીટીનું સ્મરણ કરાવે છે. પણ આ સાધુ તો તેમાંથી નીકળે છે, સાદા સંસારીનો વેશ ધારણ કરે છે, નોકર બને છે, ને શાંતિમય જીવન ગુજારી આસપાસના લોકોની યથાશક્તિ સેવા કરે છે.

આ સમજ પણ તેને એક સાવ સાધારણ બુદ્ધિની બાઈ પાસેથી મળી, એમ વાર્તામાં બતાવ્યું છે; ને એમ કરીને જે સત્ય તેમણે ધર્મચર્ચાના

૧. રિસરેકશન, ખંડ ૧, પ્રકરણ ૧૩.

અનેક ગ્રંથો દ્વારા પ્રતિપાદન કરેલું તેનું જ અહીં કલામય નિરૂપણ કર્યું છે. માણસો પ્રત્યેનો સાચો, નિઃસ્વાર્થ પ્રેમ, ને તેમની યત્કિંચિત્ પણ સેવા, એ જ માનવજીવનની સાર્થકતા છે, ને એ જ ઈશ્વરનિષ્ઠાનો પુરાવો છે, એ વસ્તુ અનેક રીતે સમજાવવા પાછળ એમણે ઘણાં વરસ ગાળેલાં. આ વાર્તામાં સાધુ જુએ છે કે પેલી સાવ સાધારણ બાઈ પાશેંકા પણ સાચો ધર્મ પાળે છે; કેમ કે તે નિઃસ્વાર્થભાવે પોતાની આસપાસનાં માણસોની સેવા કરે છે; દિવસરાત પોતાનો નહીં પણ બીજાંનો વિચાર કરે છે; ને તેમને માટે કાયા ઘસે છે. તે નિયમિત પ્રાર્થના કરતી નથી, દેવળે જતી નથી, જપતપ કરતી નથી, ધર્મગ્રંથો વાંચતી નથી; પણ ધર્મનું જે ખરું હાર્દ છે તેનું આચરણ તે કરે છે. ને છતાં પોતે ખરેખરી ધર્મનિષ્ઠ છે એવું ભાન પણ તેને નથી. આ એક જ સત્ય લોકોનાં મન પર ઠસાવવાને ટૉલ્સ્ટૉયે અનેક સરસ વાર્તાઓ લખી છે, એ એમની સમર્થ અને વિશાળ પ્રતિભાનો પુરાવો આપે છે.

૩

'કોની બહેન ?' એ ફ્રેન્ચ લેખક મોપાસાંની એક વાર્તાનું રૂપાંતર છે. એ વાર્તાનો ટૉલ્સ્ટૉયે ફ્રેન્ચમાંથી રશિયનમાં અનુવાદ કરેલો, તેની સાથે પોતે પણ કેટલાક રંગ એમાં પૂરેલા. દેશપરદેશની સફર ખેડતો એક ખલાસી સ્વદેશ પાછો આવી જોડીદારો સાથે બંદરના એક વેશ્યાગૃહમાં જાય છે, ત્યાં તેને પોતાની બહેનનો ભેટો થાય છે, ને ભાઈબહેન આખરે એકબીજાને ઓળખે છે ત્યારે પશ્ચાત્તાપ અને કરુણ આક્રંદ કરે છે. આ વાર્તા દ્વારા કથાકાર જે બોધ આપવા માગે છે તે કથાનાયકને મોઢે જ તેમણે કહેવડાવ્યો છે: "ખસ અહીંથી! જોતો નથી એ તારી બહેન છે તે ? એ દરેક બૈરી કોકની તો બહેન હશે જ ને. જો, આ મારી બહેન ફ્રાંસિયાં છે." એ બોધ કેવળ એક જ વર્ગને નહીં પણ આખા પુરુષજાતિને ઉદ્દેશીને અપાયેલો છે. પુરુષ જે પરસ્ત્રી પર કુદૃષ્ટિ કરે છે તે સ્ત્રી કોકની તો બહેન હશે જ. એ એની પોતાની બહેન હોય તો ?—હોય તો શું, છે જ. ભાન ભૂલેલા પુરુષવર્ગના મનમાં આ વિચાર જાગ્રત કરવાને આ વાર્તા તેના કાનમાં જોરથી ઘંટ વગાડે છે, એમ કહી શકાય.

૪

'ત્રણ મૃત્યુ' (૧૮૫૯)માં મૃત્યુના ત્રણ જુદા જુદા પ્રસંગોના ચિતાર છે. આને વિશે ટૉલ્સ્ટૉયના ચરિત્રકાર એલમર મૉડ લખે છે: "એક ધનિક સ્ત્રી, એક ખેડૂત, ને એક ઘરડું ઝાડ ત્રણનાં મૃત્યુનાં એમાં સરસ આલેખન છે. ત્રણેય પ્રસંગોમાં ઊંડા અવલોકન ઉપરાંત અદ્ભુત કલાથી કરેલું વર્ણન જોવામાં આવે છે."[1] વળી કહે છે: "સુશિક્ષિત ને શ્રીમંત લોકોનાં જીવન ઘણી વાર નિરર્થક જોવામાં આવે છે, ને તેઓ બીજાની પાસે સેવાચાકરી માગ્યાં જ કરે છે, એમ ટૉલ્સ્ટૉય જાણતા હતા. તેનો ચિતાર આમાં આપેલો છે. એક તરફ કચવાટ કરતી માંદી શેઠાણી; ને બીજી તરફ કોઈની પાસે કશું ન માગનારાં — મરતો ખેડૂત, ને મરીને પણ ઉપયોગી નીવડનાર ઝાડ — એ બે વચ્ચેનો ફરક એમાં બતાવ્યો છે."[2] પણ એમાં એટલું જ નથી. શેઠાણીની જિજીવિષા સાથે વાચકને પણ સમભાવ પેદા થાય છે. તેની આસપાસ કૌટુંબિક સ્નેહનું વાતાવરણ છે. ભરજુવાનીમાં પતિ, બાળકો, ને એવું સુખ છોડીને જવું એ યુવતીને વસમું લાગે છે; ને તે જીવન અને મૃત્યુ વચ્ચેના પ્રદેશમાં ઊભી છે; એનો કરુણ ચિતાર લેખકે રજૂ કર્યો છે. છતાં એ મૃત્યુ પણ શાંતિમાં થાય છે. આ વાર્તા ટૉલ્સ્ટૉયની આરંભકાળની એક કૃતિ હતી. તે પછી તેમણે વાર્તાઓ ને નવલકથાઓમાં મૃત્યુના અનેક પ્રસંગો ભારે કુશળતાથી આલેખેલા છે, ને તેમાંના કેટલાક તો ખરેખર અવિસ્મરણીય છે.

૫

પાંચમી વાર્તા રમૂજી ને રૂપકકથા જેવી છે. વિવાહિત જીવનનો આરંભ કરતાં પુરુષે જે શુદ્ધ નિર્ભેળ સુખનાં સ્વપ્નાં સેવેલાં હોય છે તે સંસાર ચાલવા માંડયા પછી ઓસરી જાય છે; ને તેને ઇતિહાસકાર લેકીના પેલા મહાવાક્યનું ભાન થવા લાગે છે કે "જીવન એ કાવ્ય નથી પણ ઇતિહાસ છે." આ ભ્રમનિરાસનો ચિતાર ટૉલ્સ્ટૉયે આ પત્રમાં આપ્યો છે. એમની જે નાની સાળી તાતિયાનાને એમણે આ કાગળ

---

૧. 'ધી લાઇફ ઑફ ટૉલ્સ્ટૉય', વૉ. ૧, પૃ. ૪૧૫.

૨. 'નાઇન સ્ટૉરીઝ'ની પ્રસ્તાવના, પૃ. ૯.

લખેલો તેને નજર સામે રાખીને તેમણે 'વૉર ઍન્ડ પીસ'માંનું નાટાશાનું જીવતુંજાગતું સ્ત્રીપાત્ર સરજાવ્યું છે.

૬

એલમર મૉડ લખે છે: "એમની વાર્તાઓ માણસના રોજેરોજના જીવન જેવી સીધીસાદી હોય છે, ને એ જીવનની પેઠે એમાં પણ ધમધમાટ નથી હોતો. એમાં લાગણીઓની જે ક્રીડા હોય છે — પાત્રોનાં હૃદય અને મનનો જે ઊંડો આવિષ્કાર હોય છે તેમાં જ એ વાર્તાઓનું સૌન્દર્ય રહેલું છે."[૧] આ સાદી છતાં ગૌરવવાળી શૈલીને લીધે જ એમની વાર્તાઓ નવી ભાત પાડે છે. એની અસર વાચકના મન પર ઊંડી પડે છે, ને લાંબી ટકે છે. એ વાર્તાઓ લખાયે વરસો થયાં છતાં તે જૂની થઈ નથી, ને હજુ પણ દુનિયાના અનેક દેશોમાં વંચાય છે.

ગોધરા, ૨૬–૬–૪૫ **ચંદ્રશંકર પ્રાણશંકર શુક્લ**

૧. 'ધી લાઇફ ઑફ ટૉલ્સ્ટૉય', વૉ. ૧, પૃ. ૪૧૩.

ક્રમ

જીવનંવન

૧

અદાલતના મોટા મકાનમાં મેલવિન્સ્કીનો મુકદ્દમો ચાલતો હતો. વચલી છુટ્ટીની વેળા હતી. ન્યાયાધીશો ને સરકારી વકીલ ઇવાન શેબેકના ખાનગી ઓરડામાં ભેગા થઈને બેઠા હતા. ત્યાં ક્રાસોવ્સ્કીના પ્રસિદ્ધ મુકદ્દમાની વાત નીકળી. ફેડોર વાસીલીએવીચ સહેજ જુસ્સાથી કહેવા લાગ્યો: "એ કેસ આપણી હકૂમતમાં નથી." ઇવાન ઇગોરોવીચે એથી ઊલટો મત દર્શાવ્યો. પીટર ઇવાનોવીચ ચર્ચામાં શરૂઆતથી સામેલ થયેલો નહીં, એટલે તેણે એમાં કશો ભાગ ન લીધો, ને તરતમાં જ આવેલું 'ગૅઝેટ' વાંચવું ચાલુ રાખ્યું.

"ગૃહસ્થો!" તે એકાએક બોલી ઊઠ્યો, "ઇવાન ઇલીચ ગુજરી ગયા, જાણ્યું?"

"શી વાત કરો છો? હોય નહીં!"

"લો આ રહ્યું, તમે પોતે વાંચી જુઓ," કહી પીટરે સંચા પરથી તાજો જ ઊતરેલો છાપાનો અંક ફેડોરના હાથમાં મૂક્યો. કાળી લીટીવાળા ચોકઠાની અંદર આ શબ્દો છાપેલા હતા: "પ્રાસ્કોવિયા ગૉલોવીનાને સગાં-સંબંધી તથા મિત્રોને તેના પ્રિય પતિ ઇવાન ઇલીચ ગૉલોવીન, જે ન્યાયની અદાલતના ન્યાયાધીશ હતા, તેમના ૧૮૮૨ના ફેબ્રુઆરીની ૪થી તારીખે થયેલા સ્વર્ગવાસની ખબર આપતાં ઘણું દુ:ખ થાય છે. પાયદસ્તની ક્રિયા શુક્રવારે બપોરે એક વાગ્યે થશે."

ઇવાન ઇલીચ અહીં ભેગા થયેલા ગૃહસ્થોનો સાથી હતો, ને તેણે સહુનો પ્રેમ સંપાદન કર્યો હતો. કેટલાંક અઠવાડિયાં થયાં તે માંદગીને બિછાને હતો, ને રોગ અસાધ્ય છે એવી લોકવાયકા હતી. અદાલતમાં એની જગા હજુ પૂરવામાં આવી નહોતી. પણ એવી અટકળો થયેલી ખરી કે ઇવાન મરી જાય તો એની જગા ઍલેક્સીએવને મળે, ને ઍલેક્સીએવની જગા પર વીનીકોવ કે સ્ટાબેલ બેમાંથી એક જણ આવે. એટલે ઇવાનના મૃત્યુની ખબર સાંભળતાં-વેંત એ ખાનગી ઓરડામાં બેઠેલા દરેક જણને સૌથી પહેલો વિચાર એ જ આવ્યો કે એને લીધે કઈ કઈ નવી નિમણૂકો થશે, ને પોતામાંથી

કે પોતાના ઓળખીતાઓમાંથી કોની કોની બદલી થશે ને કોના કોના પગાર વધશે.

ફેડોર વાસીલીને વિચાર આવ્યો: "મને સ્ટાબેલની કે વીનીકોવની જગા જરૂર મળવાની. એનું વચન મને ક્યારનું મળ્યું છે. એ જગા મળે તો વરસે આઠસો રૂબલનો પગાર વધે. ભથ્થું જુદું."

પીટર ઇવાનોવ વિચાર કરવા લાગ્યો: "હવે મારે મારા સાળાની કાલુગામાંથી બદલી કરાવવાને અરજી કરવી જોઈએ. મારી બૈરી બહુ રાજી થશે. એનાં સગાં માટે હું કશું કરતો નથી એમ એ પછી નહીં કહી શકે."

"મને તો લાગતું જ હતું કે એ પથારીમાંથી ફરી બેઠા નહીં થાય," પીટરે મોટેથી કહ્યું. "બહુ ખોટું થયું."

"પણ એમને ખરેખર દરદ શું હતું તે?"

"ડાકટરો કહી શકતા નહોતા. કહી તો શકતા હતા, પણ દરેક જણ જુદું જુદું દરદ બતાવતો હતો. ઇવાનને હું છેલ્લો જોવા ગયો ત્યારે તો મને લાગેલું કે તબિયત સુધરતી જાય છે."

"હું તો રજા પછી એમને જોવા ગયો જ નહોતો. જાઉં જાઉં કરતાં રહી ગયું."

"કંઈ મિલકત બિલકત મૂકી છે ખરી?"

"મને લાગે છે બૈરીની થોડીક મિલકત હતી, પણ તે નહીં જેવી."

"આપણે બાઈને મળવા જવું પડશે. પણ એ લોકો ઘણાં જ દૂર રહે છે."

"તમારા ઘરથી દૂર, એમ કહોને. તમારા ઘરથી તો બધું જ દૂર પડે છે."

"લો જુઓ, હું નદીને સામે પાર રહું છું એ ભાઈસાહેબથી સહન જ થતું નથી." પીટર ઇવાનોવે શેબેકની સામે મોં મલકાવીને કહ્યું. શહેરના જુદા જુદા ભાગ વચ્ચેનાં અંતરની વાત કરતી કરતી જ મંડળી અદાલતમાં પાછી ફરી.

ઇવાનના મૃત્યુથી કોની બદલી થશે ને કોના પગાર વધશે એની અટકળો ચાલી. તે ઉપરાંત, એક નજીકનો ઓળખીતો મરી ગયાની ખબર સાંભળનાર દરેક જણના મનમાં હંમેશાં થાય છે — એમ — એવી જ

લાગણી થઈ કે "મરી તો ઇવાન ગયો છે, હું નથી મરી ગયો." એ વિચાર આવતાં દરેક જણને મનમાં ટાઢક વળી, ને દરેક જણે 'હાશ' કરીને સાસ હેઠો મૂકયો.

દરેક જણને થયું, "એ મરી ગયો, પણ હું તો જીવતો છું ને!" પણ ઇવાનના ઓળખીતામાંથી જેમની સાથે તેને નિકટનો સંબંધ હતો, જેઓ તેના મિત્રો કહેવાતા, તેમને તો એક બીજો વિચાર એ પણ આવ્યો કે "અમારે હવે પાયદસ્તની ક્રિયામાં હાજરી આપવી પડશે, ને એની વિધવા પાસે ખરખરો કરવા જવું પડશે. જતાં કંટાળો તો બહુ આવશે, પણ શું કરીએ? એટલો વિવેક કર્યા વિના છૂટકો છે?"

ફેડોર વાસીલી અને પીટર ઇવાનોવને એની સાથે વધારેમાં વધારે ઓળખાણ હતી. પીટર કાયદાના અભ્યાસમાં ઇવાનની સાથે હતો, ને પોતે ઇવાનનો ઋણી છે એમ માનતો.

સાંજે જમવા ટાણે તેણે પત્નીને ઇવાન ઇલીચના મૃત્યુની વાત કરી. "તારા ભાઈની બદલી હવે કદાચ આ જિલ્લામાં કરાવી શકાશે," એમ પણ કહ્યું. જમ્યા પછી વામકુક્ષિ કરવાની રોજની ટેવ હતી, છતાં આજે આડું પાસું ન કરતાં તેણે સાંજનો પોષાક પહેર્યો ને ગાડી ઇવાનને ઘેર લેવડાવી.

ઘરને દરવાજે એક ખાનગી ને બે ભાડાની ગાડી ઊભી હતી. ભોંયતળિયાના દીવાનખાનામાં ઘડિયાળવાળા ટેબલની પાસે ભીંતને અઢેલીને એક કફનનું ઢાંકણું રાખેલું હતું. તેના પર સોનેરી કપડું ઢાંકેલું હતું, ઉપર સોનેરી દોરી ને ફૂમતાંના શણગાર સજ્યા હતા, ને દોરી ને ફૂમતાં બંનેને ધાતુ સાફ કરવાની ભૂકી ઘસીને ચકચકતાં કર્યાં હતાં. કાળાં કપડાં પહેરીને આવેલી બે સ્ત્રીઓ પોતાના રુવાંટીના ડગલા ઉતારતી હતી. એક ઇવાનની બહેન હતી તેને તો પીટરે ઓળખી, પણ બીજીને તે ઓળખી ન શકયો. એનો અદાલતનો સાથી શ્વાર્ટ્ઝ દાદરા પરથી ઊતરતો હતો, પણ પીટરને પ્રવેશ કરતો જોઈ થંભી ગયો, ને તેણે પીટર સામે જોઈ આંખ મચકારી. એની પાછળ એમ કહેવાનો આશય હતો કે "ઇવાન ઇલીચે બધો ગોટાળો વાળી મૂકયો છે — તમારા મારા જેવું નથી."

શ્વાર્ટ્ઝના મોઢા પર થોભિયા હતા. એની કાયા પાતળી હતી ને ઉપર સાંજે પહેરવાનાં કપડાં ચડાવ્યાં હતાં. એના મોઢા પર હંમેશની

પેઠે જે ગૌરવ અને ગાંભીર્યની છાયા હતી તેનો એના રમતિયાળ સ્વભાવ સાથે મેળ બેસતો નહોતો, ને આ વાતાવરણમાં તો એ ગાંભીર્ય વિશેષ ધ્યાન ખેંચતું હતું. અથવા સંભવ છે પીટરની આંખને એવો ભાસ થયો હોય.

પીટરે બાઈઓને આગળ જવા દીધી. પોતે તેમની પાછળ ધીરે ધીરે દાદરો ચડવા લાગ્યો. શ્વાર્ટ્ઝ નીચે ન ઊતરતાં, હતો ત્યાં જ ઊભો રહ્યો. પીટર સમજી ગયો કે શ્વાર્ટ્ઝ આજે સાંજે બ્રિજ ક્યાં રમવી એની વાત કરવા માગે છે. બાઈઓ માળ પર વિધવાના ઓરડામાં ગઈ. શ્વાર્ટ્ઝે હોઠ સખત બીડીને પણ આંખમાં સહેજ વિનોદનો ભાવ આણી જમણી તરફ ભવાં ફેરવ્યાં, ને ઇવાનનું શબ તે તરફ એક ઓરડામાં પડ્યું છે એમ સંકેતથી બતાવ્યું.

પીટરને એ ઓરડામાં દાખલ થતાં, અંદર શું કરવું પડશે એની ચોક્કસ ખબર નહોતી. આવે પ્રસંગે સહુની એવી જ સ્થિતિ હોય છે. એ તો એટલું જ જાણતો હતો કે આવે પ્રસંગે પોતાના શરીર પર આડો-ઊભો હાથ ફેરવી 'ક્રૉસ'ની નિશાની કરી હોય એટલે બસ. પણ તેમ કરતાં શબ આગળ નીચા પડીને નમન કરવું જોઈએ કે કેમ એની એને ખાતરી ન હતી. એટલે એણે તો વચલો રસ્તો લીધો. ઓરડામાં દાખલ થતાં એણે હાથ ફેરવી પોતાના શરીર પર 'ક્રૉસ'ની નિશાનીઓ કરવા માંડી, ને નમનમાં ગણાઈ જાય એવી રીતે શરીર સહેજ નમાવ્યું. માથું ને હાથ હલાવતાં હલાવતાં પણ ઓરડાનું જેટલું નિરીક્ષણ કરી શકાય તેટલું કરી લીધું. બે જુવાન માણસ — ઇવાનના ભત્રીજા લાગતા હતા, ને તેમાંનો એક તો નિશાળિયો હતો — ઓરડામાંથી બહાર નીકળતા હતા, ને નીકળતી વેળા શરીરે આડાઅવળા હાથ ફેરવી 'ક્રૉસ'ની નિશાનીઓ કરતા હતા. એક ડોસી હાલ્યાચાલ્યા વિના ઊભી હતી; અને વિચિત્ર ગોળાકાર ભમરોવાળી એક સ્ત્રી તેના કાનમાં કંઈક કહેતી હતી. એક જોરાવર ને દૃઢ નિશ્ચયવાળો પાદરી ફ્રૉકકોટ પહેરીને આવેલો તે મોટે અવાજે કશાકનો પાઠ કરતો હતો; ને તેના મોઢા પર એવો ભાવ હતો કે એની વિરુદ્ધ બોલવાની કોઈની હિંમત જ ન થાય. રસોઇયાનો મદદનીશ જિરાસીમ હળવે પગલે પીટરની સામે આવી ભોંય પર કશાકની ભૂકી વેરતો હતો એ જોઈ પીટરને તરત જ, સડતા મડદાની આછી દુર્ગંધ આવતી હતી તેનું ભાન થયું.

પીટર ઇવાનને જોવા છેલ્લી વાર આવેલો ત્યારે તેણે જિરાસીમને અભ્યાસખંડમાં જોયો હતો. ઇવાનનો તે ખાસ માનીતો હતો, ને માંદગીમાં તેની સારવારનું કામ તે જ કરતો.

કફન, પાદરી, અને ઓરડાના ખૂણામાં ટેબલ પર રાખેલી મૂર્તિઓ વચ્ચેની દિશામાં સહેજ માથું નમાવી 'ક્રૉસ'ની નિશાનીઓ કરવાનું પીટરે ચાલુ રાખ્યું. પછી જ્યારે એને લાગ્યું કે આ ક્રિયા બહુ લાંબી ચાલી, ત્યારે એણે તે બંધ કરી શબ સામે જોવા માંડ્યું.

જેમ બધાં શબ પડે છે તેમ આ શબ પણ સાવ જડ ને ભારે થઈ ને પડ્યું હતું. તેનાં અકડાઈ ગયેલાં અંગો કફનની નરમ ગાદીઓમાં ઊતરી પડ્યાં હતાં. માથું ઉશીકા પર કાયમને માટે ઢળી પડ્યું હતું. પીળી સુંવાળી ભમરની ઉપરના ભાગમાં ઊંડા ઊતરી પડેલા લમણા પર ક્યાંક ક્યાંક ટાલનાં ધાબાં પડેલાં હતાં; ને શબની ભમરે જેવી ખાસ રીતે ઊપસી આવે છે તેવું તેની ભમરનું પણ બન્યું હતું. આગળપડતું નાક ઉપલા હોઠ પર દબાણ કરતું હોય એમ દેખાતું હતું. પીટરે ઇવાનને છેલ્લો જોયો ત્યાર પછી તે ઘણો બદલાઈ ગયો હતો, ને સુકાઈ પણ ગયો હતો. પણ મરેલા માણસોને વિશે હંમેશાં બને છે તેમ, તેનો ચહેરો તે જીવતો હતો ત્યારના કરતાં વધારે રૂપાળો ને વધારે ગૌરવશાળી દેખાતો હતો. મોઢા પર જે ભાવ હતો તે એમ સૂચવતો હતો કે જે કંઈ કરવા જેવું હતું તે થઈ ગયું છે, ને યોગ્ય રીતે થયું છે. વળી મોઢા પરના એ ભાવમાં જીવતા માણસોને માટે ઠપકો ને ચેતવણી પણ હતાં. એ ચેતવણી પીટરને અસ્થાને લાગી; અથવા એ પોતાને લાગુ પડતી નથી એમ તો થયું જ. એને કંઈક બેચેની થઈ આવી; એટલે એણે ફરી એક વાર ઉતાવળે 'ક્રૉસ'ની નિશાની કરી, અને ઓરડા બહાર નીકળી ગયો — વધારેપડતી ઉતાવળથી, ને શિષ્ટાચારની હદ ઓળંગીને નીકળી ગયો એમ એને પોતાને પણ લાગ્યું.

શ્વાર્ટ્ઝ જોડેના ઓરડામાં તેની રાહ જોતો બેઠો હતો. તેણે પગ ખૂબ પહોળા રાખ્યા હતા, ને તેના બંને હાથ તેની પીઠ પાછળ ટોપા જોડે ગેલ કરતા હતા. એનું રમતિયાળ, સુઘડ ને દેખાવડું શરીર જોતાંવેંત પીટરનું ચિત્ત પ્રસન્ન થયું. તેને લાગ્યું કે શ્વાર્ટ્ઝ આ બધા બનાવોથી પર છે, ને તેનું મન નિરાશા કે ગમગીની જેવી કોઈ પણ લાગણીને

વશ થાય એવું નથી. તેના મોઢાનો દેખાવ જ કહી આપતો હતો કે ઇવાન-ના મરણને અંગે થનારી પ્રાર્થના એ કંઈ એવી વસ્તુ નથી કે તેને લીધે રોજના કાર્યક્રમમાં ફેરફાર કરવો પડે—બીજા શબ્દોમાં કહીએ તો, અગાઉથી ઠરાવ્યા પ્રમાણે 'સાંજે પાનાંની નવી જોડ' કાઢીને ચિપાય, ને એક નોકર આવીને ટેબલ પર ચાર નવી મીણબત્તી મૂકી જાય, એ કાર્યક્રમ તો પડતો મુકાય જ નહીં; વસ્તુતઃ આ મરણને લીધે તેમની સાંજની મોજમજામાં કશી ખલેલ પડશે એમ માનવાનું કશું કારણ નહોતું. પીટર એની આગળ થઈને ગયો ત્યારે શ્વાર્ટ્ઝે એના કાનમાં આ વાત કહી પણ ખરી, અને કહ્યું કે "આપણે ફેડોરને ઘેર પાનાં રમવા જઈશું." પણ પીટરને તે દહાડે સાંજે 'બ્રિજ' રમવાનો ગોગ હોય એમ દેખાયું નહીં. ઇવાનની વહુ પ્રાસ્કોવિયા (તે ઠીંગણી ને જાડી હતી; ને તેણે જાડી ન થવાના બધા પ્રયત્ન કરી જોયેલા છતાં ખભા નીચેથી તેની પહોળાઈ વધ્યે જ જતી હતી; ને જે બાઈ કફન પાસે ઊભી હતી તેની પેઠે એની ભમરો પણ જોનારનું ખાસ ધ્યાન ખેંચે એવી હતી), સાવ કાળાં કપડાં પહેરીને માથે શાલ વીંટાળીને, કેટલીક બાઈઓને સાથે લઈ પોતાના ઓરડામાંથી નીકળી; શબ પડ્યું હતું તે ઓરડો એમને બતાવ્યો; ને બોલી: "પ્રાર્થના હમણાં જ શરૂ થશે. અંદર જાઓ."

શ્વાર્ટ્ઝે એને અડધુંપડધું નમન કર્યું, ચુપચાપ ઊભો રહ્યો, ને આ નિમંત્રણ ન સ્વીકાર્યું કે ન અવગણ્યું. પ્રાસ્કોવિયાએ પીટરને ઓળખ્યો, એટલે નિસાસો નાખ્યો, તેની પાસે જઈ તેનો હાથ પકડ્યો, ને કહ્યું: "હું જાણું છું તમે ઇવાનના સાચા મિત્ર હતા તે." તેની સામે જોઈ, તેની પાસેથી કંઈક ઉચિત ઉત્તરની રાહ જોતી હોય એમ ઊભી રહી. પીટરને ખબર હતી કે પેલા ઓરડામાં ક્રૉસની નિશાનીઓ કરવી એ જેમ શિષ્ટાચાર હતો, તેમ અહીંયાં વિવેક કરવાની રીત એ હતી કે આ બાઈ સાથે હાથ મિલાવવો, નિસાસો નાખવો, ને કહેવું કે "હું ખરેખર..." એણે એ બધું કર્યું; ને એમ કરતાં તેના મનમાં એમ લાગ્યું કે એની ધારી અસર થઈ છે—તે પોતે ને તેના મિત્રની વિધવા બંનેનાં હૃદય પીગળ્યાં છે.

વિધવાએ કહ્યું: "મારી સાથે આવો. પ્રાર્થના શરૂ થાય તે પહેલાં મારે તમારી સાથે થોડીક વાત કરવી છે. મને હાથનો ટેકો આપો."

પીટરે એને હાથનો ટેકો આપ્યો, બંને જણ અંદરના ઓરડામાં ગયાં. શ્વાર્ટ્ઝની આગળથી પસાર થયાં એટલે તેણે પીટરની દયા ખાતો હોય એમ આંખ મચકારી.

"રમાઈ રહી હવે બ્રિજ! અમે બીજો રમનાર શોધી કાઢીએ તો અમારો વાંક ન કાઢશો. અહીંથી છુટકારો થાય ત્યારે આવી પહોંચજો ને — વચ્ચેથી તો વચ્ચેથી રમવા બેસજો!" તેની રમતિયાળ નજરમાં આ ભાવ હતો.

પીટરે વધારે ઊંડો, નિરાશાસૂચક નિસાસો નાખ્યો; ને પ્રાસ્કોવિયાએ આભારપૂર્વક એનો હાથ દબાવ્યો. દીવાનખાનામાં, જ્યાં ફર્નિચર પર ગુલાબી રંગનું કાપડ ચડાવેલું હતું ને એક ઝાંખો દીવો બળતો હતો, ત્યાં જઈ એક ટેબલ પાસે બેઠાં — બાઈ કોચ પર બેઠી, ને પીટર નીચી ખુરશી પર બેઠો. ખુરશીની સ્પ્રિંગો તેના ભારથી સાવ દબાઈ ગઈ. પ્રાસ્કોવિયા એને ત્યાં નહીં પણ બીજે બેસવાનું કહેવા જતી હતી, પણ એને લાગ્યું કે મારી અત્યારની સ્થિતિમાં એમ કહેવું સારું ન દેખાય, એટલે એણે વિચાર બદલ્યો. ખુરશીમાં બેસતાં પીટરને યાદ આવ્યું કે ઇવાને આ દીવાનખાનું કેવી રીતે ગોઠવ્યું હતું, ને લીલાં પાંદડાંની ભાતવાળું ગુલાબી કાપડ વાપરવું કે કેમ એ વિશે તેણે પીટરની સલાહ લીધી હતી. આખો ઓરડો ફર્નિચર અને બીજી નાનીમોટી ચીજોથી ભરેલો હતો; એટલે સોફા પર બેસવા જતાં બાઈની કાળી શાલનો છેડો ટેબલની કોતરણીવાળી કોરમાં ભરાયો. પીટર તે છૂટો કરવા ઊઠ્યો. એટલે ખુરશીની સ્પ્રિંગો તેનો ભાર ઊતરી જતાં ઊંચી થઈને તેને નીચેથી હડસેલો માર્યો. બાઈએ જાતે જ શાલને છૂટી કરવા માંડી, એટલે પીટર પાછો બેસી ગયો ને ખુરશીની ઊંચી થયેલી બળવાખોર સ્પ્રિંગોને પાછી પોતાના શરીર નીચે દબાવી દીધી. પણ બાઈની શાલ સાવ છૂટી પડી નહીં, એટલે પીટર ફરી ઊઠ્યો, ને સ્પ્રિંગો ફરી ઊંચી થઈ, ને આ વેળા તેણે જરા ચૂં ચાં પણ કર્યું. આ બધું પતી ગયું એટલે બાઈએ ચોખ્ખો સુતરાઉ રૂમાલ કાઢી રોવા માંડ્યું. શાલનો કિસ્સો ને સ્પ્રિંગોની કૂદાકૂદ એ બેને લીધે પીટરની લાગણીનો ઊભરો શમી ગયો હતો, એટલે તે મોં ચડાવીને બેસી રહ્યો. આ કફોડી પરિસ્થિતિમાં ઇવાનના રસોઇયા સોકોલોવે આવી ખલેલ પાડી. તે પ્રાસ્કોવિયાને એમ ખબર આપવા આવ્યો

હતો કે "કબ્રસ્તાનમાં જે જગ્યા તમે પસંદ કરી છે તેના બસો રૂબલ બેસશે." બાઈએ રોવું બંધ કર્યું, ને પોતે જાણે લૂંટાઈ રહી હોય એવો દેખાવ કરી ફ્રેન્ચમાં કહ્યું: "મારે માથે આ મોટી આફત છે." પીટરે મૂક અભિનય કરી એ વાતમાં પોતાની પૂરી સંમતિ દર્શાવી.

"જરા સિગારેટ પીઓ," પ્રાસ્કોવિયાએ ઉદારતાથી ને છતાં રડવા જેવો સાદ કરીને કહ્યું; ને તે સોક્રોલોવ તરફ વળી કબર માટેની જમીનની કિંમત વિશે ચર્ચા કરવા લાગી.

પીટર સિગારેટ સળગાવી કાન માંડીને સાંભળવા લાગ્યો. પ્રાસ્કોવિયાએ કબ્રસ્તાનમાંના જુદા જુદા જમીનના ટુકડાની કિંમત વિશે બહુ ઝીણવટથી પૂછપરછ કરી, અને છેવટે કયો ટુકડો લેવો એ નક્કી કર્યું. એ ગયા પછી તેણે પ્રાર્થના વેળા ગાવાને કઈ ગાયકમંડળીને ભાડે બોલાવવી એ વિશે સૂચનાઓ આપી. પછી સોક્રોલોવ ઓરડામાંથી બહાર ગયો.

"હું બધી ગોઠવણ મારી જાતે કરું છું." પ્રાસ્કોવિયાએ પીટરને કહ્યું, ને ટેબલ પર ચિત્રસંગ્રહનાં જે પુસ્તકો પડયાં હતાં તે ખસેડી આઘાં મૂકયાં. પીટરની સિગારેટની રાખથી ટેબલ બગડશે એમ જોયું, એટલે તરત રાખદાની તેના તરફ ખસેડી, ને કહ્યું: "મારા દુ:ખને લીધે હું વહેવારની વાતો તરફ ધ્યાન આપી શકતી નથી એમ કહેવું એ મને દંભ લાગે છે. ઊલટું મારા મનને કશાથી દિલાસો મળતો હોય એમ તો નહીં કહું, પણ મન આડી વાતમાં પરોવાતું હોય, તો તે એમને લગતી દરેક વસ્તુની વ્યવસ્થા કરવાથી જ બને છે." જાણે રડવાની તૈયારી કરતી હોય એમ એણે રૂમાલ ફરી કાઢયો; પણ એકાએક, જાણે દુ:ખનો ઊભરો દબાવી દેતી હોય તેમ, સજાગ થઈ ગઈ, ને શાન્તિથી કહેવા લાગી: "પણ મારે તમને એક ખાસ વાત કહેવાની છે."

પીટર નીચો નમ્યો, છતાં તેણે ખુરશીની સ્પ્રિંગોને દબાવી રાખી. સ્પ્રિંગો તો તેના શરીર નીચે તરત જ ઊંચીનીચી થવા માંડી હતી.

"એમને છેલ્લા થોડાક દહાડા બહુ ભયંકર વેદના વેઠવી પડી."

"ખરેખર ?"

"અરે, ભયંકર! મિનિટો સુધી નહીં પણ કલાકો સુધી ચીસો જ પાડયા કરી. છેલ્લા ત્રણ દિવસ તો ચીસો આડે પળવારનો પણ વિરામ ન મળ્યો. એ અસહ્ય સ્થિતિ હતી. મેં એ કેવી રીતે સહન કર્યું એ હું

સમજી શકતી નથી. અહીંથી ત્રીજા ઓરડા સુધી એમની ચીસો સંભળાતી હતી. અરેરે, કેવી વીતી છે મારે માથે!"

"એમને એ બધો વખત ભાન હશે ખરું?" પીટરે પૂછ્યું.

"હા, છેક છેલ્લી પળ સુધી ભાન હતું. મરતાં પહેલાં પા કલાક. અમારી સહુની વિદાય લીધી, ને વૉલેડિયાને ત્યાંથી બીજા ઓરડામાં લઈ જવાનું અમને કહ્યું."

પોતે તેમ જ આ બાઈ બંને કેવો દંભ કરી રહ્યાં હતાં તેનું દુઃખદ ભાન પીટરને હતું. છતાં આ માણસ, જેની સાથે એને પહેલાં નાના આનંદી છોકરા તરીકે, પછી નિશાળના ગોઠિયા તરીકે, ને પાછળથી પુખ્ત વયના સાથી તરીકે, જીવનભર બહુ જ ગાઢ પરિચય હતો, તે માણસની વેદનાનો ખ્યાલ કરતાં તેના મનને ત્રાસ વછૂટચો. શબની ભમર, ને હોઠ પર દબાઈ રહેલું નાક તેને ફરી નજર આગળ દેખાયાં; ને તેને પોતાનો વિચાર આવતાં બીક લાગી.

"ત્રણ દહાડાની ભયંકર વેદના, ને પછી મોત! અરે કદાચ એકાએક મારી પણ એવી દશા થાય તો?" એ વિચાર આવતાં તેનું મન ભયથી થથરી ઊઠ્યું. પણ — કોણ જાણે કેવી રીતે — સહુને આવે છે એવો વિચાર એકદમ એને પણ આવ્યો કે "આ દશા તો ઇવાનની થઈ છે, મારી નથી થઈ; મારી તો એવી દશા થવી ન જોઈએ ને થઈ શકે જ નહીં; થઈ શકે એમ હું માનું તો હું નિરાશાને વશ થયો ગણાઉં; ને એવું તો મારાથી કરાય જ નહીં. શ્વાર્ટ્ઝનો ચહેરો એ જ વાત સ્પષ્ટ રીતે નહોતો કહેતો?" આ વિચાર આવ્યા પછી પીટરને હૈયે ધારણ આવી; ને તેણે રસપૂર્વક ઇવાનના મૃત્યુને લગતી વીગતો પૂછવા માંડી — જાણે મૃત્યુનો અકસ્માત ઇવાનને થવો સ્વાભાવિક હતો, પણ પોતાને તો કદી થવાનો જ નહોતો.

ઇવાને જે ખરેખરી ભયંકર શારીરિક વેદના ભોગવી હતી તેની ઘણી વીગતો કહ્યા પછી (પીટરને તો એ વેદનાની પ્રાસ્કોવિયાના મન પર પડેલી અસર પરથી જ ખબર પડી) પ્રાસ્કોવિયાને મુદ્દાની વાત પર આવવું જરૂરી જણાયું હોય એમ લાગ્યું.

"અરેરે, પીટર! કેવું દુઃખ! આ પહાડ જેવું દુઃખ કેમ કરીને ભોગવશે?" કહી તે પાછી રોવા લાગી.

પીટરે નિસાસો નાખ્યો, ને એનાં ડસકાં બંધ થવાની રાહ જોવા લાગ્યો. રડવું બંધ થયું એટલે એણે કહ્યું : "ખરેખર હું..." એટલે બાઈએ ફરી વાતચીત શરૂ કરી, ને પીટરની સાથે એને જે મુદ્દાનું કામ હતું તે કાઢ્યું. તે પીટરને પૂછવા માગતી હતી કે તેના ધણીના મૃત્યુ પ્રસંગે સરકાર પાસેથી પૈસાની મદદ કેવી રીતે મેળવી શકાય. તેણે દેખાવ તો એવો કર્યો જાણે તે પોતાના પેન્શન વિશે પીટરની સલાહ માગતી હોય. પણ પીટરે તરત જોઈ લીધું કે બાઈને એ વિશેની ઝીણામાં ઝીણી વિગતની — પોતાના કરતાં પણ વધારે — ખબર છે. તેનો પતિ મરી જવાથી સરકાર પાસેથી કેટલી રકમ મળે એ તો તે જાણતી હતી. તેને જાણવું તો એ હતું કે થોડાક વધારે પૈસા કઢાવી શકાય કે નહીં. પીટરે એમ કરવાનો કંઈક ઉપાય વિચારી જોયો. પણ થોડીક વાર વિચાર કર્યા પછી, ને વિવેકને ખાતર સરકારની કંજૂસાઈને માટે તેની ઝાટકણી કાઢ્યા પછી, તેણે કહ્યું કે "કંઈ વધારે મેળવી શકાય એમ મને લાગતું નથી." એ સાંભળી વિધવાએ નિસાસો નાખ્યો; ને મહેમાનને વિદાય કરી દેવાની કંઈક યુક્તિ યોજતી હોય એમ દેખાયું. એ જોઈ પીટરે સિગારેટ હોલવી નાખી, ઊઠ્યો, બાઈ સાથે હાથ મિલાવ્યો, ને બહારના ઓરડામાં ગયો.

જમવાના ઓરડામાં એક મોટું ઘડિયાળ હતું તે ઇવાનને બહુ જ ગમતું, ને જૂની ને કીમતી વસ્તુઓની એક દુકાનમાંથી તેણે તે ખરીદેલું. એ ઓરડામાં પીટરે પ્રાર્થનામાં હાજરી આપવા આવેલા એક પાદરી ને થોડાક ઓળખીતાઓને જોયા; ને એમાં એક સ્વરૂપવાન યુવતી ઇવાનની દીકરી હતી તેને તેણે ઓળખી. તેણે કાળાં કપડાં પહેર્યાં હતાં, ને તેનું પાતળું શરીર પહેલાંના કરતાંયે પાતળું લાગતું હતું. તેના મોઢા પર ગમગીની, નિશ્ચય, ને લગભગ ક્રોધનો ભાવ હતો; ને તેણે સહેજ નીચી વળી પીટરને એવી રીતે નમન કર્યું જાણે પીટરની જ કંઈ કસૂર ન હોય. તેની પાછળ એવી જ રીતે મોઢું ચડાવીને એક શ્રીમંત જુવાન ઊભો હતો. તે મૅજિસ્ટ્રેટ હતો એટલે પીટરે એને પણ ઓળખ્યો. ઇવાનની દીકરી સાથે એનું સગપણ થયું છે એમ એણે સાંભળ્યું હતું. પીટરે શોકનો ભાવ ધારણ કરી એમને નમન કર્યું ને ત્યાંથી શબવાળા ઓરડામાં જતો હતો, ત્યાં દાદરા નીચેથી ઇવાન ઇલીચનો નાનો છોકરો નીકળી આવ્યો. તે નિશાળમાં ભણતો હતો, ને તેનું વાન આબેહૂબ તેના બાપના જેવું જ હતું. પીટર

અને ઇવાન સાથે કાયદો ભણતા ત્યારે ઇવાનને જેવડો જોયાનું પીટરને યાદ હતું તેવો જ નાનકડો ઇવાન આ હતો. એની આંસુએ ભરેલી આંખોમાં જે ભાવ હતો તેવો ભાવ તેરચૌદ વરસના જે છોકરા ચોખ્ખા મનના નથી હોતા તેમની આંખોમાં હોય છે. પીટરને જોઈ તેણે રીસ ચડાવી, ને શરમિંદા બનીને મોઢું વાંકું કર્યું. પીટરે એની સામે જોઈ ડોકું ધુણાવ્યું, ને શબવાળા ઓરડામાં પ્રવેશ કર્યો. પ્રાર્થના શરૂ થઈ. મીણબત્તીના દીવા, ઊંહકારા, ધૂપ, આંસુ, ને ડૂસકાં. પીટર ગમગીન ચહેરે પોતાના પગ જોઈ રહ્યો. તેણે શબ સામે એક પણ વાર નજર ન નાખી; મનમાં ખેદ, શોક કે ગમગીનીનો ભાવ જરાયે ન ઊપજવા દીધો; અને પ્રાર્થના થઈ રહી કે તરત જે માણસો બહાર ગયાં તેમની સાથે એ પણ નીકળી ગયો. આગલા ઓરડામાં કોઈ નહોતું પણ જિરાસીમ શબવાળા ઓરડામાંથી દોડતો આવ્યો; રુવાંટીના ડગલા ટિંગાડેલા હતા તેમાં તેણે પોતાના મજબૂત હાથ-વડે ખોળંખોળા કરી પીટરનો ડગલો શોધી કાઢ્યો, ને પીટરને પહેરાવ્યો.

"કેમ, દોસ્ત જિરાસીમ," કંઈક કહેવાને ખાતર જ પીટરે કહ્યું, "બહુ માઠું થયું, નહીં?"

"જેવી માલિકની મરજી. આપણે સહુને એક દહાડો એ રસ્તે જવાનું જ છે ને?" જિરાસીમે કહ્યું. બોલતી વખતે તેના દાંત — નીરોગી ખેડૂતના ઘાટીલા સફેદ દાંત — દેખાયા. ઘણા તાકીદના કામમાં રોકાયેલા માણસની પેઠે તેણે ચપળતાથી આગલું બારણું ઉઘાડ્યું, ગાડીવાનને બોલાવ્યો, પીટરને ગાડીમાં બેસવામાં મદદ કરી; ને તે પછીના કામને માટે તૈયાર હોય એવી રીતે કૂદકો મારી ઓસરી પર ચડી ગયો.

ધૂપ, શબ અને કાર્બોલિક ઍસિડની ગંધ પછી તાજી હવા પીટરને વિશેષ આનંદદાયક લાગી.

"ક્યાં લઉં, સાહેબ?" ગાડીવાને પૂછ્યું.

"હજુ સાવ મો થી થયું. ચાલ ફેડોરને ત્યાં જાઉં."

તેણે ગાડી ફેડોરને ત્યાં લેવડાવી. એક બાજી હમણાં જ પૂરી થઈ હતી, એટલે તે વિના અડચણે રમતમાં સામેલ થઈ ગયો.

૨

ઇવાનની જિંદગી સાવ સાદી ને સાવ સામાન્ય, ને એટલા માટે જ અત્યંત ભયંકર, હતી.

તે ન્યાયની અદાલતનો ન્યાયાધીશ હતો, ને પિસ્તાળીશ વરસની ઉંમરે

મરણ પામ્યો હતો. તેનો બાપ અમલદાર હતો. ઘણાં જુદાં જુદાં ખાતાંમાં કામ કર્યાથી તેની જે જાતની કારકિર્દી બંધાઈ હતી તેવી કારકિર્દીવાળા માણસોને આપોઆપ ઊંચા હોદ્દા મળ્યે જાય છે. તેઓ કોઈ પણ જવાબદાર હોદ્દો ભોગવવાને નાલાયક હોય છે છતાં તેમને રુખસદ આપી શકાતી નથી; ને તેથી તેમને માટે ખાસ નવા હોદ્દા કાઢવામાં આવે છે. એ હોદ્દા બનાવટી હોય છે, પણ એને માટે પાંચથી દસ હજારના જે પગાર હોય છે તે કંઈ બનાવટી નથી હોતા; ને એ પગાર ખાતાં ખાતાં પેલા માણસો ઘણો લાંબો કાળ જીવે છે.

ઇલિયા એપીમોવીચ ગોલોવીન * એઓ એક પ્રિવી કાઉન્સિલર અને અનેક નકામી સંસ્થાઓનો નકામો સભ્ય હતો.

તેને ત્રણ દીકરા હતા. તેમાં ઇવાન વચેટ હતો. મોટો દીકરો બીજા એક સરકારી ખાતામાં બાપને પગલે પગલે ચાલી રહ્યો હતો; અને બાપના જેવો જ કામ વિના બેઠે બેઠે પગાર ખવાય એવો, હોદ્દો મળે એટલે દરજ્જે તે નોકરીમાં પહોંચ્યો હતો. સૌથી નાને દીકરે બાપનું નામ લજાવ્યું હતું. તેને અનેક હોદ્દા મળેલા તે બધામાં તેણે કૂંડાળાં વાળી આગળ વધવાના માર્ગ બંધ કરી દીધેલા, ને હવે રેલવેના એક ખાતામાં કામ કરતો હતો. તેના બાપ તથા ભાઈઓને, અને એથીયે વધારે અંશે ભાભીઓને, એનું મોં જોવું ગમતું નહીં, એટલું જ નહીં પણ એ જીવતો છે એ હકીકત પણ નછૂટકે યાદ કરવી પડે તે સિવાય કોઈ કુટુંબી યાદ કરતું નહીં. તેની બહેન તેના બાપના જેવા એક પીટર્સબર્ગના અમલદાર બૅરન ગ્રેફને પરણી હતી. લોકો કહેતા કે વચેટ છોકરો ઇવાન એ કુળનું નાક છે. તે મોટા ભાઈ જેવો અતડો ને કામ સિવાય બીજી વાત જ ન કરનારો નહોતો, તેમ જ નાના ભાઈ જેવો ઉચ્છૃંખલ ને વંઠેલ પણ નહોતો, પણ એ બે વચ્ચેના મધ્યમ માર્ગે ચાલનાર—બુદ્ધિશાળી, સુઘડ, બોલકો ને હેતાળ માણસ હતો. તે નાના ભાઈની જોડે કાયદાની નિશાળમાં અભ્યાસ

* રશિયામાં માણસનું આખું નામ આપવું હોય ત્યારે પહેલું એનું પોતાનું નામ, પછી બાપનું નામ, ને પછી અટક મૂકવાનો રિવાજ હતો. ઇલિયા તે એ માણસનું નામ. બાપના નામ સાથે 'ઈચ' પ્રત્યય લગાડાય છે; જેમ કે એપી મોવનો દીકરો છે એમ સૂચવવા એપીમોવીચ કહ્યું છે. ગોલોવીન એ અટક. સ્ત્રીનું નામ હોય ત્યારે અટક પણ સ્ત્રીલિંગમાં મુકાય છે; જેમ કે કૅરેનીન – કેરેનીના; ગોલોવીન–ગોલોવીના.

કરતો હતો. પણ નાનો અભ્યાસ પૂરો કરી શક્યો નહીં, ને પાંચમા ધોરણમાં હતો ત્યારે તેને નિશાળમાંથી પાણીચું મળી ગયું હતું. ઇવાને અભ્યાસ સારી રીતે પૂરો કર્યો. કાયદાની નિશાળમાં પણ, જેવો બાકીની આખી જિંદગી રહ્યો તેવો જ, તે હોંશિયાર, ખુશમિજાજ, ભલો ને મળતાવડો હતો; અને અધિકારીઓ જે જે કામ એને માથે નાખે તેને એ પોતે પણ ફરજ સમજીને સારી રીતે પાર ઉતારતો. નાનપણમાં કે મોટપણે તે ખુશામતખોર નહોતો; પણ પતંગિયું જેમ દીવા તરફ ખેંચાય તેમ તે, જુવાનીની શરૂઆતથી, ઊંચા દરજ્જાના માણસો પ્રત્યે સહેજે આકર્ષાતો; તેમની રીતભાત ને તેમના વિચારો અપનાવાતો; ને તેમની સાથે મિત્રાચારીના સંબંધ બાંધતો. બાળપણ અને જુવાનીના બધા રંગરાગ કરવા છતાં તેની ઝાઝી અસર તેના જીવન પર રહેવા પામી નહોતી. વિષયતૃપ્તિ, ગુમાન અને છેવટે ઊંચામાં ઊંચા વર્ગોમાં પ્રચલિત ઉદારમતવાદ, એ બધામાં તે ફસાઈ પડેલો ખરો; પણ એમાં કેટલી હદ સુધી જવું યોગ્ય ગણાય એ એનું મન એને અચૂક કહી આપતું, ને એ મર્યાદા તે કદી ઓળંગતો નહીં.

તે નિશાળે હતો ત્યારે તેણે કેટલાંક કામ એવાં કરેલાં જે તેને અગાઉ ઘણાં ભયાનક લાગતાં હતાં, ને કરતી વખતે પણ તેને પોતાની જાત પર તિરસ્કાર છૂટેલો. પણ પાછળથી તેણે જોયું કે સારી સ્થિતિના માણસો એવાં કામ કરે છે, ને તેઓ તેને ખોટાં ગણતાં નથી. એટલે એ પોતે પણ એવાં કામને સારાં ગણવા લાગ્યો, એટલું જ નહીં પણ પોતે એ કામ કરેલાં એ વાત જ સાવ ભૂલી ગયો; અથવા ક્વચિત્ એ વાત યાદ આવતી ત્યારે પણ તેને જરાયે અફસોસ થતો નહીં.

તે કાયદાની નિશાળમાંથી પાસ થઈને નીકળ્યો એટલે દશમી 'ગ્રેડ'ની સરકારી નોકરી માટે લાયક ગણાયો. બાપ પાસેથી તેને કપડાંલત્તાં વગેરે કરાવવાને પૈસા મળ્યા. ઇવાને છેલ્લામાં છેલ્લી ઢબનાં કપડાં સીવનાર શાર્મરની દુકાને કપડાં સિવડાવ્યાં; ઘડિયાળની સાંકળી પર એક મુદ્રાલેખવાળો ચાંદ લટકાવ્યો; પોતાના અધ્યાપકની ને શાળાના આશ્રયદાતા એવા એક ઉમરાવની વિદાય લીધી; ડોનનના આલા દરજ્જાના ઉપાહારગૃહમાં સાથીઓ જોડે વિદાયનું ખાણું લીધું; અને નવી ને અફલાતૂન ચામડાની પેટી, ચાદર, ધાબળા, કપડાં, હજામતનો ને બીજો 'ટૉઇલેટ'નો

સામાન લઈને તે એક પ્રાન્તમાં જવા ઊપડ્યો. બાપની લાગવગથી તેને એ પ્રાન્તના સૂબાને ત્યાં કંઈક ખાસ કામને માટે અમલદાર તરીકે નીમવામાં આવ્યો હતો.

જુવાનને કાયદાની નિશાળમાં મળેલું તેવું સુખચેનનું મનગમતું વાતાવરણ તેણે પ્રાન્તમાં પણ પોતાને માટે તૈયાર કરી લીધું. તે હોદ્દાને અંગેનું કામકાજ કરતો, તેમાં શાબાશી મેળવી આગળ વધવાનો માર્ગ ખુલ્લો કરતો, અને સાથે સાથે લહેરથી ને મર્યાદા સાચવીને ચેનબાજી પણ કરતો. પ્રસંગોપાત્ત તેને સરકારી કામસર આસપાસના જિલ્લાનાં ગામોમાં જવાનું થતું, ત્યાં ઉપરીઓ તેમ જ હાથ નીચેના માણસો સાથે વટભેર કામ લેતો. તેનું કામ મુખ્યત્વે ધાર્મિક સંપ્રદાયવાળાઓને અંગે રહેતું. એ કામ તે ચોકસાઈથી ને અણીશુદ્ધ પ્રામાણિકતાથી કરતો; ને તેના મનમાં એ વાતનો ગર્વ ઊપજ્યા વિના રહેતો નહીં.

તે જુવાન હતો, ને તેને ટોળટપ્પાં ને લહેરીપણા પ્રત્યે રુચિ હતી, એ ખરું; છતાં સરકારી કામકાજમાં તે સાવ ઓછાબોલો ને બહુ જ સભ્યતાથી વર્તનારો હતો; કડક હતો એમ પણ કહી શકાય. પણ ભદ્ર સમાજમાં તે ઘણી વાર રમૂજ, મશ્કરી, ટોળટપ્પાં વગેરે કરતો; હંમેશાં ખુશમિજાજ રહેતો; રીતભાતમાં વિવેક પૂરેપૂરો જાળવતો. સૂબા ને તેની પત્ની સાથે તો તેને કુટુંબી જેવો સંબંધ થઈ ગયો હતો; ને તેઓ એને વિશે કહેતાં કે એ તો અમારો લાડકો છે.

પ્રાન્તમાં આ ફાંકડા જુવાન વકીલને ભૂરકી નાખનાર એક ઉપલા વર્ગની બાઈ સાથે તે ઇશ્કબાજી કરી ચૂક્યો હતો. સ્ત્રીઓના ટોપ બનાવનારી એક બાઈ સાથે પણ તેણે સંબંધ બાંધેલો. સૂબાના હજૂરિયા જિલ્લામાં આવતા તેમની સાથે દારૂની મહેફિલો ઊડતી, ને જમણ પછી ગામની ભાગોળે આવેલા એક વગોવાએલા લત્તામાં પણ એ લોકો જતા. જુવાન તેના ઉપરી સૂબા ને તેની પત્ની આગળ હાજી હા કરતો. પણ એ બધું કરતાં તે સભ્યતા ને ખાનદાનીનો એવો દેખાવ રાખતો કે એને વિશે એક પણ આકરું વેણ કહી શકાય એમ નહોતું. "જુવાન માણસને જરાક તો નખરાં કરવાં જોઈએ જ ને," એવી જે કહેવત પ્રચલિત હતી તેમાં જુવાનના આ વર્તનનો સમાવેશ થઈ જતો. એ બધું ચોખ્ખે હાથે, ચોખ્ખે

કપડે, ફ્રેન્ચ શબ્દો સાથે, ને તે બધા ઉપરાંત ભદ્ર સમાજના લોકોમાં ને તેથી ઊંચા વર્ગના માણસોની સંમતિથી, કરવામાં આવતું.

આ રીતે ઇવાને પાંચ વર્ષ નોકરી કર્યા પછી તેની બદલી થઈ. દેશમાં ન્યાયને અંગે નવાં ને સુધરેલાં ધારાધોરણ દાખલ કરવામાં આવ્યાં, એટલે નવા માણસોની જરૂર પડી. ઇવાન એવા નવા માણસોમાં ગણાયો. મુકદ્દમો ચલાવનાર મૅજિસ્ટ્રેટની જગા લેવા તે તૈયાર છે કે કેમ એમ તેને પૂછવામાં આવ્યું. એ જગા બીજા પ્રાન્તમાં હતી; ને તેણે અહીં બાંધેલા સંબંધો તોડી નવા બાંધવા પડે એમ હતું; છતાં તેણે તે સ્વીકારી. તેના મિત્રો તેને વિદાય આપવા ભેગા થયા. તેમણે સહુએ સાથે બેસીને છબી પડાવી, ઇવાનને સિગારેટ મૂકવાની ચાંદીની ડબી ભેટ આપી, ને ઇવાન નવી જગા લેવા ઊપડ્યો.

મુકદ્દમા ચલાવનાર મૅજિસ્ટ્રેટનું કામ કરતાં પણ ઇવાને સભ્ય ને સંસ્કારી માણસ તરીકે નામના મેળવી. લોકો એના પ્રત્યે આદરની નજરે જોવા લાગ્યા. સરકારી કામકાજ અને ખાનગી જીવન બેની વચ્ચે તે ભેદ પાડી શકતો. પહેલાંના કામ કરતાં આ મૅજિસ્ટ્રેટનું કામ તેને ઘણું વધારે રસિક અને આકર્ષક લાગતું હતું. આગલી નોકરીમાં, શામેરનાં સીવેલાં કપડાં પહેરવાં, ને સૂબાને મળવા ભયભીત થઈને રાહ જોઈ રહેલા ટોળા વચ્ચે થઈને પસાર થવું, એમાં એને મોજ પડતી. તે લટકાં કરતો, મલપતી ચાલે, સીધો સૂબાના ખાનગી ઓરડામાં ચા પીવા કે 'સાહેબ'ની સાથે બેસી સિગારેટ ફૂંકવા જતો, ત્યારે એ લોકો અદેખી નજરે એને જોઈ રહેતા. પણ તે વેળા ઘણા લોકો પર એની સત્તા સીધી રીતે ચાલતી નહીં. તે ખાસ કામે ગયો હોય ત્યારે પોલીસ અમલદારો ને ધાર્મિક સંપ્રદાયવાળાઓને જ તેની મહેરબાનીની જરૂર પડતી. એ લોકોની સાથે તે વિવેકપૂર્વક — લગભગ બરોબરિયા સાથી હોય એવી રીતે — વર્તતો; ને તેમને જાણે બતાવી આપતો કે, "તમને કચડી નાખવાની સત્તા તો મારી પાસે છે, છતાં હું તમારી સાથે આટલી સરળતા ને મિત્રાચારીથી વર્તું છું." છતાં આ પ્રકારના માણસો બહુ જ થોડા હતા. પણ હવે મૅજિસ્ટ્રેટ બન્યા પછી ઇવાનને લાગ્યું કે "એક એક જણ પર — સૌથી મોટા મોભાદાર ને મિજાજી માણસો પર સુધ્ધાં — મારી સત્તા ચાલે છે. અમુક મથાળાવાળા એક કાગળ પર હું થોડાક શબ્દો લખું એટલે બસ, ગમે તે મોભાદાર ને મિજાજી

માણુસને આરોપી કે સાક્ષી તરીકે મારી પાસે લાવવામાં આવે, હું એને બેસવા દેવા ન માગું તો એને મારી સામે ઊભો રહી મારા સવાલના જવાબ દેવા પડે.” ઇવાન સત્તાનો દુરુપયોગ કદી કરતો નહીં. ઊલટું સત્તાનો અમલ જેટલો હળવો કરી શકાય તેટલો કરવાનો પ્રયત્ન કરતો. પણુ પોતાના હાથમાં સત્તા છે, ને પોતે ધારે ત્યારે એનો અમલ હળવો કરી શકે છે, એ ભાન તેને હતું એને લીધે જ તેને આ હોદ્દો ભોગવવામાં ખાસ રસ પડતો, ને એને લીધે જ એ હોદ્દો વિશેષ આકર્ષક લાગતો. તેના કામમાં, ખાસ કરીને જુબાનીઓ લેવામાં, તેને એવી હથોટી આવી ગઈ હતી કે એને લીધે તે મુકદ્દમાનો વિચાર માત્ર કાયદાની જ દૃષ્ટિએ કરતો, ને જે જે વસ્તુઓને કાયદાની સાથે સંબંધ ન હોય તે બધીને લક્ષમાં જ ન લેતો; એટલું જ નહીં પણુ ગમે તેવો અટપટો મુકદ્દમો હોય તોપણુ તેને તે એવું રૂપ આપી દેતો કે કાગળ ઉપર તો માત્ર તેની હકીકતો જ આવે; ને એ બાબત વિશે પોતાનો જે અભિપ્રાય હોય તેનો લેશ પણુ ખ્યાલ એ લખાણુ પરથી આવવા દેતો નહીં. વળી મુકદ્દમો ચલાવવાને જે વિધિ ને નિયમો ઠરાવેલા હોય તે બધાનું તે ચીવટથી પાલન કરતો. કામ નવું હતું, ને ૧૮૬૪ના નવા કાયદાનો પહેલવહેલો અમલ જે માણુસોને હાથે થયો તેમાંનો ઇવાન એક હતો. *

નવા ગામમાં મૅજિસ્ટ્રેટની જગા લીધા પછી ઇવાને નવી ઓળખાણો કરીને નવા સંબંધો બાંધ્યા, પહેલાંના કરતાં કંઈક જુદી મનોવૃત્તિ ધારણુ કરી, ને બોલવા-ચાલવાની ઢબ બદલી નાખી. પોતાની પ્રતિષ્ઠાનો તેને પૂરો ખ્યાલ હોય એમ તેણે પ્રાન્તના અમલદારો તરફ કંઈક અતડાપણું કેળવ્યું; પણુ ગામમાં જે વકીલો ને ધનિક ગૃહસ્થો રહેતા હતા તેમાંથી સારામાં સારું મંડળ શોધી કાઢી તેની સાથે બેસવા-ઊઠવાનો સંબંધ વધાર્યો. વાતચીતમાં સરકાર પ્રત્યે સહેજસાજ અસન્તોષ દાખવવો, અને જરાતરા ઉદારમતવાદ ને સુશિક્ષિત નાગરિકતા પ્રત્યે પક્ષપાતનું વલણુ બતાવવું, એવો પણુ રિવાજ પાડ્યો. સાથે સાથે દાઢી વધારવા માંડી; છતાં કપડાં પહેરવાની ને પટિયાં પાડવાની ટાપટીપમાં જરાયે ઊણપ આવવા દીધી નહીં.

* ૧૮૬૧માં ગુલામોને મુક્તિ અપાયા પછી, અદાલતમાં મુકદ્દમા ચલાવવાની રીતમાં પૂરેપૂરો ને વિગતવાર સુધારો કરવામાં આવેલો.

આ નવા ગામમાં ઇવાન ઠરીઠામ થઈ મોજ કરવા લાગ્યો. ત્યાંના ભદ્ર સમાજને પ્રાન્તના સૂબા સાથે સહેજ અંટસ હતો, પણ ઇવાન સાથે તો સહુ સારાસારી રાખતું. તેનો પગાર પણ પહેલાં કરતાં વધારે હતો. અહીં તેણે 'બ્રિજ' રમવા માંડી. તેણે જોયું કે આ રમતથી જિંદગીની લહેજત વધે છે. તેનામાં પાનાં રમવાની આવડત હતી. રમતાં તે હંમેશાં મિજાજ ઠેકાણે રાખતો, ને ઝપાટાબંધ અને કુનેહથી ગણતરી કરતો. એટલે ઘણે ભાગે તેની જીત જ થતી.

બે વરસ આ જગાએ ગાળ્યા પછી તેને તેની ભાવિ પત્ની પ્રાસ્કોવિયા મિખેલનો ભેટો થયો. જે મંડળમાં તે હરતોફરતો તેમાં પ્રાસ્કોવિયા સૌથી વધારે દેખાવડી, ચતુર ને હોશિયાર છોકરી હતી. મૅજિસ્ટ્રેટ તરીકેના કામમાંથી રાહત મેળવવા જે બીજાં રમતગમત ને વિનોદ તે કરતો તેમાં એક ઉમેરારૂપે તેણે આ છોકરી સાથે હળવા-મળવાનો ને વાતચીત, ટોળટપ્પાં વગેરે કરવાનો સંબંધ બાંધ્યો.

તે ખાસ કામ માટે નિમાયેલો અમલદાર હતો ત્યારે નાચવાની ટેવ તેને હતી; પણ મૅજિસ્ટ્રેટ થયા પછી તો તે ક્વચિત જ નાચતો. અત્યારે નાચતો તો તે જાણે ફક્ત એટલું જ બતાવવા કે "હું સુધરેલા રાજ્યતંત્રમાં કામ કરું છું, ને પાંચમી ગ્રેડના હોદ્દા પર પહોંચ્યો છું, છતાં નાચવું પડે જ તો ઘણાખરા લોકો કરતાં સારું નાચી શકું છું." એટલે કેટલીક વાર રાત પડયે તે પ્રાસ્કોવિયા જોડે નાચતો. અને મોટે ભાગે આ નાચ દરમિયાન જ તેણે એ છોકરીનું મન હરી લીધું. તે ઇવાન જોડે પ્રેમમાં પડી. ઇવાનને પહેલાં તો પરણવાની ચોક્કસ ઇચ્છા નહોતી. પણ આ છોકરી એની સાથે પ્રેમમાં પડી એટલે એણે વિચાર કર્યો: "ખરેખર, મારે શા માટે ન પરણવું?"

પ્રાસ્કોવિયા સારા કુટુંબની હતી, કદરૂપી નહોતી, ને તેની પાસે પોતાની થોડીક મિલકત પણ હતી. ઇવાન આથી વધારે સારી છોકરીની આશા રાખવા ધારત તો રાખી શકે એવું હતું. પણ આયે સારી હતી. એને પોતાને પગાર મળતો; ને બૈરીને પણ એટલી આવક થશે એવી આશા એને હતી. એનાં સગાંસંબંધી શ્રીમંત અને લાગવગવાળાં હતાં ને તે પોતે મીઠા સ્વભાવની, રૂપાળી ને અત્યંત મર્યાદશીલ યુવતી હતી. ઇવાન પ્રાસ્કોવિયા જોડે પ્રેમમાં પડ્યો, ને બે જણના વિચારોમાં મેળ

ખાતો એણે જોયો, એટલા માટે પરણ્યો, એમ કહેવું ખોટું છે. એની સાથે બેસવા-ઊઠવાવાળા લોકોને આ લગ્ન થાય એ ગમતું હતું માટે પરણ્યો, એમ કહેવું પણ એટલું જ ખોટું છે. તે આ બંને વિચારોથી દોરવાયો હતો. આ લગ્નથી તેમના મનને તૃપ્તિ થઈ એ સાચું. અને સાથે સાથે તેના મિત્રો ને ઓળખીતાઓમાંના સૌથી પ્રતિષ્ઠિત માણસોએ આ લગ્નને વધાવી લીધું એ વાત પણ સાચી.

આમ ઇવાન પરણ્યો.

લગ્નની તૈયારીઓ, અને વિવાહિત જીવનની શરૂઆત, પતિપત્નીનો પ્રણય, નવું રાચરચીલું, કાચમાટીનો નવો સામાન, નવાં કપડાં, ગાદલાં-ગોદડાં ને ચાદરો, એ બધું — સ્ત્રીને દહાડા રહ્યા ત્યાં સુધી તો — બહુ આનંદદાયક લાગ્યું. ઇવાન તો એમ પણ માનવા લાગ્યો હતો કે 'હું જે મોજશોખ, આનંદ, વિનોદ કરવા ને વટમાં રહેવા ટેવાયેલો છું, ને મારી જે રહેણી ભદ્ર સમાજને ગમે છે ને મને સદી ગઈ છે, તેમાં મારા લગ્નથી જરાયે વિક્ષેપ નહીં આવે, એટલું જ નહીં પણ એની લહેજતમાં વધારો થશે. પણ સ્ત્રીની સગર્ભાવસ્થાના શરૂઆતના મહિનાથી જ તેને કંઈક નવી, અકારી, ખેદજનક, ને બેહૂદી વસ્તુ એકાએક દેખાવા માંડી; ને એમાંથી છૂટવાનો આરો નથી એમ જ તેના મનને લાગી ગયું.

સ્ત્રીએ કશા કારણ વિના કુટુંબજીવનનાં આનંદ અને સભ્યતા બંનેમાં વિક્ષેપ નાખવા માંડ્યો. તે કશા કારણ વિના પતિ વિશે વહેમાવા લાગી; પતિ મારા સિવાય બીજા કોઈ માણસ તરફ કે બીજી કોઈ વાત તરફ ધ્યાન ન આપે એવી માગણી તેણે કરવા માંડી; એકેએક વસ્તુનો દોષ કાઢવા માંડ્યો; અને ઘરમાં કજિયા-કંકાસ ને રોકકળ કરવા માંડ્યાં.

જિંદગીમાં કશી વાતનો આગ્રહ રાખવો નહીં, ફૂલફટાક થઈને ફરવું, ને સહુની સાથે વિવેકનો સંબંધ જાળવવો, એવો નિયમ ઇવાને રાખેલો તેને લીધે તેનું ગાડું આજ લગી તો ધકી ગયું હતું. એ જ નિયમનો પ્રયોગ કૌટુંબિક જીવનમાં કરું તો આ કલેશ ટાળી શકાશે, એવી આશા ઇવાનના મનમાં પહેલાં તો હતી. તેણે સ્ત્રીના કંકાસ તરફ દુર્લક્ષ કરવાનો પ્રયત્ન આદર્યો. હંમેશની નિશ્ચિન્ત અને મોજીલી ઢબે રહેવાનું ચાલુ રાખ્યું. તે મિત્રોને પોતાને ઘેર પાનાં રમવા બોલાવતો. પોતે પણ સાંજે કલબમાં કે મિત્રોને ઘેર જઈ વખત ગાળવાની ટેવ પાડી. પણ એક દિવસ એની

સ્ત્રીએ એને જોરથી વઢી નાખ્યો, ને ઘણા જ અસભ્ય શબ્દો સંભળાવ્યા. ત્યાર પછી જ્યારે જ્યારે તે સ્ત્રીનું કહ્યું ન કરે ત્યારે, પતિ નમતું ન આપે ત્યાં સુધી — એટલે કે ઘેર ન રહે, ને જેમ પોતે કંટાળતી તેમ કંટાળીને વાજ ન આવે ત્યાં સુધી — એવી અડગ બનીને ઠોક પાડતી ને ગાળો દેતી, કે ઇવાન ખરેખર હેબતાઈ ગયો. તેને હવે દીવા જેવું સમજાયું કે વિવાહિત જીવનથી અથવા કહો કે પ્રાસ્કોવિયા સાથેના આવા વિવાહિત જીવનથી — નથી જીવનમાં હંમેશાં સુખ મળવાનું કે નથી સગવડ સચવાવાની, પણ સુખસગવડ ને સભ્યતા બધાંની હોળી જ થવાની છે. એટલે એ આફત આડે દીવાલ ઊભી કરી તેને ઓડે ભરાઈ બેસવું, એવો નિશ્ચય તેણે કર્યો. એમ કરવાના ઉપાય તેણે ખોળવા માંડ્યા. સરકારી કામને અંગેની એની ફરજ એ એક જ વસ્તુ પ્રાસ્કોવિયાને મહાત કરી શકતી. એટલે સરકારી કામ ને તેને લગતી ફરજોનું ઓઠું લઈ પોતાની સ્વતંત્રતા મેળવવા માટે તેણે પત્ની સાથે ખેંચતાણ કરવા માંડી.

બાળક જન્મ્યું એટલે તેને પોષણ આપવાના અનેક પ્રયત્નો, તેમાં મળેલી નિષ્ફળતા, મા અને બાળકની સાચી ને કલ્પિત માંદગીઓ, એ બધામાં ઇવાનના હેતભર્યા સમભાવની જરૂર હતી. પણ એ વાતોની તેને કશી ગતાગમ નહોતી. એટલે વળી કુટુંબની બહારથી પોતે જીવનરસ મેળવી લેવાની જરૂર તેને અધિકાધિક દેખાવા લાગી.

જેમ જેમ સ્ત્રી વધારે ચીડિયલ બનતી ગઈ ને તેના હુકમોનું આકરાપણું વધતું ગયું તેમ તેમ ઇવાને વધારે ને વધારે પ્રમાણમાં ઘરને બદલે ઑફિસને જીવનનું કેન્દ્ર બનાવવા માંડી. એને લીધે તેને ઑફિસના કામમાં પહેલાંના કરતાં વધારે રસ પડવા લાગ્યો. મોટા મોટા હોદ્દા મેળવવાની તેની આકાંક્ષા પણ વધારે તીવ્ર બનતી ગઈ.

થોડા જ વખતમાં — લગ્ન પછી એક વરસની અંદર જ — ઇવાનને સમજાઈ ગયું હતું કે લગ્નથી જિંદગીની સુખસગવડમાં થોડોક વધારો કદાચ થતો હશે, પણ ખરું જોતાં તો એ બહુ અટપટી ને વસમી વસ્તુ છે; અને પોતાની ફરજ બજાવવા માટે, એટલે કે સમાજને ગમે છે એવી સભ્ય જિંદગી ગાળવા માટે, માણસે જેમ સરકારી કામ તરફ તેમ વિવાહિત જીવન પ્રત્યે પણ અમુક પ્રકારની વૃત્તિ નિશ્ચયપૂર્વક ધારણ કરવી જોઈએ.

ઇવાને ધીરે ધીરે ઘર અને વિવાહિત જીવન પ્રત્યે એવી વૃત્તિ ધારણ

કરી. ઘરમાં તેને ભોજન, ઘરવાળી, ને સૂવાની પથારી એટલું મળી શકતું. ત્યાંથી હવે એટલી સગવડ ને તે ઉપરાંત લોકમત સંતોષાય એટલો બહારનો વિવેક, એટલાની જ અપેક્ષા રાખવાની ટેવ તેણે પાડી. તે ઉપરાંત હળવો વિનોદ, ગમ્મત, રમૂજ, સંસ્કારી વાતાવરણ એ બધું ત્યાંથી મળે તો કેવું સારું, એવી ઝંખના પણ તેને થતી; ને એ મળતું ત્યારે તે મનથી ઘણો આભાર પણ માનતો. પણ તેને બદલે જો ઘરમાં વિરોધ ને કંકાસનું વાતાવરણ જોતો તો તે એકદમ સરકારી કામકાજની જુદી, ને વાડનો આંતરો કરીને નોખી પાડેલી દુનિયામાં પેસી જતો; ને ત્યાં તેનાં મનને તૃપ્તિ મળી રહેતી.

ઇવાન સારો અમલદાર ગણાતો. એટલે ત્રણ વરસ પછી તેને મદદનીશ સરકારી વકીલ (પબ્લિક પ્રૉસિક્યૂટર)ની જગા મળી. તેની નવી ફરજો, તેનું મહત્ત્વ, પોતાની નજરમાં આવે તે માણસ પર આરોપ મૂકી તેને કેદમાં પૂરવાની શક્યતા, તેનાં ભાષણોને મળતી પ્રસિદ્ધિ, ને આ તમામ વાતોમાં તેને મળેલી સફળતા, એ બધાને લીધે તેને પોતાના કામમાં ઘણો વધારે રસ પડવા લાગ્યો.

બાળકોની સંખ્યા વધવા લાગી. પ્રાસ્કોવિયા વધારે કજિયાખોર ને ચીડિયલ બનતી ગઈ. પણ ઇવાને ગૃહજીવન પ્રત્યે જે નવી વૃત્તિ ધારણ કરી હતી તેને લીધે, બૈરીના બબડાટની એના મન પર લગભગ કશી જ અસર થવા પામતી નહીં.

એ ગામમાં સાત વરસ નોકરી કર્યા પછી બીજા પ્રાંતમાં સરકારી વકીલની જગા પર તેની બદલી થઈ. એ લોકો ત્યાં ગયાં તો ખરાં, પણ પૈસા ખૂટી ગયા હતા, ને ઇવાનની વહુને આ નવું સ્થળ ગમ્યું નહીં. ત્યાં પગાર વધારે હતો તેમ ખરચ પણ વધારે હતું. વળી બાળકોમાંથી બે મરી ગયાં, અને ઇવાનને માટે કૌટુંબિક જીવન પહેલાંના કરતાં વધારે ખારું બની ગયું.

નવા ઘરમાં જે કંઈ અગવડ વેઠવી પડે તે દરેકને માટે પ્રાસ્કોવિયા પતિનો વાંક કાઢતી. પતિપત્ની વચ્ચે જ્યારે જ્યારે, ખાસ કરીને બાળકોની કેળવણી વિશે, વાતચીત થતી ત્યારે મોટે ભાગે તો તેમાં એવા વિષયો નીકળતા જેને લીધે અગાઉની તકરારો યાદ આવતી, ને એ તકરારો ગમે તે ક્ષણે ફરી વાર સળગી ઊઠી તેમાંથી ભડકો થવાનો સંભવ

રહેતો. પછી તો માત્ર વિષયસુખના, વિરલ પ્રસંગો જ એમની પાસે બાકી રહ્યા. એવા પ્રસંગો એમના જીવનમાં હજુ આવતા પણ તે લાંબો વખત ચાલતા નહીં. પ્રણયસુખના એ પ્રસંગો ટાપુઓ જેવા હતા; ત્યાં સહેજવાર નાંગરી, વિસામો લઈ, તેઓ ફરી છાની શત્રુતાના સાગરની સફરે નીકળી પડતાં. તેઓ એકબીજા સાથે અતડાપણું રાખતાં હતાં તેમાં એમની એ છાની શત્રુતાનો ભાવ દેખાઈ આવતો. આવું અતડાપણું ન હોવું જોઈએ એમ ઇવાનને લાગતું હોત તો કદાચ તેને એનું દુઃખ થાત. પણ આ સ્થિતિને તે સ્વાભાવિક માનતો થઈ ગયો હતો, એટલું જ નહીં પણ કૌટુંબિક જીવનમાં આ સ્થિતિ ઉત્પન્ન કરવી એને તેણે પોતાનું ધ્યેય માન્યું હતું. એની ધારણા એવી હતી કે એ કલેશ-કંકાસથી પોતે દહાડે દહાડે છૂટા થતા જવું, અને એ કજિયા નિર્દોષ છે ને તેમાં સભ્યતાનો ભંગ થતો નથી એવો બહારનો દેખાવ ઊભો કરવો. આ મુરાદ બર લાવવા માટે તે કુટુંબની સાથે ઉત્તરોત્તર ઓછો ઓછો વખત ગાળવા લાગ્યો. નછૂટકે ઘેર રહેવું જ પડે ત્યારે બહારના માણસોને બોલાવી તેમની હાજરીને ઓઠે સુરક્ષિતતા મેળવવાનો પ્રયત્ન કરતો. પણ મુખ્ય વાત એ હતી કે એની પાસે સરકારી કામ કરવાનું હતું. એને હવે પોતાનો બધો જીવનરસ ઑફિસ અને અમલદાર વર્ગમાંથી જ મળવા લાગ્યો; ને એ રસમાં તે તરબોળ થઈ ગયો. પોતાની સત્તાનું ભાન; જે માણસને પોતે પાયમાલ કરવા ધારે તેને પાયમાલ કરવાની પોતાની શક્તિ; અદાલતમાં તેના પ્રવેશનું મહત્ત્વ – માત્ર મહત્ત્વ જ નહીં પણ બહારનો દમામ; અથવા તો હાથ નીચેના માણસો સાથેની મુલાકાતો : ઉપરીઓ તેમ જ હાથ નીચેનાઓ પાસે ધાર્યું કરાવવામાં મળતી સફળતા; પોતે મુકદ્દમાઓ ચલાવવામાં આબાદ કામ કરી બતાવે છે એ વાતનું ભાન; ને એ બધા ઉપરાંત સાથીઓ જોડેની ગપસપ, જમણો ને બ્રિજ; આ બધામાંથી તેને આનંદ મળી રહેતો ને જીવન ભર્યું ભર્યું લાગતું. એટલે એકંદરે ઇવાન-નું જીવન જેમ વહેવું જોઈએ એમ તે માનતો હતો તેવું આનંદ અને ગૌરવભેર વહ્યે જતું હતું.

આવી સ્થિતિમાં બીજાં સાત વર્ષ નીકળી ગયાં. તેની સૌથી મોટી દીકરી સોળ વરસની થઈ ચૂકી હતી. બીજું એક બાળક મરી ગયું હતું, ને તે પછી માત્ર એક છોકરો જ બાકી રહ્યો હતો. તે નિશાળે ભણતો

હતો, ને તેને વિશે માબાપને કજિયા થયા કરતા હતા. ઇવાન એને કાયદાની નિશાળે મૂકવા માગતો હતો. પણ એને ચીડવવાને ખાતર પ્રાસ્કોવિયાએ છોકરાને હાઈસ્કૂલમાં મૂકયો હતો. છોકરીને ઘરમાં જ શિક્ષણ આપ્યું હતું ને તે સારી નીવડી હતી. છોકરો પણ ભણવામાં ઠોઠ નહોતો.

૩

આમ ઇવાન ઇલીચે લગ્ન પછી સત્તર વરસ કાઢયાં. સરકારી વકીલની જગા પર તે લાંબા વખતથી હતો. એથી સારી જગા મેળવવાની આશાએ તેણે ઘણી વાર બદલી થતી રોકાવી હતી. એટલામાં એક અણધારી ને અકારી ઘટના બનવા પામી, તેને લીધે તેના શાન્ત જીવનક્રમમાં મોટી ઊથલપાથલ થઈ ગઈ. એક યુનિવર્સિટીવાળા શહેરમાં વડા ન્યાયાધીશની જગા મળશે એવી એની ધારણા હતી. પણ કોણ જાણે કેમ હાપી આગળ આવી એ જગા મેળવવામાં ફાવી ગયો. ઇવાનનો પિત્તો સાવ ખસી ગયો. તેણે હાપીને ઠપકો આપ્યો; અને હાપી સાથે તેમ જ પોતાના ઉપરીઓ સાથે તકરાર કરી. ઉપરીઓનાં મન ઇવાન પરથી ઊઠી ગયાં; ને બીજી નિમણૂકો થઈ ત્યારે પણ તેમણે એને ટાળી મૂકયો.

આ વાત ૧૮૮૦માં બની. ઇવાનની જિંદગીમાં એ કઠણમાં કઠણ વરસ હતું. એ વખતે એને સ્પષ્ટ દેખાયું કે એક તરફ, એના પગારમાંથી કુટુંબનું પૂરું થઈ શકે એમ નથી; ને બીજી તરફ, જે વસ્તુમાં એને મોટામાં મોટો ને નિર્દયમાં નિર્દય અન્યાય દેખાય છે તે બીજાઓની નજરે સાવ મામૂલી બનાવ જેવી લાગે છે. તેનો પિતાએ પણ તેને મદદ કરવાની પોતાની ફરજ છે એમ માન્યું નહોતું. ઇવાનને મનમાં એમ જ વસી ગયું કે સહુએ મારો ત્યાગ કર્યો છે, ને વરસે ૩,૫૦૦ રૂબલ (તે વેળાના હિસાબે આશરે ૩,૫૦૦ રૂપિયા)ના પગારવાળી જગા મને મળી છે એ એમને વાજબી લાગે છે, એટલું જ નહીં પણ હું નસીબદાર છું એમ તેઓ માને છે. તેને થયેલા અન્યાયનું ભાન, બૈરીના હંમેશના કજિયા, ને આવક ઉપરાંત ખરચ કરવાથી માથે ચડી ગયેલું કરજ એ બધાંને લીધે તે કેવો નસીબદાર હતો એ તો એનું મગજ જાણતું હતું.

એ ઉનાળે પૈસા બચાવવાને ખાતર તેણે રજા લીધી, ને બૈરીને લઈ દેશમાં સાળાને ત્યાં રહેવા ગયો.

દેશમાં કંઈ કામધંધો મળે નહીં, એટલે એને જિંદગીમાં ફુરસદનો કંટાળો આવવા લાગ્યો, એટલુ જ નહીં પણ મનમાં અસહ્ય ગમગીની પણ

રહેવા લાગી. એટલે તેણે મન સાથે નિર્ધાર કર્યો કે આમ કંઈ જિંદગી ચાલે નહીં; માટે મારે કંઈક ચાંપતા ઇલાજ કરવા જોઈએ.

એક રાત ઊંઘ્યા વિના ઓશરી પર આંટા મારીને તે એવા નિશ્ચય પર આવ્યો કે પિટર્સબર્ગ જઈ ખટપટ કરવી, અને જેમણે મારી કદર કરી નથી તેમને સજા કરવા બીજા ખાતામાં બદલી કરાવી લેવી.

બીજે દિવસે બૈરીએ ને સાળાએ ઘણો વાર્યો છતાં તે પિટર્સબર્ગ જવા ઊપડ્યો. ત્યાં જવામાં હેતુ એક જ હતો કે વરસે પાંચ હજાર રૂબલના પગારવાળી જગા મેળવવી. અમુક જ ખાતામાં નિમાવું, કે અમુક જ વિચારો ધરાવવા, કે અમુક જ પ્રવૃત્તિ કરવી, એવું એના મનમાં હવે નહોતું. એને તો બસ પાંચ હજાર રૂબલના પગારવાળી જગા પર નિમાવું હતું. એ જગા સરકારી વહીવટના કોઈ ખાતામાં હોય, બૅન્કમાં, રેલવેમાં, મહારાણી મેરિયાની કોઈ સંસ્થામાં, કે પછી ભલે જકાત ખાતામાં હોય તો લેવી — માત્ર એ જગાનો પગાર વરસે પાંચ હજાર રૂબલ હોવો જોઈએ; અને જે ખાતામાં તેની કદર નહોતી થઈ તે સિવાયના કોઈ ખાતામાં જગા હોવી જોઈએ.

આ શોધમાં ઇવાનને ભારે ને અણધારી ફતેહ મળી. કુર્સ્કના સ્ટેશને તેનો એક ઓળખીતો ઇલીન પહેલા વર્ગના ડબ્બામાં દાખલ થયો, ઇવાનની પાસે બેઠો, ને તેણે ખબર આપી કે કુર્સ્કના સૂબા પર હમણાં જ તાર આવ્યો છે કે પ્રધાનમંડળમાં ફેરફાર થવાની તૈયારી છે — પીટર ઇવાનોવીચની જગાએ ઇવાન સેમીનોવીચ નિમાવાનો છે.

આ ફેરફાર રશિયાને સારુ તો મહત્ત્વનો હતો જ, પણ ઇવાનને સારુ ખાસ મહત્ત્વનો હતો. પીટર પેટ્રોવીચ, અને એને લીધે તેનો મિત્ર ઝાકાર ઇવાનોવીચ, આગળ આવે તો ઇવાન ઇલીચના પાસા પોબાર પડે એમ હતું; કેમ કે ઝાકાર ઇવાનોવીચ તેનો મિત્ર ને સાથી હતો.

મોસ્કોમાં આ ખબર સાચી હોવાની પાકી બાતમી મળી. પીટર્સબર્ગ પહોંચતાં જ ઇવાન ઝાકારને મળ્યો; અને ન્યાયખાતામાં જ તેને સારી જગાનું ચોક્કસ વચન મળી ગયું.

અઠવાડિયા પછી તેણે બૈરીને તાર કર્યો: "મીલરની જગાએ ઝાકાર આવ્યા છે. તે રિપોર્ટ કરશે એટલે મારી નિમણૂક થશે."

ઉપલા અધિકારીઓમાં થયેલા આ ફેરફારને પરિણામે, ઇવાનને

અણધારી રીતે પોતાના જ ખાતામાં જે જગા મળી ગઈ તેને લીધે તેના અગાઉના સાથીઓ કરતાં તે બે ગ્રેડ આગળ વધી ગયો. તે ઉપરાંત તેને પાંચ હજાર રૂબલનો પગાર મળ્યો. સ્થાનાંતર કરવાના ખરચ પેટે પાંત્રીસસો રૂબલ મળ્યા તે જુદા. અગાઉના શત્રુઓ અને આખા ખાતા સામેનો તેનો રોષ ઊતરી ગયો, ને તેના સુખમાં કશી મણા રહી નહીં.

તે સાળાને ઘેર પાછો ફર્યો ત્યારે તેને જેટલો આનંદ અને સંતોષ હતાં તેટલાં ઘણા વર્ષથી તેણે કદી અનુભવ્યાં નહોતાં. પ્રાસ્કોવિયા પણ રાજી થઈ ગઈ, ને તેમની વચ્ચે યુદ્ધવિરામની ગોઠવણ થઈ. પીટર્સબર્ગમાં સહુએ એને કેવી જાફતો આપેલી; જે માણસો એના શત્રુ હતા તે કેવા શરમિંદા બની ગયા હતા ને તેની ખુશામત કરવા આવ્યા હતા; એની નિમણૂકથી એ લોકોની આંખમાં કેટલું ઝેર આવ્યું હતું; ને પીટર્સબર્ગમાં સહુ કેવી એની વાહ વાહ કરતું હતું તે બધાની વાત ઇવાને કરી.

પ્રાસ્કોવિયાએ એ બધું ધ્યાન દઈને સાંભળ્યું, ને તેને સાચું લાગ્યું હોય એમ જણાયું. કશી પણ વાત ખોટી છે એમ એણે ન કહ્યું, પણ જે શહેરમાં તેઓ હવે જવાનાં હતાં ત્યાંના જીવનને માટે યોજનાઓ જ કરવા માંડી. ઇવાનને જોઈને આનંદ થયો કે આ યોજનાઓ તે મારી જ યોજનાઓ છે; અને પતિપત્ની એકમત થયાં ખરાં; અને એક ઠોકર ખાધા પછી જિંદગી આનંદ, વિનોદ અને સભ્યતાના યોગ્ય ને સ્વાભાવિક ચીલા પર આવતી જાય છે.

ઇવાન થોડા વખતને માટે જ પાછો આવ્યો હતો. તેને ૧૦મી સપ્ટેમ્બરે નવા કામ પર હાજર થવાનું હતું. વળી નવી જગાએ ઠરીઠામ થવું, જૂની જગાએથી સામાન લાવવો, ઘણી નવી વસ્તુઓ ખરીદવી ને તૈયાર કરાવવી, એ બધામાં — ટૂંકામાં, જે ગોઠવણો તેણે ધારેલી, ને જેમાં પ્રાસ્કોવિયાની પણ લગભગ પૂરી સંમતિ હતી, તે કરવામાં — તેને ઘણો વખત જોઈએ એમ હતું.

હવે નસીબસંજોગે બધું સરસ રીતે ગોઠવાઈ ગયું હતું. પતિપત્નીની ધારણાઓમાં મેળ સધાયો હતો. અને ઉપરાંત તેઓ એકબીજાની જોડે ઘણો ઓછો વખત ગાળતાં. એટલે લગ્ન પછીનો છેક શરૂઆતનાં વરસો બાદ કરતાં કદી નહોતો એટલો એકરાગ તેમની વચ્ચે જામ્યો. ઇવાને કુટુંબને તરત જ સાથે લઈ જવાનો વિચાર રાખ્યો હતો. પણ તેના સાળાએ ને

સાળાની વહુએ ઘણો આગ્રહ કર્યો એટલે તે એકલો જવાને કબૂલ થયો. સાળા ને તેની વહુને ઇવાન ને તેના કુટુંબ પ્રત્યે એકાએક હેત ઊભરાઈ આવ્યું હતું.

ઇવાને વિદાય લીધી. તેની સફળતાથી ને પતિપત્ની વચ્ચે સ્થપાયેલા એકરાગથી તેના ચિત્તમાં જે પ્રસન્નતા આવી હતી તે ઓસરી ગઈ નહીં. તેણે સરસ ઘર શોધી કાઢ્યું. એણે ને એની પત્નીએ જે સ્વપ્નું સેવેલું એ સાચું પડે એવું જ આ ઘર હતું. જૂની ઢબનાં વિશાળ, ઊંચાં દીવાનખાનાં, સોઈદાર ને સુંદર અભ્યાસખંડ, માદીકરી માટે ઓરડાઓ, દીકરા માટે અભ્યાસખંડ — જાણે આ કુટુંબ માટે ખાસ ન બંધાવ્યું હોય એવું જ ઘર હતું. ઇવાને જાતે ગોઠવણો પર દેખરેખ રાખી, દીવાલે ચોડવાના કાગળ પસંદ કર્યા, નવું વધારાનું ફર્નિચર ખરીદ્યું (ખાસ કરીને કેટલીક જૂના જમાનાની કીમતી વસ્તુઓ ખરીદીને), ફર્નિચર પર કાપડ પોતાની નજર સામે ચડાવડાવ્યું. એકેએક કામ આગળ વધવા લાગ્યું, ને તેણે પોતાને માટે જે આદર્શ કલ્પ્યો હતો તે જાણે સિદ્ધ થવા આવ્યો. કામો અડધાં થયાં એટલામાં તો એની આશાઓ કરતાં પણ અધિક શોભા થઈ એમ એને લાગ્યું. ઘર આખું જ્યારે ગોઠવાઈ જશે ત્યારે કેવું કલામય ને સુશોભિત દેખાશે, ને એમાં રુચિભંગ થાય એવું કશું નહીં હોય, એ વિચારથી તેનું મન નાચી ઊઠ્યું. ઊંઘતી વખતે તે મન આગળ ચિતાર ખડો કરતો કે દીવાનખાનું કેવું દેખાશે. દીવાનખાનું હજુ અધૂરું ગોઠવાયું હતું; તેના તરફ તે નજર નાખતો ત્યારે, તાપવાની સગડી, પડદો, છાજલીઓવાળો ઘોડો, આમતેમ મૂકેલી નાની નાની ખુરશીઓ, ભીંતે મૂકેલી નાનીમોટી રકાબીઓ ને તાસકો, ને કાંસાની કલાકૃતિઓ એ બધું સહુ સહુને ઠેકાણે જાણે ગોઠવાઈ ગયું છે એવું ચિત્ર તેની કલ્પના સમક્ષ આવીને ઊભું રહેતું. તેની સ્ત્રી અને દીકરી, જેમની અભિરુચિ આ વિષયમાં તેની પોતાની અભિરુચિ જોડે મળતી આવતી હતી, તેઓ આ બધું જોઈને કેવાં છક થઈ જશે, એ વિચારથી તેને ગલગલિયાં થયાં. તેઓ ખરેખર આટલા બધાની અપેક્ષા તો નહીં જ રાખતાં હોય. કેટલીક જૂની કલાકૃતિઓ શોધી કાઢી સોંઘે મૂલે ખરીદવામાં તેને સફળતા મળી હતી; ને એ વસ્તુઓને લીધે જાણે કોઈ અમીર-ઉમરાવનું ઘર ન હોય એવો દેખાવ થઈ ગયો હતો. પણ તે જે કાગળો લખતો તેમાં જાણીબૂજીને દરેક ચીજ વિશે થોડું

થોડું, લખવું ઘટે તેના કરતાં કંઈક ઓછું જ લખતો, જેથી મા-દીકરી અહીં આવે ત્યારે તેમને અણધાર્યો આનંદ થાય. આ બધામાં એનું મન એવું પરોવાઈ ગયું કે, તેને સરકારી કામ ગમતું છતાં, નવી ફરજોમાં તેને ધાર્યા કરતાં ઓછો રસ પડ્યો. ક્યારેક અદાલતનું કામ ચાલતું હોય ત્યારે પણ થોડીક ક્ષણો એનું ધ્યાન બીજે ચાલ્યું જતું, ને પડદાને માટે સીધા 'કૉર્નિસ' રાખવા કે વાંકા એના વિચારો જ મનમાં ચાલવા માંડતા. એમાં એને એટલો બધો રસ આવતો કે કેટલીક વાર તે જાતે જ કામ કરવા મંડી પડતો, ને ફર્નિચર નવેસર ગોઠવતો કે પડદા નવેસર ટિંગાડતો. એક વાર પડદા લટકાવનાર સમજતો નહોતો તેને પડદા કેમ લટકાવવા તે બતાવવા એક સીડી પર ચડતાં તે પગલું ચૂક્યો ને સરકી પડ્યો. પણ મજબૂત અને ચપળ માણસ હોવાથી તે સીડીને વળગી રહ્યો. એક બારીના બારણાના ગઠ્ઠા સાથે પડખું ભટકાયું એટલું જ. એ ઉઝરડાવાળી જગાએ દુખાવો તો થયો, પણ તે થોડા જ વખતમાં જતો રહ્યો. એ વખતે એના શરીર ને મનમાં જોમ અને સ્ફૂર્તિ પુષ્કળ લાગતાં હતાં. તેણે સ્ત્રીને લખ્યું: "હું છું એના કરતાં પંદર વરસ નાનો હોઉં એવું લાગે છે." તેણે ધારેલું કે સપ્ટેમ્બર સુધીમાં બધી ગોઠવણી પૂરી થઈ જશે, પણ કામ તો ઑક્ટોબર અધવચ સુધી ચાલ્યું. પણ આટલી મહેનતે ગોઠવેલા ઘરની શોભા જોઈને એ પોતે જ નહીં પણ જે કોઈ જોતું તે સહુ ફિદા થઈ જતું.

ખરું જોતાં તો, મધ્યમ આવકવાળા જે માણસો શ્રીમંત દેખાવા માગે છે તેમના ઘરમાં સામાન્યપણે હોય છે એવી જ શોભા ને ટાપટીપ અહીં પણ હતી; અને તેથી એ ઘર એના જેવાં બીજાં ઘરોના જેવું જ દેખાવા લાગ્યું, વેલબુટ્ટાવાળું રેશમી કાપડ, કાળું લાક, છોડવા, ગાલીચા, ને ઘસીને ચકચકિત કરેલી ને ન કરેલી કાંસાની કલાકૃતિઓ વગેરે જે ચીજો અમુક વર્ગના લોકો એ જ વર્ગના બીજા લોકોના બરોબરિયા ગણાવા માટે વસાવે છે તે અહીં પણ હતી. એનું ઘર એટલું બધું બીજાં ઘરોના જેવું હતું કે એના તરફ કોઈનું ધ્યાન પણ ન ગયું હોત. પણ એને પોતાને તો લાગતું હતું કે મારું ઘર અફલાતૂન છે, ને એનો જોટો જોવા જડે એમ નથી. તેનું કુટુંબ આવ્યું ત્યારે તે સ્ટેશને સામો ગયો, ને તેમને નવા ગોઠવેલા ઘરમાં લઈ આવ્યો. ઘર દીવાથી ઝાકઝમાળ હતું. સફેદ

ટાઈવાળા નોકરે બારણું ઉઘાડ્યું, એટલે બધાં છોડવાથી શણગારેલા હૉલમાં પેઠાં; અને દીવાનખાનું ને અભ્યાસખંડ જોતાં તો તેમનાં મોંમાંથી આનંદના ઉદ્ગાર નીકળવા લાગ્યા. એ જોઈ ઇવાનનું ચિત્ત બહુ જ પ્રસન્ન થયું. તેણે એમને આખું ઘર બતાવ્યું, તેમનાં સ્તુતિવચનોનું ઉત્કંઠાથી પાન કર્યું, ને તેનાં આંખ ને મોઢું હર્ષથી ખીલી ઊઠ્યાં. સાંજે ચા પીતી વખતે પ્રાસ્કોવિયાએ તે પડી ગયેલો એ વિશે પૂછ્યું ત્યારે એણે એ વાત હસી કાઢી, ને પોતે કેવી રીતે પડી ગયેલો ને પડદાવાળો કેવો ગભરાઈ ગયેલો તેનું વર્ણન હાવભાવ કરી બતાવ્યું.

"એ તો હું જરા પહેલવાન જેવો છું એટલે સારું છે. બીજો માણસ તો જીવથી જ જાત. મને જરા અહીં વાગ્યું એટલું જ. એ જગાએ અડું છું ત્યારે દુખાવો થાય છે, પણ હવે તો એ મટી જવા આવ્યો છે. સહેજ ઉઝરડો જ છે."

આમ એમણે નવા ઘરમાં રહેવા માંડ્યું. જેમ હંમેશાં બને છે તેમ, જ્યારે તેઓ એમાં બરાબર ઠરીઠામ થઈ ગયાં ત્યારે એમને લાગ્યું કે હજુ એક ઓરડો ઓછો પડે છે; અને આવક વધી છે — જોકે એ, હમેશાં બને છે તેમ સહેજ, પાંચસોએક રૂબલ જેટલી, ઓછી તો પડે છે, પણ છે એટલીથી પણ બહુ સારી રીતે રહેવાય છે.

પહેલાં પહેલાં, બધી ગોઠવણ પ્રાકી નહોતી થઈ ને કંઈક કંઈક કામ કરવાનું બાકી હતું — આ ચીજ ખરીદવી, પેલી મંગાવવી, એક ખસેડવી, બીજી ગોઠવવી, એ બધી ગડમથલ ચાલુ હતી — ત્યાં સુધી તો ઘરમાં સુખ-શાન્તિનું વાતાવરણ રહ્યું. પતિપત્ની વચ્ચે ક્યારેક ચડભડાટ થતો, પણ બંનેને એટલો બધો સંતોષ હતો ને એટલું બધું કામ કરવાનું હતું કે એવા પ્રસંગો ભારે કજિયા વિના પસાર થઈ જતા. કશું ગોઠવવાનું ન રહ્યું ત્યારે કંઈક નીરસતાનો ભાસ થવા માંડ્યો, ને કશાકની ઊણપ રહી ગઈ છે એમ દેખાવા લાગ્યું; પણ તે વખતે તેઓ નવી નવી ઓળખાણો કરવામાં ને નવી ટેવો પાડવામાં રોકાયાં હતાં, એટલે જીવન ભર્યું ભર્યું લાગવા માંડ્યું હતું.

ઇવાન સવારનો વખત અદાલતમાં ગાળતો ને બપોરે ઘેર જમવા આવતો. પહેલાં તો તે એકંદરે ખુશમિજાજ રહેતો, પણ ક્વચિત્ ઘરને કારણે જ ચિડાઈ જતો. ટેબલક્લોથ કે પડદા પર સહેજ ડાઘ પડ્યો હોય

કે બારીના પડદાની દોરી તૂટી હોય તો તે ખિજાઈ જતો. તેણે એટલી મહેનત કરીને એ બધું ગોઠવ્યું હતું કે એમાં એક પણ ચીજ આડીઅવળી થતાં તેના જીવને ભારે કચવાટ થતો. પણ એકંદરે તેના જીવનનો પ્રવાહ તેના મનને ગમે એવી રીતે — સરળતાથી, સુખચેનમાં ને સુરુચિના નિયમો જળવાય એવી રીતે — ચાલી રહ્યો હતો.

તે નવ વાગ્યે ઊઠતો, કૉફી પીતો, છાપું વાંચતો, ને પછી કપડાં પહેરી અદાલતમાં જતો. ત્યાં જે પોશાક પહેરીને તેને કામ કરવાનું હતું તે પોશાક એને બેસે એવો બનાવવામાં આવ્યો હતો, એટલે એ પહેરતાં એને જરાયે અડચણ આવતી નહીં. અરજદારો, મુકદ્દમાની સુનાવણીઓ, જુબાનીઓ વગેરે કામકાજ દિવસભર ચાલતું. આ બધામાં મુખ્ય વાત એ હતી કે નવી ને ચેતનદાયી હોય એવી દરેક વસ્તુ ટાળવી, કેમ કે તેથી સરકારી કામકાજના નિયમિત ક્રમમાં ખલેલ પડે; અને તે ઉપરાંત લોકો જોડે માત્ર સરકારી રાહે, ને સરકારી કામકાજ પૂરતો જ, સંબંધ રાખવો. દાખલા તરીકે કોઈ માણસ કંઈક બાતમી મેળવવા આવે. એ બાબત ઇવાનના હાથમાં ન હોય તો તે પેલા માણસને રોકડી ના પરખાવી દે, ને તે સિવાય કશી વાત જ એની સાથે ન કરે. પણ કોઈ માણસ સરકારી કામ માટે — એટલે કે સરકારી છાપવાળા કાગળ પર લખી શકાય એવા કંઈ કામ માટે — આવે, તો તે બધું કરે; સરકારી નિયમની હદમાં રહીને કરી શકાય તે બધું કરવા ન ચૂકે; અને એ કરતાં મિત્રતાભર્યા સંબંધનો દેખાવ રાખે, એટલે કે વિવેક ને શિષ્ટાચાર સાચવે. સરકારી કામ અંગેનો સંબંધ પૂરો થઈ રહ્યો કે મિત્રતાનો સંબંધ પણ પૂરો થાય. ખાનગી જીવન અને અમલદારી જીવનને છૂટાં પાડવાની ને બેને ભેળસેળ ન થવા દેવાની આ શક્તિ ઇવાનમાં ઘણા જ મોટા પ્રમાણમાં હતી. અને લાંબા વખતના અભ્યાસથી તેમ જ જન્મથી મળેલી એ જાતની ફાવટને લીધે, તેણે એ શક્તિને એટલી હદે પહોંચાડી હતી કે કેટલીક વાર કોઈ ઉસ્તાદની પેઠે, તે ખાનગી ને સરકારી સંબંધોને એક સાથે ભળવા પણ દેતો. આટલી છૂટ તે લેતો તેનું કારણ માત્ર એટલું જ હતું કે તે ધારે ત્યારે માણસોની જોડે ફરી પાછો કડક અમલદારી સંબંધથી વર્તવાનું શરૂ કરી શકતો, ને માણસ માણસ તરીકેનો ખાનગી કે મિત્રતાનો સંબંધ પડતો મૂકી શકતો. અને આ બધું સહેલાઈથી, મોજથી, વિવેક જાળવીને

એટલું જ નહીં પણ કલાપૂર્વક કરતો. અદાલતના કામકાજમાં વચ્ચે છુટ્ટી પડે ત્યારે તે સિગારેટ ફૂંકતો, ચા પીતો, સહેજસાજ રાજકાજ વિશે ને જરાતરા સામાન્ય બાબતો વિશે વાતચીત કરતો, બેચાર વાતો પાનાંની રમત વિશે કહેતો. પણ વાતચીતનો મુખ્ય વિષય તો સરકારી નિમણૂકોનો જ હોય. સાંજ પડયે તે થાકી જાય; પણ કોઈ ઉસ્તાદને થાય — વાદન-મંડળના કોઈ અગ્રગણ્ય વીણાકારે વૃંદવાદનમાં વીણા ભૂલચૂક વિના વગાડી હોય તેને થાય — એવી લાગણી વેના મનમાં ઊપજે. એવી સ્થિતિમાં તે ઘેરૂ આવે તો જુએ કે તેની સ્ત્રી અને દીકરી દિવસે સારે સારે ઘેર મળી આવ્યાં હતાં, અથવા કોઈ તેમને મળવા આવ્યું હતું. છોકરો નિશાળે ગયેલો, તેણે ઘેર શિક્ષક જોડે લેસન કર્યું હતું, ને હાઇસ્કૂલમાં જે કંઈ શીખવાય તે એ બરાબર શીખતો હતો. જિંદગીની આખી ઘટમાળ જેવી ચાલવી જોઈએ તેવી ચાલી રહી હતી. જમ્યા પછી, જો કોઈ મળવા ન આવ્યું હોય તો, ઇવાન કેટલીક વાર એ વખતે ઘણી ચર્ચાતી કોઈ ચોપડી વાંચતો; ને સાંજે કામે લાગી જતો — એટલે કે અદાલતના કાગળો વાંચતો, સાક્ષીઓની જુબાનીઓ સરખાવી જોતો, ને એને લાગુ પડનારી કાયદાની કલમો નોંધતો. આ કામ નહોતું નીરસ કે નહોતું રસિક. બ્રિજ રમવાનું છોડીને આ કામ પર બેઠો હોય ત્યારે તે નીરસ લાગતું. પણ બ્રિજ રમવાની સગવડ ન હોય ત્યારે નવરા કે બૈરી પાસે બેસવા કરતાં તો આ કામ કરવું સારું લાગતું. ઇવાનને મોટામાં મોટો આનંદ જમણની નાની નાની પાર્ટીઓ આપવામાં આવતો. તેમાં તે સમાજમાં સારો દરજ્જો ભોગવતાં સ્ત્રીપુરુષોને નોતરતો. જેમ એનું દીવાનખાનું બીજાં બધાં દીવાનખાનાંને મળતું આવતું, તેમ એની મોજમજાથી ભરેલી નાની નાની પાર્ટીઓ એ જ જાતની બીજી બધી પાર્ટીઓને મળતી આવતી.

એક વાર એમણે નાચ-પાર્ટી પણ કરી. ઇવાનને એમાં બહુ મજા આવી, ને આખો પ્રસંગ સરસ રીતે ઊકલી ગયો. માત્ર એમાંથી પતિ-પત્ની વચ્ચે કેક અને મીઠાઈઓને અંગે ભારે વઢવાડ થઈ. પ્રાસ્કોવિયાએ એને ગમી એવી યોજના કરી હતી. પણ ઇવાને એક મોંઘા કંદોઈને ત્યાંથી જ મીઠાઈ મંગાવવાની જીદ પકડી, ને જરૂર કરતાં વધારે કેક મંગાવી. ઘરમાં વઢવાડ એટલા માટે થઈ કે એમાંની કેટલીક કેક વધી, અને કંદોઈનો આંકડો પિસ્તાળીસ રૂબલ આવ્યો. પ્રાસ્કોવિયાએ પતિને

'બેવકૂફ ને અક્કલ વગરનો' કહ્યો. ઇવાને પોતાનું માથું કચકચાવીને પકડ્યું, ને ગુસ્સામાં છૂટાછેડાનું નામ પણ દઈ દીધું.

પણ નાચ તો ખરેખર ઘણો જ મજાનો થયો હતો. શહેરના સારામાં સારા લોકો આવ્યા હતા; ને ભદ્ર સમાજમાં વિખ્યાતિ પામેલી એક શ્રીમંત સ્ત્રીની બહેન કુંવરી ફેનોવાની સાથે ઇવાનને નાચવાની તક મળી હતી.

ઇવાનને તેના કામમાંથી જે આનંદ મળતો તેનાથી તેની મહાત્ત્વાકાંક્ષા પોષાતી. પાર્ટીઓ, સંમેલનો વગેરે સામાજિક પ્રસંગોમાંથી તેને જે આનંદ મળતો તેનાથી તેનું ગુમાન પોષાતું. પણ એને મોટામાં મોટો આનંદ તો 'બ્રિજ' રમવામાંથી મળતો. તે કબૂલ કરતો કે "મારા જીવનમાં ભલે ગમે તેવો ખેદજનક બનાવ બને; તોપણ બીજી બધી વસ્તુઓની ઉપર પ્રકાશનાં કિરણની પેઠે જે આનંદ ઝગઝગે છે તે તો બ્રિજ રમવાનો જ હોય છે. પણ એમાં રમનારા સારા હોવા જોઈએ; ઘાંટાઘાટ કરી મૂકનાર જોડીદાર ન ચાલે; અને બ્રિજ ચાર જણની હોવી જોઈએ (પાંચ રમનાર હોય ત્યારે એકને બાતલ રહેવું પડે છે એ બ રું લાગે છે, જોકે માણસ ડોળ તો એવો કરે છે જાણે કશું લાગતું નથી); રમત કુશળતાથી ને ગંભીરતા જાળવીને (બેશક પાનાં સારાં આવે ત્યારે જ તો) રમાવી જોઈએ; અને પછી વાળુ કરવાનું ને દારૂનો જામ પીવાનું મળે એટલે બસ." બ્રિજ રમ્યા પછી — ખાસ કરીને જો તે થોડુંક જીત્યો હોય (મોટી રકમ જીતવી એ અણગમતી વાત હતી) તો — તે બહુ વિશેષ આનંદમાં આવી જતો, ને એવી સ્થિતિમાં જ સૂઈ જતો.

આ દંપતીના જીવનનું નાવ આવી રીતે ચાલ્યે જતું હતું. સારામાં સારા લોકોમાંથી કેટલાકની સાથે તેમણે ઓળખાણો કરી હતી; અને પ્રતિષ્ઠિત માણસો ને જુવાન સ્ત્રીપુરુષો તેમને ત્યાં બેસવા આવતાં. એમના ઓળખીતાઓ વિશેના પતિપત્ની ને દીકરીના મત પૂરેપૂરા મળતા આવતા હતા. કેટલાંક હલકા દરજ્જાનાં ઓળખીતાં ને સગાં, હેતનો ભારે ડોળ કરી, જપાની રકાબીઓથી શણગારેલી ભીંતોવાળા દીવાનખાનામાં ધસી આવતાં; તેમને તેઓ વગર કહ્યે ને એકમતે દૂરથી જ નમસ્કાર કરતાં ને વિદાય આપી દેતાં. આ હલકા દરજ્જાનાં ઓળખીતાં થોડા જ વખતમાં આવતાં બંધ થઈ ગયાં; ને ફક્ત સારામાં સારાં માણસો જ ગોલોવીનના મિત્રમંડળમાં કાયમનાં ટકી રહ્યાં.

જવાનો લીઝાની સાથે સંવનન કરવા લાગ્યા. એમાંથી એક મિટ્રી, જે પેટ્રીશેવનો એકનો એક દીકરો ને વારસ હતો, તે લીઝા તરફ એટલું બધું ધ્યાન આપવા લાગ્યો કે ઇવાને એ વિશે પ્રાસ્કોવિયાને ક્યારની વાત કરી હતી, અને એમને માટે પાર્ટી ગોઠવવી અથવા તો થોડાંક ખાનગી નાટકોના ખેલ ગોઠવવા કે કેમ એનો વિચાર એ દંપતીએ કરી જોયો હતો.

તેઓ આ રીતે દિવસ નિર્ગમન કરતાં હતાં; બધું સારી રીતે ચાલી રહ્યું હતું; કશી ઊથલપાથલ થતી નહોતી; ને જીવન આનંદભેર વહી રહ્યું હતું.

૪

એમની સહુની તંદુરસ્તી સારી હતી. ઇવાન કેટલીક વાર કહેતો કે "મારા મોંમાં વિચિત્ર સ્વાદ આવે છે ને ડાબા પડખામાં સહેજ બેચેની થાય છે, પણ એને માંદગી ન કહી શકાય."

પણ એ બેચેની વધી. એને સખત દુખાવો તો ન કહી શકાય, પણ પડખે કંઈક ભારે લાગવા માંડ્યું, ને સાથે સાથે મનને પણ અસુખ રહેવા લાગ્યું. એની એ ચીડ દહાડે દહાડે વધતી ગઈ, ને ગોલોવીન કુટુંબમાં આનંદ, મોજશોખ ને શિષ્ટાચારનું વાતાવરણ જામ્યું હતું તેમાં ખલેલ પડવા માંડી. પતિ-પત્ની વચ્ચે કજિયાના પ્રસંગો વધતા ગયા. થોડા વખતમાં ઘરની શાંતિ ને સુખસગવડ અલોપ થઈ ગઈ, અને ઉપર ઉપરનો વિવેક પણ જેમતેમ ટકી રહ્યો. કજિયા ને વઢવાડોએ ફરી પાછું ઘર ઘાલ્યું. જે ટાપુઓ પર પતિપત્ની વઢી પડ્યા વિના મળી શકતાં તેવા ટાપુઓની સંખ્યા બહુ જ ઘટી ગઈ. 'મારા વરનો સ્વભાવ ચીડિયલ થઈ ગયો છે' એમ કહેવાને પ્રાસ્કોવિયાને હવે ઠીક ઠીક કારણ હતું. વાત વધારીને કરવાનો તેનો સ્વભાવ; એટલે તેણે તો કહેવા માંડ્યું કે "એમનો સ્વભાવ તો હંમેશનો તોબાં પોકરાવે એવો છે. એમની સાથે વીસ વરસ રહેતાં મારી ધીરજની કેટલી કસોટી થઈ છે તે મારું મન જાણે છે." એ વાત સાચી હતી કે હવે કજિયા એનો પતિ શરૂ કરતો. એનો પિત્તો ઊછળી આવવાના પ્રસંગો બનતા. તે હંમેશાં જમતા પહેલાં, ઘણી વાર તો 'સૂપ' પીવાનું શરૂ કરતા પહેલાં જ, બનતા. કેટલીક વાર તાસક કે રકાબીનો કાનો તૂટેલો હોય, રસોઈમાં કંઈક ખામી હોય, છોકરાએ ટેબલ પર કોણી ટેકવી હોય, કે છોકરીના વાળ એને પોતાને ગમે એવી રીતે ન ઓળેલા

હોય એમ એના જોવામાં આવતું; ને એ બધાનો દોષ એ પ્રાસ્કોવિયાને માથે ઢોળતો. પહેલાં તે તડ ને ફડ જવાબ દેતી ને પતિને કડવાં વેણ સંભળાવતી. પણ એકબે વાર જમણ શરૂ થતી વખતે જ ક્રોધથી એવો રાતોપીળો થઈ ગયો કે પ્રાસ્કોવિયાને થયું કે ખાવાને લીધે શરીરમાં કંઈક દરદ થાય છે તેનું જ આ પરિણામ હોવું જોઈએ. એટલે એણે જીભ પર સંયમ રાખ્યો; ને સામો બોલ ન વાળતાં જમવાનું જલદી આટોપી લેવાની ટેવ પાડી. પોતાનો આ સંયમ એને બહુ સ્તુતિપાત્ર લાગ્યો. "મારા પતિનો સ્વભાવ ભયંકર છે, ને મારી જિંદગીની એમણે ધૂળધાણી કરી નાખી છે." એવી ગાંઠ એણે મન સાથે બાંધેલી; એટલે એ મનમાં પોતાની દયા ખાવા લાગી; ને જેમ જેમ પોતાની દયા વધારે ખાવા લાગી તેમ તેમ પતિ પ્રત્યેનો તેનો તિરસ્કાર વધતો ગયો. એના મનમાં એમ પણ થવા લાગ્યું કે પતિ મરે તો સારું. છતાં એ મરે એ એને ગમતી વાત નહોતી, કેમ કે તો તો એનો પગાર આવતો બંધ થઈ જાય ને! એને લીધે વળી એને પતિ પર વધારે ચીડ ઊપજવા લાગી. એને લાગ્યું કે "હું તો ઘોર દુઃખમાં પડેલી છું, કેમ કે પતિ મરે તોયે મને સુખ મળે એમ નથી." એના મનનો આ ધૂંધવાટ એ છુપાવી રાખતી ખરી; પણ એ છૂપા ધૂંધવાટને લીધે ઇવાનની ચીડનો પણ પારો વધતો ગયો.

એક વઢવાડમાં તો ઇવાને એની સ્ત્રીને દેખીતો અન્યાય કર્યો હતો; અને ત્યાર પછી ખુલાસો કરતાં કહેલું: "હું ચીડિયલ થઈ ગયો છું એ વાત સાચી છે. પણ એનું કારણ એ છે કે મારી તબિયત સારી નથી." પ્રાસ્કોવિયાએ કહ્યું: "તબિયત સારી ન હોય તો એનો ઇલાજ કરવો જોઈએ. પેલા જાણીતા ડૉક્ટર પાસે જ તમારે જવું જોઈએ. ન જાઓ તે નહીં ચાલે."

તે ગયો. તેણે જેવું ધારેલું ને જેવું હંમેશાં બને છે એવું જ બધું બન્યું. ડૉક્ટરને ત્યાં રાહ જોતા બેસી રહેવાનું તો હોય જ. ડૉક્ટરે ભારેખમ મોઢું રાખેલું. એ દેખાવ ઇવાનને પરિચિત હતો, કેમ કે તે અદાલતમાં એવું જ ભારેખમ મોં રાખીને બેસતો. ડૉક્ટરે છાતી ઠોકી જોઈ ને કાને નળી મૂકી અવાજ સાંભળી જોયા; અને મોઢું ભારેખમ કર્યું. એમાં ગર્ભિત આશય એમ કહેવાનો હતો કે "તમે જો તબિયતની વાત અમારા હાથમાં સોંપી દો ને, તો અમે બેડો પાર ઉતારી આપીશું. એ કેમ

કરાય એની અમને પાકી ખબર છે, ને અમને લવલેશ શંકા નથી. સહુનું કામ સરખી રીતે જ પાર ઉતારવાનું હોય છે." જેવું તંત્ર અદાલતમાં હતું તેવું જ અહીં પણ હતું. ઇવાન પોતે આરોપી સામે જોતાં જેવી મુખમુદ્રા ધારણ કરતો તેવી જ મુખમુદ્રા ડાક્ટરે એની સામે જોતાં ધારણ કરી.

ડાક્ટરે કહ્યું: "અમુક અમુક લક્ષણ બતાવે છે કે તમારા શરીરમાં અમુક વ્યાધિ છે. પણ અમુક ડાક્ટર તપાસીને આ અનુમાનને ટેકો ન આપે, તો અમુક વ્યાધિ છે એવું નિદાન કરવું પડે. હું આમ માની લઉં તો... વગેરે." ઇવાનને મન તો એક જ પ્રશ્ન મહત્ત્વનો હતો: "મારો વ્યાધિ ગંભીર છે કે નહીં" પણ એ અઘટિત પ્રશ્ન તરફ ડૉક્ટરે ધ્યાન આપ્યું નહીં. એની દૃષ્ટિએ એને આ પ્રશ્નનો વિચાર કરવાનો નહોતો. એને તો નિર્ણય એ કરવાનો હતો કે આ કેસમાં મૂત્રાશય તરે છે, કે જૂની શરદી છે, કે ઍપેન્ડિસાઇટિસ છે. એ ઇવાનના જીવનમરણનો સવાલ નહોતો, પણ તરતા મૂત્રાશય કે ઍપેન્ડિસાઇટિસ વચ્ચે નિર્ણય કરવાનો સવાલ હતો. અને ડાક્ટરે એ સવાલનો ચુકાદો ઍપેન્ડિસાઇટિસની તરફેણમાં આપ્યો, એમાં એણે અસાધારણ કુશળતા વાપરી એમ ઇવાનને લાગ્યું. ડાક્ટરે માત્ર એટલું કહી રાખ્યું કે પેશાબ તપાસતાં કંઈ બીજાં ચિહ્નો દેખાશે તો આ વિષયનો ફરી વિચાર કરવો પડશે. ઇવાને પોતે આરોપીઓ જોડે કામ લેવામાં હજારો વાર કુશળતાપૂર્વક આ જ વસ્તુ કરી હતી. ડાક્ટરે આખી વાતનો સાર એટલી જ છટાદાર વાણીમાં સંભળાવ્યો; ને આરોપીની સામે ચશ્માંની ઉપર થઈને, જાણે પોતાનો વિજય થયો હોય એવી રીતે ને કંઈક આનંદભેર આરોપી સામે નજર નાખી. ડાક્ટરના ઉપસંહાર પરથી ઇવાને એટલો તો ખ્યાલ બાંધ્યો કે મારી સ્થિતિ ખરાબ છે; પણ મારી સ્થિતિ ભલે ખરાબ હોય, છતાં ડાક્ટરને, ને કદાચ બીજાં સહુને, એને વિશે કશી પડી નથી. આ ખ્યાલ આવતાં એના દિલને દર્દ થયું. મનમાં પોતાના પ્રત્યે દયા ઊપજી. અને આવી અગત્યની બાબત વિશે ડાક્ટરની બેપરવાઈ તરફ તેને તિરસ્કાર પેદા થયો.

આને વિશે તે કશું બોલ્યો નહીં, પણ ઊભો થયો, ડાક્ટરની ફી ટેબલ પર મૂકી, ને નિસાસો નાખીને કહેવા લાગ્યો: "અમે માંદા લોકો

કદાચ ઘણી વાર અઘટિત પ્રશ્નો પૂછતા હઈશું. પણ મને એકંદરે એટલું કહો કે આ દરદ ભયંકર છે કે નહીં?"

ડાક્ટરે ચશ્માંના કાચ ઉપરથી તેની સામે એક આંખે કરડી નજર નાખી, જાણે એમ ન કહેતો હોય કે "કેદી, તું જો તને પૂછેલા સવાલોની મર્યાદામાં રહીને નહીં બોલે, તો મારે તને અદાલતમાંથી બહાર મોકલી દેવો પડશે."

"મને જે જરૂરી ને યોગ્ય લાગ્યું તે હું તમને કહી ચૂક્યો છું. પેશાબ તપાસાશે પછી કદાચ કંઈક વધારે ખબર પડશે." કહી ડૉક્ટરે નમન કર્યું.

ઇવાન ધીરે ધીરે બહાર નીકળ્યો, ભારે અસ્વસ્થ ચિત્તે ગાડીમાં બેઠો, ને ઘેર પહોંચ્યો. ઘેર જતાં આખે રસ્તે તે ડાક્ટરે કહેલાં શબ્દો વિશે વિચાર કરતો હતો; એ અટપટા, અસ્પષ્ટ ને શાસ્ત્રીય શબ્દોનો સાદી ભાષામાં અનુવાદ કરવા ને તેમાં આ પ્રશ્નનો ઉત્તર શોધવા મથવા લાગ્યો: "મારી સ્થિતિ ખરાબ છે? બહુ ખરાબ છે? કે હજુ બહુ બગાડો નથી થયો?" એને એવો ભાસ થયો કે ડાક્ટરે કહેલી વાતોનો અર્થ તો એ જ હતો કે તબિયત બહુ ખરાબ છે. રસ્તામાં જે કાંઈ જોવામાં આવ્યું તે ગમગીની વધારનારું લાગ્યું. ગાડીવાળો, ઘરો, રસ્તે ચાલનાર માણસો, ને દુકાન, એ બધાં પર ગમગીની ને નિરાશા છવાયેલાં દેખાયાં. એનો દુખાવો — આ ધીરો ધીરો ને કોતરી ખાનારો દુખાવો — ડૉક્ટરના સંદિગ્ધ શબ્દો પછી નવા ને વધારે ગંભીર રૂપે દેખાવા લાગ્યો. ઇવાને હવે નવી ને ગભરાટની લાગણીથી એનું નિરીક્ષણ કરવા માંડ્યું.

તેણે ઘેર જઈ પત્નીને વાત કરવા માંડી. તે સાંભળતી હતી. પણ વચ્ચે જ છોકરી ટોપ પહેરી, માની સાથે બહાર જવા તૈયાર થઈને આવી પહોંચી. આ કંટાળો ચડે એવી વાત સાંભળવા તે કચવાતે મને બેઠી, પણ તેનાથી લાંબો વખત ધીરજ રખાઈ નહીં; ને માએ પણ વાત છેવટ સુધી સાંભળી નહીં.

"ચાલો, બહુ સારું થયું તમે જઈ આવ્યા તે. હવે ધ્યાન રાખીને દવા નિયમિત રીતે લેજો. ડાક્ટરે દવા લખી આપી હોય તે કાગળ મને આપો, એટલે જિરાસીમને દવાવાળાને ત્યાં મોકલું," કહી તે બહાર જવાની તૈયારી કરવા ગઈ.

એ ઓરડામાં હતી ત્યાં સુધી ઇવાનને સાસ ખાવાનોયે વખત મળ્યો નહોતો. પણ તે ગઈ એટલે તેણે ઊંડો નિસાસો નાખ્યો.

"ના, ના," તેને થયું, "દરદ કદાચ ખરેખર એટલું ખરાબ નહીં હોય."

તેણે દવા લેવા માંડી, ને ડાકટરની સૂચનાઓનો અમલ કરવા માંડચો. પેશાબ તપાસાયા પછી દવા ને સૂચનાઓ બંનેમાં ડાકટરે ફેરફાર કર્યો હતો. પણ પછી પોંછું એમ જોવામાં આવ્યું કે પેશાબની તપાસ પરથી થયેલું નિદાન, અને દરદીના શરીરમાં દેખાતાં ચિહ્નો, એ બેની વચ્ચે મેળ ખાતો નથી. ઇવાને જોયું કે મને જે દરદ થાય છે તે ડાકટરે કહેલું તેના કરતાં જુદી જાતનું છે; એટલે ડાકટરને કાં તો વિસ્મરણ થયું હશે, કાં તો તેણે ગોથું ખાધું હશે, અથવા તેણે કશી વાત મારાથી છાની રાખી હશે. પણ એને માટે કંઈ ડાકટરનો વાંક કાઢી શકાય નહીં. એટલે ઇવાને એનાં હુકમોનું અક્ષરશઃ પાલન કરવાનું ચાલુ રાખ્યું : ને પહેલાં તો એને એમ કરવાંથી કંઈક આસાએશ પણ મળી.

ઇવાન ડાકટર પાસે જઈ આવ્યો ત્યારથી, સ્વચ્છતા ને દવા વિશે ડાકટરની સૂચનાઓનું ચોક્કસ પાલન કરવું અને દરદનું ને ઝાડાપેશાબનું નિરીક્ષણ કરવું, એ જ તેનો મુખ્ય વ્યવસાય થઈ પડચો. લોકોનાં દરદ ને લોકોનું આરોગ્ય એની જ વાતોમાં એને વધારેમાં વધારે રસ પડવા લાગ્યો. કોઈ માણસ માંદું પડચાની, મરી ગયાની કે સાજું થયાની વાત એની હાજરીમાં થાય — ખાસ કરીને એ માંદગી એની પોતાની માંદગીને મળતી હોય — ત્યારે તે કાન માંડીને સાંભળી રહેતો. એ સાંભળતાં એના મનમાં જે ફફડાટ થતો તે ઢાંકવાનો પ્રયત્ન કરતો, પ્રશ્નો પૂછી જોતો, ને જે કંઈ સાંભળ્યું હોય તે પોતાની માંદગીને લાગુ પાડતો.

દુખાવો ઓછો થતો નહોતો, પણ ઇવાન પરાણે મનને એમ મનાવવા મથતો કે મારી તબિયત સુધરી છે. જ્યાં સુધી તેના મનને કશી અકળામણ થવાનો પ્રસંગ ન આવ્યો હોય ત્યાં સુધી તો તે આ પ્રયત્નમાં ફાવતો. પણ સ્ત્રી જોડે સહેજ પણ ખટરાગ થાય, સરકારી કામમાં કંઈક નિષ્ફળતા મળે, કે બ્રિજમાં ખરાબ પાનાં આવે, કે તરત જ તેને એકાએક દરદનું તીવ્ર ભાન થતું. પહેલાં તે આવી mischances સહન કરી લેતો; અને બગડેલી બાજી થોડા જ વખતમાં સુધારી લેવાની, મુસીબતોને તરી પાર ઊતરવાની, ને સફળતા મેળવવાની, કે રમતમાં ડંકો વગાડવાની આશા

રાખતો. પણ હવે સહેજ પણ અણધારી મુસીબત આવે ને ધાર્યું કામ ન થાય તો તે નિરાશામાં ડૂબી જતો. તે મનમાં કહેતો: "જોને, હું જરાક સાજો થવા માંડ્યો હતો ને દવાની અસર થવા માંડી હતી ત્યાં પ્રાછી આ આફત આવી પડી કે પેલાની સાથે ખટરાગ થયો...." અને એ પેલી અરુચિકર ઘટના પર, અથવા જે લોકો તેને ચીડ કરાવતા હતા ને તેનો જીવ લઈ રહ્યા હતા તેમના પર, બહુ જ ગુસ્સે થઈ જતો. આ ગુસ્સો મારે માટે ઘાતક છે એવું ભાન તો તેને હતું, છતાં એને તે રોકી શકતો નહીં. સંજોગો ને માણસો પર આ રીતે ગુસ્સો કરવાથી તો મારી માંદગી વધે છે, તેથી મારે અણગમતા બનાવો તરફ દુર્લક્ષ કરવું જોઈએ, એ વસ્તુ તેને સાફ સમજાવી જોઈતી હતી, એમ કોઈને સહેજે લાગે એવું છે. પણ ઇવાને તો મનમાં એથી ઊલટી ગાંઠ વાળી. તે કહેવા લાગ્યો કે મારે શાન્તિ જોઈએ છે. એ શાન્તિમાં ભંગ પાડે એવી દરેક વસ્તુ તરફ તે ટાંપીને જોઈ રહેતો; ને શાન્તિનાં જરાક ખલેલ પડે કે મિજાજ ખોઈ બેસતો. તે વૈદકની ચોપડીઓ વાંચતો ને અનેક ડાકટરોની સલાહ લેતો. તેને લીધે તેની સ્થિતિ વધારે બગડતી જતી હતી. એનું દરદ એટલું ધીરે ધીરે આગળ વધતું હતું કે એક દિવસની સાથે બીજાને સરખાવતાં તે પોતાના મનને છેતરી શકે એમ હતું — બે દિવસ વચ્ચેનો ફરક એટલો નજીવો દેખાતો. પણ તે જ્યારે ડાકટરોની સલાહ લેતો ત્યારે તેને લાગતું કે મારું દરદ વધતું જાય છે, ને તે પણ બહુ ઝપાટાભેર. તેમ છતાં તેણે ડાકટરોની સલાહ લેવાનું ચાલુ રાખ્યું હતું.

એ મહિને તે બીજા એક નામાંકિત ડાકટરને મળવા ગયો. પહેલા ડાકટરે કહી હતી તેના જેવી જ વાત આ ડાકટરે પણ કહી. માત્ર એણે જરા જુદા શબ્દોમાં પ્રશ્નો પૂછ્યા એટલું જ. એ પ્રસિદ્ધ ડાકટર સાથેની મુલાકાતથી તો ઇવાનની શંકા અને બીકમાં માત્ર વધારો જ થવા પામ્યો. એના એક મિત્રનો મિત્ર સરસ ડાકટર હતો. તેણે વળી બીજા બધાના કરતાં જુદું જ નિદાન કર્યું. અને દરદ મટી જશે એમ તો જોકે તેણે કહ્યું, પણ તેણે જે પ્રશ્નો પૂછ્યા ને અટકળો કરી એથી તો ઇવાન વધારે ગભરાયો ને તેની શંકા વધી પડી. એક હોમિયોપથીવાળાએ કંઈક જુદો જ વ્યાધિ બતાવ્યો ને દવા બતાવી, તે ઇવાને અઠવાડિયા સુધી છૂપી રીતે લીધી. પણ અઠવાડિયા સુધી કશો સુધારો જણાયો નહીં, એટલે

આગલા ડાકટરના તેમ જ આના પણ ઉપચાર પરથી તેની શ્રદ્ધા ઊડી ગઈ, અને નિરાશા ને ગમગીની વધી પડી. એક દિવસ એની એક ઓળખીતી બાઈએ કહ્યું કે એક ચમત્કારી મૂર્તિ છે તેની પૂજાથી ફલાણો માણસ સાજો થઈ ગયો. ઇવાને જોયું કે પોતે એ વાત ધ્યાનથી સાંભળી રહ્યો છે, ને એ વાત ખરેખર બની હશે એવી આસ્થા તેને બેસતી જાય છે. આ બનાવથી તે ભડકી ઊઠ્યો. તેને થયું, "મારું મન શું ખરેખર—આટલું બધું નબળું પડી ગયું છે? છટ્! ખોટી વાતો છે એ બધી. મારે આવા ગભરાટને વશ ન થવું જોઈએ, પણ એક ડાકટર પસંદ કરી તેને વળગી રહેવું જોઈએ, ને એ કહે તે પ્રમાણે જ ખાવાપીવાનું, ઊઠવા-બેસવાનું બધું કરવું જોઈએ. એમ જ કરીશ હું. નક્કી થઈ ગયું હવે. હું એને વિશે વિચારો નહીં કર્યા કરું. પણ ઉનાળા સુધી તો હું મન દઈને આ જ ઉપચાર કરીશ. પછીની વાત પછી છે. હવે પછી મનમાં આવા ઉધામા થવા જ નથી દેવા!" આ વાત કહેવી સહેલી પણ કરવી અશક્ય હતી. પડખાના દરદથી તે બેજાર થઈ રહ્યો હતો. દરદ વધતું જતું દેખાતું હતું, ને શરૂ થાય ત્યારે લાંબા વખત સુધી ચાલતું. મોંનો સ્વાદ પણ દહાડે દહાડે વધારે વિચિત્ર થતો જતો હતો. એને લાગ્યું કે મારો શ્વાસ પણ ગંધ મારે છે. ભૂખ ને શક્તિ પણ જાણે જતી રહી છે એમ એને લાગતું. હવે મનને છેતરવામાં સાર નહોતો. કંઈક ભયંકર, નવી, ને જિંદગીમાં પહેલાં કદી બની હોય એના કરતાં અગત્યની ઘટના તેના શરીરમાં બની રહી હતી; ને એની ખબર તેને એકલાને જ પડતી હતી. તેની આસપાસનાં માણસો એ સમજતાં નહોતાં કે સમજવા માગતાં નહોતાં. તેમને તો લાગતું હતું જાણે દુનિયા હંમેશની પેઠે જ ચાલી રહી છે. એ જોઈ ઇવાનને જેવી વેદના થતી તેવી બીજા કશાથી થતી નહીં. તેણે જોયું કે મારાં કુટુંબીઓ, ખાસ કરીને મુલાકાતો, પાર્ટીઓ ને નાચમાં ગુલતાન થઈ ગયેલાં મા-દીકરી, આ વિશે કશું સમજતાં નથી; ને હું આવો ગમગીન ને કડક થઈ ગયો છું એને માટે ઊલટાં મારા પર ચિડાય છે, જાણે એમાં મારો જ વાંક ન હોય. એ લોકો મનની વાત છુપાવવા મથતાં, છતાં ઇવાન જોઈ શક્યો કે હું એમના માર્ગમાં આડખીલીરૂપ છું; મારી બૈરીએ મારી માંદગી વિશે અમુક ધોરણ ઠરાવી રાખ્યું છે; ને હું ગમે તે કહું કે કરું તેની પરવા ન કરતાં

તે મક્કમપણે એ ધોરણને વળગી રહે છે. પ્રાસ્કોવિયાનું વલણ આ પ્રકારનું હતું : તે બહેનપણીઓને કહેતી : "તમે જાણો છો, બહેન ? બીજા કરે છે એમ ઇવાન કરી શકતા નથી. ને ડાક્ટર જે ઉપચાર બતાવે તે આસ્થા રાખીને લાંબો વખત કરતા જ નથી. એક દિવસ દવા લે, કરી બરાબર પાળે, ને વેળાસર સૂઈ જાય. પણ બીજે દિવસે હું જો ધ્યાન ન રાખું તો એકાએક દવા લેવાનું ભૂલી જાય, ડાકટરે માછલી ખાવાની ના કહી હોય છતાં તે જ ખાય, ને રાતે એક વાગ્યા સુધી પાનાં ટીચવા બેસે."

"જા જા હવે, એવું ક્યારે કરેલું ?" ઇવાન ચિડાઈને પૂછે. "એક વાર પીટરને ત્યાં રમેલા તે જ."

"ને કાલે શેબેકની સાથે."

"એ તો હું ન જાગ્યો હોત તોયે આ દરદ મને થોડો જ ઊંઘવા દેવાનું હતું ?"

"એ ગમે તેમ કહો, પણ આ રીતે તમે કદી સાજા થવાના નથી. અમને હંમેશાં દુ:ખી કરશો એટલું જ."

ઇવાનની માંદગીને વિશે પ્રાસ્કોવિયા એમ જ માનતી — ઇવાનંને તેમ જ બીજાંને કહેતી પણ ખરી — કે એમાં એમનો પોતાનો જ વાંક છે; ને મને જાણે ઓછી સતામણી કરી હોય તેમ એમાં આ એક ઉમેરો કર્યો છે. ઇવાનને લાગતું કે આ વચન તે વગર વિચારે બોલી નાખે છે એટલું જ. પણ એથી કાંઈ એની વેદનામાં ઘટાડો થતો નહોતો.

અદાલતમાં પણ ઇવાને જોયું, અથવા પોતે જોવાનો એને ભાસ થયો, કે લોકો કંઈક વિચિત્ર રીતે મારી સામે જોઈ રહે છે. કેટલીક વાર તેને લાગતું કે મારી જગા જાણે થોડા વખતમાં ખાલી પડવાની હોય એવા ભાવથી લોકો મારી સામે તાકી તાકીને જુએ છે. વળી પાછા એના મિત્રો એકાએક એની ગમગીની માટે મિત્રભાવે એને ઠપકો આપવા માંડતા; જાણે એના શરીરમાં ચાલી રહેલું ભયંકર, ત્રાસદાયક, ને કદી ન સાંભળેલું એવું દરદ, જે એને રાતદિવસ કોરી ખાતું હતું ને એને જરાયે ચેન પડવા દેતું નહોતું, તે ઠઠ્ઠામશ્કરીનો સરસ વિષય ન હોય ! ખાસ કરીને શ્વાર્ટ્ઝની મશ્કરીઓ, હસાહસ ને ગતકડાંથી એને વિશેષ ખીજ ચડતી; કેમ કે એ જોઈને તે પોતે દસ વરસ પર કેવો હતો તે એને યાદ આવતું.

એક વાર ચાર ભાઈબંધો આવ્યા ને પાનાંની રમત શરૂ થઈ. નવાં પાનાંને નરમ પાડવાને ચીપનારે એને વાંકાં વાળ્યાં. ઇવાને હાથમાંનાં ચોકડીનાં પાનાં ગણી જોયાં તો સાત ચોકડી! તેના ભેરુએ કહ્યું: "નો ટ્રમ્પ." બીજી વારીમાં ઇવાનને ટેક્રા આપતાં કહ્યું: "બે ચોકડી." બસ આથી સારું શું જોઈએ? તે બહુ હોંશમાં આવી ગયો, ને તેને જાણે નવી સ્ફૂર્તિ આવી. હવે તો બધા હાથ આપણે જ કરીએ. પણ ત્યાં તો ઓચિંતું ઇવાનને પડખામાં દરદ થવા લાગ્યું; મોંનો સ્વાદ બગડવા લાગ્યો; ને એવી સ્થિતિમાં પાનાં શું, રમત શું, ને આનંદ શું બધી બેવકૂફી છે એમ તેને થવા લાગ્યું.

તેણે તેના ભેરુ મિખેલ સામે નજર નાખી. મિખેલે એનો મજબૂત હાથ ટેબલ પર પછાડચો; અને હાથ થયેલો તેનાં પાનાં પોતે લેવાને બદલે તે પાનાં વિવેકથી ને હળવે રહીને ઇવાન તરફ ખસેડયાં, જેથી ઇવાન હાથ લાંબો કર્યા વિના જ તે પાનાં ભેગાં કરવાનો આનંદ લઈ શકે. ઇવાનને થયું: "એ શું એમ માનતો હશે કે મારામાં હાથ લાંબો કરવા જેટલું પણ જોર નથી?" આ વિચાર આડે પોતે શું કરે છે એનું ભાન રહ્યું નહીં, ને એણે વધારે પડતી બોલી કરી નાખી, ને ત્રણ હાથની હાર ખાધી. સથી બૂરી વાત તો એ બની કે આને લીધે મિખેલ કેટલો બેચેન થઈ ગયો એ ઇવાને જોયું, પણ એને પોતાને પરવા નહોતી. પોતાને એ પરવા કેમ નહોતી એ સમજાતાં એના પેટમાં ફાળ પડી.

સહુએ જોયું કે ઇવાનને દરદ થાય છે. તેમણે કહ્યું: "તમે થાકચા હો તો બંધ કરીએ. આરામ લો." સૂઈ જાઉં? ના, ના, થાક જરાયે લાગ્યો નથી. ઇવાને 'રબર' પૂરું કર્યું. રમનારા સહુ ગમગીન થઈને ચૂપચાપ રમતા હતા. ઇવાનને લાગ્યું કે મેં પોતે જ એમના પર આ ગમગીની ઢોળી છે, ને હું તે દૂર કરી શકતો નથી. મહેમાનો બધા જમ્યા ને ઘેર ગયા, એટલે ઇવાન એકલો પડચો. "મારું જીવન વિષમય થઈ ગયું છે, ને હું બીજાનાં જીવનને વિષમય બનાવી રહ્યો છું. અને એ વિષ ઓછું થતું નથી પણ મારી રગે રગે વધારે ને વધારે ઊંડું ઊતરતું જાય છે." એ વિચાર તેના મનમાં ઘોળાયા કર્યો.

એક તરફ આ વિચાર ચાલતો હોય, ને બીજી તરફ બીક લાગતી

હોય ને શરીરમાં વેદના થતી હોય, એવી સ્થિતિમાં તે સૂઈ જતો; પણ ઘણી વાર તેને રાતનો મોટો ભાગ જાગતા પડી રહેવું પડતું. બીજે દિવસે સવારે પાછા ઊઠીને કપડાં પહેરી અદાલતમાં જવાનું, બોલવાનું ને લખવાનું તો હોય જ. અથવા, બહાર ન જાય તો, દિવસના ચોવીસે કલાક ઘરમાં ગાળવા પડે; ને એમાંનો એકેએક કલાક ભારે ત્રાસદાયક લાગે. આવી રીતે, ઊંડી ખાઈની કોર પર તેને એકલાને રહેવું પડતું; ને તેને સમજે કે તેની દયા ખાય એવું કોઈ નહોતું.

૫

એમ એક પછી એક મહિના વીતતા ગયા. નાતાલના અરસામાં તેનો સાળો શહેરમાં આવી તેને ત્યાં ઊતર્યો. એ આવ્યો તે વખતે ઇવાન અદાલતમાં હતો, ને પ્રાસ્કોવિયા બજારમાં ખરીદી કરવા ગઈ હતી. ઇવાન ઘેર આવી અભ્યાસખંડમાં દાખલ થવા જાય છે ત્યાં તેના સાળાને જાતે પેટી ખોલતાં જોયો; તે નીરોગી ને લાલબૂમ હતો. ઇવાનનો પગરવ સાંભળી તેણે માથું ઊંચું કર્યું, ને પળવાર તો અવાચક બનીને તેની સામે આંખો ફાડી રહ્યો. એ દૃષ્ટિપાતે જ ઇવાનને જે કહેવાનું હતું તે બધું કહી દીધું. સાળાએ 'અરૂરૂ' કહેવા મોઢું તો ઉઘાડ્યું, પણ રોકાઈ ગયો. એ વસ્તુએ જ ઇવાનનું અનુમાન સાચું ઠરાવ્યું.

"હું એવો બદલાઈ ગયો છું, એમ?"

"હા, બદલાયા તો છો."

તે પછી, પોતે કેવો દેખાય છે એ વિષય પર સાળાનો અભિપ્રાય જાણવા તેણે ઘણોયે પ્રયત્ન કર્યો, પણ પેલાએ એ વિશે એક અક્ષર પણ ઉચ્ચાર્યો નહીં. પ્રાસ્કોવિયા ઘેર આવી એટલે એનો ભાઈ એની પાસે ગયો. ઇવાને બારણું બંધ કરી તાળું વાસ્યું, ને અરીસામાં જોવા લાગ્યો. પહેલાં અરીસો સામે રાખી મોઢું ધારીધારીને જોયું; ને પછી અરીસો બાજુમાં રાખી લમણા ને કાનનો ભાગ તપાસ્યો. પતિપત્નીએ સાથે બેસીને પડાવેલી એક છબી હતી તે લીધી, ને અરીસામાં દેખાતા પ્રતિબિંબ સાથે તેને સરખાવી જોઈ. તેનો ચહેરો જાણે ઓળખાય એવો જ રહ્યો નહોતો. પછી કોણી સુધીના હાથ ખુલ્લા કર્યા; તે જોઈ લીધા; ને બાંયો પાછી ઉતારી સોફા પર બેઠો. તેના મોઢા પર મેશ ઢળી ગઈ.

"ના, ના, આ નહીં ચાલે!" મન સાથે કહેતાંકને તે કૂદકો મારી ઊભો થયો, ટેબલ આગળ ગયો, કાયદાના કાગળો કાઢી વાંચવા લાગ્યો, પણ ઝાઝી વાર વંચાયું નહીં. બારણું ઉઘાડયું, ને દીવાનખાનામાં ગયો. દીવાનખાનાનું બારણું બંધ હતું. તે પગની આંગળીઓ પર ચાલતો ચાલતો પાસે ગયો, ને બહાર ઊભો ઊભો સાંભળવા લાગ્યો.

"ના, તું અતિશયોક્તિ કરે છે!" પ્રાસ્કોવિયા કહેતી હતી.

"અતિશયોક્તિ! જોતી નથી? મડદા જેવા તો થઈ ગયા છે! આંખો જોને — આંખમાં નૂર જ ક્યાં છે? પણ એમને દરદ શું થયું છે?"

"કોઈને ખબર પડતી નથી. નિકોલેવીચે (એ બીજો એક ડાકટર હતો) કંઈક કહેલું ખરું, પણ શું તે હું નથી જાણતી. લેશ્ચેટિટ્સ્કીએ (એ બીજો એક પ્રસિદ્ધ નિષ્ણાત હતો) એથી સાવ ઊલટી જ વાત કહી...."

ઇવાન પાછો ફર્યો, પોતાના ઓરડામાં ગયો, સૂઈ રહ્યો, ને વિચાર કરવા લાગ્યો: "મૂત્રાશય, તરતું મૂત્રાશય." એ મૂત્રાશય કેવી રીતે છૂટું પડીને આમ-તેમ ફરતું હતું એ વિશે બધા જ ડાકટરોએ એને વાત કહેલી તે એને યાદ આવી. કલ્પનાબળ વડે તેણે એ મૂત્રાશયને પકડી, ઠેકાણે લાવવાનો ને ત્યાં ઝાલી રાખવાનો પ્રયત્ન કર્યો. તેને થયું આ તો સાવ સહેલી વાત છે. "ચાલ, પીટર ઇવાનોવીચને મળી આવું." (આ પીટરનો જ મિત્ર ડાકટર હતો.) તેણે ઘંટડી વગાડી, ગાડી જોડાવી, ને જવાની તૈયારી કરી.

"ક્યાં જાઓ છો, ઝાં?" મોઢા પર અત્યંત ખેદ ને અસાધારણ દયાનો ભાવ લાવી પ્રાસ્કોવિયાએ પૂછ્યું.

આ અસાધારણ દયાનો ભાવ જોઈ તે ચિડાયો. તેણે મોઢું ચડાવીને બૈરી સામે જોયું.

"પીટરને મળવા ગયા વિના ચાલે એમ નથી."

તે પીટરને મળવા ગયો. બે જણ મળી પીટરના મિત્ર ડાકટર પાસે ગયા. ડાકટર ઘેર હતો. ઇવાને એની સાથે લાંબી વાતચીત કરી.

ડાકટરના મત પ્રમાણે તેના શરીરમાં જે કાંઈ ક્રિયા ચાલી રહી હતી તેની વિગતોનો વિચાર કરી જોતાં તેને પૂરેપૂરી સમજ પડી ગઈ.

શરીરમાં કીડાના આકારનું જે 'એપેન્ડિક્સ' છે તેની અંદર કંઈક — નાનું સરખું કશુંક — હતું. તે મટી જાય એવું હતું. માત્ર એક અવયવની પ્રવૃત્તિ વધારીએ ને બીજાની પ્રવૃત્તિ રોકી લઈએ તો પેલું જે કંઈ છે તે

અંદર ને અંદર જ સમાઈ જાય ને દરદ મટી જાય. ઇવાન રોજના જમવાના વખત કરતાં મોડો ઘેર પહોંચ્યો. જમ્યા પછી આનંદથી વાતો કરવા બેઠો. પણ લાંબા વખત સુધી તેને ઊઠીને પોતાના ઓરડામાં જઈ કામ કરવાનું મન થયું નહીં. આખરે તેણે અભ્યાસખંડમાં જઈ જે કંઈ કરવા જેવું હતું તે કર્યું. પણ "મેં કંઈક વસ્તુ કોરે મૂકી છે — એ કંઈક અગત્યની ને ખાનગી બાબત છે, ને મારું કામ પતી જશે એટલે પાછો હું તેનો ફરી વિચાર કરીશ —" એ ધૂન તેના મનમાંથી જરા પણ ખસે જ નહીં. કામ પતી ગયું એટલે એને યાદ આવ્યું કે આ ખાનગી કામ તે તો 'ઍપેન્ડિક્સ' વિશે વિચાર કરવાનું છે. પણ તે આ વિચારને વશ થયો નહીં, ને દીવાનખાનામાં ચા પીવા ગયો. ત્યાં કેટલાક જણ મળવા આવ્યા હતા. એમાં પેલો મૅજિસ્ટ્રેટ પણ હતો જેને આ દંપતી દીકરીને માટે સારો 'મુરતિયો' ગણતાં હતાં. દીવાનખાનામાં વાતચીત, પિયાનોનું વાદન, ગાયન વગેરે ચાલી રહ્યું હતું. પ્રાસ્કોવિયાએ કહ્યું તેમ, ઇવાને એ સાંજનો વખત અસાધારણ આનંદમાં ગાળ્યો. પણ પોતે ઍપેન્ડિક્સની અતિ અગત્યની બાબતનો વિચાર કરવાનો મુલતવી રાખ્યો છે એ વાત ઇવાન પળ વાર પણ ભૂલ્યો નહોતો. અગિયાર વાગ્યે તે સહુની વિદાય લઈ સૂવાના ઓરડામાં ગયો. માંદગી શરૂ થઈ ત્યારથી તે અભ્યાસખંડ જોડેના એક નાના ઓરડામાં એકલો સૂઈ રહેતો. તેણે કપડાં કાઢ્યાં, ઝોલાની એક નવલકથા લીધી; પણ વાંચવાને બદલે વિચારમાં પડી ગયો. એની કલ્પનામાં ઍપેન્ડિક્સમાં ઇચ્છિત સુધારો થઈ ગયો. દરદનો અંશ શરીરમાં ભળી જઈ બહાર નીકળી ગયો, ને શરીરનો સંચો પાછો પહેલાંની જેમ કામ કરવા લાગ્યો. "હા, બરાબર એમ જ!" તે મનમાં જ બોલી ઊઠ્યો. "માણસમાત્ર કુદરતને મદદ કરે એટલે બસ છે." તેને દવા યાદ આવી એટલે ઊઠ્યો, દવા લીધી, ને ચત્તા સૂઈ રહી દવાની લાભદાયક અસર થઈ ને દુખાવો ઓછો થયો એ ધ્યાનપૂર્વક જોઈ રહ્યો. "હું દવા નિયમિત લઉં ને કરી પાળું એટલે બસ. મને સુવાણ લાગવા માંડ્યું છે. બહુ આરામ લાગે છે." તેણે પડખે હાથ ફેરવી જોયો. ત્યાં અડવાથી દુખતું નહોતું. "બરાબર, દરદ થતું જ નથી. મટી જવા આવ્યું જ સમજોને." તે દીવો હોલવી સૂઈ ગયો. ને પડખું ફેરવ્યું.... "ઍપેન્ડિક્સ સુધરતું જાય છે, દરદ શમતું જાય છે." મનમાં આ રટણ ચાલતું હતું ત્યાં તો એકાએક જૂની, પરિચિત, ધીરી ધીરી;

કોતરી ખાનારી, હઠીલી ને ગંભીર વેદના ઊપડી. મોં એના એ પરિચિત ખરાબ સ્વાદથી કસાણું થઈ ગયું. ઇવાનનું હૈયું બેસી ગયું, ને એ તો સ્તબ્ધ જ થઈ ગયો. "અરે ભગવાન! અરે ભગવાન!" તે ગણગણવા લાગ્યો. "પાછું ઊપડ્યું! ફરી પાછું! ત્યારે કદી મટવાનું નહીં, એમ જ ને?" એકદમ તેને આખી વસ્તુ સાવ નવા જ રૂપમાં દેખાઈ. "ઍપેન્ડિક્સ! મૂત્રાશય!" તેણે મનમાં કહ્યું. "સવાલ ઍપેન્ડિક્સ કે મૂત્રાશયનો નથી, પણ જીવનનો ને... મરણનો છે. હા, જિંદગી હતી, ને હવે ચાલી જાય છે; એ ચાલી જાય છે; ને હું એને રોકી શકતો નથી. હા, મારે મનને શા સારુ છેતરવું? મારા સિવાય સહુને દીવા જેવું દેખાય છે કે મારું મોત નજીક આવી રહ્યું છે; હવે સવાલ થોડાંક અઠવાડિયાં કે દિવસોનો જ છે... કદાચ આ પળે પણ જીવ નીકળી જાય. પહેલાં અજવાળું હતું ને હવે અંધારું થઈ ગયું છે. હું અહીં હતો, ને હવે ત્યાં જવા લાગ્યો છું! ક્યાં?" તેને શરીરે કંપારી આવી ગઈ; ને શ્વાસ બંધ થઈ ગયો. માત્ર હૃદયના ધબકારા જ સંભળાતા હતા.

"હું મરી જઈશ પછી અહીં શું રહેશે? કશું નહીં રહે. મરી ગયા પછી હું ક્યાં જઈશ? આ તો મોત નહીં હોય? ના, ના, મારે નથી મરવું!" તે કૂદકો મારીને ઊભો થયો; મીણબત્તી સળગાવવા ગયો; ધ્રૂજતે હાથે મીણબત્તી શોધી જોઈ; હાથમાંથી મીણબત્તી ને દીવી બન્ને ભોંય પર પડી ગયાં; ને ઇવાન પાછો ઓશીકા પર પડ્યો.

"દવા ને દારૂ — શા કામનાં? કશો ફરક તો પડતો નથી," એમ મનમાં કહી, તે આંખો ફાડી અંધારામાં જોઈ રહ્યો. "મોત. હા, મોત. એ બધાં જાણતાં નથી; એમને જાણવું પણ નથી, ને એમને મારે માટે દયા પણ નથી. એ તો બધાં રમે છે." (દૂરથી ગાયન અને વાદ્યનો અવાજ આવતો એને સંભળાયો.) "એમને તો બધું સરખું છે. પણ એ પણ મરવાનાં જ છે! બેવકૂફો! હું પહેલો, ને એ પછી, પણ એમનો પણ વારો આવ્યા વિના રહેવાનો નથી. હમણાં તો ચેનબાજી કરી રહ્યાં છે... હેવાનો!"

ક્રોધથી એનો શ્વાસ રૂંધાઈ ગયો; ને મનમાં ને શરીરે અસહ્ય વેદના થવા લાગી. "સહુને આવી ભયાનક વેદના ભોગવવી નિર્મેલી હોય એમ ન જ બને!" તે જરાક ઊંચો થયો.

"કંઈક ભૂલ થતી હોવી જોઈએ. લાવ, શાન્ત પડીને છેક શરૂઆતથી

બધો વિચાર કરી જોઉં." તેણે ફરી વિચાર કરવા માંડ્યો. "હા, મારી માંદગીની શરૂઆતઃ મારા પડખામાં વાગ્યું, છતાં તે દહાડે ને બીજે દહાડે તો હું સાવ સાજો હતો. પહેલાં સહેજસાજ દુખવા લાગ્યું, ને પછી જરા વધારે. હું ડાકટરોને મળ્યો. પછી ગમગીની ને વેદના, ને બીજા ડાકટરો, એ બધી ઘટમાળ ચાલી; ને હું ખાઈના કિનારાની નજીક ને નજીક જવા લાગ્યો. મારી શક્તિ ઘટી ગઈ, ને હું પાસે ને પાસે આવતો ગયો. હવે હું સુકાઈ ગયો છું, ને મારી આંખોમાં નૂર નથી રહ્યું. હું ઍપેન્ડિક્સનો વિચાર કર્યા કરું છું, પણ આ તો મોત છે! હું ઍપેન્ડિક્સ સુધારવાનો વિચાર કરું છું, ને અહીં તો સામું મોત આવીને ઊભું છે! એ શું ખરેખર મોત હશે?" પાછો એ બીકથી ફફડી ઊઠ્યો, ને એને હાંફ ચડી ગઈ. તે નીચો નમી દીવાસળી શોધવા લાગ્યો, ને તેમ કરતાં ખાટલા પાસે પડેલા સ્ટૂલ પર કોણી ટેકવી. સ્ટૂલ આડે આવ્યું એટલે વાગ્યું. તેને સ્ટૂલ પર ગુસ્સો ચડ્યો, એટલે સ્ટૂલને તેણે વધારે દબાવ્યું, ને સ્ટૂલ ગબડી પડ્યું. તે હાંફતો હાંફતો નિરાશ થઈને ચત્તો પડ્યો, ને તેને થયું કે આ ઘડીએ જ મોત આવ્યું.

દરમિયાન મળવા આવેલાં માણસો જવા લાગ્યાં હતાં. પ્રાસ્કોવિયા એમને વિદાય આપતી હતી. તેણે કશુંક પડતું સાંભળ્યું ને અંદર આવી.

"શું થયું?"

"કંઈ નહીં. સહેજ મારો હાથ વાગ્યો ને સ્ટૂલ પડી ગયું."

પ્રાસ્કોવિયા બહાર જઈ મીણબત્તી લઈ આવી. હજાર વાર દોડીને આવેલો માણસ હાંફે એવી રીતે ઇવાન હાંફતો હતો, ને વૈરી સામે એકીટસે ઊંચું જોઈ રહ્યો હતો.

"શું છે ઝાં?"

"કં...ઈ... ન...હીં. મારાથી પડી ગયું." ('કહીને પણ શું કામ? એ સમજવાની તો છે નહીં,' ઇવાને વિચાર કર્યો.)

ને ખરેખર એ ન સમજી. તેણે દીવી ઉપાડી, મીણબત્તી સળગાવી, ને બીજો એક મહેમાન જતો હતો તેને વિદાય આપવા ચાલી ગઈ. પાછી આવી ત્યારે ઇવાન છતો જ પડ્યો હતો, ને ઊંચું જોઈ રહ્યો હતો.

"શું છે? વધારે દરદ થાય છે?"

"હા."

પ્રાસ્કોવિયાએ માથું હલાવ્યું ને બેઠી.

"મને લાગે છે, ઝાં, લેશ્કેટિટ્સ્કીને અહીં બોલાવી તમને બતાવીએ."

આનો અર્થ એ કે ખરચનો વિચાર ન કરતાં પેલા નિષ્ણાતને બોલાવવો. ઇવાને કરડું સ્મિત કરી કહ્યું: "ના." પ્રાસ્કોવિયા થોડી વાર બેઠી, ને પછી પતિની પાસે જઈ તેને કપાળે ચૂમી લીધી.

તે ચૂમી લેતી હતી તે વેળા ઇવાનના મનમાં તો છેક ઊંડાણમાંથી તિરસ્કાર છૂટતો હતો. તેને ધક્કો મારતાં તેણે મનને મહાપરાણે રોકી રાખ્યું.

"સાહેબજી ત્યારે. ભગવાન કરશે તો તમને ઊંઘ તો આવી જશે."

"હા."

૬

ઇવાને જોયું કે મોત પાસે આવતું જાય છે. હૃદયમાં ઊંડે ઊંડે તો તેને થતું હતું કે હું મરી જાઉં છું. પણ એવો વિચાર કરવા તે ટેવાયેલો નહોતો, એટલું જ નહીં પણ એ વિચાર એને સમજાતો જ નહોતો; એના મગજમાં તે ઊતરતો જ નહોતો.

કિઝવેટરના 'તર્કશાસ્ત્ર'માં તે આ પ્રમાણે ત્રિપદી શીખ્યો હતો: "કેયસ માણસ છે. માણસો મર્ત્ય છે. તેથી કેયસ મર્ત્ય છે." આ પદો કેયસને વિશે એને હંમેશાં સાચાં લાગેલાં, પણ પોતાને વિશે કદી સાચાં લાગેલાં નહીં. કેયસ — કોક કાલ્પનિક માણસ — મર્ત્ય હતો એ વાત સાવ સાચી; પણ ઇવાન પોતે કંઈ કેયસ નહોતો, તે કાલ્પનિક માણસ નહોતો, પણ બીજા બધાના કરતાં સાવ જુદું એવું એક પ્રાણી હતો. એક કાળે તે નાનકડો વાનિયા હતો. તેને મા હતી. બાપાજી હતા. મિટિયા ને વૉલોડિયો બે ભાઈ હતા. રમકડાં હતાં. ગાડીવાન હતો. આયા હતી. પછી વળી કાટિંકા હતો; ને તેની સાથે તેણે બચપણ, બાળપણ ને કિશોરવયનાં બધાં સુખદુઃખ ને મોજમજા માણ્યાં હતાં. પેલો જે પટાવાળો ચામડાનો દડો વાનિયાને ખૂબ જ ગમતો તે દડાની વાસ વિશે કેયસને શી ખબર હતી? એની માને હાથે કેયસે કંઈ આવી રીતે ચૂમી લીધી હતી, ને માનાં કપડાંનું રેશમ કંઈ કેયસને માટે ફફડયું હતું? મીઠાઈ ખરાબ હતી ત્યારે નિશાળમાં કંઈ કેયસે ઉધમાત કરી મૂકેલો? કેયસ કંઈ આવી રીતે પ્રેમમાં પડયો હતો? કેયસ કંઈ ઇવાનની પેઠે અદાલતમાં પ્રમુખપદે બેસી શકશે? "કેયસ ખરેખર મર્ત્ય હતો, ને તે મરે એ બરાબર હતું. પણ હું નાનો

વાનિયા, ઇવાન ઇલીચ, મારાં આટલાં બધાં વિચારો ને લાગણીઓ — મારી તો વાત જ સાવ જુદી છે. મારે મરવાનું આવે એ તો બની જ ન શકે. એ તો બહુ જ ભયાનક વાત ગણાય."

આવી એના મનની લાગણી હતી.

"મારે કેયસની પેઠે મરવાનું હોત તો મને એની ખબર પડી ગઈ હોત. મારા અંતરમાંથી કોઈ અવાજે મને કહ્યું હોત. પણ મને એવો કંઈ અવાજ સંભળાયો નહોતો; અને મને ને મારા ભાઈબંધોને લાગેલું કે અમારી વાત તો કેયસથી જુદી જ છે. પણ અહીં તો મોત આવીને ઊભું છે નજર સામે!" તે મનમાં કહેવા લાગ્યો. "ના, ના, ન હોય! અશક્ય! અરે પણ આ દેખાય છે તેનું શું? આમ કેમ? આમાં શું સમજવું?"

તે સમજી શક્યો નહીં. આ જૂઠા, ખોટા, માંદલા વિચારને હાંકી કાઢી, તેને બદલે સારા ને નીરોગી વિચારો મનમાં ઊઠવા દેવા, એ પ્રયત્ન તેણે કરી જોયો. પણ પેલો વિચાર, અને માત્ર વિચાર જ નહીં પણ સાક્ષાત્ એ મૂર્તિ પોતે આવીને એની સામે ઊભી રહેવા લાગી.

એ વિચારને હાંકી કાઢવા તેણે એક પછી એક બીજા અનેક વિચારો યાદ કર્યા, ને એમાંથી કંઈક આધાર મળશે એવી આશા રાખી. અગાઉ એક વેળા વિચારોના જે પ્રવાહે તેના મનમાં ઊઠતા મોતના વિચારને ઢાંકી દીધો હતો તે વિચારો ફરી પાછા જગવવાને તેણે મથામણ કરી જોઈ. પણ વિચિત્ર વાત એ હતી કે અગાઉ જે વિચારોએ મોતના વિચારને રોકી રાખ્યો હતો, ઢાંકી દીધો હતો, ને ઉખાડી નાખ્યો હતો તે વિચારો હવે એવી અસર કરી શક્યા નહીં. ઇવાન હવે પોતાનો ઘણો-ખરો વખત એ વિચારપ્રવાહ ફરી જગવવાના પ્રયત્નમાં જ ગાળવા લાગ્યો. તે મનમાં કહેતો: "હું ફરી મારું કામ કરવા માંડીશ — આખરે તો એને જ આધારે હું જીવતો હતો ને!" તેણે શંકામાત્રને ખંખેરી નાખી અદાલતમાં જવા માંડ્યું. ત્યાં સાથીઓ જોડે વાતચીતમાં ઊતરે, હંમેશની ટેવ પ્રમાણે નિશ્ચિતપણે બેસે; વિચારપૂર્વક લોકો સામે જોઈ તેમનું નિરીક્ષણ કરે; ને સુકાઈને સોટી જેવા થઈ ગયેલા બંને હાથ ઓકની ખુરશીના હાથા પર અઢેલી રાખે; હંમેશની પેઠે કોઈ સાથી તરફ નમીને અને કાગળો પાસે ખેંચીને સાથીઓ જોડે કાનમાં વાતચીત કરે; અને પછી એકાએક આંખો

ઊંચી કરી ટટાર બેસીને અમુક શબ્દો ઉચ્ચારે, ને અદાલતનું કામકાજ શરૂ કરે. પણ એ કામકાજની વચ્ચે જ — કામ ગમે એટલું ચાલ્યું હોય તોપણ — પડખામાં દરદ ઊપડી આવે. ઇવાન તેના તરફ ધ્યાન આપે ને તેનો વિચાર મનમાંથી કાઢી નાખવાનો પ્રયત્ન તો કરે, પણ કંઈ વળે નહીં. પેલું આવીને એની સામે ઊભું રહે, ને એની સામે ડોળા ફાડીને જોઈ રહે. ઇવાન સૂનમૂન થઈ જાય, તેની આંખોમાંથી નૂર ઊડી જાય, ને તે પાછો પોતાના મનને પૂછવા માંડે કે "પેલું એકલું જ સાચું છે કે શું?" આવા સમર્થ ને સૂક્ષ્મ બુદ્ધિવાળા ન્યાયાધીશ લોચા વાળે છે ને ભૂલો કરે છે, એ જોઈ તેના સાથીઓ ને હાથ નીચેનાઓને આશ્ચર્ય ને દુઃખ થાય. ઇવાન સજાગ થાય, સ્વસ્થ થવાનો પ્રયત્ન કરે, જેમતેમ કરીને તે દિવસનું કામ પૂરું કરે, ને એવું દુઃખદ ભાન લઈને ઘેર જાય કે "મારું અદાલતનું કામકાજ—જે વસ્તુને ઢાંકી દઈ મારી નજરે ન પડવા દે એમ હું ઇચ્છું છું, તે વસ્તુને તે હવે પહેલાંની પેઠે ઢાંકી શકતું નથી. ને એ મને પેલાના પંજામાંથી ઉગારી શકવાનું નથી." સૌથી બૂરી વાત તો એ હતી કે પેલું ઇવાનનું ધ્યાન પોતા તરફ ખેંચતું હતું તેનો ઉદ્દેશ એ ન હતો કે તેની પાસે કંઈ કામ કરાવવું. તેની ધારણા તો એટલી જ હતી કે ઇવાન પેલાની સામે જુએ, તાકીને જુએ; તેને જોયા કરે, ને કશું કર્યા વિના અકથ્ય દુઃખ ભોગવે.

આ સ્થિતિમાંથી છૂટવા ઇવાને આશ્વાસનો — નવા પડદા — ખોળવા માંડ્યા. નવા પડદા જડ્યા; ને થોડોક વખત તો એ ઇવાનને ઉગારશે એવો ભાસ થયો. પણ પછી તરત તે ફાટી ગયા, અથવા કહો કે પારદર્શક થઈ ગયા; જાણે પેલું એ પડદાને ભેદીને પણ અંદર પહોંચ્યું હોય, ને પેલાને રોકવાનું કે ઢાંકવાનું કોઈ પણ વસ્તુનું ગજું જ ન હોય.

આ પાછલા દિવસોમાં, તેણે જે દીવાનખાનું ગોઠવેલું તેમાં તે જતો. એ દીવાનખાનામાં જ તે પડેલો, ને એને માટે જ તેણે જિંદગીનો ભોગ આપ્યો હતો (એ વાત કેવી કડવી ને કેવી હાંસીપાત્ર લાગતી હતી!) — કેમ કે એને ખબર હતી કે એ પડ્યો ને વાગ્યું ત્યારથી જ એની માંદગી શરૂ થઈ હતી. તે અંદર પેસે ને જુએ કે પાલીસ કરેલા ટેબલ પર કશાકનો ઉઝરડો થયો છે. એનું કારણ શોધતાં તેને જણાય કે એકાદ આલબમ(ચિત્રસંગ્રહ)નું કાંસાનું સુશોભિત પૂઠું વળી ગયું છે. એ

આલ્બમ તેણે કેટલા પ્રેમથી ને કેવી હોંશથી ગોઠવેલું, ને તેની પાછળ કેટલું ખરચ કરેલું! આલબમ હાથમાં લે, એટલે તેને દીકરી ને તેના મિત્રોના અણઘડપણાની અકળામણ થાય. આલબમ ક્યાંક ક્યાંક ફાટી ગયું હોય, ને કેટલીક છબીઓ ઊંધીચ્છતી કરી નાખેલી હોય. ઇવાન એ છબીઓને પાછી સરખી ગોઠવે, ને પૂઠાંને વાળી ઠેકાણે લાવે. પછી એને થાય કે આ બધી વસ્તુઓ દીવાનખાનાના પેલા ખૂણામાં, છોડવાની પાસે, મૂકી હોય તો સારું. તે નોકરને બોલાવે, પણ ત્યાં તો સ્ત્રી કે દીકરી તેને મદદ કરવા આવે. એમની વચ્ચે ગોઠવણ બાબતમાં મતભેદ થાય; ને પ્રાસ્કોવિયા પતિની વાત તોડી પાડે, એટલે ઇવાન ચર્ચામાં ઊતરી પડે ને ગુસ્સે થઈ જાય. પણ એ બધું સારું લાગતું, કેમ કે ત્યારે એને પેલાનો વિચાર ન આવતો. પેલું અલોપ થઈ જતું.

પણ પછી, એ જાતે કંઈક ફેરવતો હોય ત્યારે, પ્રાસ્કોવિયા કહેતી: "નોકરોને કરવા દોને. તમને પાછું ક્યાંક વાગી બેસશે." ને એકાએક પેલું પડદા પાછળથી ઝબકી ઊઠતું, ને ઇવાન તેને જોઈ શકતો. માત્ર એક ઝબકારો જ થાય, ને ઇવાન આશા રાખે કે એ અલોપ થઈ જશે; પણ જાણ્યે-અજાણ્યે તેનું ધ્યાન પડખા તરફ જાય જ. "અરે, પેલું તો પહેલાંની પેઠે જ ત્યાં બેઠું છે, ને મને કોરી ખાય છે." પછી તે પેલાને ભૂલી શકતો નહીં, પણ ફૂલોની પાછળથી પોતાની સામે એને ટગરટગર જોઈ રહેતું ભાળી શકતો. "આ બધું શાને સારુ છે?"

"ખરેખર એમ જ છે! કોઈ કિલ્લા પર ચડાઈ કરતાં ગુમાવત એવી રીતે પેલા પડદાને સારુ મેં જિંદગી ગુમાવી. એમ તે કાંઈ બને? કેવું ભયંકર ને કેવું બેવકૂફ! એ સાચું હોઈ જ ન શકે! હોઈ તો ન શકે, પણ છે તેનું શું?"

તે અભ્યાસખંડમાં જાય, ને પાછો પેલાની સાથે એકલો પડે: પેલું એને મોઢામોઢ દેખા દે. અને પેલાને જોવું ને થથરવું એ સિવાય કશો ઇલાજ જ ન રહે.

૭

એ વાત કેવી રીતે બની એ તો કહેવું અશક્ય છે, કેમ કે એ ડગલે ડગલે ને અણદીઠ રીતે બનતી ગઈ હતી. ઇવાનની માંદગીના ત્રીજા

મહિનામાં તેની પત્ની, તેની દીકરી, તેનો દીકરો, તેનાં ઓળખીતાં, ડાક્ટરો, નોકરો, ને એ બધા ઉપરાંત તે પોતે, સહુને એવી ખબર પડી ગઈ કે બીજા માણસોને હવે ઇવાન વિશે એટલું જ જાણવાનો રસ રહ્યો છે કે તે જલદી પોતાની જગા ખાલી કરે છે કે નહીં; પોતાની હાજરીથી જીવતાં માણસોને થતી બેચેનીમાંથી તેમને છોડાવે છે કે નહીં; ને પોતે પણ દુઃખમાંથી છૂટે છે કે નહીં.

ઇવાનની ઊંઘ દહાડે દહાડે ઓછી થતી ગઈ. તેને અફીણ અપાતું; મૉર્ફિયાનાં ઇંજેક્શન અપાતાં; પણ એથી એનું દરદ ઓછું થયું નહીં. એનાથી એને ઘેન ચડતું, ને તે અર્ધજાગ્રત અવસ્થામાં પડી રહેતો, તેને લીધે સહેજ રાહત મળતી. પણ ઘેન ઊતરી ગયા પછી જે નબળાઈ આવી જતી તે દરદના જેટલી જ કે એથી પણ વધારે કષ્ટદાયક લાગતી.

ડાક્ટરોના હુકમથી એને માટે ખાસ વાનીઓ બનાવાતી. પણ એ બધી વાનીઓ એને દહાડે દહાડે વધારે ને વધારે બેસ્વાદ ને અળખામણી લાગતી ગઈ.

એના ઝાડાપેશાબને માટે પણ ખાસ ગોઠવણ કરવી પડી હતી. એથી એના દિલને દરેક વખતે દુઃખ થતું — એ ક્રિયાની અસ્વચ્છતા, એનો બેહૂદો દેખાવ, એની દુર્ગંધ, ને બીજા કોઈ માણસને એ મળમૂત્ર ઉપાડવાં પડે છે એ ભાન, એ બધાં જ દુઃખનાં કારણ હતાં.

પણ આ અત્યંત અણગમતી ને અળખામણી વસ્તુ દ્વારા જ ઇવાનને કંઈક આસાએશ મળતી. રસોઇયાનો જુવાન મદદનીશ જિરાસીમ હંમેશાં તે ઉપાડી જવા આવતો. જિરાસીમ સુઘડ, તાજોમાજો ખેડૂત જુવાન હતો. શહેરનો ખોરાક ખાઈને ફાલ્યો હતો. જ્યારે જુઓ ત્યારે પ્રસન્ન ને હસમુખો જ દેખાય. રશિયન ખેડૂતનો ચોખ્ખો પોશાક પહેરીને એને પહેલવહેલો એ કામ કરતો જોયો ત્યારે ઇવાનનું મન મૂંઝાઈ ગયેલું.

એક વાર કમોડ પરથી ઊઠતાં તેને એટલી બધી નબળાઈ આવી ગઈ કે તેનાથી પાટલૂન પણ ઊંચું ખેંચી શકાયું નહીં. તે સુંવાળી આરામ-ખુરશીમાં ધબ દઈને પડ્યો. ઉઘાડી, સાવ સુકાઈ ગયેલી, ને સ્નાયુનાં ચિહ્નોવાળી પોતાની સાથળો જોઈ તેને કમકમાં આવી ગયાં.

જિરાસીમ દૃઢ પણ હળવે પગલે આવ્યો. તેના ભારે બૂટમાંથી

ડામરની ને તાજી શિયાળુ હવાની ખુશબો આવતી હતી. તેણે ચોખ્ખો ઝભ્ભો પહેર્યો હતો. છાપેલી છીંટના તેના ખમીસની બાંયો તેનાં મજબૂત ખુલ્લાં, ભરાવદાર બાવડાં પર ખોસેલી હતી. માંદા શેઠની લાગણીનો વિચાર કરી તેણે શેઠ સામે નજર ન નાખી; પોતાના ચહેરા પર જીવનનો જે આનંદ ઝગઝગાટ મારતો હતો તેને રોકી રાખ્યો; ને કમોડ તરફ ગયો.

"જિરાસીમ!" ઇવાને ધીરે અવાજે કહ્યું.

જિરાસીમ ચમક્યો. તેને બીક લાગી કે મેં કંઈક ભૂલ કરી નાખી હશે. તેણે તરત જ શેઠ સામે મોં ફેરવ્યું. તેના તાજા, હેતાળ, સાદા, જુવાન ચહેરા પર દાઢી હમણાં જ જરાતરા ઊગવા લાગી હતી.

"જી."

"આ કામની તને બહુ સૂગ આવતી હશે. મને માફ કરજે. હું લાચાર છું."

"ના રે, સાહેબ," કહેતાં જિરાસીમની આંખો તેજથી ચમકી ઊઠી, ને તેના ચળકતા સફેદ દાંત દેખાયા. "આ તે કંઈ કામ કહેવાય? આમાં તે શું? આપ તો બીમાર છો, સાહેબ."

તેના ચપળ હાથ વડે તેણે રોજનું કામ કરી નાખ્યું, ને તે હળવે પગલે ઓરડામાંથી બહાર ગયો. પાંચ મિનિટ બાદ એટલે જ હળવે પગલે પાછો આવ્યો.

ઇવાન આરામખુરશીમાં હજુ એની એ જ સ્થિતિમાં બેસી રહ્યો હતો.

જિરાસીમે કમોડમાં તરતનું ધોયેલું વાસણ પાછું ગોઠવી દીધું એટલે ઇવાન બોલ્યો: "જિરાસીમ! અહીં આવ. મને જરા મદદ કર તો!" જિરાસીમ એની પાસે ગયો. "મને ઊંચકી લે. મારાથી ઊભા થવાતું નથી. ને મિટ્રીને મેં મોકલી દીધો છે."

જિરાસીમ શેઠની છેક પાસે ગયો. પોતાના મજબૂત હાથ વડે, પણ હળવે રહીને — જેવી હળવી રીતે તે પગલાં માંડતો હતો તેવી જ રીતે — શેઠને ઉપાડ્યો; એક હાથ વડે શેઠને ટેકો આપ્યો; ને બીજા હાથ વડે તેનું પાટલૂન ઊંચું ચડાવ્યું. શેઠને પાછો આરામખુરશીમાં બેસાડત. પણ ઇવાને કહ્યું: "મને દોરીને સોફા પાસે લઈ જા." જિરાસીમ, ખાસ પ્રયત્ન વિના ને દેખીતું દબાણ આવવા દીધા વિના, લગભગ ઊંચકીને એને સોફા પાસે દોરી ગયો, ને એને સોફા પર સુવાડ્યો.

"હાશ. તું કેવે ફોરે હાથે ને સરસ રીતે બધું કરે છે!"

જિરાસીમે ફરી સ્મિત કર્યું, ને ઓરડામાંથી બહાર જવા બાજુએ ફર્યો. પણ ઇવાનને એની હાજરીથી એટલી બધી આસાએશ લાગી હતી કે જિરાસીમને જવા દેવાની એની ઇચ્છા નહોતી.

"એક બીજું કામ. પેલી ખુરશી આમ લાવ તો. ના, પેલી બીજી — મારા પગ નીચે મૂક. મારા પગ ઊંચા રહે છે ત્યારે મને જરા ઠીક લાગે છે."

જિરાસીમે ખુરશી આણી, તેને હળવે રહીને ઠેકાણે મૂકી, અને ઇવાનના પગ ઊંચકી એના પર મૂક્યા. ઇવાનને લાગ્યું કે જિરાસીમે પગ ઊંચા ધરી રાખ્યા ત્યારે મને વધારે સારું લાગ્યું. પગ નીચે મૂક્યા ત્યારે ઇવાનને થયું કે પાછું દુખવા માંડયું છે.

"જિરાસીમ! તું હમણાં કામમાં છે?"

"ના જી, કશા કામમાં નથી." ભદ્ર લોકો સાથે કેવી રીતે બોલાય તે જિરાસીમ શહેરના માણસો પાસેથી શીખ્યો હતો.

"તારે હવે શું કામ બાકી છે?"

"શું બાકી છે? કાલને માટે લાકડાં ચીરવા સિવાયનું બધું કામ મેં પતાવી દીધું છે."

"તો મારા પગ હજુ જરા પકડી રાખ તો. પકડી રખાશે?"

"હા જી, જરૂર. શા સારુ નહીં રખાય?" જિરાસીમે શેઠના પગ ઊંચા કરીને પકડી રાખ્યા. ઇવાનને લાગ્યું કે આ સ્થિતિમાં જરાયે દુખાવો થતો નથી.

"પણ લાકડાંનું શું થશે?"

"એની ફિકર ન કરશો, સાહેબ. હજુ તો ઘણો વખત છે."

ઇવાને જિરાસીમને બેસાડી તેની પાસે ઊંચા કરેલા પગ પકડી રખાવ્યા, ને તેની જોડે વાતો કરવા માંડી. આશ્ચર્ય તો એ કે જિરાસીમે પગ પકડી રાખ્યા એટલો વખત એને એમ લાગ્યું જાણે મને સારું છે.

ત્યાર પછી ઇવાન અવારનવાર જિરાસીમને બોલાવતો, ને તેના ખભા પર પોતાના પગ મુકાવી તે પકડી રાખવાનું કહેતો. જિરાસીમની જોડે વાતો કરવી એને ગમતી. જિરાસીમ એ બધું કામ સહેલાઈથી, રાજીખુશીથી, સરળતાથી, ને એવા સદ્ભાવથી કરતો કે ઇવાનનું હૃદય પીગળી જતું. બીજાં

માણસોમાં આરોગ્ય, બળ ને ચેતન જોઈ તે નારાજ થઈ જતો. પણ જિરાસીમનાં બળ ને ચેતનથી તેનું મન દુભાતું નહીં પણ ઊલટું શાંત પડતું.

ઇવાનના દિલને વધારેમાં વધારે દર્દ તો એક છેતરપિંડી, એક જૂઠાણું, જોઈને થતું. એ જૂઠાણું કોણ જાણે શા કારણસર સહુ સાચું માનતાં હતાં. તે એ કે ઇવાન મરવા નથી પડ્યો પણ માત્ર માંદો છે; અને તે માત્ર શાંત રહે ને ઉપચાર કરે તો કંઈક ઘણું સારું પરિણામ આવશે. પણ એને પોતાને તો ખબર હતી કે એ લોકો ભલેને જે કરવું હોય તે કરે, પણ એથી કશું વળવાનું નથી; હજુ વધારે તીવ્ર વેદના ભોગવવી પડશે ને છેવટે મોત આવશે એટલું જ. એક વાત એ બધાં જાણતાં હતાં ને તે પોતે જાણતો હતો, પણ તે પેલાં લોકો કબૂલ કરવા નહોતાં માગતાં. એની ભયંકર સ્થિતિ વિશે તેની આગળ સહુ જૂઠું બોલવા માગતાં હતાં, એટલું જ નહીં પણ એ પોતે પણ એમાં ભાગ લે એમ ઇચ્છતાં હતાં, ને એમાં ભાગ લેવાની એને બળજબરીથી ફરજ પાડતાં હતાં. — આ છેતરપિંડીથી એનું ચિત્ત વલોવાઈ રહ્યું હતું. એ લોકો એના મરણની ઘડીએ એને માથે ઊભાં રહીને જૂઠાણું ચલાવી રહ્યાં હતાં. આ જે ભીષણ ને ગંભીર પ્રસંગ હતો તેને તેઓ એ જૂઠાણાં વડે, પોતાની મુલાકાતો, પોતાના પડદા, ને પોતાની ખાવાની માછલીના જેવો હીન કોટિનો બનાવી દેવા માગતાં હતાં. એ જોઈ ઇવાનને ભયંકર વેદના થતી. ઘણી વાર તો તેઓ એને માથે ઊભાં રહી આ બધા તમાશા કરતાં હોય તે વેળા આ બોલ એને હોઠે આવીને અટકી ગયો: "આ જૂઠાણું બંધ કરો હવે! તમે જાણો છો ને હું પણ જાણું છું કે હું મરવા પડ્યો છું. ત્યારે એને વિશે કંઈ નહીં તો જૂઠું બોલવાનું તો બંધ કરો!" પણ આટલું બોલતાં તેનો જીવ કદી ચાલ્યો નહોતો. તે જોઈ શકતો હતો કે તેના મરણની જે ભીષણ ને ભયાનક ક્રિયા હતી તે જાણે આકસ્મિક, અભદ્ર, ને અસભ્યમાં ગણાય એવી ઘટના હોય (જાણે કોઈ માણસ દુર્ગંધ ફેલાવતું દીવાનખાનામાં પ્રવેશ કરતું હોય) એવો દેખાવ આસપાસનાં માણસોએ કરી મૂક્યો હતો. જે સભ્યતા ને શિષ્ટાચારની તેણે જિંદગીભર સેવા કરી હતી તેને નામે જ આ વસ્તુ થઈ રહી હતી. તેણે જોયું કે કોઈને એને માટે લાગણી થતી નથી, કેમ કે કોઈ એની સ્થિતિ સમજવા પણ માગતું નથી. માત્ર જિરાસીમ તે સમજતો હતો ને તેની દયા ખાતો હતો. એટલે ઇવાનને એના એકલાની સાથે જ ફાવતું.

જિરાસીમ એના પગ પોતાને ખભે (કેટલીક વાર તો આખી રાત) ટેકવી રાખે ત્યારે તેને આસાએશ રહેતી. ઘણી વાર જિરાસીમ સૂઈ જવાની નાં પાડતો ને કહેતો: "સાહેબ, આપ ફિકર ન કરશો. હું તો પછી સારી પેઠે ઊંઘી લઈશ." અથવા કેટલીક વાર એ પોતીકો હોય એમ કહેવા માંડતો: "આપ માંદા ન હોત તો જૂદી વાત હતી. પણ આપને આટલું દુ:ખ પડે છે, ત્યાં હું જરાક જેટલી તકલીફ વેઠતાં શા સારુ અચકાઉં?" જિરાસીમ એકલો જૂઠું બોલતો નહોતો. તેની બોલચાલ પરથી દેખાઈ આવતું કે તે એકલો ખરી વસ્તુસ્થિતિ સમજતો હતો, ને તેના પર ઢાંક-પિછોડો કરવાની તેને જરૂર નહોતી લાગતી. માત્ર તેને ક્ષીણ ને નિર્બળ થઈ ગયેલા શેઠને માટે દુ:ખ થતું. એક વાર ઇવાન એને જવાની રજા આપતો હતો ત્યાં તે એકાએક સાફ સાફ બોલી ગયેલો: "આપણે સહુને મરવાનું છે. પછી જરાક જેટલી મહેનત કરતાં કચવાટ શા સારુ કરવો?" આ શબ્દો વડે તે સાચી હકીકત કહેતો હતો કે "મને મારા કામનો બોજો લાગતો નથી, કેમ કે હું એ કામ મરતા માણસ માટે કરું છું; ને મને આશા છે કે જ્યારે મારો વારો આવશે ત્યારે કોક મારી પણ આવી ચાકરી કરશે."

આ જૂઠાણા ઉપરાંત, અથવા કહો કે એને લીધે, ઇવાનના મનને બીજી એક વાત વધારેમાં વધારે દુ:ખ દેતી હતી. બીજાં એની જેટલી દયા ખાય એવી એની ઇચ્છા હતી તેટલી દયા એ લોકો ખાતાં નહોતાં. કેટલીક વાર લાંબો વખત પીડા ભોગવ્યા પછી એને એવી તીવ્ર ઇચ્છા થઈ આવતી (જોકે એ કબૂલ કરતાં એને શરમ આવત) કે જેમ માંદા બાળકની દયા ખાય છે એમ કોઈ મારી દયા ખાય. કોઈ એને પંપાળે ને દિલાસો આપે તો સારું, એમ એનું મન ઝંખ્યાં કરતું. તે જાણતો હતો કે "હું મોટો અમલદાર છું, મારી દાઢીના વાળ ધોળા થવા આવ્યા છે, ને તેથી હું જે વસ્તુને માટે ઝંખું છું તે અશક્ય છે." છતાં તેનું મન એ ઝંખના છોડતું નહોતું. તે જે વસ્તુને માટે ઝંખતો હતો, તેને મળતી કંઈક વસ્તુ જિરાસીમના વર્તનમાંથી તેને મળી રહેતી; એટલે એ વર્તનથી તેના ચિત્તને ટાઢક વળતી. ઇવાનને રડવાનું મન થતું, ને કોઈ મને પંપાળે ને મને જોઈને રડે તો કેવું સારું એમ થઈ આવતું. એટલામાં એનો સાથી શેબેક આવતો. એટલે રડવા-પંપાળવાની વાત કોરે રહી જતી; ને ઇવાન ગંભીર, કડક, ને ઊંડા વિચારમાં પડ્યો હોય એવો દેખાવ ધારણ કરતો; રોજની ટેવ પડી

ગયેલી તે પ્રમાણે બીજી કોઈ અદાલતના ચુકાદા વિશે પોતાનો મત પ્રગટ કરતો, ને પછી એ મતને આગ્રહપૂર્વક વળગી રહેતો. એની આસપાસ ને એની અંદર ચાલતું આ જૂઠાણું એ તેના છેલ્લા દિવસોને વિષમય બનાવનાર મોટામાં મોટી વસ્તુ નીવડ્યું હતું.

૮

સવારનો વખત હતો. સવાર થયું એની ખબર એને એ પરથી પડી કે જિરાસીમ ગયો હતો, અને બીજા નોકર પીટરે આવીને દીવા હોલવ્યા હતા. એક પડદો ખસેડ્યો હતો, ને શાંતિથી ઓરડો સાફસૂફ કરવા માંડ્યો હતો. સવાર હોય કે સાંજ, શુક્રવાર હોય કે રવિવાર, બધું સરખું હતું. એને લીધે કશો ફરક પડતો નહીં. પડખાનું કોરી ખાનારું ને ચીસ પડાવે એવું દરદ ઓછું થતું નહોતું, ને પળવાર પણ બંધ રહેતું નહોતું. જિંદગીનો દીવો ધીરો પડવા માંડ્યો હતો પણ હજુ હોલાયો નહોતો. હંમેશાં ભયાનક ને અળખામણું લાગતું મોત પાસે ને પાસે ચાલ્યું આવતું હતું, એ જ એક સાચી, વાસ્તવિક હકીકત હતી. પેલા લોકોએ ચલાવેલું જૂઠાણું પણ એનું એ જ હતું. એવી સ્થિતિમાં દિવસો, અઠવાડિયાં ને કલાકોનો શો હિસાબ?

"આપ ચા લેશો, સાહેબ?"

ઇવાને વિચાર કર્યો: "બધું કામકાજ નિયમિત ચાલે એવી એની મરજી છે, ને ગૃહસ્થ લોકોએ સવારમાં ચા પીવી એમ એ ઇચ્છે છે." એટલે એણે કહ્યું: "ના".

"આપને સોફા પર નથી જવું, સાહેબ?"

ઇવાને વિચાર કર્યો: "એને ઓરડો સાફ કરવો છે, ને હું આડે આવું છું. હું ગંદકી ને અવ્યવસ્થા છું." એટલે કહ્યું:

"ના, મને પડી રહેવા દે જ્યાં છું ત્યાં."

નોકર આમતેમ ફરી ગડમથલ કરવા લાગ્યો. ઇવાને હાથ લાંબો કર્યો. પીટર મદદ કરવા દોડી આવ્યો.

"શું જોઈએ, સાહેબ?"

"મારું ઘડિયાળ."

ઘડિયાળ પાસે જ હતું તે લઈ પીટરે શેઠને આપ્યું.

"સાડા આઠ. બધાં ઊઠ્યાં છે?"

"ના જી. એકલા લાડીમીર (ઇવાનનો દીકરો) ઊઠીને નિશાળે ગયા છે. બાઈએ મને કહી રાખ્યું છે કે આપ કહો તો મારે એમને ઉઠાડવાં. એમને ઉઠાડું?"

"ના, કશી જરૂર નથી." પાછો વિચાર આવ્યો: "થોડી ચા પીઉં તો સારું" એટલે કહ્યું: "હા. ચા લાવ."

પીટર બારણા સુધી ગયો, પણ ઇવાનને એકલો રહેતાં બીક લાગી. "એને અહીં કેવી રીતે રાખી શકાય? અરે હા, મારી દવા." "પીટર, મને દવા આપ તો." "શા સારુ નહીં? હજુ કદાચ એનાથી કંઈક ફાયદો થાય." તેણે ચમચો ભરીને દવા લીધી ને ગળે ઉતારી દીધી. "ના, આથી કશો ફાયદો થવાનો નથી. બધાં થીગડાં છે. મનને છેતરવાની વાતો છે બધી." —મોંમાં પરિચિત, માંદલો ને ભૂંડો સ્વાદ લાગ્યો એટલે તેણે નિશ્ચય કરી નાખ્યો. "ના, હવે મને દવા પર જરાયે શ્રદ્ધા રહે એવું નથી. પણ દરદ. આ દરદ શા સારુ થયા કરે છે? એક પળવાર થોભી જતું હોય તો કેવું સારું!" તેણે ઊંહકારો કર્યો. પીટર તેના તરફ વળ્યો. "બધું બરાબર છે. જા થોડી ચા લઈ આવ."

પીટર ગયો. ઇવાન એકલો પડ્યો એટલે ઊંહકારા કરવા લાગ્યો. દરદ ભયાનક હતું છતાં ઊંહકારા એ દરદના નહોતા, પણ મનની વેદનાના હતા. હંમેશાં એનું એ દરદ. હંમેશાં એની એ દિવસરાતની અનંત ઘટમાળ. વહેલું આવતું હોય તો! શું વહેલું આવતું હોય તો? મોત, અંધારું?... ના, ના! મોત નહીં; એને બદલે બીજું ગમે તે ભલે આવતું!

પીટર તાસક પર ચા લઈને આવ્યો ત્યારે ઘડીભર તો ઇવાન મૂંઝાઈને એની સામે જોઈ રહ્યો. એ કયો માણસ છે કે કઈ ચીજ છે એની ખબર પડી નહીં. શેઠની ચકળવકળ થયેલી આંખ જોઈ પીટર તો સડક થઈ ગયો; ને એની એ મૂંઝવણ જોઈ ઇવાનને ભાન આવ્યું.

"ઓહો, ચા! બહુ સારું, મૂક એને. પછી મને હાથ-મોં ધોવડાવ, ને ધોયેલું ખમીસ પહેરાવ."

ઇવાને હાથ-મોં ધોવા માંડ્યાં. વચ્ચે વચ્ચે આરામ લેવા થોભી જઈને તેણે હાથ ધોયા, પછી મોઢું ધોયું, દાંત સાફ કર્યા, વાળ ઓળ્યા, ને અરીસામાં મોં જોયું. એમાં જે પ્રતિબિંબ દેખાયું એ જોઈને—ખાસ

કરીને ફીકા કપાળ પર વાળ જે અવ્યવસ્થિત રીતે ચોંટી રહ્યા હતા તે જોઈને —તે બીકથી છળી ગયો.

ખમીસ બદલાતું હતું તે વખતે એને થયું કે મારું શરીર જોઈશ તો હજુ વધારે બીક લાગશે. એટલે તેણે શરીર સામે નજર નાખી જ નહીં. છેવટે તે તૈયાર થયો. તેણે ઘરમાં પહેરી રાખવાનો ઝભ્ભો ચડાવ્યો, ઉપર ગરમ શાલ ઓઢી, ને ચા પીવા આરામખુરશીમાં બેઠો. ક્ષણ વાર તો તેને શરીરમાં સ્ફૂર્તિ લાગી. પણ ચા પીવા માંડી કે તરત પાછો એનો એ જ સ્વાદ આવ્યો, ને દરદ પણ થવા લાગ્યું. ચા માંડ માંડ પૂરી કરી. પછી પગ લાંબા કરી સૂઈ ગયો, ને પીટરને રજા આપી.

હંમેશાં એની એ જ સ્થિતિ. ક્યારેક આશાનો તણખો ઝબકી ઊઠે. પછી પાછો નિરાશાનો સાગર ઘૂઘવે. દરદ તો નિરંતર થયા જ કરતું હોય. તે એકલો પડે ત્યારે કોકને બોલાવવાની ભયંકર ને દુઃખદ ઇચ્છા એને થઈ આવતી. પણ એને અગાઉથી જ ખબર હતી કે બીજું કોઈ હાજર થશે તો સ્થિતિ એથીયે બૂરી થશે. "મૉર્ફિયાનો બીજો એક ડોઝ —બેભાન થઈ જવા માટે. ડાકટરને કહીશ કે બીજી કંઈ દવાનો વિચાર કરી જુએ. આ રીતે ચલાવ્યાં કરવું તો અશક્ય છે, સાવ અશક્ય છે.

એ રીતે એક કલાક, ને પછી બીજો કલાક પસાર થઈ ગયો. પણ હવે બારણાની ઘંટડી વાગે છે. ડાકટર તો નહીં હોય? હા, એ જ છે. ડાકટર તાજો, મિલનસાર, જાડો ને હસમુખો છે. તેના ચહેરાનો દેખાવ જાણે કહે છેઃ "જુએ, તમારા મનમાં કશીક વાતનો ડર પેસી ગયો છે, પણ એનો તો તાબડતોબ ઇલાજ કરીશું!" ડાકટર જાણે છે કે અહીં આવું મોઢું રાખવું અસ્થાને છે. પણ મોઢા પર એવો ભાવ રાખીને તે અંદર આવ્યો; હવે એમાં ફેરફાર કેમ કરાય?

ડાકટર ઝપાટાબંધ પોતાના હાથ ઘસે છે, ને દરદીને ધારણ આપતો જાય છે.

"બ–ર–ર–ર! કેવી ટાઢ છે! હિમ પણ કેવું સખત પડ્યું છે! જરા ટાઢ ઉડાડી લઉં!" આ કહેતાં તેના મોં પર એવો ભાવ હોય છે, જાણે એ ટાઢ ઉડાડી લે એટલી જ વાર છે, ને પછી એ બધું ઠીક કરી દેશે.

"કહો હવે, તબિયત કેમ છે?"

ઇવાનને થાય છે ડાકટરને કહેવું તો એમ છે કે "કહો, આપણો ધંધો

કેમ છે?" પણ એને લાગે છે કે આવું તો ન બોલાય, એટલે તે કહે છે: "કેમ, રાત કેવી ગઈ?"

ઇવાન તેની સામે એવી રીતે જુએ છે જાણે એને પૂછતો હોય કે "તમને જૂઠું બોલતાં કદી શરમ નથી આવતી?" પણ ડાક્ટર એ સવાલ સમજવા માગતો નથી; એટલે ઇવાન કહે છે: "રોજના જેવી જ ભયંકર. દરદ જરાયે મારો કેડો મૂકતું નથી ને શમતું નથી. માત્ર કંઈક..."

"હા, હા, તમે દરદીઓ તો હંમેશાં એમ જ કહ્યા કરો છો... જુઓ, હવે મને લાગે છે મારી ટાઢ ઊડી ગઈ. પ્રાસ્કોવિયા બહુ કાળજી લેનારાં છે, છતાં એમને પણ મારા શરીરની ગરમી ઓછી ન લાગી. લો, હવે હું સાહેબજી કહી શકું એમ છું." કહી ડાક્ટર દરદીનો હાથ દબાવે છે.

પછી, અત્યાર સુધીનો વિનોદ છોડી, બહુ જ ભારેખમ મોઢું કરી, તે દરદીને તપાસવા માંડે છે. તેની નાડના ધબકારા ગણે છે. તેના શરીરની ગરમી માપે છે. પછી છાતી ઠોકી જુએ છે, ને છાતી પર નળી મૂકે છે.

ઇવાનને પાકી ને ચોક્કસ ખબર છે કે આ બધું નિરર્થક છે, નરી છેતરપિંડી છે. પણ ડાક્ટર ઢીંચણ પર પડી દરદીના શરીર ઉપર વાંકો વળે છે; પહેલાં ઉપલા ભાગ પર ને પછી નીચલા ભાગ પર કાન ધરે છે; ને મોઢા પર અમુક વિશેષ અર્થવાળો ભાવ લાવી દર્દીના શરીર પર અનેક જાતની કસરત કરતો હોય એમ વાંકોચૂકો વળે છે. ઇવાન એ બધું સાંખી રહે છે. અદાલતમાં તે વકીલોનાં ભાષણ એવી જ રીતે સાંખી લેતો; જોકે તેઓ બધા જૂઠું બોલે છે, ને શા માટે જૂઠું બોલે છે, એની એને પાકી ખબર હતી.

ડાક્ટર સોફા પર વાંકો વળી દરદીની છાતી ઠોકતો હોય છે, એટલામાં બારણા આગળ પ્રાસ્કોવિયાના રેશમી પોશાકનો ફફડાટ થાય છે, ને ડાક્ટર આવ્યાની ખબર એને ન આપવા માટે તે પીટરને ઠપકો આપતી સંભળાય છે.

તે અંદર આવે છે, પતિને ચૂમી લે છે, ને એકદમ એમ પુરવાર કરવા જાય છે કે "હું તો ક્યારની તૈયાર થઈને બેઠી હતી. પણ મને ખબર ન પડી એટલે જ ડાક્ટર આવ્યા તે વખતે અહીં આવી ન શકી."

ઇવાન તેની સામે નજર નાખે છે; તેને ધારી ધારીને જુએ છે; તેનો ગોરો રંગ, તેનું ભરાવદાર શરીર, તેના ચોખ્ખાચટ હાથ ને ગળું, તેના ચકચકતા વાળ, ને તેની ચમકદાર આંખોનું તેજ, એ બધું એની સામે

ઉધાર-પાસામાં મૂકે છે. ઇવાનના મનમાં એના પ્રત્યે હડહડતો દ્વેષ ભરેલો છે. અને એના પ્રત્યે જે દ્વેષ છે તેને લીધે ઇવાનને એના સ્પર્શથી પણ દુ:ખ થાય છે.

પ્રાસ્કોવિયાનું પતિ ને તેના વ્યાધિ પ્રત્યેનું વલણ હજુ એવું ને એવું જ છે. જેમ ડાક્ટરે દર્દી પ્રત્યે અમુક વલણ ધારણ કરેલું ને તે તેનાથી છોડી શકાતું નહોતું, તેમ પ્રાસ્કોવિયાએ પણ મનમાં એવી ગાંઠ વાળી રાખેલી કે "મારા પતિએ અમુક વસ્તુ કરવી જોઈએ તે કરતા નથી, ને વાંક તેમનો પોતાનો છે, ને હું તો પતિને એને માટે પ્રેમપૂર્વક ઠપકો આપું છું." આ ગાંઠ હવે તેના મનમાંથી છૂટતી નહોતી.

"મારું તો એ કંઈ સાંભળતા નથી ને વખતસર દવા લેતા નથી. વળી પગ ઊંચા રાખીને સૂઈ રહે છે, એ પણ એમને માટે સારું નથી."

ઇવાન જિરાસીમની પાસે કેવી રીતે પગ ઊંચા રખાવતો હતો એનું વર્ણન એણે કરી બતાવ્યું.

ડાક્ટરે તિરસ્કારમિશ્રિત વિવેકથી સહેજ મોં મલકાવીને કહ્યું: "શું કરીએ? આ માંદા માણસોને એવી મૂર્ખાઈવાળી ધૂનો હોય છે, પણ આપણે એમને ક્ષમા આપવી જોઈએ."

તપાસ પૂરી થઈ એટલે ડાક્ટરે ઘડિયાળ સામે જોયું. પછી પ્રાસ્કોવિયાએ ઇવાનને કહ્યું: "આ તો તમારી ઇચ્છા હતી તેમ થયું. પણ મેં આજે એક જાણીતા નિષ્ણાતને બોલાવ્યો છે. તે તમને તપાસશે, ને પછી તે ને માઇકેલ ડાનીલોવીચ (કુટુંબનો હંમેશનો ડાક્ટર) મળીને વાતચીત કરશે."

"આમાં વાંધો ન કાઢશો. એ તો હું મારે પોતાને જ ખાતર કરું છું," તેણે કટાક્ષમાં કહ્યું; અને એ રીતે ઇવાનને દેખાડી આપ્યું કે "હું આ બધું તમારે જ ખાતર કરું છું." એ કહી બતાવ્યું તે એટલા માટે કે ઇવાનને ના કહેવાની બારી જ ન રહે. ઇવાન કંઈ બોલ્યો નહીં, પણ તેણે ભવાં ચડાવ્યાં. તેને લાગ્યું કે મારી આસપાસ જૂઠાણાંનું જાળું એટલું બધું ફેલાયેલું છે ને હું એમાં એવો ફસાયેલો છું કે એમાંથી કશાનો ભેદ કળી શકાય એવું રહ્યું નથી.

પ્રાસ્કોવિયા ઇવાનને માટે જે કંઈ કરતી હતી તે બધું તેને પોતાને જ ખાતર કરતી હતી. અને જે કંઈ તે પોતાને ખાતર કરતી હતી તેને

જ વિશે તેણે પતિને કહ્યું કે "આ બધું હું મારે પોતાને ખાતર જ કરું છું." પણ એ વાત જાણે સાવ અશક્ય હોય એમ તેણે માન્યું કે ઇવાને એમાંથી ઊલટો જ અર્થ કાઢવો જોઈએ.

સાડા અગિયારે પેલો પ્રસિદ્ધ નિષ્ણાત આવ્યો. પાછી તપાસ થઈ. દરદીની હાજરીમાં તેમ જ બીજા ઓરડામાં મૂત્રાશય અને ઍપેન્ડિક્સ વિશે અગત્યની વાતચીતો થઈ. ફરી સવાલ-જવાબ થયા. એ વખતે ડાક્ટરોએ એવું ભારેખમ મોં કર્યું કે દર્દીની સામે જીવનમરણનો જે એકમાત્ર ખરો પ્રશ્ન હતો તેને બદલે મૂત્રાશય અને ઍપેન્ડિક્સનો પ્રશ્ન ઊભો થયો. એ અંગો બરાબર ચાલતાં નથી. તેમના પર હુમલો કરી તેમને રીતસર ચાલતાં કરવાનું બીડું માઇકેલ ડાનીલોવીચ અને પેલા નિષ્ણાતે ઝડપ્યું.

એ પ્રસિદ્ધ નિષ્ણાતે દરદીની રજા લીધી ત્યારે તેનો ચહેરો ગંભીર હતો પણ તેના પર નિરાશાનાં ચિહ્ન નહોતાં. ઇવાને, ભય અને આશાથી ચમકતી આંખે, બીતે બીતે તેને પ્રશ્ન પૂછ્યો કે "હું સાજો થાઉં એવી કંઈ આશા છે ખરી?" ડાક્ટરે કહ્યું: "હું સોળ આના ખાતરી તો નથી આપી શકતો, પણ શક્યતા છે." ઇવાન જે આશાની નજરે ડાક્ટરને બહાર જતો જોઈ રહ્યો તેમાં એટલી બધી કરુણતા ભરેલી હતી કે તે જોઈને પ્રાસ્કોાવયાને, ડાક્ટરને ફી આપવા ઓરડાની બહાર જતાં જતાં જ, રડવું આવી ગયું.

૯

ડાક્ટરના પ્રોત્સાહનથી પ્રગટેલું આશાનું કિરણ ઝાઝો વખત ટક્યું નહીં. એ જ ઓરડો, એ જ ચિત્રો, પડદા, દીવાલના કાગળ, દવાની શીશીઓ એ બધું કાયમ હતું. એનું એ જ દુખાવાથી પીડાતું શરીર પણ મોજૂદ હતું. એટલે ઇવાને ઊંહકારા કરવા માંડ્યા. ડાક્ટરે ઇંજેક્ષન આપ્યું એટલે તે ઘેનમાં પડી ગયો.

એને ભાન આવ્યું ત્યારે સાંજ પડવા આવી હતી. નોકરો એને માટે ખાવાનું લાવ્યા હતા તેમાંથી એણે કંઈક પ્રવાહી માંડ ગળે ઉતાર્યું. તે પછી દરદ ફરી ઊપડ્યું, ને રાત પડવાનો વખત થયો.

જમણ પછી સાત વાગ્યે પ્રાસ્કોવિયા સાંજનો પોશાક સજીને ઓરડામાં આવી. સવારે તેણે ઇવાનને કહી રાખ્યું હતું કે અમે નાટક જોવા જવાનાં

છીએ. સારા બર્નહાર્ટ નામની પ્રસિદ્ધ નટી શહેરમાં આવી હતી, ને એમણે ઇવાનના આગ્રહથી એક 'બૉક્સ' રિઝર્વ કરાવી હતી. ઇવાનને એ વાત વિસારે પડી ગઈ હતી. પત્નીનો ઠાઠ જોઈ તેનું દિલ દુભાયું. પણ છોકરાંઓને આનંદ અને બોધ બંને મળશે માટે તમારે જવું ને 'બૉક્સ'માં જ બેસવું એવો આગ્રહ તેણે પોતે જ કરેલો, એ વાત યાદ આવી એટલે તેણે પોતાની ચીડ છુપાવી.

પ્રાસ્કોવિયા મલકાતી મલકાતી ઓરડામાં આવી. છતાં તેના મોં પર પોતે ગુનેગાર હોય એ જાતનો કંઈક ભાવ હતો. તે બેઠી, ને તબિયતની ખબર પૂછી. ઇવાને જોયું કે એ પૂછે છે તે જાણવા માટે નહીં પણ પૂછવાને જ ખાતર. એ જાણતી તો હતી કે નવી ખબર કશી જ નથી. પછી પ્રાસ્કોવિયા જે ખરી વાત કહેવાની હતી તેના પર આવી: "હું તો કોઈ રીતે ન જાત. પણ હવે બૉક્સ લેવાઈ ગઈ છે. હેલન ને તેની છોકરી પણ આવે છે. પેટ્રોવિચ (તેની છોકરીનો ભાવિ પતિ) પણ આવે છે. એમને કંઈ એકલાં તો ન જ જવા દેવાય. મને તો જરા વાર તમારી પાસે બેસવાનું વધારે ગમત. પણ હું જઈ આવું એટલો વખત ડાક્ટરે કહ્યું છે તે પ્રમાણે જરૂર કરજો હોં!"

"અરે, અને ફેડોર પેટ્રોવિચ (ભાવિ જમાઈ) અંદર આવવા ઇચ્છે છે. આવે? ને લીઝા?"

"ભલે આવે."

તેની દીકરી લીઝા સાંજનો પોશાક પહેરીને આવી. તેનો તાજો યૌવનભર્યો દેહ કેટલોક ઉઘાડો દેખાતો હતો (જે દેહનું તેણે પ્રદર્શન કરેલું તે જ દેહ ઇવાનને પોતાને આટલું દુઃખ દઈ રહ્યો હતો). લીઝા મજબૂત, નીરોગી, પ્રેમઘેલી હતી. તેને માંદગી, દુઃખ ને મૃત્યુ પ્રત્યે અણગમો હતો, કેમ કે એ તેના સુખની આડે આવતાં હતાં.

ફેડોર પેટ્રોવિચ પણ અંદર આવ્યો. તેણે સાંજનો પોશાક પહેર્યો હતો. વાળમાં ફાંકડી રીતે પટિયાં પાડેલાં હતાં. લાંબા ભરાવદાર ગળાની આસપાસ સખત ને અક્કડ કૉલર લગાવેલો હતો. મોટા ધોળા ખમીસનો આગલો ભાગ ને સાંકડું કાળું પાટલૂન મજબૂત સાથળો પર ચપસાઈ જાય એવી રીતે પહેર્યાં હતાં. એક હાથે સફેદ મોજું સખત ખેંચીને ચડાવ્યું હતું, ને બીજા હાથમાં નાટક જોવા જતાં પહેરવાની હૅટ રાખેલી હતી.

એની પાછળ ઇવાનનો નાનો છોકરો પેઠો તેને કોઈએ જોયો નહીં. તેણે આપડાએ નવો ગણવેશ પહેર્યો હતો, ને હાથે મોજાં પહેર્યાં હતાં. તેની આંખો નીચે બહુ જ કાળા ડાઘ દેખાતા હતા, તેનો અર્થ ઇવાન સારી પેઠે જાણતો હતો.

ઇવાનને એના દીકરા પ્રત્યે હંમેશાં બહુ જ દયા ઊપજતી. અત્યારે એ છોકરાનો દયાથી ભરેલો ભયભીત ચહેરો જોતાં બીક લાગે એવું હતું. ઇવાનને લાગ્યું કે જિરાસીમ ઉપરાંત એકલો વાસ્યા જ મને સમજી શકે છે, ને મારી દયા ખાય છે.

આવેલાં બધાં બેઠાં ને ફરી તબિયતની ખબર પૂછવા લાગ્યાં. પછી થોડી વાર મૌન રહ્યું. લીઝાએ માને નાટક જોવાના 'દૂરબીન'* વિશે પૂછ્યું. તે કોણે લીધેલું ને ક્યાં મૂક્યું છે, એ વિશે મા-દીકરી વચ્ચે બોલાચાલી થઈ. તેને લીધે જરા રંગમાં ભંગ પડ્યા જેવું થયું.

ફેડોર પેટ્રોવિચે ઇવાનને પૂછ્યું : "તમે સારા બર્નહાર્ટને જોઈ છે?" ઇવાન પહેલાં તો સવાલ સમજ્યો નહીં. પણ પછી જવાબ દીધો : "ના, તમે એને પહેલાં જોઈ છે?"

"હા. એક વાર એક નાટકમાં જોયેલી."

સારા બર્નહાર્ટ કેટલાક ભાગ ભજવતી હતી તેની વાત પ્રાસ્કોવિયાએ કરી. લીઝાએ જુદો મત દર્શાવ્યો. સારાના અભિનયમાં ગૌરવ અને વાસ્તવ-દર્શન કેટલાં છે એ વિશે વાત ચાલી. આ જાતની વાતચીત હંમેશાં થાય છે, ને એકની એક ઘરેડમાં ચાલે છે.

આ વાતચીત દરમિયાન ફેડોરે ઇવાન તરફ નજર નાખી, ને તે એકદમ ચૂપ થઈ ગયો. બીજાંએ પણ એની સામે જોયું ને ચૂપકી પકડી. ઇવાન ચળકતી આંખે એકીટસે સામે જોઈ રહ્યો હતો, ને આ બધાં પર ગુસ્સે થયેલો લાગતો હતો. આ સ્થિતિમાં સુધારો કરવાની જરૂર હતી; પણ તેમ કરવું અશક્ય હતું. મૌન તોડવાની જરૂર હતી; પણ કેટલોક વખત તો જીભ ઉપાડવાની કોઈની હિંમત જ ચાલી નહીં. સહુને બીક લાગી કે લોકરૂઢિને અનુસરીને જે છેતરપિંડી તેઓ સહુ ચલાવી રહ્યાં હતાં તે ઉઘાડી પડી જશે ને સાચી વાત સહુને સ્પષ્ટ દેખાશે. લીઝાએ સહુથી

* નાનું 'બાઇનૉક્યુલર', જેના વડે નાટકમાં દૂર બેઠેલું માણસ પણ રંગભૂમિ પર ચાલતું દશ્ય નજીક બેસીને જોતું હોય એવું જોઈ શકે.

પહેલી હામ ભીડી એ મૌન તોડ્યું; પણ જે લાગણી દરેક જણના મનમાં હતી તે ઢાંકવાનો પ્રયત્ન કરીને તેણે ઊલટી એ લાગણી ઉઘાડી પાડી.

"ચાલો, આપણે જો જવું હોય તો નીકળવાનો વખત થઈ ગયો છે," પિતાએ ભેટ આપેલા ઘડિયાળ સામે જોઈ લીઝાએ કહ્યું. સાથે સાથે ફેડોરની સામે જોઈ આછું ને અર્થસૂચક સ્મિત પણ કરી લીધું. એ સ્મિતનો અર્થ એ બે જણ જ જાણતાં હતાં. લીઝા ઊઠી, ને એનાં કપડાંનો ફફડાટ થયો.

સહુએ ઊભાં થઈ વિદાય લીધી, ને ચાલ્યાં ગયાં.

એ લોકો ગયા પછી ઇવાનને સહેજ સારું લાગ્યાનો ભાસ થયો; જૂઠાણું એ લોકોની સાથે ચાલ્યું ગયું હતું. પણ દુઃખ તો કાયમ હતું — એનું એ જ દુઃખ ને એની એ વેદના, જેને લીધે કશામાં રસ પડતો નહોતો, કશી વિવિધતા દેખાતી નહોતી, કશું પહેલાં કરતાં અઘરું કે પહેલાં કરતાં સહેલું લાગતું નહોતું. બધું જ પહેલાંના કરતાં બૂરું લાગતું હતું.

ફરી પાછી પળ પછી પળ ને ઘડી પછી ઘડી વીતવા લાગી. આખી ઘટમાળ જેવી ને તેવી ચાલી રહી હતી, ને એમાં ક્યાંયે વિરામ આવતો નહોતો. એ બધાનો જે વિધાતાએ નિર્મેલો અંત હતો તે વધારે ને વધારે ભીષણ દેખાવા લાગ્યો.

"હા, જિરાસીમને મોકલ." પીટરે પૂછેલા એક પ્રશ્નના ઉત્તરમાં ઇવાને કહ્યું.

પ્રાસ્કોવિયા રાતે મોડી પાછી ફરી. તે પગની આંગળીઓ પર ચાલતી ચાલતી અંદર આવી. પણ ઇવાને તેનો પગરવ સાંભળ્યો, આંખ ઉઘાડી, ને તરત જ મીંચી દીધી. તે જિરાસીમને મોકલી દઈ પોતે પતિની પાસે બેસવા માગતી હતી; પણ ઇવાને આંખ ઉઘાડીને કહ્યું: "ના, તું જા."

"દરદ બહુ થાય છે?"

"હંમેશાં થાય છે એવું ને એવું જ."

"જરા અફીણ લો."

ઇવાને એનું માની થોડુંક અફીણ લીધું. પ્રાસ્કોવિયા ચાલી ગઈ.

પરોઢિયે ત્રણેક વાગ્યા સુધી ઇવાન ઘેનની દુઃખદ દશામાં રહ્યો. એને લાગ્યું જાણે મને ને મારા દરદને કોઈ એક સાંકડા ને ઊંડા કાળા

કોથળામાં હડસેલી રહ્યું છે. એ મને દૂર ને દૂર હડસેલે છે, પણ છેક તળિયા સુધી હડસેલી શકતાં નથી. આ વસ્તુ પોતે જ ભયાનક હતી. ને તેમાં વળી પાછો દરદનો ઉમેરો. તેને બીક લાગતી હતી છતાં તે કોથળામાં થઈને સરી પડવા માગતો હતો; તે સામે થવાનો પ્રયત્ન કરતો હતો છતાં સાથ આપતો હતો. એટલામાં ઓચિંતો તે સરી ગયો, નીચે પડ્યો, ને તેને ભાન આવ્યું. જિરાસીમ ખાટલાની પાંગતે બેઠો બેઠો શાન્તિ ને ધીરજથી ઝોકાં ખાતો હતો. ઇવાન પોતે સૂતો હતો, ને તેના સુકાઈ ગયેલા મોજાંવાળા પગ જિરાસીમના ખભા પર ટેકવેલા હતા. એનો એ 'છત્તર'વાળો દીવો, ને એનું એ નિરંતર થતું દરદ.

"તું જા, જિરાસીમ," તે સહેજ હોઠ ફફડાવીને બોલ્યો.

"કશો વાંધો નથી, સાહેબ. જરા વાર બેસીશ."

"ના. તું જા."

તેણે જિરાસીમના ખભા પરથી પગ ખસેડ્યા, પડખું ફેરવી હાથને ટેકે સૂઈ રહ્યો, ને પોતાની અવદશા પર વિમાસણ કરવા લાગ્યો. જિરાસીમ જોડેના ઓરડામાં જાય એની જ વાટ એ જોતો હતો. પછી તેનાથી રહેવાયું નહીં, એટલે બાળકની પેઠે રડી પડ્યો. પોતાની અસહાય દશા, ને ભયાનક એકલતા, માણસની ક્રૂરતા, ઈશ્વરની ક્રૂરતા, ને ઈશ્વરની ગેરહાજરી એ એનાં રડવાનાં કારણ હતાં.

"હે ભગવાન, તેં આ બધું શા સારુ કર્યું છે? તું મને અહીં શા માટે લાવ્યો છે? શા માટે, શા માટે, તું મને આટલું ઘોર દુઃખ દે છે?"

એ જવાબની આશા રાખતો નહોતો; ને છતાં જવાબ નહોતો મળતો ને મળી શકે એમ પણ નહોતું એટલા માટે રડવા લાગ્યો. એનું દરદ વધારે ને વધારે તીવ્ર બનતું ગયું. પણ એ ન તો હાલ્યો, ન એણે કોઈને બૂમ મારી. તેણે મનમાં કહ્યું: "ચલાવ, ચલાવ! માર તારે મને મારવું હોય તેટલું. પણ આ બધું શાને માટે? મેં તારું શું બગાડ્યું છે? શા સારુ આમ કરે છે?"

પછી તે શાન્ત થઈ ગયો. રડવાનું બંધ કર્યું, એટલું જ નહીં પણ સાસ પણ રોકી લીધો ને ચિત્તને એકાગ્ર કરી દીધું. જાણે તેના કાનને કોઈ બહારનો અવાજ નહીં, પણ અંતર્યામી આત્માનો અવાજ, અંતરમાં ઊઠતી વિચારમાળા, સંભળાતાં હોય એમ તે એકધ્યાન થઈ ગયો.

"તારે શું જોઈએ છે?" શબ્દ દ્વારા પ્રગટ કરી શકાય એવી પહેલ-વહેલી સ્પષ્ટ કલ્પના એણે આ સાંભળી.

"તારે શું જોઈએ છે? તારે શું જોઈએ છે?" તેણે મનમાં ને મનમાં એ પ્રશ્નનો પુનરુચ્ચાર કર્યો.

"મારે શું જોઈએ છે? મારે જીવવું છે, ને દુઃખ નથી ભોગવવું," તેણે જવાબ દીધો.

ફરી પાછો તે એવા એકાગ્ર ચિત્તે સાંભળી રહ્યો કે દરદથી પણ એના ધ્યાનમાં ભંગ ન પડ્યો.

"જીવવું છે? કેવી રીતે?" અંતરનાદે પૂછ્યું.

"કેમ, જેવી રીતે જીવતો હતો તેવી રીતે જ તો — શ્રીમંતાઈ અને સુખચેનમાં."

"તું જીવતો હતો તેવી જ રીતે — શ્રીમંતાઈ અને સુખચેનમાં?" અંતર-નાદે એના જ શબ્દો સામા ઉચ્ચાર્યા.

તેણે તેના સુખી જીવનની સર્વોત્તમ ક્ષણો યાદ કરવા માંડી. પણ વિચિત્ર વાત એ બની કે તેના સુખી જીવનની સર્વોત્તમ ક્ષણોમાંથી, બાળ-પણનાં પ્રથમ સ્મરણો બાદ કરતાં, એક પણ ક્ષણ જેવી પહેલાં લાગતી હતી તેવી હવે લાગી નહીં. તે વેળાએ, એટલે કે બાળપણમાં, એવું કંઈક ખરેખર સુખદાયક હતું જે ફરી મળે તો તેના વડે સુખમાં રહી શકાય. પણ જે બાળકે એ સુખ અનુભવેલું તે બાળક હવે રહ્યું નહોતું; ને એ જાણે કોઈ બીજા માણસનાં સંસ્મરણો હોય એમ લાગતું હતું.

જે સમયમાં અત્યારનો ઇવાન ઘડાઈને નીકળ્યો તે સમય આવ્યો કે તરત, જે કંઈ અગાઉ આનંદદાયક લાગેલું તે બધું તેની નજર આગળથી ઓગળી ગયું, ને નજીવું ને અકારું બની ગયું.

અને પછી જેમ જેમ તે બાળપણથી આઘો ખસતો ગયો ને વર્તમાન સમયની નજીક આવતો ગયો તેમ તેમ એ આનંદો વધારે ને વધારે નકામા ને નિરર્થક લાગતા ગયા. એ સમયની શરૂઆત કાયદાની નિશાળથી થઈ. એ સમયમાં પણ હજુ ખરેખરું સુખ થોડુંક હતું — પ્રસન્નતા હતી, મિત્રતા હતી, આશા હતી. પણ ઉપલા વર્ગોમાં એવી સારી ક્ષણો ક્યારની ઓછી થવા માંડી હતી. પછી તેની સરકારી નોકરીનાં શરૂઆતનાં વરસોમાં, તે સૂબાના હાથ નીચે હતો તે વખતમાં, કેટલીક સુખદાયક ક્ષણો ફરી આવી

ગઈ: એ એક સ્ત્રી પ્રત્યેના પ્રણયની યાદગીરીઓ હતી. ત્યાર પછી બધું અસ્તવ્યસ્ત થઈ ગયું, ને તેમાં સુખનો અંશ ઓછો હતો. આગળ જતાં એ સુખનો અંશ એથીયે ઓછો થઈ ગયો, ને તે જેમ જેમ આગળ વધતો ગયો તેમ તેમ સુખની માત્રા ઉત્તરોત્તર ઘટતી ગઈ. સાવ આકસ્મિક સંયોગોમાં થયેલું તેનું લગ્ન, તે પછી થયેલો ભ્રમનિરાસ, પત્નીનો ગંધાતો શ્વાસ, તેની વિલાસપ્રિયતા ને તેનો દંભ; પછી જીવલેણ સરકારી નોકરી ને પૈસા વિશેની ચિંતા, એક વરસ, બે વરસ, વીસ વરસ, ને તોયે એની એ જ સ્થિતિ. ને જેમ એ જીવન વધારે ચાલ્યું તેમ તેનો ઘસારો વધતો ગયો. "હું માનતો હતો કે ઉપર જાઉં છું, પણ ખરેખાત તો હું નીચે ઘસડાતો હતો. ખરેખાત એવું જ હતું. લોકોની નજરે હું ઊંચે ચડતો હતો, પણ એટલા પ્રમાણમાં મારું જીવન ઓટની પેઠે ઓસરી જતું હતું. હવે એ પૂરેપૂરું ઓસરી રહ્યું છે.

"ત્યારે આનો અર્થ શો? કેમ? જીવન તો કંઈ આવું નિરર્થક ને ભયાનક હોઈ ન શકે. પણ એ ખરેખર ભયાનક ને નિરર્થક વીત્યું છે; તો પછી મારે મરવાનું શા સારુ આવે — ને તે પણ આમ રિબાઈ રિબાઈને શા સારુ મરવું પડે? આમાં કંઈક ભૂલ હોવી જોઈએ!"

"સંભવ છે મારે જેવી રીતે જીવવું ઘટતું હતું એવી રીતે હું ન જીવ્યો હોઉં." આ વિચાર તેના મનમાં એકાએક ઝબકારાની પેઠે આવ્યો. "પણ એમ કેમ બની શકે? મેં તો એકેએક કામ યોગ્ય રીતે જ કર્યું હતું," તેણે જવાબ આપ્યો. જીવનમરણના તમામ કોયડાઓનો આ જે એકમાત્ર ઉકેલ છે, તેને તેણે સાવ અશક્ય વસ્તુ ગણીને મનમાંથી તરત જ કાઢી નાખ્યો.

"ત્યારે હવે તારે શું જોઈએ છે? જીવવું છે? કેવી રીતે જીવવું છે? 'જજ સાહેબ આતે હૈં!' એમ છડીદાર અદાલતમાં પોકારતો ત્યારે તું જેવી રીતે જીવતો હતો એવી રીતે જીવવું છે?" "જજ સાહેબ આવે છે, જજ સાહેબ!" તે મનમાં જ કહેવા લાગ્યો. "જજ તો આ આવ્યા. પણ હું ગુનેગાર નથી હોં!" તે ક્રોધથી બોલી ઊઠ્યો. "આ બધું શાને સારુ છે?" તે રડતો બંધ થયો, પણ દીવાલ તરફ મોઢું ફેરવીને એક જ સવાલ પર વિચાર કરવા લાગ્યો: આ બધો ત્રાસ શાને સારુ, ને શા હેતુસર છે? પણ તેણે ગમે તેટલો વિચાર કર્યો તોયે તેને કશો જવાબ મળ્યો નહીં.

મારે જીવવું ઘટતું હતું તેવી રીતે હું નથી જીવ્યો તેનું આ બધું પરિણામ છે, એ વિચાર એને જેટલી વાર આવતો — ને ઘણી વાર આવતો — તેટલી વાર તે એમ યાદ કરતો કે મારા જીવનમાં મેં જરાયે અનીતિ નથી કરી. અને તેથી તે પેલા વિચિત્ર વિચારને મનમાંથી હાંકી કાઢતો.

૧૦

બીજું એક પખવાડિયું વીતી ગયું. ઇવાન હવે સોફામાંથી ખસતો નહીં. ખાટલા પર ન સૂઈ જતાં સોફા પર જ પડી રહેતો, ને લગભગ બધો વખત દીવાલ સામે જ મોઢું રાખતો. તેની વેદના નિરંતર ચાલુ હતી, ને ઉકલવા અશક્ય એવા એકના એક સવાલને તે એકલો પડચો પડચો હંમેશાં વાગોળ્યા કરતો : "આ શું છે? આ મોત હોઈ શકે?" અને અંતરનાદ જવાબ દેતો : "હા, એ મોત છે."

"આ પીડા કેમ થાય છે?" અને અંતરનાદ જવાબ દેતો : "એનું કશું કારણ નથી. બસ, થાય છે એ જ." આની પાર ને આની ઉપરાંત કશું સમજાતું કે કળી શકાતું નહોતું.

માંદગીની છેક શરૂઆતથી, તે ડાક્ટરને પહેલવહેલો મળવા ગયો ત્યારથી, ઇવાનનું જીવન બે પરસ્પર વિરોધી ને એક પછી એક ઊઠતા વૃત્તિપ્રવાહોમાં વહેંચાઈ ગયું હતું; ક્યારેક નિરાશા છવાઈ જતી, ને આ અકળ ને ભયાનક મૃત્યુનાં પગલાં સંભળાતાં; ક્યારેક આશાનો સંચાર થતો, ને શરીરના અવયવોનું અત્યંત રસપૂર્વક અવલોકન ચાલતું, ક્યારેક નજર આગળ થોડાક વખતને માટે પોતાનું કામ ન કરવાની જીદ લઈને બેઠેલાં મૂત્રાશય કે આંતરડું જ દેખાતાં; અને ક્યારેક પેલા અકળ ને ભયાનક મૃત્યુના ભણકારા વાગતા, ને એના પંજામાંથી છૂટવું અશક્ય છે એવી ખાતરી થતી.

આ બે મનોદશા તેની માંદગીની છેક શરૂઆતથી વારાફરતી આવ્યાં કરતી. પણ માંદગી જેમ જેમ વધતી ગઈ તેમ તેમ મૂત્રાશયવાળી કલ્પના વધારે શંકાસ્પદ ને વિચિત્ર લાગતી ગઈ, અને મોત પાસે ને પાસે આવતું દેખાવા લાગ્યું.

તે ત્રણ મહિના પહેલાં કેવો હતો ને અત્યારે કેવો છે એનું તે

નિરીક્ષણુ કરે, ને પોતે ઉત્તરોત્તર કેવો નીચે સરતો જાય છે એ યાદ કરે એટલી જ વાર હતી. એટલું એક જ કામ તેની રહીસહી બધી આશા પર પાણી ફેરવવાને બસ હતું.

પાછલા દિવસોમાં તે સોફાની પીઠ સામે નજર નાખીને પડચો રહેતો ત્યારે તેને લાગતું જાણે હું એકલો અટૂલો છું. મોટી વસ્તીવાળા શહેરમાં ને અનેક સગાંસ્નેહીઓ આસપાસ રહેતાં હોવા છતાં, તેને જે એકલતા લાગતી તે આના કરતાં બીજી કોઈ પણ જગાએ — દરિયાને તળિયે કે પૃથ્વીના ઉદરમાં પણ — વધારે સૂનકારવાળી ન લાગત. એ ભીષણ એકલતા દરમ્યાન ઇવાન કેવળ ભૂતકાળનાં સ્મરણોમાં જ વસતો હતો. તેના ભૂતકાળનાં ચિત્રો એક પછી એક તેની નજર સામે ખડાં થતાં હતાં. તેની શરૂઆત જે વસ્તુ સમયની દૃષ્ટિએ નજીકમાં નજીક હોય તેનાથી થતી, અને પછી દૂર દૂરની ઘટનાઓ આવતી, બાળપણનાં સ્મરણો જાગતાં, ને એ પ્રવાહ ત્યાં અટકી જતો. તે દિવસે એને ખાવામાં બાફેલાં 'પ્રૂન' * અપાયાં હોય ને તેનો વિચાર આવ્યો હોય, તો પછી બાળપણમાં કેવાં કાચાં સુકાઈ ગયેલાં ફ્રેન્ચ પ્રૂન મળતાં તેની અમુક પ્રકારની ખાસ સુવાસ આવતી, ને એના ઠળિયા ચૂસતાં મોંમાં કેવું પાણી છૂટતું, એ યાદ આવતું. એ સ્વાદના સ્મરણની સાથે એ દિવસોનાં સ્મરણોની આખી હારમાળા ચાલી આવતી; તેની આયા, તેનો ભાઈ, ને તેમનાં રમકડાં, એ બધું યાદ આવતું. "ના, મારે એનો વિચાર ન કરવો જોઈએ... એ બધું યાદ કરતાં દુ:ખ થાય છે, ને એ દુ:ખ નથી સહ્યું જતું." એમ તે મનમાં કહેતો; પાછો વર્તમાન સમયના વિચાર પર આવતો; ને સોફાની પીઠ પરના બટન વિશે ને સોફા પરના મોરોક્કો ચામડા વિશે વિચાર કરવા માંડતો. "મોરોક્કો ચામડું મોંઘું છે પણ તે ઝાઝું ટકતું નથી. એને વિશે તો અમારે વરવહુને તકરાર થયેલી. અમે બાપાજીનું ચામડાનું દફતર ફાડી નાખેલું ને અમને માર પડેલો ત્યારની તકરાર જુદી જાતની હતી, ને ત્યારનું મોરોક્કો ચામડું પણ જુદી જાતનું હતું. તે વખતે બાએ એમને મીઠાઈ આપેલી..." પાછા એને બાળપણના વિચારો આવવા લાગ્યા. એ વિચારોથી દુ:ખ થવા

* એક ઠળિયાવાળું ફળ.

લાગ્યું; એટલે તેણે એ વિચારોને હાંકી કાઢી બીજી કોઈ વસ્તુ પર ચિત્તને ફેરવવાનો પ્રયત્ન કર્યો.

પછી ફરી, એ સ્મરણમાળાની સાથે બીજી એક માળા એના મનમાંથી પસાર થઈ ગઈ — એની માંદગી કેવી રીતે નાનીમાંથી મોટી થઈ ને દહાડે દહાડે બગડતી ગઈ હતી તે યાદ આવ્યું. એમાં પણ એ જેમ જેમ ભૂતકાળમાં વધારે દૂર જતો ગયો તેમ તેમ જીવનમાં સુખ વધારે દેખાતું ગયું. જીવનમાં સુખ અને સ્ફૂર્તિ બંને એ વખતે વધારે હતાં. બે ભેગાં થઈ એકરસ બની ગયાં હતાં. તેણે વિચાર કર્યો : "જેમ દરદ વધતું ગયું તેમ મારું જીવન પણ વધારે ને વધારે દુઃખમય થતું ગયું. ત્યાં ભૂતકાળમાં, જીવનની શરૂઆતમાં, એક ઊજળું ટપકું છે; પછી બધું વધારે ને વધારે કાળું થતું જાય છે; અને મૃત્યુ જેમ જેમ પાસે આવતું જાય છે તેમ તેમ કાળાશ ઉત્તરોત્તર વધતી જાય છે." કાંકરો ઊંચેથી નીચે પડે ત્યારે તેનો વેગ ઉત્તરોત્તર વધતો જાય છે, એ દાખલો એને યાદ આવ્યો. જીવન એ વધતાં જતાં દુઃખોની ઘટમાળ છે, ને તે ઊડતું ઊડતું એના અંત તરફ — એટલે કે ભીષણમાં ભીષણ દુઃખ તરફ આગળ વધે છે. "હું ઊડું છું..." તે થથરી ઊઠયો. તેણે પાસું ફેરવ્યું, ને સામા થવાનો પ્રયત્ન કર્યો, પણ તેને ખબર પડી ગઈ હતી કે સામા થવાનો પ્રયત્ન મિથ્યા છે. તેની આંખો જોઈ જોઈને થાકી ગઈ હતી, છતાં તેનાથી સામે જોવાનું બંધ કરી શકાતું નહોતું. એટલે તે સોફાની પીઠ તરફ ટગર ટગર જોઈ રહ્યો, ને રાહ જોવા લાગ્યો — પેલું ભયંકર પતન, ને આઘાત, ને વિનાશ ક્યારે આવે છે તેની રાહ જોવા લાગ્યો.

"સામે થવું તો અશક્ય છે!" તેણે મનમાં કહ્યું, "અરે, આ બધું શાને માટે છે એટલું જ હું સમજી શક્યો હોત તોયે બસ હતું! પણ એય અશક્ય છે. એક ખુલાસો આપી શકાય એવો છે ખરો. પણ તો તો મારે એમ કહેવું પડે કે મારે જેવી રીતે જીવવું જોઈતું હતું તેવી રીતે હું જીવ્યો નથી. પણ એમ તો કહી શકાય એવું છે જ નહીં." પોતે કાયદાના, નીતિના ને શિષ્ટાચારના બધા નિયમો કેવા પાળેલા એ એને યાદ આવ્યું. "આ આરોપ તો જ ન કબૂલ કરી શકાય," તેણે મનમાં કહ્યું; ને તેના હોઠ પર કટાક્ષવાળું સ્મિત ફરક્યું — જાણે કોઈ એ સ્મિત જોઈ શકવાનું હોય ને તેનાથી છેતરાવાનું હોય! "ત્યારે આનો કશો ખુલાસો નથી! દર્દ, મૃત્યુ... શાને સારુ?"

૧૧

બીજાં બે અઠવાડિયાં આ રીતે વીતી ગયાં. એ પખવાડિયામાં ઇવાન ને તેની પત્નીને મનગમતો એક બનાવ બન્યો. પેટ્રીશેવે વિધિપૂર્વક લીઝાની પાસે લગ્નનું માગું કર્યું. એ બનાવ એક દિવસ સાંજે બનવા પામ્યો. બીજે દિવસે આ ખુશખબર પતિને કેવી રીતે આપવી એનો વિચાર કરતી કરતી પ્રાસ્કોવિયા તેના ઓરડામાં આવી. પણ આગલી રાતે જ ઇવાનની સ્થિતિમાં નવો બગાડો થયો હતો. પ્રાસ્કોવિયા આવી ત્યારે તે સોફામાં જ, પણ રોજ કરતાં જુદી સ્થિતિમાં, પડચો પડચો કણસતો હતો, ને એકીટસે સામે જોઈ રહ્યો હતો.

પ્રાસ્કોવિયા એને દવા લેવાનું યાદ કરાવવા ગઈ, પણ ઇવાને એના તરફ આંખ ફેરવી એવી નજરે જોયું કે એની જીભ જ સિવાઈ ગઈ. એ નજરમાં એટલી બધી શત્રુતાનો — ખાસ કરીને એના પ્રત્યે — ભાવ ભરેલો હતો.

"ઈસુને ખાતર મને શાન્તિથી મરવા દો!" ઇવાને કહ્યું.

પ્રાસ્કોવિયા પાછી જતી રહી હોત, પણ એ જ પળે તેની દીકરી આવી ને અંદર પિતાને 'સુપ્રભાતમ્' કરવા ગઈ. ઇવાને પત્ની સામે નાખી હતી તેવી જ નજર દીકરી સામે નાખી, ને એણે તબિયતની ખબર પૂછી તેના જવાબમાં મોઢું ચડાવીને કહ્યું: "મારી ઊઠવેઠ તમારે હવે ઝાઝા દહાડા નહીં કરવી પડે." મા-દીકરી બંને ચૂપ થઈ ગયાં, ને થોડોક વખત બેસી ચાલ્યાં ગયાં.

"એમાં આપણો વાંક છે?" લીઝાએ માને કહ્યું. "જાણે આપણે જ એમને માંદા ન પાડચા હોય! બાપાજીને માટે મને દુઃખ થાય છે. પણ આમ આપણને શા સારુ ડામતા હશે?"

ડાકટર રોજને વખતે આવ્યો. એને ઇવાને 'હા,' 'ના' વગેરે જવાબ આપ્યા, પણ તેની સામેથી ક્રોધભરી આંખ જરા પણ ખસેડી નહીં, ને છેવટે કહ્યું: "તમે જાણો તો છો કે તમે મારે માટે કશું કરી શકવાના નથી. માટે મને એકલો પડી રહેવા દો ને!"

"અમે તમારું દુઃખ જરા હળવું કરી શકીએ છીએ."

"તમે તે પણ નથી કરી શકતા. રહેવા દો ને, મારા સાહેબ!"

ડાક્ટરે દીવાનખાનામાં જઈ પ્રાસ્કોવિયાને કહ્યું : "શેઠને વેદના બહુ સખત થતી હોવી જોઈએ. અફીણ એ જ એને જરા શાંત પાડવાનો એકમાત્ર ઇલાજ રહ્યો છે. કેસ બહુ જ ગંભીર છે."

ડાક્ટરે કહ્યું તે સાચું હતું. ઇવાનને બહુ જ તીવ્ર વેદના થતી હતી. પણ શારીરિક વેદના કરતાં ખરાબ તો તેની માનસિક વેદના હતી; ને વધારે મૂંઝારો તો એનાથી થતો હતો.

માનસિક વેદના વધવાનું એક કારણ હતું. તે રાત્રે જિરાસીમનો ઊંઘે ભરાયેલો ચહેરો, તેના પરનો ભલમનસાઈનો ભાવ, ને ઊપસી આવેલાં ગાલનાં હાડકાં જોતાં જોતાં તેના મનમાં એકાએક એ સવાલ ઊઠેલો : "મારી આખી જિંદગી ખરેખરી ખરાબ ગઈ હોય તો?"

તેને એકાએક એમ થયું કે જે વાત પહેલાં સાવ અશક્ય લાગતી હતી તે કદાચ સાચી હોય, અને મારે મારી જિંદગી જેવી રીતે ગાળવી જોઈતી હતી તેવી રીતે મેં ન ગાળી હોય. તેને થયું કે ઊંચામાં ઊંચા દરજ્જા ભોગવનાર માણસો જે કામને સારાં માનતા હતા તેની સામે મારા મને વિરોધના અવાજ તો ઉઠાવેલા, પણ તે એટલા ધીમા હતા કે સાંભળવા મુશ્કેલ હતા. મારા મનના એ સાવ ધીમા અવાજને, ને સહેજે જોઈ ન શકાય એવા એના ઉછાળાને, મેં તરત જ દબાવી દીધેલા. પણ સંભવ છે કે એ અવાજે ચીંધેલો રસ્તો જ સાચો હોય, ને હું આડે રસ્તે ચડી ગયો હોઉં. મારી ધંધાની ફરજો, મારા જીવનની ને મારા કુટુંબની બધી ગોઠવણ, ને સમાજ અને સરકારના કામકાજમાં મેં લીધેલો રસ ને મારા રંગરાગ, એ બધા મારા અવળા ધંધા હોય. એ બધાં કામોનો તેણે પોતાના મનની સમક્ષ બચાવ કરવાનો પ્રયત્ન કર્યો, પણ એ બચાવ કેવો લૂલો છે તેનું તેને એકાએક ભાન થઈ આવ્યું. તેણે જોયું કે મેં જે કંઈ કર્યું છે તેને માટે કશો બચાવ જ થઈ શકે એમ નથી.

તે મનમાં કહેવા લાગ્યો : "પણ જો એમ હોય, ને મને જે કંઈ મળેલું તે મેં વેડફી નાખ્યું ને હવે એ ભૂલ સુધારવાનો કશો ઇલાજ જ નથી, એવું ભાન મનમાં લઈને હું આ સંસારની વિદાય લેવાનો હોઉં,— તો શું?"

તેણે સોફા પર પડ્યે પડ્યે પોતાના જીવનનું નવી જ રીતે અવલોકન કરવા માંડ્યું. સવારે તેણે પહેલાં નોકરને, પછી પત્નીને, પછી દીકરીને,

ને પછી ડાકટરને એક પછી એક જોયેલાં ત્યારે તેમનું એક એક વચન ને તેમની એક એક હિલચાલ તેને કહી આપતાં હતાં કે તેને રાતે જે ભીષણ સત્ય દેખાયું તે સાચું છે. એ બધાંમાં એણે પોતાનું જ પ્રતિબિંબ જોયું; પોતે જે જે વસ્તુને માટે જીવ્યો હતો તે બધી એમનામાં મૂર્તિમંત થયેલી જોઈ અને તેને દીવા જેવું દેખાઈ આવ્યું કે આ સત્ય નથી, પણ આ એક ભીષણ ને જબરદસ્ત છેતરપિંડી છે, ને એણે જીવન અને મૃત્યુ બંનેને ઢાંકી દીધાં છે. એને આ વસ્તુસ્થિતિનું ભાન થયું એને લીધે એની શારીરિક વેદના દસગણી વધી ગઈ. તે કણસવા લાગ્યો, સૂતો સૂતો જ ઉછાળા મારવા લાગ્યો; અને પહેરેલાં કપડાંથી શ્વાસ રૂંધાતો હતો ને જીવ અકળાતો હતો એટલે કપડાં ખેંચવા લાગ્યો. ને એટલા માટે એને કપડાં અકારાં થઈ પડ્યાં.

તેને અફીણનો એક મોટો ડોઝ આપવામાં આવ્યો એટલે તે બેભાન થઈ ગયો. પણ મધ્યાહ્નને દરદ ફરી શરૂ થયું. તેણે બધાંને કાઢી મૂક્યાં, ને એક પડખેથી બીજે પડખે ઉછાળા મારવા માંડ્યા.

પ્રાસ્કોવિયા એની પાસે આવીને કહેવા લાગી :

"ઝાં, મારા વહાલા, આટલું મારે ખાતર ન કરવા દો? એથી નુકસાન કશું નથી થવાનું. ઘણી વાર એથી ફાયદો થાય છે. સાજા માણસ પણ ઘણી વાર કરાવે છે."

ઇવાને આંખો ફાડી. "શું? પાદરીને બોલાવી ધર્મક્રિયા કરાવું? કેમ? કશી જરૂર નથી એની. છતાં..."

પ્રાસ્કોવિયા રડવા લાગી. "હા વહાલા, એટલું જરૂર કરાવવા દો. હું પાદરીને બોલાવું, કેવા સારા માણસ છે આપણા પાદરી!"

"ભલે. બહુ સારું," ઇવાન ગણગણ્યો.

પાદરીએ આવી ઇવાનની પાપની કબૂલાત સાંભળી ત્યારે ઇવાનનું હૈયું પીગળી ગયું; તેને પોતાની શંકાઓનું ને તેથી દુઃખનું નિવારણ થતું લાગ્યું; ને પળવાર આશાનું એક કિરણ દેખાયું. તે ફરી એપેન્ડિક્સનો વિચાર કરવા લાગ્યો, ને તે સુધરશે એવી આશા તેને આવી. પાદરીએ આપેલા આશીર્વાદ માથે ચડાવતાં તેની આંખમાં આંસુ આવ્યાં.

આ પછી એને ફરી સુવાડ્યો ત્યારે એને ક્ષણેક વાર આરામ લાગ્યો, ને હું કદાચ જીવી જઈશ એવી આશા મનમાં ફરી જાગી. ડાકટરોએ તેને

જે ઑપરેશન કરાવવાનું કહેલું તેનો વિચાર તે કરવા લાગ્યો. "જીવવું છે! મારે જીવવું છે!" તે મનમાં કહેવા લાગ્યો.

ધર્મક્રિયા થયા પછી પ્રાસ્કોવિયા તેને અભિનંદન આપવા આવી, ને એવે વખતે રિવાજ પ્રમાણે કહેવાય એટલા શબ્દો કહી ઉમેર્યું:

"તમને જરા આરામ લાગે છે, નહીં?"

તેની સામે જોયા વિના ઇવાને કહ્યું: "હા."

પ્રાસ્કોવિયાનો પોશાક, તેનું શરીર, તેના ચહેરા પરનો ભાવ, તેનો સાદ બધાં એક જ વસ્તુ કહી આપતાં હતાં: "આ ખોટું છે; જેવું હોવું જોઈએ તેવું નથી. તમે જેને માટે જીવ્યા છો ને હજુ જીવો છો તે બધું જૂઠાણું ને છેતરપિંડી છે. એ જૂઠાણું તમને જીવન અને મૃત્યુની ઝાંખી કરવા દેતું નથી." આ વિચારને એણે મનમાં ઘૂસવા દીધો કે તરત તેની તિરસ્કારવૃત્તિ ને તીવ્ર શારીરિક વેદના પાછાં જાગી ઊઠ્યાં. અને એ વેદનાની સાથે, જે મોતને પાછું ઠેલી શકાય એમ નહોતું તે મોતનાં પગલાંના ભણકારા એના કાનમાં વાગવા માંડ્યા.

પેલી 'હા' કહેતી વખતે એના મોઢા પરનો ભાવ ભયાનક હતો. એ 'હા' કહ્યા પછી ઇવાને પત્નીની આંખ સાથે આંખ મિલાવી, એની નબળી અવસ્થામાં અસાધારણ ગણાય એવી ઝડપથી મોઢું ફેરવ્યું, ને બૂમ પાડી:

"જા અહીંથી! જતી રહે! પડી રહેવા દે મને એકલો!"

૧૨

એ પળથી એની ચીસો શરૂ થઈ તે ત્રણ દિવસ સુધી ચાલી. એ ચીસો એવી ભયાનક હતી કે જોડેના બે ઓરડાનાં બારણાં બંધ કરી રાખ્યાં હોય તો તેની પાર પણ એ ચીસ સંભળાતાં ત્રાસ છૂટતો. જે ક્ષણે ઇવાને પત્નીને જવાબ દીધો તે ક્ષણે એને સમજાઈ ગયું કે હું ગયો: હવે પાછું આવી શકાવાનું નથી; મોત હવે આવ્યું; આ જ મોત છે; મારી શંકાનું નિવારણ થયું નહીં; ને શંકા તે શંકા જ રહી ગઈ.

"ઓ! ઓ! ઓ!"ની ચીસ તે અનેક સૂરે પાડવા લાગ્યો. તેણે ચીસ શરૂ કરી હતી "નહીં કરું ઓ રે!"થી; ને 'ઓ' અક્ષર પર જ ચીસ ચાલુ રહી હતી.

પૂરા ત્રણ દિવસ સુધી એને સમયનું ભાન રહ્યું નહીં, ને કોઈ અદૃશ્ય

ને અમોઘ શક્તિ એને જે કાળા કોથળામાં હડસેલતી હતી તે કોથળામાં એણે વલખાં માર માર કર્યાં. શિરચ્છેદની સજા પામેલો માણસ જલ્લાદની આગળ જેવાં વલખાં મારે એના જેવાં એ વલખાં હતાં. એને ખબર તો હતી કે હવે હું ઊગરવાનો નથી. દરેક પળે એને લાગતું હતું કે ગમે તેટલાં વલખાં મારીશ ને ગમે તેટલી મથામણ કરીશ તોયે પેલી જે વસ્તુ મને ડરાવી રહી છે તેની પાસે ને પાસે હું ઘસડાતો જાઉં છું. એને લાગતું હતું કે આ વેદના થાય છે એનું એક કારણ એ છે કે કોઈ મને પેલી કાળી બખોલમાં હડસેલે છે; ને એથી મોટું કારણ એ છે કે મારાથી સીધા એ બખોલમાં ઊતરી પડાતું નથી. મારું જીવન સારું ગયું છે એવી એની જે ખાતરી હતી તે એને પેલી બખોલમાં ઊતરી પડતા આડે આવતી હતી. પોતાના જીવનનો એ જે બચાવ તે કરતો હતો તે એને સખત પકડી રાખતો હતો, ને એને આગળ વધવા દેતો નહોતો. એને મોટામાં મોટી વેદના આ કારણને લીધે થતી હતી.

એકાએક કોઈ અદીઠ શક્તિએ એની છાતીમાં ને પડખામાં જોરથી ધક્કો માર્યો. તેને લીધે તેને શ્વાસ લેવાનું વધારે મુશ્કેલ થઈ પડ્યું, ને તે સીધોસટ પેલી બખોલમાં ઊતરી પડ્યો. બખોલને તળિયે અજવાળું હતું. માણસ રેલગાડીમાં બેઠો હોય ત્યારે કોક વાર એને એવો ભાસ થાય છે જાણે ગાડી પાછી જાય છે, પણ ખરું જોતાં તો ગાડી આગળ જતી હોય છે; ને એકાએક એ માણસને ગાડીની ખરી દિશા સમજાઈ જાય છે. એના જેવો અનુભવ ઇવાનને થયો.

"હા, એ બધું વર્તન સારું નહોતું," તેણે મનમાં કહ્યું, "પણ એની કંઈ ફિકર નહીં. એ બદલી શકાશે. પણ ત્યારે સારું વર્તન શાને કહેવાય?" તેણે પોતાના મનને પૂછ્યું, ને તે એકાએક શાન્ત થઈ ગયો.

આ ઘટના ત્રીજા દિવસને અંતે, એના મરણ પહેલાં બે કલાક પર બની. એ જ વખતે એનો નાનો છોકરો ધીરે રહીને ઓરડામાં આવ્યો હતો ને ખાટલા પર પહોંચી ગયો હતો. મરણપથારીએ પડેલો દરદી હજુ ચીસે-ચીસ પાડતો હતો, ને હાથ વડે જોરથી બાથોડિયાં મારતો હતો. તેનો હાથ છોકરાના માથા પર પડ્યો. છોકરાએ તે પકડી લીધો, પોતાના હોઠ સાથે દબાવ્યો. ને રોવા માંડ્યું.

એ જ ક્ષણે ઇવાન બખોલમાં સરી પડ્યો ને એને અજવાળાની ઝાંખી

થઈ. એ અજવાળામાં એને દેખાયું કે મારું જીવન જેવું જવું જોઈતું હતું તેવું નથી ગયું એ સાચું, છતાં હજુ એમાં સુધારો કરી શકાશે. તેણે મનમાં પૂછ્યું: "સારું વર્તન શાને કહેવાય?" તે શાંત થઈ એકચિત્તે સાંભળી રહ્યો. પછી એને લાગ્યું જાણે કોઈ એના હાથને ચૂમી લઈ રહ્યું છે. એણે આંખ ઉઘાડી, છોકરા સામે જોયું, ને તેને માટે એને ખેદ થયો. તેની પત્ની પાસે આવી. ને ઇવાને તેની સામે નજર નાખી. તે મોઢું ફાડીને એની સામે જોઈ રહી હતી. તેના નાક ને ગાલ પર તાજાં આંસુ હતાં, ને મોઢા પર નિરાશા છવાઈ ગયેલી હતી. ઇવાનને એને માટે પણ ખેદ થયો.

તેને થયું: "હા, હું એમને દુઃખી કરી રહ્યો છું. એમને અત્યારે દુઃખ થાય છે, પણ હું મરી જઈશ એટલે બિચારાં છૂટશે." એને આ વાત કહેવાનું મન થયું, પણ એટલું બોલવાની શક્તિ એનામાં નહોતી. તેણે પત્ની સામે જોઈ છોકરો બતાવ્યો ને કહ્યું: "એને લઈ જા... એને માટે ખેદ થાય છે... તારે માટે પણ ખેદ થાય છે..." તે ઉમેરવા માગતો હતો: "મને માફ કર," પણ બોલાયું 'માખ', ને તેણે હાથ હલાવ્યો. તેને ખબર હતી કે જે અંતર્યામીની સમજ ખરી અગત્યની છે તે તો મનનો ખરો ભાવ સમજવાનો જ છે.

અને એકાએક તેને સાફ સાફ દેખાયું કે જે દરદ એને ત્રાહ્ય ત્રાહ્ય પોકરાવી રહ્યું હતું ને ઘડી વાર છોડતું નહોતું તે બધું એકદમ એક બાજુથી, દસ બાજુથી, બધી બાજુથી સરી પડતું હતું. ઇવાનને એ બધાંને માટે ખેદ થતો હતો. તેને થયું "મારે એવી રીતે વર્તવું જોઈએ જેથી એમનાં દિલ ન દુભાય. તેઓ પણ છૂટશે, ને હું પણ આ પીડામાંથી મુક્ત થઈશ. કેવું સરસ ને કેવું સરળ!" તેને વિચાર આવ્યો. "અને દરદ?" તેણે મનમાં પૂછ્યું: "અરે, દરદનું શું થયું? તું ક્યાં છે, ઓ દરદ?"

તેણે દરદ તરફ ધ્યાન ફેરવ્યું.

"હા, આ રહ્યું એ. હા, પણ એનું શું? ભલે થતું દરદ."

"અને મોત... એ ક્યાં છે?"

પહેલાં એને મોતની જે બીક હંમેશાં લાગતી હતી તે બીક એણે શોધી જોઈ, પણ એને જડી નહીં. "ક્યાં ગઈ એ બીક? મોત કેવું છે?" બીક નહોતી, કેમ કે મોત પોતે જ નહોતું.

મોતની જગ્યાએ ઝગઝગાટ અજવાળું હતું.

"ઓ હો! આ મોત છે, એમ?" તે એકાએક મોટેથી બોલી ઊઠ્યો "અહાહા! કેવો આનંદ!"

એને આ અનુભવ એક પલક વારમાં થઈ ગયો; ને એ પળનો અનુભવ પછી ભૂંસાયો કે બદલાયો નહીં. પાસે બેઠેલાંની નજરે તેની વેદના બીજા બે કલાક ચાલી. ગળામાં ઘરેડો થયો, ને ક્ષીણ થઈ ગયેલું શરીર સહેજ ખેંચાયું. પછી શ્વાસ ઊપડેલો તે ધીરે ધીરે બેસતો ગયો, ને ઘરેડો ધીમો પડતો ગયો.

"ખેલ ખલાસ!" પાસે બેઠેલા કોકે કહ્યું.

ઇવાને આ શબ્દો સાંભળ્યા, ને પોતાના અંતરમાં એનો પુનરુચ્ચાર કર્યો.

"મોત ખલાસ!" એણે મનમાં કહ્યું. "મૃત્યુ મરી ગયું રે લોલ!"

એણે શ્વાસ અંદર ખેંચ્યો. ડચકું અર્ધેથી જ અટકી ગયું. શરીર સહેજ ખેંચાયું. એની જીવનયાત્રા પૂરી થઈ.

(૨૫મી માર્ચ, ૧૮૮૬)

એક સાધુની જીવનકથા

૧

ઓગણીસમા સૈકાની ચાળીસીમાં પીટર્સબર્ગમાં એક આશ્ચર્યકારક ઘટના બની. એક દેખાવડો ઉમરાવનો દીકરો બાદશાહના અંગરક્ષક દળમાં અમલદાર હતો. તે બાદશાહ નિકોલસ પહેલાનો મુસાહિબ થશે ને રાજ-દરબારમાં મોટું પદ મેળવશે, એવી લોકવાયકા હતી. પણ એણે તો ઓચિંતી નોકરી છોડી દીધી; મહારાણીની માનીતી એક રૂપાળી છોકરી હતી તેની સાથે થયેલી સગાઈ તોડી નાખી; પોતાની નાની જાગીર બહેનને આપી દીધી; ને સાધુ થવા એક મઠમાં ચાલ્યો ગયો.

જે માણસો એના દિલની વાત જાણતા નહોતા તેમને આ ઘટના અવનવી ને અકળ લાગી. પણ પ્રિન્સ સ્ટીપન કાસાટ્સકીને પોતાને તો એ સાવ સહજ ને સ્વાભાવિક લાગી; ને આથી બીજું કંઈ કેમ કરી શકાત એ એની કલ્પનામાં જ ન ઊતર્યું.

તેનો બાપ લશ્કરી નોકરીમાંથી નિવૃત્ત થયેલો હતો. તે મરી ગયો ત્યારે સ્ટીપનની ઉંમર બાર વરસની હતી. દીકરાથી વિખૂટી પડતાં માને દુઃખ તો થયું, છતાં પતિએ જીવતાં કહી રાખેલું એટલે તેણે દીકરાને લશ્કરી કૉલેજમાં દાખલ કર્યો. તે પોતે એની દીકરી વર્વારાને સાથે લઈ પીટર્સબર્ગ રહેવા ગઈ. ત્યાં રહે તો દીકરાની નજીક રહેવાય, ને દીકરો રજામાં ઘેર પણ આવી શકે.

છોકરામાં હોશિયારી ને આત્મવિશ્વાસ બહુ ભારે હતાં, એટલે તેણે અભ્યાસમાં નામ કાઢ્યું. અભ્યાસમાં — ને ખાસ કરીને એને ગણિતનો બહુ શોખ હતો એટલે એ વિષયમાં — તેમ જ કવાયતમાં ને ઘોડે બેસવામાં તે પહેલો નંબર રાખતો. તેની ઊંચાઈ અસાધારણ હતી, છતાં તે રૂપાળો ને ચપળ હતો. એટલે તે આદર્શ વિદ્યાર્થી ગણાયો હોત. પણ એનો તીખો સ્વભાવ આડે આવતો હતો: તે બહુ સાચાબોલો હતો, ને ઐરાં કે દારૂની લતમાં સપડાયો નહોતો. પણ એના સ્વભાવનો એક જ દોષ એના બીજા સદ્વર્તન પર પાણી ફેરવતો. તેને કોઈ કોઈ વેળા પાર વિનાનો ગુસ્સો ચડતો; ને એવે વખતે તે મન પરનો કાબૂ ગુમાવી બેસતો, ને જંગલી જાનવર જેવો બની જતો. એક વાર એક વિદ્યાર્થી એને ચીડવતો હતો તેને બારીએથી ફેંકી દેતો રહી ગયો હતો. બીજી એક પ્રસંગે એવી જ રીતે તેણે મોટી આફત વહોરી લીધી હતી. વિદ્યાર્થીઓના રસોડા પર દેખરેખ રાખનાર અમલદાર પર ખાણાની આખી તાસક છુટ્ટી ફેંકી, ને પછી તેના પર તૂટી પડી તેને માર્યો. કારણ કે એ અમલદારે એનું વચન પાળ્યું નહોતું ને કંઈક હડહડતું જૂઠાણું કહેલું. એ તો સારું થયું તે કૉલેજના આચાર્યે આખી વાત દાબી દીધી ને પેલા અમલદારને રુખસદ આપી; નહીં તો સ્ટીપનને નીચલા વર્ગમાં જ જવા વારો આવ્યો હોત. અઢાર વરસ થતામાં તો તેણે કૉલેજનો અભ્યાસ પૂરો કર્યો, ને તેને બાદશાહના અંગરક્ષકોની અમીરી પલટણમાં અમલદારની જગ્યા મળી. તે મનથી બાદશાહને ખરેખર પૂજતો; ને પોતાની પૂરેપૂરી વફાદારી સાબિત કરવા કશાકનો — સર્વસ્વનો, પોતાના પંડનો પણ — ભોગ આપવાની તીવ્ર ઇચ્છા એના મનમાં હતી. તેણે મનમાં પ્રતિજ્ઞા લીધી હતી કે હું તન મન ધનથી મારા વહાલા ઝારની સેવા કરીશ.

એક ટેવ તેને છેક નાનપણથી હતી. જે કંઈ કામ તે હાથમાં લે તેમાં

એવી સફળતા ને સંપૂર્ણતા મેળવવા મથે કે એ જોઈ લોકો તાજુબ થઈ જાય ને એને શાબાશી આપે. અભ્યાસ હોય કે લશ્કરી કવાયત હોય, તેમાં તે એવી તનતોડ મહેનત કરતો કે છેવટે સહુ તેની સ્તુતિ કરતું ને બીજાઓને એનો દાખલો આપતું. એક વિષય પર પ્રભુત્વ મળે એટલે તે બીજો હાથમાં લેતો, ને તેના અભ્યાસમાં પહેલો નંબર મેળવતો. દાખલા તરીકે એને કૉલેજમાં જ એમ જણાયેલું કે મને ફ્રેન્ચ ભાષામાં બરાબર વાત કરતાં નથી આવડતું, એટલે તેણે મહેનત કરીને ફ્રેન્ચ પર એવો કાબૂ મેળવ્યો કે છેવટે રશિયનના જેટલી જ સહેલાઈથી ફ્રેન્ચ બોલવા લાગ્યો. તે પછી શેતરંજ શીખ્યો, ને તેમાં ઉસ્તાદ ગણાવા લાગ્યો.

એને નામના મેળવવાની, ને નામના મેળવવા માટે કંઈક કરી બતાવવાની, આ જે ધૂન હતી તેને લીધે તેનું જીવન ભર્યું ભર્યું લાગતું. લશ્કરમાં અમલદારની જગ્યા મળ્યા પછી તેણે એ ખાતાને વિશે લગભગ સંપૂર્ણ ગણાય એવું જ્ઞાન મેળવવાનો પ્રયત્ન આદર્યો; ને થોડા જ વખતમાં આદર્શ અમલદાર તરીકે તેની ગણના થવા લાગી. પણ નિરંકુશ ને અમર્યાદ ક્રોધનો તેનો દોષ હજુ ગયો નહોતો. તેને લીધે તેણે અહીં નોકરીમાં પણ કેટલાંક એવાં કામ કર્યાં, જેથી એને આગળ વધવામાં વિઘ્નો આવી પડયાં. પછી એક વાર એને ભદ્ર સમાજમાં વાતચીત કરતાં એવું ભાન થયું કે મારું સામાન્ય જ્ઞાન ઓછું છે. એટલે તેણે વાચન શરૂ કર્યું; ને પોતાની મુરાદ બર આણી. પછી અમીર વર્ગમાં માનપાન મેળવવાની ઇચ્છાથી તે સરસ રીતે નાચતાં શીખ્યો; ને થોડા જ વખતમાં શ્રીમંતોની બધી નાચપાર્ટીઓમાં ને તેમના બધા મેળાવડામાં એને નોતરું મળવા લાગ્યું. પણ એને એથી સંતોષ થયો નહીં. એ તો બધે પહેલો નંબર લેવા ટેવાયેલો હતો. પણ એ કંઈ આ ભદ્ર સમાજમાં મળી શકે એમ હતું નહીં.

એ સમાજમાં પ્રવેશ કર્યા પછી એણે એ વર્ગની કોઈ સ્ત્રી સાથે સંબંધ બાંધવાનો નિશ્ચય કર્યો. એ ધારણા બહુ જલદી સફળ થઈ, એ જોઈ એને પોતાને જ નવાઈ લાગી. પણ એને થોડા જ વખતમાં દેખાઈ આવ્યું કે એ જે મંડળોમાં ફરતો હતો તે સૌથી શ્રેષ્ઠ કોટિનાં નહોતાં; ને શ્રેષ્ઠ મંડળોમાં એને આવકાર મળતો ખરો, છતાં એનું ખરું સ્થાન એ મંડળોમાં નહોતું. એ લોકો એની સાથે વિવેકથી વર્તતા, પણ પોતાની આખી રીતભાતથી એમ દેખાડી આપતા કે "અમારી નાત જુદી છે, ને તમે

એ નાતના નથી.'' કાસાટ્સ્કીને તો છેક અંદરના મંડળમાં પ્રવેશ કરવાની તાલાવેલી હતી. એ માટે કાં તો તેણે બાદશાહનો મુસાહિબ બનવું જોઈએ — એ પદ મેળવવાની આશા તો તેને હતી; અથવા તેણે એ ઊંચા અમીર વર્ગમાં લગ્ન કરવું જોઈએ — તે કરવાનો તેણે નિશ્ચય કર્યો. દરબારની એક રૂપવતી રમણી પર તેની નજર ઠરી. એ સુંદરી આ શ્રેષ્ઠ વર્ગની હતી. એટલું જ નહીં પણ એ વર્ગના મોટામાં મોટા ને સૌથી પ્રતિષ્ઠિત માણસો એની સાથે મિત્રતા બાંધવા તલપાપડ થઈ રહેતા. એનું નામ હતું કાઉન્ટેસ કૉરોટ્કોવા. સ્ટીપન કાસાટ્સ્કીએ એનું સંવનન શરૂ કર્યું. એમાં કેવળ પોતાની કારકિર્દીનો વિચાર નહોતો. એ યુવતી રૂપરૂપનો ભંડાર હતી, એટલે સ્ટીપન જોતજોતામાં એની સાથે પ્રેમમાં પડ્યો. પહેલાં તો એણે સ્ટીપન પ્રત્યે દેખીતું દુર્લક્ષ કર્યું; પણ પછી એકાએક એનો ભાવ બદલાયો, ને એની માએ સ્ટીપનને પોતાને ઘેર આગ્રહભેર નિમંત્રણ આપ્યું. સ્ટીપને માગું કર્યું તેનો તરત જ સ્વીકાર થયો. આવું સુખ જે સરળતાથી મળ્યું તે જોઈ તેને આશ્ચર્ય થયું. મા-દીકરી બંનેનું મારા પ્રત્યેનું વર્તન કંઈક વિચિત્ર ને અસાધારણ છે એમ તો એણે જોયું. પણ એ તો પ્રેમના આવેશમાં આંધળોભીંત થઈ ગયો હતો; એટલે જે વાતની આખા ગામને ખબર હતી તે એ પોતે કળી શક્યો નહીં. જે યુવતીની સાથે તે પરણવાનો હતો તે આગલે વરસે બાદશાહ નિકોલસની રખાત બની ચૂકી હતી.

લગ્ન પહેલાં બે અઠવાડિયાં પર સ્ટીપન ગામડામાં સસરાનો બંગલો હતો ત્યાં ગયો. મે માસનો ગરમીનો વખત હતો. તે, ને તેની ભાવિ પત્ની બગીચામાં ફરી આવીને વૃક્ષોની ઘટાદાર વનરાજિ નીચે એક બાંકડા પર બેઠાં હતાં. મેરીનો સફેદ મલમલનો પોશાક એના શરીર પર બહુ જ શોભતો હતો. તે જાણે નિર્દોષતા ને પ્રેમની સાક્ષાત્ મૂર્તિ હોય એવી દેખાતી હતી. ક્યારેક માથું નીચું નમાવતી; ને ક્યારેક સામે ઊભેલા ઊંચાને દેખાવડા પુરુષ તરફ નજર નાખતી. એ પુરુષ પણ એની જોડે અત્યંત કોમળતા ને સંયમથી બોલતો હતો; એની દૈવી વિશુદ્ધ પોતાના કંઈક શબ્દ કે હાવભાવથી રખેને ખંડિત કે દૂષિત થાય એવી બીક એના મનમાં હોય એમ દેખાતું હતું.

એ જમાનામાં કેટલાક પુરુષો એવા હતા, (એવા હવે જોવા મળતા નથી) જે ઇરાદાપૂર્વક પોતાના દુરાચારને ક્ષમ્ય ગણતા; ને તેમ કરતાં

એમનું અંતર એમને જરાયે ખતું નહીં. પણ એ જ પુરુષો એવો આગ્રહ રાખતા કે અમારી સ્ત્રીઓ તો સાવ શુદ્ધ ને નિષ્કલંક હોવી જોઈએ, ને તેમનું ચારિત્ર્ય કશી ખોડખાંપણ વિનાનું હોવું જોઈએ. પોતાના વર્ગની બધી કુમારિકાઓમાં એવું શુદ્ધ ચારિત્ર છે એમ તેઓ માનતા, અને એમ માનીને જ એ યુવતીઓ સાથે વર્તતા. અમને પોતાને તો ગમે તેમ વર્તવાની છૂટ છે, ને અમારામાં શિથિલતા હોય તેનો વાંધો નહીં, એમ એ પુરુષો માનતા. એ વિચારમાં ઘણું અસત્ય હતું; ને એથી હાનિ પણ થતી. પણ સ્ત્રીઓને વિશે એ જૂના જમાનાના લોકોનો જે મત હતો તે સારો ને લાભદાયક હતો, એમ મારું માનવું છે. છોકરીઓ પોતાની એવી પૂજા થતી જોઈ ખરેખરી દેવીઓ બનવાનો પ્રયત્ન કરતી, ને તેમાં ઓછીવત્તી સફળતા પણ મેળવતી.

સ્ટીપનનો પણ સ્ત્રીઓ વિશે આવો જ મત હતો; ને એ જ નજરે તે મેરી તરફ જોતો. આજે એના મનમાં પ્રેમ વિશેષ ઊભરાઈ આવ્યો હતો છતાં એની પાછળ કામવાસના નહોતી. ઊલટું એના મનમાં તો જાણે કોઈ અલૌકિક ને અપ્રાપ્ય વસ્તુ વિશે હોય એવો, કોમળ આદરનો ભાવ હતો.

તે મેરીની સામે ટટાર ઊભો રહ્યો. તેણે બંને હાથ તલવાર પર મૂકયા હતા.

"માણસ કેટલો સુખી થઈ શકે છે એનો અનુભવ મને હવે જ થયો છે! ને એ સુખ તેં જ આપ્યું છે," કહી તેણે શરમથી મોં મલકાવ્યું.

આથી વધારે વહાલના શબ્દો આવી દેવીને કહેવાની સ્ટીપનની હિંમત ચાલતી નહોતી.

"તારે લીધે જ હું મારી જાતને ઓળખતો થયો છું. મેં ધારેલું એના કરતાં હું સારો છું, એમ હું હવે જોઈ શક્યો છું."

"હું તો ક્યારની જાણતી હતી. તેથી તો હું તમને ચાહવા લાગી."

નજીકમાં ક્યાંક બુલબુલે ટહુકો કર્યો; ને પવનની એક ધીમી લહેરથી ઝાડનાં તાજાં પાંદડાં ખખડ્યાં.

સ્ટીપને મેરીનો હાથ લઈ તેના પર ચૂમી લીધી. તેની આંખમાં આંસુ આવ્યાં.

મેરી સમજી કે "હું તમને ચાહું છું" એમ મેં કહ્યું તે માટે એ મારો

આભાર માને છે, સ્ટીપને ચુપચાપ આમતેમ થોડાંક ડગલાં ભર્યાં, ને પાછો જઈને મેરી પાસે બેઠો.

"તને ખબર છે... મારે તને એક વાત કહેવાની છે... મેં તને ચાહવાનું શરૂ કર્યું ત્યારે મારું મન નિઃસ્વાર્થ નહોતું. મારે અમીરવર્ગમાં પ્રવેશ કરવો હતો. પણ પછી... મને તારી ઓળખ થઈ ત્યારે — તારી સરખામણીમાં એ વાત મારે મન સાવ નજીવી બની ગઈ. એને માટે તું મારા પર ગુસ્સે તો નથી થઈને?"

મેરીએ જવાબ ન દીધો, પણ માત્ર સ્ટીપનના હાથને સ્પર્શ કર્યો. સ્ટીપન સમજ્યો આનો અર્થ એ કે "ના હું ગુસ્સે નથી થઈ."

"તેં કહ્યું..." આગળ બોલતાં તે ખમચાયો. મનમાં જે વાત ઘોળાઈ રહી હતી તે કહેવામાં તેને સાહસ લાગ્યું. "તેં કહ્યું કે તું મને ચાહવા લાગી, એ હું ખરૂં માનું છું — પણ તારા મનમાં કંઈક આંટી રહી ગઈ છે, તેનાથી તને દુઃખ થાય છે, ને તારી લાગણી પ્રગટ થતી રોકાય છે. એ શી વસ્તુ છે?"

"હા — અત્યારે કહીશ તો કહેવાશે, પછી કદી નહીં કહેવાય," મેરીએ વિચાર કર્યો. "એમને ક્યારેક ખબર તો પડવાની જ છે. પણ એ હવે મને છોડી નહીં શકે. છોડે તો તો ભોગ જ મળ્યા!" તેણે સ્ટીપનની ઊંચી, ખાનદાન અને બળવાન કાયા સામે પ્રેમભરી નજરે જોયું. અગાઉ તેને ઝાર પ્રત્યે પ્રેમ હતો તેના કરતાં વધારે પ્રેમ અત્યારે તેના મનમાં સ્ટીપન પ્રત્યે હતો; અને બાદશાહી ગૌરવનો સવાલ ન હોત તો તે સ્ટીપનને મૂકી બાદશાહને પસંદ ન કરત.

"સાંભળો! મારાથી તમને છેતરી નહીં શકાય. તમને ખરેખરી વાત કહ્યા વિના મારાથી રહેવાશે જ નહીં. તમે પૂછો છો કે એ વસ્તુ શી છે? એ કે હું અગાઉ પ્રેમમાં પડી ચૂકી છું."

ફરી એણે સ્ટીપનના હાથ પર હાથ મૂકી આજીજીનો ભાવ દર્શાવ્યો. સ્ટીપન ચૂપ રહ્યો.

"કોની સાથે એ તમારે જાણવું છે? બાદશાહ સાથે."

"બાદશાહ વિશે તો આપણને સહુને પ્રેમ હોય છે. મને લાગે છે તું નિશાળમાં ભણતી ત્યારે..."

"ના, તે પછી. મને તે વખતે મોહ ઊપજેલો, પણ એ ઊડી ગયો... મારે તમને ખરી વાત કહેવી જોઈએ."

"હા, પણ તેનું શું?"

"ના, એ માત્ર —" તેણે હાથ વડે મોઢું ઢાંકી દીધું.

"શું? તેં એમને દેહ સમર્પણ કરેલો?"

મેરી ચૂપ રહી.

"એમની રખાત?"

મેરીએ જવાબ ન દીધો.

સ્ટીપન કૂદકો મારીને ઊભો થયો, ને મેરીની સામે ઊભો રહ્યો. તેનાં જડબાં કંપવા લાગ્યાં, ને તેના ચહેરા પરથી લોહી ઊડી ગયું. થોડા દિવસ પર બાદશાહ મળેલા ત્યારે સ્ટીપનને અભિનંદન આપેલું એ પ્રસંગ એને યાદ આવ્યો.

"હે ભગવાન, મેં આ શું કર્યું? સ્ટીવા!"

"અડીશ નહીં, અડીશ નહીં મને! અરે, મને કેટલું દર્દ થાય છે!"

તે મોઢું ફેરવીને ઘેર ચાલ્યો ગયો, ને માને મળ્યો.

"શું છે દીકરા? હું..." દીકરાનું મોં જોતાં જ માની જીભ સિવાઈ ગઈ. સ્ટીપનના મગજ પર એકાએક લોહી ધસી આવ્યું હતું.

"તું જાણતી હતી, છતાં એ લોકની લાજ ઢાંકવા તેં મને આગળ ધર્યો! તું સ્ત્રી ન હોત તો..." પોતાની જબરદસ્ત મૂઠી ઉગામી તેણે ચીસ પાડી, ને ઘરમાંથી દોટ મૂકી.

એની ભાવિ પત્નીનો પ્રિયતમ કોઈ સાધારણ માણસ હોત તો સ્ટીપને એનો જીવ લીધો હોત. પણ આ તો એનો પોતાનો વહાલો ને માનીતો ઝાર હતો.

બીજે દહાડે એણે નોકરીમાંથી લાંબી રજા માગી, ને રાજીનામું પણ આપ્યું. કોઈ મળવા ન આવે તે માટે માંદગીનું બહાનું કાઢી તે 'દેશ'માં જતો રહ્યો.

ઉનાળો પોતાના ગામમાં કાઢી તેણે મિલકતની વ્યવસ્થા કરી લીધી. ઉનાળો પૂરો થયે તે પાછો પીટર્સબર્ગ આવ્યો નહીં, પણ એક મઠમાં ગયો ને ત્યાં જઈ વૈરાગીનું જીવન સ્વીકાર્યું.

માએ એને કાગળ લખીને વારવાનો પ્રયત્ન કરી જોયો. પણ એણે જવાબ આપ્યો કે "આ તો ભગવાનનો આદેશ છે. એની આગળ બીજા વિચાર ગૌણ છે." માત્ર એની બહેન એનો હેતુ સમજતી હતી, કેમ કે તે પોતે ભાઈના જેટલી જ ગર્વિષ્ઠ અને માનપાનની ભૂખી હતી.

તેને થયું કે ભાઈ સાધુ થયો તેનું કારણ એ હતું કે જે લોકો એના ઉપરી ને એના કરતાં ઊંચા દરજ્જાના ગણાતા હતા તેમના કરતાં પણ એને ઊંચા ગણાવું હતું. એનું અનુમાન સાચું હતું. જે વસ્તુ પહેલાં સ્ટીપનને અને બીજાઓને બહુ જ અગત્યની લાગતી હતી તેને વિશે તેણે સંસાર તજીને તુચ્છકાર પ્રગટ કર્યો. સંસારી લોકો કરતાં તેનું પદ ચડિયાતું ગણાયું. તે હવે પહાડની ટોચ પર ચડયો હતો. પહેલાં તે જેમની અદેખાઈ કરતો તેમના તરફ નીચી નજર કરી તે તિરસ્કાર દાખવી શકે એમ હતું... પણ આ ઉપરાંત એક બીજો હેતુ પણ હતો. વર્વારાને ખબર નહોતી, પણ એના ભાઈમાં ગર્વ અને માનની ભૂખ સાથે સાચી ધર્મભાવના પણ હતી. મેરીને તેણે દેવીના જેવી વિશુદ્ધ અને નિષ્કલંક માનેલી. પણ એનો એ ભ્રમ ભાંગ્યો હતો, ને તેનાથી તેને પારાવાર દુઃખ થયેલું. એને લીધે નિરાશા પણ ઊપજેલી. એ નિરાશા એને કયાં દોરી ગઈ? પ્રભુ પ્રત્યે. ઈશ્વરને વિશે જે શ્રદ્ધા એને બચપણમાં હતી તે સાવ ઊડી ગયેલી નહોતી.

૨

સ્ટીપન જે મઠમાં દાખલ થયો તે મઠનો મહંત ખાનદાન કુટુંબનો ને વિદ્વાન લેખક હતો. એ સંપ્રદાયમાં મઠના અધિપતિની આજ્ઞાનું કડક પાલન કરવાની પ્રથા હતી. સ્ટીપને ગુરુની આજ્ઞા માને એવી રીતે આ મહંતની આજ્ઞા માનવાનો નિશ્ચય કર્યો. અહીં મઠમાં પણ બહારની ને અંદરની સંપૂર્ણતા બને એટલી મેળવવાનો પ્રયત્ન તેણે આદર્યો; ને એમાંથી તેને સંતોષ મળવા લાગ્યો. તે ઉપરાંત તે ઉદ્યમી, સંયમી, કહ્યાગરો ને નમ્ર હતો; વર્તન ને વિચાર બંનેમાં શુદ્ધ હતો; ને આજ્ઞાધારક હતો. ખાસ કરીને આ છેલ્લા ગુણને લીધે તેનો રસ્તો સરળ બની ગયો. આ મઠ રાજધાનીની પાસે હતો, ને ત્યાં લોકોનો અવરજવર ઘણો રહેતો, એ એને ગમતું નહીં, ને એને ઘણી લાલચો થઈ આવતી. પણ એ લાલચો

તેના આજ્ઞાપાલનને લીધે દૂર થઈ જતી. તે કહેતો : "દલીલ કરવાનું મારું કામ નથી. મારું કામ તો કહ્યું કરવાનું છે. ખડે પગે રહેવાનું, ગાવાનું, કે હિસાબ રાખવાનું એમાંથી જે કંઈ કરવાની આજ્ઞા થાય તે મારે કરવું જ રહ્યું." મહંતની આજ્ઞા માથે ચડાવવાને લીધે તેના મનમાં શંકા ઊઠવા જ પામતી નહીં. એવું ન હોત, તો મઠમાં થતી લાંબી ને એકસૂરી પ્રાર્થના, લોકોના અવરજવરની ધાંધલ, ને બીજા સાધુઓના દુર્ગુણ જોઈને તેના મનને બહુ દુઃખ થાત. પણ એણે લીધેલા અજ્ઞાપાલનના વ્રતને લીધે તે આ બધું હરખભેર સહન કરતો, એટલું જ નહીં પણ એમાંથી એને બળ અને આશ્વાસન મળતાં. તે કહેતો : "એકની એક પ્રાર્થના દિવસમાં અનેક વાર સાંભળવાની જરૂર શા માટે હશે તે હું નથી જાણતો; પણ જરૂર છે એટલું જાણું છું. ને એ જાણું છું એટલે મને એમાંથી આનંદ મળે છે." મહંતે તેને કહ્યું કે જેમ શરીરને જીવતું રાખવા માટે ભૌતિક આહારની જરૂર હોય છે, તેમ આધ્યાત્મિક જીવન ટકાવવા માટે દેવળમાં થતી પ્રાર્થનારૂપી આધ્યાત્મિક આહાર જરૂરનો છે. એ વાત એણે ખરી માની. સવારની પ્રાર્થના માટે વહેલા ઊઠવું તેને કઠણ લાગતું, છતાં એ પ્રાર્થનાથી તેનું મન શાન્ત થતું ને તેને આનંદ મળી રહેતો. આનું કારણ એ હતું કે તેના મનમાં નમ્રતાનો ભાવ હતો; અને સાથે એવી ખાતરી હતી કે મહંત જે કાંઈ ઠરાવે તે યોગ્ય છે, ને તે કરવાની મારી ફરજ છે.

તેને મન ઉપરનો કાબૂ વધારતા રહેવામાં જ નહીં, પણ ખ્રિસ્તીને શોભે એવા બધા સદ્‌ગુણો કેળવવામાં, રસ પડતો હતો. પહેલાં તો એ ગુણ કેળવવા સહેલા છે એમ એને લાગેલું. તેણે પોતાની જમીનજાગીર આખી બહેનને આપી દીધેલી, તેનો તેને જરાયે પસ્તાવો થતો નહોતો. હાથ નીચેના કે ઊતરતા દરજ્જાના લોકો સાથે નમ્રતાથી વર્તવાનું તેને સહેલું લાગતું, એટલું જ નહીં પણ તેમ કરવામાં ઉમંગ આવતો. કામ, લોભ આદિ વિષયવિકારો પર તેણે સહેલાઈથી જીત મેળવી. મહંતે એને કામરિપુની સામે ખાસ ચેતવણી આપેલી. પણ સ્ટીપનના મનમાં કામ-વિકાર પેદા થતો નહોતો, એટલે તે આનંદમાં હતો.

એના મનને સંતાપ કરાવનારી વસ્તુ એક જ હતી — મેરીનું સ્મરણ. કેવળ એ સ્મરણ જ નહીં, પણ પોતાનો સંસાર કેવો રચાયો હોત તેનો આબેહૂબ ચિતાર એની નજર આગળ ખડો થતો, તેને આપોઆપ એક

બીજી બાઈ યાદ આવતી.- એ બાઈ બાદશાહની માનીતી હતી; પણ પાછળથી પરણેલી, ને બહુ સારી પત્ની ને માતા નીવડી હતી. એના પતિને ઊંચો હોદ્દો, લાગવગ ને માનપાન મળ્યાં હતાં; તેની સાથે ગુણિયલ ને જૂની વાતનો પસ્તાવો કરનારી ગૃહિણી પણ મળી હતી.

સ્ટીપનનું મન ઉમંગમાં હોય ત્યારે તેનું મન આવા વિચારોથી બેચેન થતું નહીં. એવે વખતે તેને એ વિચારો યાદ આવતા ત્યારે કેવળ એટલી નિરાંત વળતી કે હાશ, એ લાલચ દૂર થઈ, ને હું બચી ગયો એ કેવું સારું થયું! પણ કેટલીક વાર એવી પણ પળો આવતી જ્યારે એનું અત્યારનું જીવન એકાએક ઝાંખું બની જતું. એવે વખતે એને પોતે સ્વીકારેલા નવા ધ્યેય પરથી આસ્થા ઊઠી જતી એમ તો ન કહેવાય; પણ એનું ભાન ન રહેતું, ને શ્રદ્ધા ડગુમગુ થવા માંડતી. અને ભયાનક વાત તો એ હતી કે એવે વખતે એને પોતાનું જૂનું જીવન યાદ આવતું, ને તે છોડીને સાધુવેશ લીધાનો પસ્તાવો થતો.

એ મનોદશામાં એને ઉગારનાર વસ્તુ એક જ હતી — આજ્ઞાપાલન અને કામ, ને તે ઉપરાંત પ્રાર્થના. એનો આખો દિવસ પ્રાર્થનામાં પસાર થતો. દેવળમાં થતી એ ઢબે તે પ્રાર્થના કરે. એ ભજનો ને સ્તોત્રો ગાય; પ્રાર્થના કરતી વેળા નીચો વળીને નમન કરે; હંમેશના કરતાં વધારે વખત પ્રાર્થના કરે: પણ એ બધી મોઢાની પ્રાર્થના હોય, ને એનો જીવ એમાં ન હોય. આવી સ્થિતિ એક દિવસ, ક્વચિત્ બે દિવસ, ચાલે; ને પછી આપોઆપ દૂર થઈ જાય. પણ એ દિવસો ભયાનક નીવડતા. સ્ટીપનને થતું કે હું મારા પોતાના કે ભગવાનના હાથમાં નથી, પણ કોઈક બીજી જ શક્તિના હાથમાં છું. એવે વખતે એને માટે એક જ રસ્તો રહેતો — મહંતનું કહ્યું માનવું, ઇન્દ્રિયોને અંકુશમાં રાખવી, કશું નવું કામ ન ઉપાડવું, પણ માત્ર રાહ જોવી. એકંદરે આવો બધો વખત તે પોતાની નહીં પણ મહંતની ઇચ્છા અનુસાર જીવન ગાળતો. અને એ આજ્ઞાપાલનમાંથી તેને ભારે શાન્તિ મળી રહેતી.

આમ એણે પહેલા મઠમાં સાત વરસ કાઢયાં. ત્રીજા વરસની આખરે તેનું શિરોમુંડન કરવામાં આવ્યું, ને તેને દીક્ષા અપાઈ. તેનું નામ બદલીને સર્જિયસ રાખવામાં આવ્યું. એને આ નવો વ્યવસાય મળ્યો, એ એના આંતરિક જીવનમાં એક મહત્ત્વની ઘટના હતી. અગાઉ જ્યારે તે પાદરી

પાસે ધર્મક્રિયા કરાવતો ત્યારે તેને ભારે આશ્વાસન મળતું, ને તેનો આત્મા ઊંચો ઊડવા લાગતો. હવે પાદરીનું કામ તેને પોતાને કરવાનું આવ્યું; ત્યારે એ કામની તૈયારી કરતાં તે એકતાન થઈ જતો ને અજબ આનંદ અનુભવતો. પણ આગળ જતાં એ લાગણી ધીરે ધીરે બૂઠી થવા લાગી. એક વાર તે ઉદાસ ચિત્તે ધર્મક્રિયા કરતો હતો તે વેળા એને લાગ્યું કે એ ક્રિયાથી મન પર પડેલી અસર ઝાઝી ટકવાની નથી. એ અસર દહાડે દહાડે ઓછી થવા લાગી. પછી તો કેવળ શરીર જ ચલનવલન કરતું ને મન એમાં સાથ આપતું બંધ થઈ ગયું.

એકંદરે સાતમા વરસમાં સર્જિયસને મઠમાં કંટાળો આવવા લાગ્યો. ત્યાં જે કંઈ શીખવાનું હતું તે બધું તે શીખી ચૂક્યો હતો. જે ગુણો કેળવવાના હતા તે તેણે કેળવી લીધા હતા. એથી વધારે કંઈ કરવાનું રહ્યું નહોતું. એટલે તેના આત્માની તંદ્રા વધવા લાગી. આ સમય દરમ્યાન તેણે સાંભળ્યું કે તેની મા મરી ગઈ, ને તેની બહેન વર્વારાનું લગ્ન થયું. પણ એ બંને ઘટનાની સાથે એને કશી લેવાદેવા નહોતી. એનું ધ્યાન તો અંતરની શુદ્ધિ ને તેની કેળવણીમાં જ પરોવાઈ ગયેલું હતું; ને એ સિવાય કશામાં એને રસ પણ પડતો નહોતો.

તે પાદરી થયો પછી ચોથે વરસે મહંતે એને કહ્યું કે "આથી ઊંચા દરજ્જાના કામ પર તમારી નિમણૂક થાય તો તમારે ના ન પાડવી." આ સાંભળી તેના મનમાં મોટા ધર્માધિકારી થવાની ઇચ્છા જાગી; જોકે બીજા સાધુઓમાં આ જ દૂષણ જોઈને એને અગાઉ બહુ અણગમો ઊપજતો હતો. રાજધાની પાસેના એક મઠમાં એની નિમણૂક કરવામાં આવી. એની મરજી તો ના પાડવાની હતી; પણ મહંતે એને એ જગ્યા સ્વીકારવાની આજ્ઞા કરી. એ આજ્ઞા એણે માથે ચડાવી, ને એ નવા મઠમાં જઈ ત્યાંનો હોદ્દો સંભાળી લીધો.

રાજધાની પાસેના મઠમાં એની બદલી થઈ એ એના જીવનમાં એક અગત્યનો બનાવ હતો. ત્યાં એની સામે ઘણી લાલચો આવીને ઊભી રહેતી; ને એને હઠાવવાનો જે પ્રયત્ન એને કરવો પડતો તેમાં જ એની બધી ઇચ્છાશક્તિ વપરાઈ જતી.

પહેલા મઠમાં તેને સ્ત્રીઓની લાલચ નડી નહોતી. પણ અહીં એ લાલચ બહુ ભીષણ રૂપમાં જાગી. તેના મનમાં વિકારો જાગવા લાગ્યા; ને

તેણે ચોક્કસ રૂપ ધારણ કર્યું. એક બાઈ એના શિથિલ ચારિત્ર માટે જાણીતી હતી, તે આ પાદરીનું દિલ જીતવાનો પ્રયત્ન કરવા લાગી. તે પાદરીની જોડે વાતચીત કરતી. એક વાર એને પોતાને ઘેર આવવાનું નોતરું પણ આપ્યું. સર્જિયસે કડકાઈથી ના તો પાડી; પણ પોતાના મનમાં જે વિકારો પેદા થતા હતા તે જોઈને તે હેબતાઈ ગયો, ને એવો તો ફફડી ઊઠયો કે પહેલા મઠના મહંતને તેણે આખી વાત લખી જણાવી. વળી, કયારેક ભાન ભૂલીને કંઈ કરી ન બેસાય એટલા માટે, તેણે એક જુવાન ઉમેદવારને વાત કરી. શરમ કોરે મૂકીને તેની આગળ પોતાની નબળાઈ કબૂલ કરી, ને તેને કહ્યું: "મારા પર તમે ચોકી રાખજો. પ્રાર્થના માટે ને ધર્મક્રિયા કરાવવા માટે ક્યાંક જવું પડે તે સિવાય બીજે ક્યાંયે મને જવા દેશો નહીં. જવા નીકળું તો મને બળજબરીથી રોકજો."

આ ઉપરાંત અહીં એને માટે એક બીજું પણ ભયનું સ્થાન હતું. અહીં જે મઠપતિ હતો તેની સામે સર્જિયસને ભારે તિરસ્કાર હતો. એ માણસ-લુચ્ચો ને દુનિયાદારીમાં રચ્યોપચ્યો હતો; ને ઊંચા હોદ્દા મેળવી પોતાની જ મોટાઈ વધારવાની પેરવીમાં પડયો હતો. સર્જિયસે મનની સામે ઘણું જુદ્ધ કરી જોયું, પણ એ લાગણીને તે જીતી શકયો નહીં. તે મઠપતિનું કહ્યું તો કરતો, પણ મનમાં ઊંડે ઊંડે એની નિંદા કર્યા વિના રહેતો નહીં. એ વિરોધનો ભાવ એના મનમાંથી જરાયે ખસતો નહીં. નવા મઠમાં આવ્યાને એને બીજું વરસ ચાલતું હતું તે દરમ્યાન એ અણગમાની લાગણી ભભૂકી ઊઠી.

એક વાર એક મોટા પરવની પ્રાર્થના હતી, ને ઘણા લોકો બહારથી આવ્યા હતા. મઠપતિ પોતે પ્રાર્થના ચલાવતો હતો. સર્જિયસ એની રોજની જગાએ ઊભો રહીને પ્રાર્થના કરતો હતો. પણ એના મનમાં તો એકબીજાથી ઊલટી લાગણીઓ વચ્ચે મહાયુદ્ધ ચાલી રહ્યું હતું. પ્રાર્થના વખતે — ને ખાસ કરીને મોટા દેવળમાં તે જાતે પ્રાર્થના કરાવતો ન હોય ત્યારે — તેના મનમાં આવું ઘમસાણ હંમેશાં ચાલતું. એ ઘમસાણનું કારણ તો એ હતું કે વરણાગિયા લોકો — ને ખાસ કરીને સ્ત્રીઓ —ની હાજરીથી તેના મનમાં ચીડ ઊપજતી હતી. એ લોકો અથવા દેવળમાં ચાલતી ધમાલ બેમાંથી કશું જોવાની એની મરજી નહોતી, ને મનને ત્યાં જતું રોકવાને એ મથતો હતો, છતાં તેમના તરફ નજર નાખ્યા વિના એનાથી રહેવાતું નહોતું. એક

સોલ્જર એ ફૂલફટાક જેવા લોકોને માટે રસ્તો કરતો હતો, ને સાધારણ લોકોને ધક્કા મારીને બાજુએ ખસેડતો હતો. ભભકાદાર કપડાં પહેરીને આવેલી ભદ્ર સમાજની સ્ત્રીઓ પાદરીઓ તરફ આંગળી કરી એકબીજીનું ધ્યાન એ પાદરીઓ તરફ દોરતી હતી. ખાસ કરીને એમની નજર સર્જિયસ પર ને બીજા એક દેખાવડા પાદરી પર ઠરતી હતી. સર્જિયસે પોતાના મનને જાણે અંધારી ઓઢાડવાનો પ્રયત્ન કર્યો. મીણબત્તીઓનું અજવાળું, મૂર્તિઓ, ને પ્રાર્થના ચલાવનારા પાદરી, એ સિવાય કશા તરફ નજર પડવા જ ન દેવી, એવો પાકો નિશ્ચય કર્યો. જે પ્રાર્થના ગવાતી કે વંચાતી હતી તે સિવાય બીજો અવાજ કાનમાં ઊતરવા ન દેવાનો પ્રયત્ન કર્યો. "હું મારી ફરજ બજાવું છું." એ જ વિચાર કરવો, ને એ વિચારમાં તરબોળ થઈ ને હુંપણું ભૂલી જવું, એવો પણ તેણે નિશ્ચય કર્યો. જે પ્રાર્થના તેણે ઘણી વાર સાંભળી હતી તે જ જ્યારે દેવળ બહાર એકાંતમાં બીજું કોઈ ગાતું કે તે પોતે ગાતો ત્યારે આવી અભાનોર્મિ તેને હંમેશાં ઊપજતી, ને તે દેહનું ભાન વીસરી જતો.

આમ તે આજની પ્રાર્થનામાં ઊભો હતો. જરૂર પડે ત્યારે હાથ આડાઅવળા કરી શરીરે ક્રૉસની નિશાની કરતો, ને મનના આવેશની સામે લડાઈ કરતો. ક્યારેક મનમાં ઊઠતી ઠંડા તિરસ્કારની લાગણીને વશ થતો; અને ક્યારેક વળી પ્રયત્ન કરીને મનમાંથી વિચાર અને લાગણી ભૂંસી નાખતો. એવામાં નિકોદમ કરીને એક પાદરી એને બોલાવવા આવ્યો. એ પણ સર્જિયસના રસ્તામાં આડખીલી જેવો હતો. એ માણસ મઠપતિની ખુશામત કરતો, ને તે નચવે એમ નાચતો; એ માટે એને ઠપકો આપ્યા વિના સર્જિયસથી રહી શકાતું નહીં. નિકોદમે આવી નીચા વળી સર્જિયસને નમન કર્યું, ને કહ્યું કે મઠપતિ બોલાવે છે. સર્જિયસે ઝભ્ભો સીધો કર્યો, ટોપી પહેરી લીધી, ને આજુબાજુ બેઠેલા લોકો તરફ જોતો જોતો ચાલ્યો.

"લીઝી, જો પણે જમણી બાજુ. આ જાય પેલો સાધુ." એક સ્ત્રીના બોલ તેને કાને પડ્યા.

"ક્યાં છે? ક્યાં છે? ઓહો, પેલા ને! એ કંઈ બહુ રૂપાળા નથી."

સર્જિયસને ખબર હતી કે આ મારા વિશે બોલાય છે. એ બોલ એણે સાંભળ્યા. મનમાં લાલચ થઈ આવે ત્યારે હંમેશાં બોલતો એમ આજે પણ મનમાં બોલ્યો: "હે ભગવાન, અમને લાલચમાં ન નાખ." તેણે માથું

નમાવ્યું, ને આંખો નીચી ઢાળી ચાલ્યો ગયો. મૂર્તિઓ પાસે જઈ કમરમાંથી નીચો નમી પગે લાગ્યો. પછી માથું ઊંચું કર્યું પણ ફેરવ્યું નહીં, ને આંખ ત્રાંસી કરી મઠપતિ સામે નજર નાખી લીધી. એની સાથે કોક ભભકાદાર પોશાકવાળો માણસ ઊભો હતો.

મઠપતિ એના હોદ્દાનો પોશાક પહેરીને ભીંત પાસે ઊભો હતો. એના ટૂંકા જાડા હાથ બાંય વિનાના ઝભ્ભા નીચેથી છૂટા કરીને તેણે જાડી કાયા ને પેટની ફાંદ પર જોડી રાખ્યા હતા. ઝભ્ભાની દોરીઓ હાથમાં રાખી તે, મલકાતે મોંએ, એક લશ્કરી અમલદારને કંઈક કહેતો હતો. સર્જિયસે જે પલટણમાં નોકરી કરેલી તેનો એ સેનાપતિ હતો. અત્યારે એ બહુ મોટા હોદ્દા પર હોય એમ દેખાતું હતું. સર્જિયસ તરત જ જોઈ ગયો કે મઠપતિને આ વાતની ખબર હતી, ને તેનો રાતો ચહેરો ને ટાલવાળું માથું સંતોષ અને આનંદથી ચમકતાં હતાં. એ જોઈ સર્જિયસને અકળામણ થઈ ને ચીતરી ચડી. જે માણસ અગાઉ પોતાની પલટણમાં હતો તેને જોવાનું સેનાપતિને મન હતું એટલા માટે જ મઠપતિએ મને બોલાવ્યો છે, એમ જ્યારે સર્જિયસે જાણ્યું ત્યારે તો એના ક્રોધનો પારો વધી ગયો.

"તમને આ ભગતના વેશમાં જોઈ મને બહુ આનંદ થયો," કહી સેનાપતિએ હાથ લાંબો કર્યો. "તમારા જૂના સાથીને તમે ભૂલી તો નહીં જ ગયા હો."

મઠપતિનો રાતો, હસતો ચહેરો; સેનાપતિના શબ્દો; એનું સફાઈદાર મોઢું; એના પરનું આત્મસંતોષ સૂચવનારું સ્મિત; તેના શ્વાસમાંથી આવતી દારૂની દુર્ગંધ, અને મોઢા પરના થોભિયામાંથી આવતી તમાકુની ઉગ્ર વાસ — એ બધું જોઈને સર્જિયસનો પિત્તો ઊછળ્યો. તેણે ફરી મઠપતિને નમન કર્યું ને બોલ્યો :

"આપે મને બોલાવ્યો છે ?" — કહી તે થોભ્યો. તેનું મોઢું ને આંખો એમ જ પૂછી રહ્યાં હતાં કે "કેમ બોલાવ્યો છે ?"

"હા, સેનાપતિને મળવા," મઠપતિએ કહ્યું.

"આપ તો જાણો છો કે મેં લાલચમાંથી બચવાને દુનિયાનો ત્યાગ કર્યો છે," સર્જિયસ બોલી ઊઠયો. તેના મોઢા પરનું લોહી ઊડી ગયું, ને હોઠ કાંપવા લાગ્યા. "તો પછી પ્રાર્થના ચાલે છે ત્યારે, ને આ પ્રભુના ધામમાં, મને લાલચમાં શા સારુ નાખો છો ?"

"ભલે જાઓ તમે ! જાઓ !" મઠપતિએ કહ્યું. તે ભભૂકી ઊઠયો, ને તેનો ચહેરો લાલચોળ થઈ ગયો.

બીજે દહાડે સર્જિયસે પોતાના ગર્વને માટે મઠપતિ અને બીજા પાદરીઓની ક્ષમા માગી, પણ સાથે સાથે, એક આખી રાત પ્રાર્થનામાં ગાળ્યા પછી, તેણે નિશ્ચય કર્યો કે મારે આ મઠ છોડવો જ જોઈએ. એટલે તેણે પહેલા મઠવાળા મહંતને લખ્યું કે "મને આપની પાસે આવીને રહેવા દો. આપની મદદ વિના હું ક્રોધ અને અહંકારરૂપી રિપુઓ સામે લડી નહીં શકું." કાગળમાં તેણે પોતાનું ગર્વરૂપી પાપ કબૂલ કર્યું હતું, ને તેનો પસ્તાવો પ્રગટ કર્યો હતો. વળતી ટપાલે મહંતનો જવાબ આવ્યો, તેમાં લખ્યું હતું કે "તમારું અભિમાન જ આ બધાનું કારણ છે." ડોસાએ એમ પણ લખેલું કે "પાદરીના વ્યવસાયને અંગે મળતાં માનપાન ને હોદ્દા લેવાની તમે ના પાડો છો તેમાં તમે નમ્રતા દાખવો છો એ સાચું. છતાં એ નમ્રતાની પાછળ પ્રભુપ્રેમ નથી હોતો, પણ તમારો અહંકાર હોય છે. તમને થાય છે: 'હું કશાની સ્પૃહા રાખતો નથી તે કેવો અજબ માણસ છું!' તેથી જ તમને મઠપતિનું પેલું કામ ન ગમ્યું. તમને થયું: 'મેં ઈશ્વરને ખાતર સર્વસ્વ તજ્યું છે, છતાં અહીં તો કોઈ જંગલી જાનવરની પેઠે મારું પ્રદર્શન કરવામાં આવે છે!' તમે ઈશ્વરને ખાતર અહંકારનો ત્યાગ કર્યો હોત, તો તમે એ સાંખી લેત. સંસારી માણસમાં હોય એવું ગુમાન હજુ તમારા મનમાંથી દૂર થયું નથી. સર્જિયસ દીકરા, મેં તમારે વિશે વિચાર કર્યો છે, પ્રાર્થના પણ કરી છે, ને ભગવાને મને રસ્તો સુઝાડયો છે. તાંબોવના મઠમાં સાધુ હિલેરી નામના એક ખરેખરા સંતપુરુષ હતા, તેમનો સ્વર્ગવાસ થયો છે. એ ત્યાં અઢાર વરસ રહેલા. તાંબોવના મઠપતિ પુછાવે છે કે 'એમની જગા લે એવા કોઈ સાધુ નથી?' એટલામાં તમારો કાગળ આવ્યો. તાંબોવના મઠપતિ ફાધર * પાઈસી પાસે જાઓ. હું એમને તમારે વિશે લખીશ. ત્યાં જઈને હિલેરીની કોટડી માગજો. તમે હિલેરીનું સ્થાન લઈ શકશો એવો એનો અર્થ નથી. પણ તમારા અહંકારને શમાવવા તમારે એકાંતની જરૂર છે. ભગવાન તમારું ભલું કરે."

* કૅથલિક સાધુને 'ફાધર' કહેવામાં આવે છે.

સર્જિયસે મહંતની આજ્ઞા માની. તેનો કાગળ મઠપતિને બતાવ્યો, ને તેની રજા મેળવી. પોતાની કોટડી ખાલી કરી; પાસે જે કંઈ રાચરચીલું વગેરે હતું તે મઠમાં સોંપી દીધું; ને તાંબોવના મઠમાં જવા નીકળ્યો.

તાંબોવના મઠપતિ મૂળ વેપારી કુટુંબના હોઈ વ્યવસ્થાના કામમાં ભારે કુશળ હતા. તેમણે સર્જિયસને સરળતા ને શાંતિથી આવકાર આપ્યો, ને તેને હિલેરીની કોટડી રહેવા આપી. પહેલાં એની સેવા કરવાનું એક ગૃહસ્થ શિષ્યને સોંપ્યું. પણ પછી સર્જિયસની પોતાની વિનવણીથી તેને સાવ એકલો રાખ્યો. કોટડી તે ડુંગરમાં કોતરી કાઢેલી, બે ખંડવાળી, ગુફા હતી. તેમાં હિલેરીને દફનાવેલો હતો. પાછલા ખંડમાં હિલેરીની કબર હતી. આગલા ખંડમાં સૂવા માટે મોટો ગોખલો હતો, તેમાં પરાળનું એક ગાદલું હતું. તે ઉપરાંત એક નાનું ટેબલ હતું, ને મૂર્તિઓ તથા ચોપડીઓ મૂકવાની છાજલી હતી. બહારનું બારણું એક આગળીથી વસાતું. આ ખંડની બહાર બીજી એક છાજલી હતી. તેના પર દિવસમાં એક વાર મઠમાંથી કોઈ સાધુ આવી ખાવાનું મૂકી જતો.

આમ સર્જિયસ ખરેખરો જોગી બન્યો.

૩

આ આશ્રમમાં એને આવ્યે છઠ્ઠું વરસ ચાલતું હતું. કોઈ તહેવારનો દિવસ હતો. પડોશના ગામમાંથી શ્રીમંત સ્ત્રીપુરુષોની એક મંડળી જાફત ઉડાવીને ગાડીમાં બેસી સહેલ કરવા નીકળી પડી હતી. તેમાં બે વકીલ, એક શ્રીમંત જમીનદાર, એક અમલદાર, ને ચાર સ્ત્રીઓ એટલાં માણસ હતાં. એક સ્ત્રી અમલદારની પત્ની હતી. બીજી જમીનદારની પત્ની હતી. ત્રીજી નાની છોકરી હતી, તે જમીનદારની બહેન હતી. ચોથીએ ધણી સાથે છૂટાછેડા લીધા હતા. તે રૂપાળી, પૈસાદાર ને ચસકેલ હતી. એનું સ્વચ્છંદી વર્તન જોઈને ગામના લોકો છક થઈ જતા ને આઘાત પામતા. આ ત્યક્તાનું નામ માકોવી હતું.

હવા બહુ જ સુંદર હતી, ને બરફથી છવાયેલો રસ્તો ઘરની ફરસ જેવો સુંવાળો હતો. મંડળી ગામ બહાર સાતેક માઈલ જઈ થોભી, ને વિચાર કરવા લાગી કે હવે પાછા ફરવું કે આગળ જવું.

"પણ આ રસ્તો જાય છે ક્યાં?" માકોવીએ પૂછ્યું.

"તાંબોવ. અહીંથી આઠેક માઈલનું છેટું છે," એમાંના એક વકીલે જવાબ આપ્યો. તેણે માકોવી જોડે જરાતરા નખરાં માંડયાં હતાં.

"ને પછી ક્યાં ?"

"પછી મઠ આગળ થઈને લ — પહોંચે છે."

"પેલો જોગી સર્જિયસ રહે છે તે મઠ ?"

"હા."

"સદ્‌ગૃહસ્થો અને સન્નારીઓ, ચાલો આપણે મઠ સુધી જઈને એ જોગીરાજને જોઈએ ! તાંબોવ ગામમાં રોકાઈને કંઈક હાજરી કરી લઈશું."

"પણ તો પછી આજે રાત્રે ઘેર પહોંચવા નહીં પામીએ !"

"કંઈ ફિકર નહીં. બાવાજીની ગુફામાં રાત રહી જઈશું."

"ભલે, મઠમાં બહુ સરસ અતિથિગૃહ છે. હું તાંબોવની અદાલતમાં માખીનનો બચાવ કરતો હતો ત્યારે ત્યાં રહેલો."

"ના, હું તો બાવાજીની ગુફામાં જ રાત રહેવાની !"

"અશક્ય ! તમે મોટાં ચમરબંધી હો તોયે રહી નહીં શકો !"

"અશક્ય ? મારવી છે શરત ?"

"હા, આવી જાઓ ! તમે એમની સાથે રાત રહી શકો તો મારે તમને કહો તે આપવું."

"તમે કહો તે."

"પણ તમે હારો તો એટલી રકમ તમારે પણ આપવાની !"

"હા હા, જરૂર. હંકાવો ગાડીઓ."

ગાડીવાનોને દારૂ અપાયો; ને સહેલાણીઓએ પોળી, દારૂ ને મીઠાઈની પેટી કાઢી. સ્ત્રીઓએ કૂતરાના ચામડાના સફેદ ડગલા પહેરી લીધા. કોની ગાડી સૌથી આગળ જાય એ વિશે ગાડીવાનોમાં હૂંસાતૂંસી ચાલી. એમાં જે સૌથી નાનો હતો તેણે હામ ભીડી, ગાડીમાં એક બાજુ મોં ફેરવીને બેઠો, લાંબો ચાબુક વીંઝવા લાગ્યો, ને ઘોડાને હાકોટા કરવા લાગ્યો. ગાડીઓની ઘંટડીઓ રણકવા લાગી, ને પાટિયાં બરફ પર ચરડ ચરડ કરવા લાગ્યાં.

ગાડીઓ જરાયે હેલા ખાતી નહોતી. વચલા ઘોડાની પૂંછડી તેના ફૂમતાવાળા તંગ તળે સખત બાંધેલી હતી. ઘોડો એકધારો ને ઝડપભેર ચાલ્યો જતો હતો. સુંવાળો રસ્તો જોતજોતામાં પાછળ પડતો દેખાતો

હતો; ને ગાડીવાન મન મૂકીને રેન હલાવતો હતો. બેમાંનો એક વકીલ ને તેની સાથે બેઠેલો અમલદાર માકોવીની જોડે બેઠેલી સ્ત્રી સાથે ગપ્પાં હાંકતા હતા. પણ માકોવી પોતે તો સૂનમૂન થઈને બેઠી હતી. તેણે રુવાંટીનો ડગલો ચપસાવીને પહેરેલો હતો. તે વિચારમાં ગરકાવ હતી. "હંમેશાં એવા ને એવા, ને હંમેશાં દુષ્ટ! એનાં એ રાતાં ચળકતાં મોઢાં; ને એની એ દારૂ ને બીડીઓની દુર્ગંધ! એની એ વાતો. એના એ વિચાર, ને એના એ વિષયો! એ સહુને મનમાં એથી સંતોષ છે, ને એવો ભરોસો છે કે એ તો એમ જ હોય, ને પોતે બધા મરશે ત્યાં સુધી આની આ રીતે જીવવાના છે. પણ મારાથી એમ શાન્ત બેસી શકાતું નથી. મને તો કંટાળો આવે છે. મારે તો કંઈક એવું જોઈએ છે જેથી આ દુનિયા ઊથલપાથલ ને ઊંધીચત્તી થઈ જાય. સારાટોવમાં ને — હા ત્યાં જ — પેલા લોકોએ હાંક હાંક કરેલું ને બરફમાં ઠરીને મરી ગયેલા, નહીં? એવી વલે અમારી થાય તો?... તો અમારા લોકો શું કરે? કેવી રીતે વર્તે? નીચતાથી વર્તે, એમાં મને તો શંકા નથી. સહુ પોતાનો પંડ સંભાળે. ને હું પણ ખરાબ રીતે વર્તું. પણ મારી પાસે કંઈ નહીં તો રૂપ તો છે. આ બધા એ જાણે છે. ને પેલા સાધુનું શું? એ માણસ રૂપથી ન લોભાતો હોય એમ બને ખરું? ના રે! આ એક વસ્તુની લાલસા તો સહુ પુરુષોને હોય છે — ગઈ પાનખરવાળા પેલા લશ્કરી વિદ્યાર્થીની જ વાત લો ને! એ કેવો બેવકૂફ હતો!"

"ઇવાન!" તેણે બૂમ પાડી.

"જી હજૂર! શો હુકમ છે?"

"પેલો કેટલી ઉંમરનો છે?"

"કોણ?"

"પેલો સ્ટીપન જ તો."

"ચાળીસ ઉપરનો હશે, મને લાગે છે."

"જે કોઈ મળવા આવે છે તે સહુને એ મળે છે?"

"હા સહુને મળે છે — પણ તે હંમેશાં નહીં."

"મારા પગ ઢાંકી દો. ના, એમ નહીં — તમે કેવા અનાડી છો! ના! જરા વધારે, હજુ વધારે — હા, એ બરાબર છે! પણ મારા પગ દબાવવાની જરૂર નથી!"

આમ કરતાં કરતાં ગાડીઓ જંગલમાં આવી પહોંચી. અહીં જ પેલી ગુફા હતી.

માકોવી ગાડીમાંથી ઊતરી, ને બીજાંને કહ્યું : "તમે આગળ જાઓ."

ગાડીઓ ગઈ એટલે તે પગદંડી પર ચાલી. તેણે કૂતરાના ચામડાનો સફેદ ડગલો પહેર્યો હતો. પેલો વકીલ ગાડીમાંથી ઊતરી તેને જતી નિહાળી રહ્યો.

સર્જિયસને ગુફામાં વાસ કર્યાને છઠ્ઠું વરસ ચાલતું હતું. અત્યારે એની ઉંમર ઓગણપચાસની હતી. એકાન્તનું એનું જીવન કઠણ હતું — ઉપવાસ અને પ્રાર્થનાને લીધે નહીં (એ તો એને જરાયે કઠણ ન લાગતાં), પણ મનમાં ચાલી રહેલા સંઘર્ષને લીધે. મનમાં લાગણીઓનું આવું ધમસાણ ચાલશે એવી ધારણા એણે રાખી નહોતી. એ સંઘર્ષનાં બે કારણ હતાં— એક તો સંશય; ને બીજું કામવિકાર. આ બે શત્રુઓ હંમેશાં સાથે દેખા દેતા. એને એમ લાગતું કે એ બે શત્રુ છે. પણ ખરું જોતાં તે બે મળીને એક જ શત્રુ હતો. મનમાંથી સંશય દૂર થાય કે તરત કામવિકાર પણ અલોપ થઈ જતો. પણ એ બેને જુદા જુદા અસુર માની તેમની સામે તે જુદી જુદી લડાઈ ચલાવતો.

"હે મારા પ્રભુ ! હે મારા નાથ !" તેના મનમાં વિચારોની ઘટમાળ ચાલતી હતી. "તું મને શ્રદ્ધા કેમ આપતો નથી ? કામવાસનાનું તો જાણે સમજ્યા : એની સામે તો સંતોને પણ લડવું પડેલું. પણ એમની પાસે શ્રદ્ધાનું બળ તો હતું. પણ મારે તો પળો, ઘડીઓ ને દિવસો એવાં વીતે છે જ્યારે શ્રદ્ધા અલોપ થઈ જાય છે, આખું જગત ને એનાં સુખચેન જો પાપમય અને ત્યાજ્ય હોય, તો તેં એ સરજાવ્યાં છે શા સારુ ? તેં આ પ્રલોભન શા સારુ પેદા કર્યું છે ? પ્રલોભન ? હા, હા. પ્રલોભન. હું સંસારનાં આ બધાં સુખ જતાં કરવા ઇચ્છું છું. શા માટે ? બીજે ક્યાંક સુખ મેળવવા. એ બીજી જગા છે ખરી ? ત્યાં સુખ છે ખરું ? કોણ જાણે. છતાં હું આ મથામણ કરી રહ્યો છું. એ પ્રલોભન નહીં તો બીજું શું છે ?" એને મનમાં ત્રાસ છૂટ્યો. પોતાની જાત પ્રત્યે તિરસ્કાર આવી ગયો. "હે કુકર્મી જીવ ! ને તારે સંતપુરુષ થવું છે !" તેણે મનને ઠપકો આપ્યો, ને પ્રાર્થના કરવા મંડી પડ્યો. પણ પ્રાર્થના શરૂ કરી કે તરત પોતે પેલા મઠમાં કેવો અધિકારી હતો તેનો ચિતાર નજર આગળ ખડો થયો. કેવો એ વેળાનો

ઠાઠ હતો! કેવી સરસ ટોપી, ને કેવો સુંદર ઝભ્ભો પહેરવાને મળતાં!" એ વિચાર આવતાં તેણે માથું ધુણાવ્યું. "ના, એ બરાબર નથી. એ છેતરપિંડી છે. હું બીજાને ભલે છેતરું, પણ મારા અંતરાત્માને કે ઈશ્વરને તો ન જ છેતરાય. હું મોટો ને ભવ્ય પુરુષ નથી, પણ પામર જીવ છું. હું દયા ને હાંસીને પાત્ર છું!" તેણે ઝભ્ભો ઊંચો કર્યો, ને પોતાના પાતળા પગ જોઈને સહેજ હસ્યો.

તેણે ઝભ્ભો પાછો નીચે નાખી દીધો, ને પ્રાર્થનાનું પુસ્તક વાંચવા માંડ્યું. વાંચતાં વાંચતાં શરીરે ક્રૉસની નિશાનીઓ કરે, ને નીચો વળીને પગે લાગે. "આ શય્યા તો મારી ચિતા નહીં બને?" એવું એક વાક્ય એના વાંચવામાં આવ્યું. ત્યાં તો મનમાંથી શેતાન બોલી ઊઠ્યો: "સૂની શય્યા એ પોતે જ ચિતા છે ને. જૂઠી વાત!" એ જ વેળા, એક વિધવાની જોડે અગાઉ તે રહેલો તેના ખભા કલ્પનામાં દેખાયા. તેણે આ વિચારો ખંખેરી નાખ્યા, ને આગળ વાંચવા માંડ્યું. એ પુસ્તક પૂરું કરી તેણે બાઇબલનો નવો કરાર હાથમાં લીધો, ને પુસ્તક ઉઘાડ્યું. એક વાક્ય તેણે ઘણી વાર ગોખેલું ને એને યાદ રહી ગયેલું તે જ વાંચવામાં આવ્યું: "હે નાથ, મને શ્રદ્ધા છે. તું મારી અશ્રદ્ધાનો નાશ કર!" આ વાંચી તેણે મનમાં ઊઠેલી સર્વ શંકાઓને ફગાવી દીધી. તેનું મન શાન્ત થયું. એને આનંદ થયો, ને મન નાચી ઊઠ્યું. તેણે શરીરે ક્રૉસની નિશાનીઓ કરી, ને સાંકડા બાંકડા પર સૂઈ ગયો. ઉનાળે પહેરવાનો ઝભ્ભો માથા નીચે ખોસી દીધો. તેને એકદમ ઊંઘ આવી ગઈ. આછી ઊંઘમાં જાણે ગાડીની ઘંટડીઓનો રણકાર સંભળાતો હોય એવો ભાસ તેને થયો. તેને થયું, આ તે હું સ્વપ્નું જોઉં છું કે જાગું છું? પણ બારણા પર ટકોરો થયો એટલે તે જાગી ગયો. તે બેઠો થયો. કાને સાંભળ્યું એવો વિશ્વાસ એને ન આવ્યો. પણ ટકોરો બીજી વાર થયો. હા, આ ટકોરો પાસે જ — એના બારણા પર જ — થતો હતો. સાથે એક સ્ત્રીનો અવાજ સંભળાયો.

"હે મારા પ્રભુ! સંતચરિતમાં વાંચેલું તે શું સાચું હશે? શેતાન શું સ્ત્રીનું રૂપ લઈને આવતો હશે? હા — આ તો સ્ત્રીનો જ અવાજ છે. અને એ પણ કોમળ, સૌમ્ય અને મધુર અવાજ છે. થૂ!" કહી તે શેતાનને ભગાડવા થૂંક્યો. "ના રે, આ તો બધા મારા મનના ઘોડા છે." એવી તેની ખાતરી થઈ એટલે જીવ હેઠે બેઠો. ખૂણામાં વાંચવાની જગા

હતી. ત્યાં જઈ તે રોજની પેઠે ઘૂંટણિયે પડ્યો. આમ પડવાથી તેને આપોઆપ આશ્વાસન અને સંતોષ મળતાં. તે છેક નીચો નમ્યો. માથાના વાળ તેનાં મોઢા પર લટકવા લાગ્યા. માથા પર આગલા ભાગમાં ટાલ પડવા માંડી હતી. જમીન પર જાડા ઊનના પાથરણાનો ટાઢો ભીનો કકડો પડ્યો હતો તેના પર માથું દબાવ્યું. અમુક એક ભજન વાંચવાથી મનના વિકાર શમે છે, એમ ફાધર પીમને એને કહેલું; એટલે એ ભજન વાંચ્યું, મજબૂત ને પાતળા પગ પર પોતાની હળવી ને સુકાઈ ગયેલી કાયાને ઊભી રાખતાં એને વાર ન લાગી. તેણે ટટાર ઊભા રહી પ્રાર્થના ચાલુ રાખવાનો પ્રયત્ન તો કર્યો. પણ મન એમાં ન પરોવાયું, ને કાન આપોઆપ બીજે ધ્યાન આપવા લાગ્યા. કંઈક વધારે સંભળાય તો સાંભળવાની એની ઇચ્છા હતી. આસપાસ ચોમેર શાન્તિ હતી. છાપરાના એક ખૂણા પરથી નીચે મૂકેલા પીપમાં ટીપાં એકધારાં પડતાં હતાં. બહાર ધૂમસ ફેલાયું હતું, ને તે જમીન પર પડેલા બરફને ભેદી રહ્યું હતું. ચારે પાસ સૂનકાર વ્યાપી રહ્યો હતો. એટલામાં એકાએક બારીએ કશાકનો ફફડાટ થયો, ને એક અવાજ આવ્યો — એનો એ કોમળ ને સૌમ્ય અવાજ હતો. આવો અવાજ તો કોઈ સુંદર રમણીનો જ હોઈ શકે — તેણે કહ્યું:

"ઈસુ ભગવાનને ખાતર, મને અંદર આવવા દો ને!"

સર્જિયસના શરીરનું આખું લોહી જાણે ધસી આવીને એના હૃદયમાં જામ્યું હતું, તેને શ્વાસ લેવો પણ મુશ્કેલ પડ્યો. "હે ભગવાન, તું ઊઠ, ને તારા શત્રુઓને વિખેરી નાખ..."

"પણ હું કંઈ ભૂતપ્રેત કે રાક્ષસી નથી હોં!" જે હોઠ આ શબ્દો બોલતા હતા તે સ્મિત કરી રહ્યા હતા એ દેખીતું હતું. "હું કોઈ પિશાચ કે વંતરી નથી, પણ એક પાપણી સ્ત્રી છું, ને આ વગડામાં ભૂલી પડી છું — વ્યંગ્યાર્થમાં નહીં, પણ વાચ્યાર્થમાં!" કહી તે ખડખડ હસી પડી. "હું ઠરી ગઈ છું, ને આશ્રયની ભિક્ષા માગું છું."

સર્જિયસે મોઢું બારી સરસું દબાવ્યું; પણ એના કાચમાં તો મૂર્તિ આગળના નાના દીવાનું જ પ્રતિબિંબ પડ્યું, ને તેનાથી આખા કાચ પર પ્રકાશ ફેલાઈ ગયો. તેણે મોઢાની બે બાજુ બે હાથ મૂકી વચ્ચેથી જોવાનો પ્રયત્ન કર્યો. ધૂમસ, ઝાડ, ને — બરાબર સામે જ — પેલી સ્ત્રી.

હા, એનાથી થોડાક તસુને જ છેટે એક સ્ત્રીનો મધુર, હેતાળ ને ભયભીત ચહેરો એના તરફ નમી રહ્યો હતો. તેણે માથે ટોપી ને શરીરે લાંબો, સફેદ, રુવાંટીનો ડગલો પહેર્યાં હતાં. એમની આંખો મળી, ને બંને જણે એકબીજાને તત્કાળ ઓળખ્યાં. બે જણ પહેલાં એકબીજાને કદી મળેલાં કે ઓળખતાં હતાં એમ નહીં, પણ એમણે — ને ખાસ કરીને સર્જિયસે — જે નજર એકબીજા સામે નાખી તે પરથી બંને સમજી ગયાં કે આપણે એકબીજાને ઓળખીએ છીએ, ને એકબીજાના મનની વાત કળી ગયાં છીએ. એ દૃષ્ટિપાત પછી આ બાઈને રાક્ષસી કલ્પવી અશક્ય હતી. એ તો સાદી, હેતાળ, મધુર ને બીરુ એવી એક મહિલા જ હતી, એવું એને સમજાયું.

"તું કોણ છે? અને કેમ આવી છે?" તેણે પૂછ્યું.

"કૃપા કરીને બારણું ઉઘાડો ને!" બાઈ બોલી. તેના અવાજમાં મનસ્વી સત્તાનો ભાવ હતો. "હું ઠરીને ઠીકરું થઈ જાઉં છું. હું તમને કહું છું હું ખરેખર ભૂલી પડી છું."

"પણ હું તો સંન્યાસી છું — જોગી છું."

"હા, હા, જોગીરાજ. પણ મહેરબાની કરીને બારણું ઉઘાડો ને — કે તમારી બારી નીચે ઠરીને હું મરી જાઉં, ને તમે પ્રાર્થના કર્યા કરશો?"

"પણ તું અહીં કેવી રીતે…"

"હું તમને ખાઈ નથી જવાની. ભગવાનને ખાતર મને અંદર આવવા દો ને! મારાં તો અંગેઅંગ અકડાઈ ગયાં છે."

એને બીક ખરેખર લાગી હતી; ને આ શબ્દો બોલતાં તે રડું રડું થઈ ગઈ.

સર્જિયસ બારીએથી પાછો ફર્યો, ને કાંટાળા મુગટવાળી ભગવાન ઈસુની મૂર્તિ સામે જોઈ રહ્યો. "હે ભગવાન, મને મદદ કરો! હે પતિત-પાવન, મારો હાથ ઝાલો!" બોલી એણે ક્રૉસની નિશાનીઓ કરી, ને મૂર્તિને નમન કર્યું. પછી વચલા બારણા આગળ ગયો ને તે ઉઘાડ્યું. બહારના બારણા પાસે જઈ આગળી શોધી કાઢી, ને તે ઉપાડવા જતો હતો ત્યાં બહાર પગલાં સંભળાયાં. પેલી બાઈ બારી આગળથી બારણા તરફ આવતી હતી. "ઓ રે…" તેણે એકાએક ચીસ પાડી. સાધુએ જાણ્યું કે છાપરા પરથી પાણી પડવાને લીધે આંગણામાં જે ખાબોચિયું ભરાયેલું

તેમાં એનો પગ પડચો છે. તેના હાથ થથર્યા, ને તેનાથી સખત વાસેલા બારણાની આગળી ઊંચી થઈ નહીં.

"અરે, આ તમે શું કરો છો? મને અંદર આવવા દો ને! હું તો કપડાં સહિત ભીંજાઈ ગઈ છું. તમે તમારો આત્મા બચાવવાનો વિચાર કરો છો, ને હું ઠરીને મરી જાઉં છું તે તરફ તો જોતા જ નથી..."

સાધુએ બારણું પોતાની તરફ ખેંચ્યું, આગળી ઊંચી કરી; ને પોતે શું કરે છે એનો વિચાર કર્યા વિના બારણું એટલા જોરથી ઉઘાડયું કે બાઈને વાગ્યું.

"અરે — માફ કરો!" તે એકાએક બોલી ઊઠચો. સ્ત્રીઓ સાથે વર્તવાની જૂની ઢબે જ તેનાથી બોલાઈ ગયું.

"માફ" શબ્દ સાંભળતાં બાઈનું મોં મલકયું. "ત્યારે બાવાજી સાવ ભયંકર તો નથી જ," તેને થયું. "કંઈ નહીં, એમાં શું થઈ ગયું? માફી તો ખરું જોતાં મારે તમારી માગવાની છે," કહેતાંકને તે સાધુની પાસે થઈને આગળ વધવા ગઈ. "મારે આ સાહસ કરવું જ નહોતું જોઈતું. પણ શું કરું? ભોગજોગે ભૂલી પડી..."

"લો, આવો આવવું હોય તો," કહી સાધુ એને રસ્તો કરી આપવા બાજુએ ઊભો રહ્યો. તેને સુંદર અત્તરની સુગંધ આવી. એવી સુવાસ તેણે લાંબા વખતથી લીધી નહોતી. બાઈ ગુફામાં દાખલ થઈ. સાધુએ આગળી માર્યા વિના જ બહારનું બારણું વાસ્યું, ને બાઈની પાછળ અંદર ગયો.

"હે ભગવાન! હે ઈસુ! હે ઈશ્વરપુત્ર! હું પાપી છું. મારા પર દયા કરો! હે નાથ, હું પાપી છું. મારા પર દયા કરો!" એ પ્રાર્થના એના મનમાં એકસરખી ચાલી રહી હતી. સાથે સાથે હોઠ પણ આપોઆપ હાલતા હતા. "આવો આવવું હોય તો," તેણે ફરી કહ્યું. બાઈ ઓરડાની વચ્ચોવચ ઊભી હતી. પાણી એના શરીર પરથી જમીન પર ટપકતું હતું, ને તે સાધુને નિહાળી રહી હતી. તેની આંખો હસતી હતી.

"તમારા એકાંતમાં ભંગ પાડચો એને માટે મને માફ કરજો. પણ તમે જુઓ છો મારા કેવા હાલ થયા છે તે. અમે ગામમાંથી ગાડીમાં ફરવા નીકળ્યાં. રસ્તે મેં શરત મારી કે હું વોરોબેવકાથી ચાલીને શહેરમાં આવીશ. પણ પછી ભૂલી પડી. ને તમારી આ ગુફા મારા જોવામાં ન આવી હોત તો..." એણે જૂઠી વાત કહેવા તો માંડી; પણ સાધુનો

ચહેરો જોઈ ગભરાઈ, એટલે આગળ બોલી ન શકી ને ચૂપ થઈ ગઈ. સાધુ સાવ તેણે ધારેલો એવો નહોતો. તેણે કલ્પેલું એટલું રૂપ એનામાં નહોતું, છતાં તેની આંખને એ દેખાવડો લાગ્યો. એના ધોળાશ પડતા ને સહેજ વાંકડિયા, માથા ને દાઢીના વાળ; રૂપાળું ને સીધું નાક; સામી નજર કરે ત્યારે ધગતા અંગારા જેવી દેખાતી આંખો; એ બધાની માકોવીના મન પર ભારે છાપ પડી.

સાધુએ જોયું કે બાઈ જૂઠું બોલે છે.

"હા...એટલે," કહી તેણે બાઈ સામે નજર નાખી, ને ફરી આંખો નીચી ઢાળી દીધી. "હું પેલા અંદરના ઓરડામાં જઈશ. આ બહારનો ઓરડો તમારે માટે છે."

આટલું કહી તેણે નાનકડો દીવો ઉતારી મીણબત્તી સળગાવી; ને નીચો વળી બાઈને નમન કરી અંદરના ઓરડામાં ચાલ્યો ગયો. અંદર કંઈક ખસેડતો હોય એવો અવાજ સાંભળી માકોવીને થયું: "કદાચ મને રોકવાને આડી વાડ ઊભી કરતો હશે!" તે સહેજ હસી; ડગલો ઉતાર્યો; ટોપી વાળમાં ને તેની નીચે બાંધેલા રૂમાલમાં ભરાઈ ગઈ હતી તે કાઢવા ગઈ. બારી આગળ ઊભી હતી ત્યાં તો એનું શરીર જરાયે ભીંજાયું નહોતું. ભીંજાયું છે એમ કહેલું એ તો અંદર પેસવા માટે બહાનું જ હતું. પણ બારણા આગળ તો તે ખરેખર ખાબોચિયામાં પડી હતી. ડાબો પગ ઘૂંટણ સુધી ભીંજાયો હતો ને બૂટમાં પાણી ભરાઈ ગયું હતું. એક પાટલી ને તેના પર પાથરેલો શેતરંજીનો ટુકડો એ જ પથારી હતી; તેના પર બેસી તેણે બૂટ કાઢવા માંડ્યા. નાનકડી ઓરડી એને રમણીય લાગી. ઓરડી હતી તો સાતેક ફૂટ પહોળી ને નવેક ફૂટ લાંબી; પણ ચોખ્ખી ચંદન હતી. એમાં તે બેઠી હતી તે પાટલી, એના ઉપરના ભાગમાં ભીંતે ચોપડીઓની છાજલી, ને એક ખૂણામાં લખવાનું ટેબલ હતાં. બારણા પાસે ઘેટાના ચામડાનો એક ડગલો ને બીજો એક ઝભ્ભો ખીંટીએ ટિંગાડેલા હતા. ટેબલ પર નાનો દીવો હતો, ને કાંટાળા મુગટવાળી ઈસુની મૂર્તિ હતી. ઓરડીમાં પસીના ને માટીની વિચિત્ર વાસ આવતી હતી. એ બધું એને ગમ્યું—પેલી વાસ પણ. એના ભીના પગ—ખાસ કરીને એમાંનો એક—દુખતા હતા. તેણે જલદી જલદી બૂટમોજાં ઉતારવા માંડ્યાં. પણ એનું હસવું બંધ થયું નહોતું. પોતાની ધારણા સફળ કરી તેના આનંદ

કરતાં વધારે આનંદ તો એને બીજા કારણસર થયો હતો. તેણે જોયું કે આ ફાંકડા, વિચિત્ર, અસાધારણ ને આકર્ષક પુરુષને તેણે શરમમાં નાખ્યો હતો. "એણે સામો જવાબ ન વાળ્યો, પણ તેથી શું?" તેણે મનમાં કહ્યું.

"ફાધર સર્જિયસ! ફાધર સર્જિયસ! કે તમને શું કહે છે?"

"તમારે શું જોઈએ છે?" એક શાન્ત સ્વરે ઉત્તર આપ્યો.

"તમારા એકાંતમાં ખલેલ પાડું છું માટે જરા માફ કરજો હોં. પણ મારાથી રહેવાતું નથી. બહાર તો હું માંદી જ પડી જાત. ને હજુયે નહીં પડું એની કોને ખબર છે? હું તો આખી ભીંજાઈ ગઈ છું, ને મારા પગ ઠરીને બરફ જેવા થઈ ગયા છે."

"મને માફ કરો," એ જ શાન્ત સ્વરે કહ્યું. "મારાથી તમને કશી મદદ નહીં થઈ શકે."

"મારું ચાલત તો હું તમને ખલેલ ન કરત. હું પરોઢ સુધી જ અહીં છું."

સાધુએ કશો જવાબ ન દીધો. માકોવીએ એને કંઈક ગગણતો સાંભળ્યો. એને થયું કદાચ પ્રાર્થના કરતો હશે.

"તમે આ ઓરડામાં તો નથી આવવાના ને?" તેણે હસતાં હસતાં પૂછ્યું. "કેમ કે મારે શરીર કોરું કરવા કપડાં કાઢવાં પડશે."

સાધુએ જવાબ ન દીધો, પણ પ્રાર્થનાનું પુસ્તક વાંચવું ચાલુ રાખ્યું.

"હા, આ ખરો મર્દ છે!" માકોવીને થયું. જે બૂટમાંથી પાણી ટપકતું હતું તે બૂટ કાઢતાં એને મુશ્કેલી પડતી હતી. તે બૂટ જોરથી ખેંચતી હતી, પણ બૂટ નીકળતો નહોતો. એ વસ્તુ કેવી હસવા જેવી હતી, એ એના ધ્યાનમાં આવ્યું, ને બહાર ન સંભળાય એટલે મોટેથી એ હસવા લાગી. પણ પાછું યાદ આવ્યું કે સાધુ જો મારું હસવું સાંભળે તો કદાચ ડગે; ને ડગે એમ તો એ ઇચ્છતી હતી. એટલે એણે મોટેથી હસવા માંડ્યું. ને એના મોજીલા, કુદરતી ને હેતાળ હાસ્યની અસર સાધુના મન પર એણે ધારી હતી એવી જ થઈ.

"હા, આવા માણસ પર હું ખરેખર વારી જાઉં—કેવી આંખો! કેવો સાદો ને ખાનદાન ચહેરો! ને એમાં કામવાસના પણ છે હોં! પ્રાર્થના ભલેને ગમે એટલી બબડે તેથી શું?" એ વિચાર કરવા લાગી. "આવી વાતોમાં સ્રીને કોઈ છેતરી ન શકે. એણે બારીએ ડોકિયું કર્યું ને મને

જોઈ કે તરત જ એ સમજી ગયેલો, ને એને ખબર પડી ગઈ હતી એની ચમક એની આંખમાં હતી, ને ત્યાં કાયમ હતી. "એને મારે વિશે પ્રેમ ઊપજવા માંડેલો; ને મારા દેહને વિશે વાસના પણ પેદા થવા લાગેલી. હા—વાસના !" કહી એણે બૂટ કાઢયો, ને મોજાં ઉતારવા માંડયાં. લાંબાં ને તંગ બાંધેલાં મોજાં ઉતારવા માટે ચણિયો ઊંચો કરવો પડે એમ હતું. એને જરાક મૂંઝવણ થઈ ને એણે કહ્યું :

"અહીં ન આવશો હોં !"

પણ ભીંતની બીજી બાજુથી જવાબ ન મળ્યો. પ્રાર્થના એકધારી ચાલી રહી હતી. કશુંક ખસતું હોય એવો પણ અવાજ આવતો હતો.

માકોવીને થયું, "અંદર એ લાંબો થઈને પ્રણિપાત કરે છે એમાં તો શક નહીં. પણ એમ પગે લાગ્યે તે કંઈ મન હાથમાં આવતું હશે કે, ભલા માણસ ? જેમ હું એનું ચિંતન કરું છું તેમ એ પણ મનમાં તો મારું જ ચિંતન કરી રહ્યો છે. મારા પગને વિશે વિચાર કરતાં જેવી લાગણી મને થાય છે તેવી લાગણીથી એ પણ મારા પગનો જ વિચાર કરી રહ્યો છે." તેણે ભીનાં મોજાં ખેંચી કાઢયાં, પગ પાટલી પર મૂકયા, ને શરીર નીચે દબાવી દીધા. એ રીતે તે થોડીક વાર બેસી રહી. ઢીંચણ ઊંચા કરી તેની આસપાસ હાથ રાખ્યા, ને ચિંતાતુર દૃષ્ટિએ સામે જોઈ રહી. "પણ આ તો વેરાન વગડું છે. કોઈ કદી જાણવાનું પણ નથી..."

તે ઊઠી, મોજાં ચૂલા પાસે લઈ ગઈ, ને લોખંડના સળિયા પર સૂકવી દીધાં. સળિયો વિચિત્ર હતો. તેને એણે ફેરવી જોયો. ને પછી, ઉઘાડે પગે હળવાં પગલાં ભરતી, આવીને પાટલી પર પગ ઊંચા લઈ બેઠી.

વચલા આંતરાની પેલી બાજુ સંપૂર્ણ શાન્તિ હતી. તેણે ગળે લટકતા નાનકડા ઘડિયાળ પર નજર નાખી. બે વાગ્યા હતા. "અમારી મંડળી ત્રણેક વાગ્યે તો પાછી આવશે !" હવે એની પાસે કલાકથી વધારે વખત નહોતો. "તો શું મારે આમ સાવ એકલી બેસી રહેવું ? છટ્, એ વાતમાં કંઈ માલ નથી ! મારે આમ બેસવું જ નથી. હું એને એકદમ બોલાવીશ."

"ફાધર સર્જિયસ ! ફાધર સર્જિયસ ! સરજી મિટ્રીચ ! પ્રિન્સ કાસાટ્સ્કી !"

આંતરાની પેલી બાજુ તો સૂમસામ હતું.

"જુઓ સાંભળો! આ તો નરી નિર્દયતા કહેવાય. તમારું ખાસ કામ ન હોત તો હું તમને ન બોલાવત. હું માંદી છું.. મને શું થાય છે તેની સમજ પડતી નથી!" જાણે દરદ થતું હોય એવો અવાજ કાઢી તેણે બૂમો પાડી. "ઓ રે! ઓ રે!" કરીને ચીસ પાડી, ને પાછી પાટલી પર પડી. અને વિચિત્ર વાત તો એ કે એને ખરેખર એમ લાગવા માંડ્યું કે મારી શક્તિ ખૂટતી જાય છે, મને મૂર્છા આવે છે. મારું એકેએક અંગ દુખે છે, ને હું તાવથી કાંપી રહી છું.

"જરા સાંભળો તો! મને મદદ કરો ને! મને શું થાય છે તે હું સમજી શકતી નથી. ઓ રે! ઓ રે!" તેણે કાંચળીનાં બટન ઉઘાડ્યાં, છાતી ખુલ્લી કરી, ને કોણી સુધી ઉઘાડા હાથ ઊંચા કર્યા. "ઓ રે! ઓ રે!"

આ બધો વખત સર્જિયસ એની ઓરડીમાં ઊભો ઊભો ભગવાનનું રટણ કરતો હતો. સાંજે બોલવાની પ્રાર્થનાઓ બોલી રહ્યો એટલે હાલ્યા-ચાલ્યા વિના સ્થિર ઊભો રહ્યો, ને આખો આત્મા નિચોવીને મનમાં કહ્યું: "હે ઈસુ ભગવાન, હે ઈશ્વરપુત્ર, મારા પર દયા કરો!"

પણ એણે બધું સાંભળ્યું હતું. પેલી બાઈએ કપડાં ઉતાર્યાં ત્યારે તેનું રેશમ કેવું ફફડ્યું હતું; તે ઉઘાડે પગે ભોંય પર કેવી ચાલી હતી; ને તેણે હાથ વડે પગનાં તળિયાં કેવાં ઘસ્યાં હતાં; એ બધું એને કાને પડ્યું હતું. પોતાની નિર્બળતાનો તેને ખ્યાલ હતો, ને થતું હતું કે હું કદાચ કોઈ પણ પળે લપસી પડીશ. તેથી જ તે જરાયે અટક્યા વિના નિરંતર પ્રાર્થના કરી રહ્યો હતો. એક પરીકથામાં નાયકને આઘુંપાછું જોયા વિના આગળ ને આગળ ચાલ ચાલ કરવું પડે છે. એ નાયકના જેવી એની સ્થિતિ હતી. સર્જિયસ જોતો ને સાંભળતો હતો કે પેલી બાજુ ભય અને વિનાશ બેઠેલા છે; તે મારી ઉપર ને મારી આસપાસ ઝઝૂમી રહ્યા છે; ને હું એક પલક વાર પણ એ દિશામાં નજર ન કરું તો જ બચી શકું એમ છું. પણ એકાએક એને ત્યાં જોવાની તીવ્ર ઇચ્છા થઈ આવી. તે પળે જ બાઈએ કહ્યું:

"આ કંઈ માણસાઈ ન કહેવાય. હું કદાચ મરી જઈશ..."

"હા હું એની પાસે જઈશ તો ખરો, પણ પેલા સંતે એક હાથ કુલટા પર મૂકેલો ને બીજો સળગતી સગડીમાં નાખેલો એના જેવું કરીશ. પણ સળગતી સગડી તો અહીં છે નહીં." તેણે આસપાસ નજર નાખી. દીવો! દીવાની જ્યોત પર તેણે આંગળી મૂકી, ને ભવાં ચડાવી દુઃખ વેઠવાની તૈયારી કરી. લાંબા વખત સુધી તો લાગ્યું જાણે કશું થતું જ નથી. આ દુઃખ પૂરતું છે કે નહીં એનો નિશ્ચય તે હજુ કરી શક્યો નહોતો. ત્યાં તો એકાએક તેને આંખે શરીરે વેદના થઈ આવી, તેણે ઝાટકો મારીને હાથ ખેંચી લીધો, ને હવામાં હલાવ્યો. "ના, આ મારાથી નહીં સહેવાય!"

"ભગવાનને ખાતર મારી પાસે આવો ને! હું મરી જાઉં છું! ઓ રે!"

"ત્યારે — શું હું લપસી પડવાનો? ના, નહીં જ લપસું!"

"હમણાં જ આવ્યો હોં તમારી પાસે," કહી તેણે બારણું ઉઘાડ્યું, જોડેની ઓરડીમાં બેઠેલી રંભા તરફ નજર નાખ્યા વિના જ આખી ઓરડી વટાવી, ને બહારની રવેશીમાં જ્યાં એ લાકડાં ચીરતો ત્યાં ગયો. ત્યાં લાકડાનું એક ગચિયું શોધી કાઢ્યું. ને ભીંતે ટેકવીને મૂકેલી કુહાડી લીધી.

"અબઘડી આવ્યો હોં!" કહી તેણે જમણે હાથે કુહાડી લીધી, ડાબા હાથની પહેલી આંગળી (તર્જની) ગચિયા પર મૂકી, કુહાડી વીંઝી, ને બીજા વેઢાની નીચેના ભાગમાં ઘા કર્યો. એટલી જ જાડાઈની લાકડી ઊડે એના કરતાં વધારે વેગથી આંગળી ટચાક કરતી ઊડી; ને ઊછળીને ગચિયાની કોર પર અથડાઈ, ને ત્યાંથી ભોંય પર પડી.

આંગળી પડતી સંભળાઈ ત્યાં સુધી તો તેને કશું દર્દ થયું નહીં. પણ આશ્ચર્ય પામવાનો વખત મળે તે પહેલાં તો તેને વેદના ને બળતરા થવા લાગી, ને ગરમ ગરમ લોહી વહેતું દેખાયું. તેણે ઉતાવળે ડગલાની ચાળમાં આંગળીનું ઠૂંઠું ઢાંકી દીધું, ને તેને કેડે દબાવી ઓરડીમાં ગયો. ત્યાં પેલી અપ્સરાની સામે ઊભા રહી તેણે આંખો નીચી ઢાળી, ને ધીરે અવાજે પૂછ્યું: "તમારે શું જોઈએ છે?"

પેલીએ એના ફીકા ચહેરા સામે ને એના કાંપતા ડાબા ગાલ સામે જોયું, ને એના મનમાં એકાએક શરમ ઊપજી. તે કૂદીને ઊભી થઈ, રુવાંટીનો ડગલો ખીંટીએથી લઈ લીધો, ને તેના વડે શરીર ઢાંકી દીધું.

"મને દરદ થતું હતું...મને શરદી થઈ છે...હું...ફાધર સર્જિયસ... હું..."

સર્જિયસે આનંદના શાંત તેજથી ચળકતી પોતાની આંખો બાઈ પર ઠેરવી, ને કહ્યું :

"બહેન, તેં તારા અમર આત્માનો નાશ કરવાની ઇચ્છા શા સારુ રાખેલી? જગતમાં પ્રલોભનો તો આવે છે ને આવવાનાં. પણ એ પ્રલોભનો જે માણસની મારફતે આવે તે માણસ અભાગી છે. તું પ્રભુની પ્રાર્થના કર ને માગ કે તે આપણને ક્ષમા કરે!"

માકોવી સાંભળી રહી. ને સાધુ સામે જોવા લાગી. એકાએક જાણે કશુંક ટપકતું હોય એવો અવાજ તેને સંભળાયો. તેણે નીચી નજર કરી તો જોયું કે સાધુના ડગલાંમાં થઈને તેના હાથનું લોહી દડદડ ટપકી રહ્યું છે.

"તમે હાથને શું કર્યું?" તેને જે અવાજ સંભળાયેલો તે યાદ આવ્યો. નાનો દીવો હાથમાં લઈ તે રવેશીમાં ગઈ. ત્યાં ભોંય પર લોહીનીંગળતું આંગળીનું ટચકું પડયું હતું. તે પાછી ફરી. તેનો ચહેરો સાધુના કરતાંયે ફીકો થઈ ગયો. તે કંઈક કહેવા જતી હતી, ત્યાં તો સાધુ બોલ્યા વિના પાછલી ઓરડીમાં ગયો ને બારણું વાસી દીધું.

"મને ક્ષમા કરો!" માકોવીએ કહ્યું. "હું મારા પાપનું પ્રાયશ્ચિત્ત કેવી રીતે કરી શકું?"

"ચાલી જા."

"મને તમારી આંગળીએ પાટો બાંધવા દો."

"અહીંથી ચાલી જા તું."

માકોવીએ ઉતાવળે, ને જરાયે અવાજ કર્યા વિના, કપડાં પહેરી લીધાં; ને રુવાંટીનો ડગલો પહેરીને તૈયાર થઈ એટલે રાહ જોતી બેઠી. બહાર ગાડીની ઘંટડીઓ સંભળાઈ.

"ફાધર સર્જિયસ, મને ક્ષમા કરો!"

"તું ચાલી જા હવે. ક્ષમા કરનારો તો ઈશ્વર છે."

"ફાધર સર્જિયસ! હું મારું જીવન બદલી નાખીશ. મારો ત્યાગ ન કરશો."

"તું જા હવે."

"મને ક્ષમા કરો — ને મને આશીર્વાદ આપો!"

"પિતા, પુત્ર ને પવિત્ર આત્માને નામે!"—તેણે આંતરા પાછળથી અવાજ સાંભળ્યો. "જા!"

માકોવી હૈયાફાટ રડી પડી, ને ગુફા બહાર ગઈ. પેલો વકીલ એને મળવાને સામે આવ્યો.

"અરે, હું તો શરતમાં હાર્યો દેખું. હવે કંઈ છૂટકો છે? તમે ક્યાં બેસશો?"

"અમે ત્યાં."

તે ગાડીમાં બેઠી, ને ઘેર જતાં આખે રસ્તે એક શબ્દ પણ બોલી નહીં.

વરસ દહાડા પછી તેણે ઉમેદવાર તરીકે સ્ત્રીઓના એક મઠમાં પ્રવેશ કર્યો. સાધુ આર્સેની તેને લખે ગાળે કાગળો લખીને સૂચનાઓ આપતા. તેમની દેખરેખ નીચે તે કડક ને સંયમી જીવન ગાળવા લાગી.

૪

સાધુ સર્જિયસે એ જ ગુફામાં બીજાં સાત વરસ કાઢ્યાં.

પહેલાં તો લોકો એને માટે ચા, ખાંડ, સફેદ રોટી, દૂધ, કપડાં ને બળતણ વગેરે લાવતા તેમાંનું ઘણું એ સ્વીકારતો, પણ જેમ વખત વીતતો ગયો તેમ તેમ તેણે જીવનની કઠોરતા વધારી; ખાસ કામની ન હોય એવી એક એક ચીજ લેવાની ના પાડવા માંડી; ને છેવટે, અઠવાડિયે એક વાર રાઈના* રોટલા સિવાય બીજું બધું લેવાનું બંધ કર્યું. લોકો બીજું જે કંઈ લઈ આવતા તે બધું, તે એની પાસે આવનારા ગરીબોને વહેંચી દેતો. આખો વખત ગુફાની ઓરડીમાં, ધ્યાન અને પ્રાર્થનામાં ને મળવા આવનાર લોકો જોડે વાતો કરવામાં ગાળતો. જેમ જેમ વખત જવા લાગ્યો તેમ તેમ મળવા આવનારની સંખ્યા ઉત્તરોત્તર વધતી ગઈ. હવે તો તે વરસમાં ત્રણ જ વાર બહારને દેવળે જતો; ને જરૂર પડે ત્યારે પાણી ભરવા ને લાકડાં લાવવા જતો.

માકોવી જોડેનો પ્રસંગ તેના ગુફાવાસ પછી પાંચ વરસે બન્યો હતો. માકોવી રાતે ગુફામાં ગઈ, તેનો હૃદયપલટો થયો, ને તે સાધ્વી થઈ—

* રશિયામાં થતું બંટીને મળતું એક અનાજ.

એ બધી વાત થોડા વખતમાં લોકોમાં ફેલાઈ ગઈ. ત્યારથી સાધુ સર્જિયસની કીર્તિ વધી. દર્શને આવનાર લોકોની ભીડ વધવા લાગી. બીજા સાધુઓ આવી તેની ગુફા પાસે વસ્યા. પાસે એક દેવળ ઊભું થયું, ને એક અતિથિગૃહ પણ બંધાયું. આવા દાખલામાં હંમેશાં બને છે તેમ એની તપસ્યા ને સિદ્ધિ વિશેની અતિશયોક્તિ સાથે એની કીર્તિ ગામ પરગામ ફેલાઈ, ને તેનો વિસ્તાર વધતો ગયો. લોકો દૂર દૂરથી એનાં દર્શન કરવા આવવા લાગ્યા. માંદા અને પાંગળાને પણ લઈ આવતા, ને કહેતા કે સાધુ મહારાજ એમને સાજાં કરી દે છે.

એણે માંદા માણસને સાજો કર્યાનો પહેલો દાખલો ગુફાવાસના આઠમા વરસમાં બન્યો. ચૌદ વરસનો એક છોકરો હતો. મા તેને સાધુ પાસે લાવી ને હઠ કરીને કહેવા લાગી કે "મારા દીકરાને માથે હાથ મૂકો ને મૂકો." મારાથી માંદાંને સાજાં કરી શકાય છે એવો ખ્યાલ તો સાધુને કદી સ્વપ્નેય આવ્યો નહોતો. એવા વિચારને તેણે અહંકારરૂપી ભારે પાપમાં ગણી કાઢ્યો હોત પણ જે મા દીકરાને લઈ આવેલી તેણે તો આગ્રહભેર એને કાલાવાલા કર્યા, તેને પગે પડી, ને કહેવા લાગી: "તમે બીજાંને સાજાં કરો છો, ને મારા છોકરાને જ સાજો કરવાની ના કેમ પાડો છો?" ઈસુના સોગન દઈને વિનવણી કરી. સાધુએ કહ્યું કે "માંદાંને સાજાં કરનાર તો એકલો પરમાત્મા જ છે." તો મા કહે: "હું તો એટલું જ માગું છું કે તમે મારા છોકરાને માથે હાથ મૂકો ને તેને માટે પ્રાર્થના કરો." સાધુએ ના પાડી. ને ગુફામાં ચાલ્યો ગયો. પણ બીજે દિવસે (પાનખરનો વખત હતો, ને રાતે ટાઢનો ચમકારો શરૂ થઈ ગયો હતો) તે પાણી ભરવા ગયો ત્યાં એ જ મા ચૌદ વરસના એના ફીકા પડી ગયેલા છોકરાને લઈને સામી મળી, ને એની એ વિનવણી કરવા લાગી.

સર્જિયસને અન્યાયી ન્યાયાધીશની વાર્તા યાદ આવી. આ સ્ત્રીને ના જ પાડવી એ વિશે તેને અગાઉ ખાતરી હતી. પણ હવે તેને આનાકાની થવા લાગી. આનાકાની થઈ એટલે પ્રાર્થના શરૂ કરી, ને મનમાં નિશ્ચય થયો ત્યાં લગી ચાલુ રાખી. એ નિશ્ચય એવો હતો કે "મારે આ સ્ત્રીની વિનંતી માન્ય રાખવી જોઈએ, ને એની શ્રદ્ધાથી એનો છોકરો બચી

જશે. હું પોતે તો આ દાખલામાં કેવળ ઈશ્વરે પસંદ કરેલું એનું સાધન જ બનીશ."

આ પછી તેણે બહાર જઈ પેલી માની ઇચ્છા તૃપ્ત કરી — તેના છોકરાના માથા પર હાથ મૂક્યો ને પ્રાર્થના કરી.

મા દીકરાને લઈ ને ચાલી ગઈ. મહિના પછી તેનો છોકરો સાજો થયો. મહંત સર્જિયસ(તેને હવે એ નામે લોકો ઓળખતા)ની રોગ મટાડવાની શક્તિનો એ જિલ્લામાં ચોમેર ડંકો વાગી ગયો. તે પછી એવું એકે અઠવાડિયું જતું નહીં જ્યારે માંદાં માણસો, ઘોડે બેસીને કે પગપાળાં, સર્જિયસની પાસે ન આવતાં હોય. એકની વિનવણી માન્યા પછી બીજાંને શી રીતે ના કહી શકે? એટલે તે ઘણાંને માથે હાથ મૂકતો ને પ્રાર્થના કરતો. ઘણાં સાજાં થતાં. સર્જિયસની કીર્તિ વધારે ને વધારે ફેલાવા લાગી.

આ રીતે, સાત વરસ પહેલા મઠમાં ને તેર તાપસની ગુફામાં વીતી ગયાં. હવે તે ડોસા જેવા દેખાતો: દાઢી લાંબી વધી હતી ને વાળ ધોળા થવા આવ્યા હતા; પણ માથાના વાળ તો આછા છતાં હજુ કાળા ને વાંકડિયા હતા.

૫

કેટલાંક અઠવાડિયાંથી સાધુ સર્જિયસના મનમાં એક જ વિચાર ઘોળાઈ રહ્યો હતો — "હું આ કરું છું તે યોગ્ય છે ખરું?" પેલો છોકરો સાજો થયો ત્યારથી દર મહિને, દર અઠવાડિયે, ને દરરોજ સર્જિયસને એમ લાગતું હતું કે "મારું પોતાનું આધ્યાત્મિક જીવન દહાડે દહાડે ઘસાતું જાય છે, અને તેની જગ્યાએ હું બહારના જીવનમાં વધારે ને વધારે મશગૂલ થતો જાઉં છું." અગાઉ એ અંતર્મુખ હતો ને અંતરમાં દૃષ્ટિ કરી શકતો, તેને બદલે હવે બહિર્મુખ બની ગયેલો, ને બહારની વાતોમાં જ રચ્યોપચ્યો રહેતો.

સર્જિયસે જોયું કે એ પોતે મઠ તરફ માણસો ને પૈસા આકર્ષવાનું એક સાધન થઈ પડયો હતો; ને તેથી મઠના અધિકારીઓએ તેનો વધારેમાં વધારે ઉપયોગ કરી લેવાની ગોઠવણ કરી હતી. દાખલા તરીકે, તેઓ એને હવે અંગમહેનતનું કશું કામ કરવા દેતા નહીં. તેને જે કંઈ

જોઈએ તે પૂરું પાડતા; ને એની પાસે એટલું જ માગતા કે "તમારા આશીર્વાદ લેવા આવનાર કોઈ પણ માણસને તમારે ના પાડવી નહીં." એની સગવડને ખાતર તેમણે મુલાકાતીઓ માટે અમુક દિવસો નક્કી કરી આપ્યા. પુરુષોને મળવા માટે એક દીવાનખાનું બનાવી આપ્યું. એક જગાએ આડો કઠેરો બનાવી આપ્યો જેથી દર્શને આવનારી સ્ત્રીઓનું ટોળું એને હડસેલી ન પાડે. ને તે વિના અડચણે ઊભો રહી આવેલાંને આશીર્વાદ આપી શકે.

એમણે સર્જિયસને કહ્યું કે "લોકોને તમારી જરૂર છે. એટલે ઇસુ ભગવાનના પ્રેમધર્મને અનુસરીને તમારાથી એમને મળવાની ના ન પાડી શકાય. ના પાડો તો નિર્દયતા જ ગણાય." આનો તો એનાથી ઇનકાર કરી શકાય એમ હતું નહીં. પણ જેમ જેમ તે આ પ્રકારના જીવનમાં વધારે ને વધારે ઊતરતો, તેમ તેમ એને લાગતું કે મારા હૃદયનો ઝરો સુકાઈ જાય છે, હું સાવ બહિર્મુખ થતો જાઉં છું, ને અત્યારે હું જે કંઈ કરું છું તે ઇશ્વરને રાજી કરવા કરું છું એના કરતાં વધારે તો માણસોને રાજી કરવા ને તેમની વાહવા મેળવવાને કરું છું.

તે લોકોને ઉપદેશ કરતો, કે માત્ર તેમને આશીર્વાદ આપતો કે માંદાંને માટે પ્રાર્થના કરતો, કે લોકોને તેમનાં જીવન વિશે સલાહ આપતો અથવા તો જે લોકોને તેણે ઉપદેશ, ભિક્ષા કે રોગોપચાર દ્વારા મદદ કરી હોય તેમનાં આભારનાં વચન સાંભળતો, ત્યારે તેને એ વાતથી આનંદ ઊપજ્યા વિના રહેતો નહીં. તેની પ્રવૃત્તિનું જે પરિણામ આવતું હતું, ને લોકો પર તેનો જે પ્રભાવ પડતો હતો, તે તરફ એનાથી દુર્લક્ષ કરી શકાય એમ નહોતું. તેને થવા લાગ્યું કે હું એક તેજસ્વી જ્યોતિર્ધર છું. એ વિચાર તેના મનમાં જેમ જેમ પાકો થતો ગયો, તેમ તેમ એને એ ભાન વધતું ગયું કે મારા અંતરમાં સત્યનું જે દૈવી તેજ પ્રકાશતું હતું તે ધીરે ધીરે ઝાંખું પડતું જાય છે, ને અલોપ થઈ રહ્યું છે.

"હું જે કંઈ કરું છું તે કેટલું ઇશ્વરને રાજી કરવાને છે, ને કેટલું માણસોને રીઝવવા માટે છે?" એ પ્રશ્ન એને ફરીફરીને સતાવતો હતો. એનો ઉત્તર એ આપી ન શકતો એવું નહોતું, પણ એ ઉત્તર એનાથી સાંખ્યો થઈ શકતો નહીં.

એના આત્મામાં ઊંડે ઊંડે એને એમ લાગતું હતું કે અગાઉ હું

ઈશ્વરની ઉપાસના કરતો તેને બદલે શેતાને આ માણસોને રીઝવવાની પ્રવૃત્તિ મારે માટે ઊભી કરી છે. આમ લાગવાનું કારણ હતું. અગાઉ તેને જેમ એકાંત છોડવું વસમું લાગતું, તેમ હવે એને એકાંતમાં રહેવું અઘરું લાગતું. દર્શને આવનાર માણસો તેને પજવતા ને થકવતા. પણ તેના હૈયામાં ઊંડે ઊંડે તો એમની હાજરીથી આનંદ જ થતો; ને એના પર તેઓ જે વખાણનો વરસાદ વરસાવતા તેનાથી તે રાજી થતો.

એક વાર એણે નાસીને ક્યાંક સંતાઈ જવાનો નિશ્ચય કર્યો. એને માટે જે કંઈ કરવું જરૂરી હતું તેની યોજના સુધ્ધાં કરી રાખી. ખેડૂતને પહેરવાનાં પહેરણ, પાટલૂન, કોટ ને ટોપી તૈયાર પણ કરાવ્યાં. પૂછનારને ખુલાસો આપ્યો કે એ તો માગણોને આપવા માટે છે. એ કપડાં પોતાની ઓરડીમાં રાખ્યાં. તે કેવી રીતે પહેરવાં, વાળ કેવા ટૂંકા કપાવવા, ને કેવી રીતે નાસી જવું, એની યોજના પણ ઘડી. એમ નક્કી કર્યું કે પહેલાં તો રેલગાડીમાં બેસી એક વર્સ્ટ દૂર જવું. ને પછી એક ગામથી બીજે ગામ એમ ચાલતા જવું. એક ડોસો લશ્કરમાં નોકરી કરી આવેલો તેને પૂછી પણ જોયું કે "તમે પોતે કેવી રીતે પગપાળા ફરો છો ? લોકો તમને શું ખાવાનું આપે છે? રહેવાનું કેવું આપે છે?" ડોસાએ કહ્યું: "અમુક જગાએ લોકો બહુ ભલા ને ઉદાર છે; ને અમુક ઠેકાણે તેઓ રસ્તે જનારાને રાતવાસો રહેવા દે છે." એ માહિતીનો લાભ લેવાનો સર્જિયસે ઇરાદો રાખ્યો હતો. એક દહાડો રાતે તેણે નાસી છૂટવા માટે એ કપડાં પહેર્યાં પણ ખરાં. પણ મન પાછું પડ્યું. રહેવું સારું કે જવું સારું એ વિશે મનમાં ઘડભાંજ ચાલી. પહેલાં તો તેને શંકા હતી. પણ પછી સંશય જતો રહ્યો. તે રૂઢિને વશ થયો, ને જીવનની દોર શેતાનના હાથમાં સોંપી દીધી. ખેડૂતનો પોશાક કોરે રહી ગયો. એક વાર મને આવો વિચાર આવેલો ને આવી લાગણી ઊપજેલી એટલું એ જોઈને ક્વચિત્ યાદ આવતું, એટલો જ એનો ઉપયોગ રહ્યો.

દહાડે દહાડે દર્શનાતુર લોકોની ભીડ વધવા લાગી. સાધુને પ્રાર્થના ને આત્મનિમજ્જન માટે ઘણો ઓછો વખત રહેવા લાગ્યો. ક્યારેક ઘેલછા ઓસરી જતી ને ડહાપણ આવતું ત્યારે તેને વિચાર આવતો કે "કોઈ જગાએ એક કાળે પાણીનો ઝરો હોય એ જગાના જેવી મારી દશા છે. જીવતા પાણીનો એક નાનકડો ઝરો હતો, તે મારામાંથી ને

મારામાં થઈને વહેતો હતો. એ સાચું જીવન હતું. પેલીએ મને લોભાવવાનો પ્રયત્ન કરેલો એ વખત ત્યારે હતો!" (એ રાતનો ને એ સ્ત્રીનો વિચાર કરતાં એના મનમાં આનંદની લહેરો ઊઠતી. એ સ્ત્રી તે હવે સાધ્વી ઍગ્નીસ હતી.) એ સ્ત્રીએ એ શુદ્ધ જળનો આસ્વાદ લીધો હતો. પણ ત્યારથી એ ઝરાને નવું પાણી ભેગું કરવાનો વખત જ મળ્યો નહોતો. નવું પાણી આવે તે પહેલાં તો તરસ્યા લોકો ભીડ મચાવતા ને એક-બીજાને હડસેલતા આવી પહોંચ્યા હતા. તેમણે આખાં જમીન ખૂંદી નાખી હતી. ને એ જગાએ હવે કાદવ સિવાય કશું જ રહ્યું નહોતું.

તેનું મન કોઈ વિરલ ક્ષણોમાં ઠેકાણે હોય ને ઘેલછાનો નશો ઊતરી ગયો હોય ત્યારે તેને આવા વિચારો આવતા. પણ સાધારણ રીતે તો તેના મનમાં હંમેશાં થાક હોય, ને એ થાકને લીધે પોતાને વિશે કોમળ દયાનો ભાવ ઊપજતો હોય.

વસંતઋતુનો વખત હતો. કોઈ મોટા સંતનો ઉત્સવ હતો. તે દિવસે સાધુ સર્જિયસ એની ગુફા પાસેના દેવળમાં પ્રાર્થના ચલાવવાનો હતો. એ નાનકડું દેવળ વીસેક માણસ માય એવડું હતું. એકેએક બેઠક રોકાઈ ગઈ હતી. આવનારા સહુ શ્રીમંત મૂડીદારો કે વેપારીઓ હતા. સર્જિયસ તો જે આવે તે સહુને પ્રવેશ આપતો. પણ જે સાધુ એની તહેનાતમાં હતો તેણે અને મઠમાં રોજ આવનારા મદદનીશે મળીને આજને માટે માણસોની પસંદગી કરી હતી. યાત્રીઓ ને ખેડૂતો, ને ખાસ કરીને ખેડૂત વર્ગની સ્ત્રીઓ, મળીને એંસીએક માણસનું ટોળું બહાર ઊભું ઊભું વાટ જોતું હતું કે સાધુ મહારાજ ક્યારે આવે ને અમને દુવા આપે. દરમ્યાન તે અંદર પ્રાર્થના ચલાવતો હતો. પણ પછી તે દેવળ બહાર આગલા પાદરીની કબર પાસે ગયો ત્યાં એને તમ્મર આવી ગયાં; ને પાસે ઊભેલા એક વેપારી ને બીજા પાદરીએ એને પકડી લીધો ન હોત તો તે પડી જાત.

"શું થયું, ફાધર સર્જિયસ! ભલા માણસ! હે ભગવાન!" સ્ત્રીઓ બોલી ઊઠી. "જુઓને કેવા ધોળાધબ થઈ ગયા છે!"

પણ સર્જિયસને તરત જ કળ વળી. તે બહુ જ ફીકો પડી ગયો હતો, છતાં તેણે વેપારી ને પાદરીને આઘા કાઢ્યા, ને પ્રાર્થના ગાવી ચાલુ રાખી.

ફાધર સિરાફીમ ને બીજા પાદરીઓ, ને ગુફા પાસે હંમેશાં રહેનારી એક શ્રીમંત સ્રી સોફિયા ઇવાનોવના, એ સહુએ સર્જિયસની સારવાર કરી, ને તેને પ્રાર્થના પૂરી કરવાને વિનંતી કરી.

"ના, કશું જ થયું નથી," તેણે સહેજ મોં મલકાવી કહ્યું, ને પ્રાર્થના ચાલુ રાખી. "હા! સંતો આવી જ રીતે વર્તેલા!" તેણે મનમાં વિચાર કર્યો.

"ખરા મહાત્મા છે — ખરા દેવદૂત છે!" એ જ વખતે તેણે સોફિયાના શબ્દો સાંભળ્યા. જે વેપારીએ એને ટેકો આપેલો તે પણ એમ જ બોલ્યો.

પ્રાર્થના પૂરી થયા પછી સર્જિયસે ભેગા થયેલા લોકોને આશીર્વાદ આપ્યા; ને પછી ગુફાના પ્રવેશદ્વાર આગળ એક ઝાડ નીચે પડેલી પાટલી પર જઈને બેઠો. તેને આરામ અને તાજી હવા લેવાં હતાં — બંનેની તેને જરૂર હતી. પણ તે દેવળમાંથી બહાર નીકળ્યો કે તરત જ લોકો તેની પાસે ધસી આવ્યા, ને તેની પાસે આશીર્વાદ, ઉપદેશ ને મદદ માગવા લાગ્યા. એ યાત્રીઓ હતા; એક ધામથી બીજે ધામ, ને એક સાધુથી બીજા સાધુ પાસે ભમ્યા કરતા, ને એકેએક તીરથી ને એકેએક વેરાગીને જોઈ મુગ્ધ થઈ જતા. આ સાવ સાધારણ, લાગણી વિનાના, રૂઢિપૂજક, ને અત્યંત અધાર્મિક વર્ગને સર્જિયસ ઓળખતો હતો. બીજા એક પ્રકારના યાત્રીઓમાં મોટે ભાગે નોકરીમાંથી છૂટા થયેલા સૈનિકો આવતા. તેઓ વ્યવસ્થિત જીવનને ટેવાયેલા નહોતા; ગરીબાઈથી પીડાતા હતા; ને એમાંના ઘણા ઘરડા દારૂબાજ હતા, તે કેવળ પેટ ભરવાને સારુ એક મઠથી બીજે મઠ એમ ભમ્યાં કરતા હતા. તે ઉપરાંત કેટલાંક અણઘડ ખેડૂત સ્રીપુરુષો પોતાનો સ્વાર્થ સાધવા — માંદાંને સાજાં કરાવવા, કે પોતાના સંસારના પ્રશ્નોના ઉકેલ કરાવવા, દીકરીને ક્યાં પરણાવવી, દુકાન ભાડે લેવી કે નહીં, અમુક જમીન ખરીદવી કે નહીં, ને જાણ્યેઅજાણ્યે થયેલી બાળ-હત્યાનું પ્રાયશ્ચિત્ત કેવી રીતે કરવું એ પૂછવા — આવતાં.

આ બધી જૂની વાત હતી, ને એમાં સર્જિયસને જરાયે રસ નહોતો. તેને ખબર હતી કે મને આ લોકો પાસેથી કશું નવું સાંભળવા મળવાનું નથી, ને એ મારા મનમાં કશી ધાર્મિક લાગણી પેદા કરી શકવાના નથી. છતાં આટલાં બધાં માણસોને મારા આશીર્વાદ ને ઉપદેશની જરૂર પડે છે એમ જોઈ તેનું મન રાજી થતું. એટલે આ ભીડથી તેના મનને જેમ ત્રાસ

થતો તેમ આનંદ પણ થતો. સાધુ સિરાફીમે લોકોને હાંકી કાઢવા માંડ્યા, ને કહ્યું કે "મહંતજી હવે થાકી ગયા છે." પણ સર્જિયસને ઈસુનું પેલું વચન યાદ આવ્યું: "એમને (બાળકોને) મારી પાસે આવતાં રોકશો નહીં." એ વચન યાદ આવતાં તેને પોતાને વિશે મનમાં કોમળ લાગણી ઊપજી, ને તેણે કહ્યું કે "આવવા દો એ લોકોને."

તે ઊઠ્યો, જે કઠેરાની પેલી મેર લોકો ભેગા થયેલા તે વાડ આગળ ગયો; તેમને આશિષ આપવા માંડી, ને એમના સવાલોના જવાબ દેવા માંડ્યા. પણ તેનો અવાજ એટલો ધીમો નીકળવા લાગ્યો કે તેને પોતાના પર જ દયા આવી. તેની ઇચ્છા તો સહુ લોકોને 'દર્શન' આપી તેમની જોડે વાત કરવાની હતી, પણ શરીર કહ્યું કરે એમ નહોતું. તેની આંખે ફરી અંધારાં આવ્યાં, ચક્કર આવી ગયાં, ને તેણે કઠેરો પકડી લીધો. તેના માથા પર એકદમ લોહીનો ધસારો થયો. એટલે પહેલાં તે ફીકો પડી ગયો, ને પછી એકાએક મોઢું લાલચોળ થઈ ગયું.

"હે મહારાજ!" ટોળામાંથી અવાજો આવ્યા. "હે દયાળુ! અમને તજી ન જશો. તમારા વિના અમારો કોઈ બેલી નથી."

પેલા વેપારીએ ઝાડ નીચેની પાટલી પર સર્જિયસને બેસાડ્યો, ને પોતે પોલીસની ફરજ માથે લઈ બહુ દૃઢતાપૂર્વક લોકોને હાંકી કાઢ્યા. સાધુ ન સાંભળે માટે તે બહુ જ ધીમે સાદે બોલ્યો એ સાચું; પણ તેના શબ્દોમાં તીખાશ અને ક્રોધ બંને હતાં.

"ચાલ્યો જા, ચાલ્યો જા! તને એમણે આશીર્વાદ તો આપ્યા. હવે વધારે તારે શું જોઈએ છે? જાઓ હવે અહીંથી; નહીં તો તમારી ડોક જ મરડી નાખીશ! અલ્યાં એ, ખસો અહીંથી! ચાલી જા, એ મેલા પાટાવાળી ડોસલી! જા, જા! આમ ઠેકતી ઠેકતી ક્યાં જાય છે? તમને લોકોને કહ્યું તો ખરું કે આજે હવે ખલાસ થયું. કાલે ભગવાનની મરજી હશે તેમ થશે, પણ આજે તો એમણે કામ ખતમ કર્યું છે!"

"એ ભઈસા'બ! મારી આંખને જરા એ મહાત્માનું દર્શન કરવા દો ને!" એક ડોસી બોલી.

"જોઈ મોટી દર્શન કરવાવાળી! ખોડંગતી ખોડંગતી ક્યાં જાય છે?"

સર્જિયસે જોયું કે વેપારી લોકોને બહુ દબડાવે છે. એટલે તેણે ક્ષીણ અવાજે સેવકને કહ્યું કે "લોકોને વઢીને કાઢી ન મૂકશો." તેને ખબર હતી

કે હું ના કહીશ તોયે આ માણસો, લોકોને કાઢી તો મૂકવાના જ છે. તેને એકાંત અને આરામની જરૂર પણ ઘણી હતી. પણ તેણે સેવકને આ સંદેશો લઈને મોકલ્યો; એટલા માટે કે લોકોનાં મન પર ભારે છાપ પડે.

"ભલે, ભલે! હું એમને કાઢી મૂકતો નથી. હું તો એમને સમજાવું છું." વેપારીએ કહ્યું. "તમે જાણો છો કે એ લોકો માણસનો જીવ જાય ત્યાં સુધી ડગે એવા નથી. એમને દયા નથી. એમને તો સ્વાર્થનો જ વિચાર છે. તમને કહ્યું તો ખરું કે આજે તમને એમનાં દર્શન નહીં થાય. જાઓ! કાલે આવજો!" કરી કરીને તેણે સહુને કાઢ્યાં.

તેણે આ બધી તકલીફ ઉઠાવી એનું કારણ એ હતું કે એને વ્યવસ્થા ગમતી હતી, તેમ જ તેને લોકો પર રોફ કરવામાં ને તેમને હાંકી કાઢવામાં મજા આવતી હતી. પણ મુખ્ય કારણ તો એ હતું કે તેને સર્જિયસ જોડે એકાંતમાં એકલા બેસી વાત કરવી હતી. તે વિધુર હતો. તેને એકની એક છોકરી હતી તે અપંગ અને કુંવારી હતી. તેને તે સર્જિયસ પાસે સાજી કરાવવા ઘરથી ચૌદસો વર્સ્ટ દૂર લાવ્યો હતો. છેલ્લાં બે વરસથી છોકરીને સાજી કરવા ઠેકઠેકાણે ફેરવતો હતો: પહેલાં પ્રાંતના પાટનગરની વિદ્યાપીઠના રુગ્ણાલયમાં લઈ ગયેલો, પણ ત્યાં કશો ફાયદો થયો નહીં. પછી સમારા પ્રાંતમાં એક ખેડૂતની પાસે લઈ ગયો, ત્યાં તે જરા સાજી થઈ. પછી મૉસ્કોના એક ડૉક્ટરનો ઉપચાર કર્યો, પણ એથી તો જરાયે લાભ થયો નહીં. તે પછી તેણે સાંભળ્યું કે સાધુ સર્જિયસ રોગ મટાડી માંદાંને સાજાં કરે છે, તેથી તેની પાસે લઈ આવ્યો હતો. એટલે બધા લોકોને હાંકી કાઢ્યા પછી તે સર્જિયસની પાસે આવ્યો ને એકાએક ઘૂંટણિયે પડી મોટેથી કહેવા લાગ્યો:

"મહારાજ! મારી માંદી છોકરીને આશીર્વાદ આપો કે એનો રોગ મટે ને એ સાજી થાય. હું આપને પગે લાગું છું."

આમ કહી તેણે એક હથેળી સંપુટની પેઠે બીજી હથેળી પર મૂકી. કાયદા ને રૂઢિએ ચોક્કસ ઠરાવેલી કંઈક વસ્તુ કરતો હોય એવી રીતે જ તે આ બધું કહેવા ને કરવા લાગ્યો — જાણે દીકરીને સાજી કરવાની વિનવણી કરવી હોય તો આ જ રીતે કરાય, ને બીજી એકે રીતે નહીં. આ બધું તેણે એવી શ્રદ્ધાથી કર્યું કે સાધુ સર્જિયસને પણ એમ થઈ ગયું કે આ બધું આ ઢબે જ કહેવાય અને કરાય. છતાં તેણે એ વેપારીને

ઊઠવાનું કહ્યું, ને પૂછ્યું કે "તમને શું દુઃખ છે?" વેપારી કહે: "મારી બાવીસ વરસની છોકરી છે. તેની મા બે વરસ પર એકાએક મરણ પામી ત્યારથી તે માંદી રહે છે. મા મરી ગઈ ત્યારે એ રડ રડ કરતી હતી, ને ત્યારથી એનું ચિત્ત ઠેકાણે આવ્યું નથી. હવે હું એને ચૌદસો વર્સ્ટ લઈ આવ્યો છું. એને અતિથિગૃહમાં રાખી છે. તમે આજ્ઞા આપો તો અહીં લઈ આવું. તે અજવાળાથી ડરે છે, એટલે દહાડે બહાર જતી નથી. સૂર્યાસ્ત પછી જ આવી શકશે."

"એનું શરીર બહુ નબળું છે?" સર્જિયસે પૂછ્યું.

"ના, ખાસ નબળાઈ તો કશી નથી. આમ તો ખાસી હૃષ્ટપુષ્ટ છે. મનનો જ કંઈક વ્યાધિ છે એમ ડાકટરો કહે છે. આજે સાંજે એને લાવવાની રજા આપો, મહારાજ, તો હું દોડતો જઈને એને લઈ આવીશ. આ બાપના હૈયાને ટાઢું પાડો. એનો વંશવેલો કાયમ રાખો. તમે પ્રાર્થના વડે એની માંદી છોકરીને સાજી કરો, માબાપ!" વેપારી ફરી પાછો નીચો વળી પગે લાગ્યો, ને મૂઠી વાળી તેના પર માથું મૂકીને લાકડાની પેઠે હાલ્યાચાલ્યા વિના પડખાભેર સૂઈ રહ્યો. સર્જિયસે એને ફરી ઊઠવાનું કહ્યું. તેને વિચાર આવ્યો: "મારું કામ કેટલું વધી પડ્યું છે! તોયે હું ધીરજ રાખીને એ બધું કામ આટોપું છું." તેણે ઊંડો નિસાસો નાખ્યો; ને થોડીક પળો મૌન સેવ્યા પછી કહ્યું:

"ભલે, એને આજે સાંજે લાવજો. હું એને માટે પ્રાર્થના કરીશ. પણ અત્યારે તો હું થાકી ગયો છું." કહી તેણે આંખો મીંચી દીધી. "હું તમને બોલાવીશ."

વેપારી ચાલ્યો ગયો. જતી વેળા પગનાં આંગળાં પર ચાલ્યો, એને લીધે બૂટનો ચરેડાટ ઊલટો વધારે થયો. સર્જિયસ હવે એકલો પડ્યો.

દેવળની અનેક વેળાની પ્રાર્થના ને દર્શને આવનાર લોકો જોડેની વાતોમાં તેનો આખો સમય રોકાઈ જતો. પણ આજે કામની ભીડ અસાધારણ હતી. સવારે એક મોટો અમલદાર આવીને એની સાથે વાત કરી ગયો હતો. તે પછી એક શ્રીમંત સ્ત્રી એના છોકરાને લઈને આવી હતી. આ છોકરો એક શંકાખોર જુવાન અધ્યાપક હતો. મા ભારે આસ્થાવાન હતી, ને સાધુ સર્જિયસની 'ભગત' હતી; એટલે તે છોકરાને સાધુ મહારાજ સાથે વાતો કરવા લઈ આવી હતી. એ વાતચીતમાં સાધુને ઘણો

શ્રમ પડેલો. પેલા જુવાનને ત્યાગી સાધુ સાથે વાદવિવાદ કરવાની ઇચ્છા હોય એમ લાગતું નહોતું. એટલે કોઈ ઓછી બુદ્ધિવાળા માણસ સાથે વાત કરતો હોય એમ એણે સાધુની એકેએક વાતમાં હા ભણી હતી. સાધુએ જોયું કે જુવાનને આસ્થા બેઠી નહોતી, છતાં તેને સંતોષ, શાન્તિ ને નિરાંત તો વળ્યાં જ હતાં. આ વાતચીત યાદ આવતાં તેને અત્યારે બેચેની થતી હતી.

"તમે કંઈક ખાઓ, મહારાજ," સેવકે કહ્યું.

"ભલે, લાવ કંઈ."

ગુફાથી દસેક ડગલાં દૂર એક કુટીર બનાવેલી હતી. સેવક ત્યાં ગયો, ને સર્જિયસ એકલો પડ્યો.

એક કાળે તે એકલો રહેતો, પોતાનું બધું કામકાજ જાતે કરી લેતો, ને રાઈના રોટલા કે દેવળ માટે બનાવાયેલી જાડી રોટી ખાતો. પણ એ તો જૂના જમાનાની વાત. તેને ડાક્ટરો તથા મિત્રો ઘણા વખતથી કહ્યા કરતા કે "તમને તમારા આરોગ્ય વિશે દુર્લક્ષ કરવાનો કશો અધિકાર નથી." તેને સાદો ને માંસ વિનાનો છતાં નીરોગી ખોરાક અપાતો. તે ઓછું ખાતો; છતાં અગાઉના કરતાં તો અત્યારે વધારે જ ખાતો. અગાઉ ન છૂટકે, ને પોતે કંઈક અપરાધ કરતો હોય એવો વિચાર મનમાં રાખીને, ખાતો. તેને બદલે હવે તેને ખાવામાં લહેજત આવતી. અત્યારે પણ તેને ખાવામાં એવો જ સ્વાદ આવ્યો. તેણે થોડી કાંજી પીધી, પ્યાલો ચા પીધી, ને અડધો રોટલો ખાધો.

સેવક ગયો એટલે સર્જિયસ ઝાડ નીચે એકલો પડ્યો.

મે મહિનાની સાંજનો બહુ સુંદર વખત હતો. ભૂર્જ, એલ્મ, ઓક આદિ અનેક વૃક્ષોને હમણાં જ નવાં પાંદડાં ફૂટ્યાં હતાં.

જે ઝાડ નીચે તે બેઠો હતો તેની પાછળ જંગલી બોરનો છોડ હતો. તે પુરબહારમાં ખીલી ઊઠ્યો હતો. એક બુલબુલ સાવ પાસે, ને બેત્રણ નદી પાસેની ઝાડીમાં, થોડાક પ્રાસ્તાવિક સરોદો કાઢ્યા પછી મુક્તકંઠે ગાન કરી રહ્યાં હતાં. ખેડુતો કામ કરીને પાછા ફરતા હતા તેમનાં ગાયનોના અવાજ દૂર દૂર નદી પરથી આવતા હતા. જંગલની પાછળ સૂરજ આથમતો હતો, ને તેનાં છેલ્લાં કિરણ પાંદડાંની આરપાર ચમકતાં હતાં. એ બધી બાજુ લીલા રંગની શોભા સોળે કળાએ ખીલી રહી હતી.

બીજી બાજુ જ્યાં એલ્મનું ઝાડ હતું ત્યાં કાળો રંગ છવાયો હતો. પતંગિયાં કશા ઠેકાણા વિના આમતેમ ઊડતાં હતાં, ને કશાક જોડે અથડાય એટલે ફડાફડ ભોંય પર પડતાં.

વાળુ પછી સાધુએ મનમાં જ પ્રાર્થના કરવા માંડી : "હે ઈસુ ભગવાન, હે ઈશ્વરપુત્ર, અમારા પર દયા કરો!" પછી એક ભજન વાંચ્યું. ભજન અડધું વંચાયું ત્યાં પાસેના છોડ પરથી ઓચિંતી એક ચકલી ઊડીને આવી, જમીન પર બેઠી, તેના તરફ કૂદતી કૂદતી આવી ચીંચીં કરવા લાગી, પણ પછી કશાકની બીક લાગી એટલે ઊડી ગઈ. સાધુ પોતાના સંસારત્યાગને લગતી એક પ્રાર્થના વાંચતો હતો તે તેણે પૂરી કરી, ને પેલા વેપારી ને તેની માંદી છોકરીને બોલાવવા માણસ મોકલવાનો વિચાર કર્યો. છોકરીની વાતમાં એને રસ પડ્યો હતો. એનું એક કારણ એ હતું કે એ મનોરંજનનું એક સાધન થાય એવી હતી; ને બીજું એ કે, તે ને તેનો બાપ બંને આ સાધુને મોટા મહાત્મા માની તેના આશીર્વાદથી રોગ મટે એવી શ્રદ્ધા રાખતાં હતાં. સાધુ લોકોને એમ કહેતો કે "રોગ કંઈ હું મટાડતો નથી." પણ એને મનમાં તો લાગતું કે "રોગ ખરેખર હું જ મટાડું છું."

તેને ઘણી વાર વિચાર કરતાં ભારે આશ્ચર્ય થતું. "હું સ્ટીપન કાસાટ્સ્કી કેમ કરતાં આવો મોટો સંતપુરુષ થઈ ગયો! મારે હાથે ચમત્કાર પણ થાય છે, હેં!" પણ વાત સાચી હતી, ને એ વિશે લવલેશ શંકાને સ્થાન ન હતું. જે ચમત્કાર થતા પોતે નજર આગળ જોતો હતો તે ખોટા કેમ માની શકાય? એની શરૂઆત પેલા માંદા છોકરાથી થઈ હતી. ને છેક છેલ્લો ચમત્કાર એક આંધળી ડોસીનો બન્યો હતો — સાધુની દુવાથી તે દેખતી થઈ હતી.

આ વસ્તુ વિચિત્ર હતી, છતાં સાચી હતી. એટલે પેલા વેપારીની છોકરીને વિશે સાધુને રસ પડે એમાં નવાઈ નહોતી. એક તો એ કે એક નવું ભાવિક માણસ વધ્યું હતું. ને બીજું એ કે તેની રોગ મટાડવાની શક્તિ સાબિત કરવાની આ નવી તક હતી; ને આ વેળા ધાર્યું કામ થાય તો તેની કીર્તિ દૂર દૂર સુધી ફેલાય એમ હતું. "હજાર હજાર વર્સ્ટથી લોકો મારી પાસે આવે છે, ને છાપામાં મારે વિશે લખે છે. બાદશાહને કાને પણ વાત પહોંચી છે. યુરોપમાં — હા, શ્રદ્ધા વિનાના યુરોપમાં પણ લોકો જાણતા થયા છે." આવા તરંગો મનમાં ચાલતા હતા ત્યાં એકા-

એક એને પોતાના ગુમાનને વિશે શરમ આવી; ને તે ફરી પ્રાર્થના કરવા લાગ્યો : "હે નાથ, હે સ્વર્ગપતિ, હે સુખદાતા, હે સત્યપ્રાણ ! મારા હૃદયમાં આવીને પ્રવેશ કરો. મારાં પાપ ધોઈ નાખો. ને મારા આત્માને ઉગારી તેને આશીર્વાદ આપો. મને દુન્યવી અહંકારનું જે પાપ સતાવી રહ્યું છે તે ધોઈ નાખી મને શુદ્ધ કરો !" આ વિશે તેણે કેટલી બધી વાર પ્રાર્થના કરી હતી, ને આ વિશેની તેની પ્રાર્થના આજ લગી કેવી વિફળ નીવડી હતી, તે એને યાદ આવ્યું. તેની પ્રાર્થનાથી બીજાંની બાબતમાં ચમત્કાર થતો; પણ તેને પોતાને ઈશ્વરે આ ક્ષુદ્ર દોષમાંથી મુક્ત કર્યો નહોતો.

ગુફાવાસના આરંભકાળમાં એ જે પ્રાર્થના કરતો તે એને યાદ આવી એ વેળા તે હૃદયની શુદ્ધિ, નમ્રતા ને પ્રેમ પ્રાપ્ત કરવા ઈશ્વરને વીનવતો; ને તેને લાગતું કે ઈશ્વર મારી પ્રાર્થના સાંભળે છે. તેણે આકરી કસોટીને પ્રસંગે પોતાની શુદ્ધિ સાચવી હતી, ને આંગળીનું ટેરવું ઉડાવી દીધું હતું. એ આંગળીનું સુકાઈ ગયેલું ઠૂંઠું હોઠ આગળ લાવીને તેને એણે ચૂમી લીધી. અત્યારે તેને એમ લાગતું હતું કે તે વેળા મારા પાપને લીધે હું પોતાને કુટિલ, ખલ, કામી ગણતો હતો એ મારી નમ્રતા હતી; એ જમાનામાં એક ડોસો મારી પાસે એક દારૂડિયા સૈનિકને ભિક્ષા માગવા લાવેલો ત્યારે મને એ ડોસા પ્રત્યે કેવી દયા આવેલી; અને પેલી બાઈને મેં ઘરમાં આવકાર આપ્યો ત્યારે પણ મારા મનમાં પ્રેમભાવ હતો. પણ હવે ? તેણે મનમાં પૂછ્યું : "આજે મને કોઈના પ્રત્યે પ્રેમ છે ખરો ? સોફિયા ઇવાનોવના કે ફાધર સિરાફીમને માટે મને પ્રેમ છે એમ કહી શકાય ? આજે જે માણસો આવેલાં એ બધાં પ્રત્યે મારા મનમાં પ્રેમની લાગણી છે ખરી ? પેલા જુવાનને વિશે મને પ્રેમ ઊપજેલો ?" એ જુવાનની સાથે સર્જિયસને બોધદાયક ચર્ચા થયેલી. તેમાં એણે તો પોતાનું બુદ્ધિબળ બતાવવાનો જ પ્રયત્ન કરેલો; ને એની ઇચ્છા તો પેલાને એમ જ બતાવવાની હતી કે હું જ્ઞાનમાં આજના જમાનાથી પાછળ પડી ગયો નથી. તેને એ બધાંનો પ્રેમ મેળવવાની ઝંખના તો હતી; એ પ્રેમની એને જરૂર પણ હતી; પણ એના પોતાનામાં એ લોકો પ્રત્યે પ્રેમનો છાંટો નહોતો. અત્યારે તેનામાં પ્રેમ કે નમ્રતા કે શુદ્ધિ કશું જ રહ્યું નહોતું.

વેપારીની છોકરી બાવીસ વરસની છે એમ સાંભળીને તે રાજી થયેલો.

તેને થયું, એ રૂપાળી હશે ખરી? "એનું શરીર નબળું છે?" એમ એણે વેપારીને પૂછેલું ત્યારે એનો આશય તો ખરેખર એમ જાણવાનો હતો કે એનામાં લાવણ્ય છે ખરું?

"હું શું આટલો પતિત બની ગયો છું?" તેને વિચાર આવ્યો. "હે નાથ, મને મદદ કરો. મને પાછો મારી મૂળ જગાએ પહોંચાડો, હે નાથ, હે મારા પ્રભુ, હે દયાઘન!" તેણે હાથમાં હાથ ભીડયો ને પ્રાર્થના કરવા માંડી.

ઝાડ પર બુલબુલ એકદમ ગાવા લાગ્યાં. એક પતંગિયું આવીને એને અથડાયું ને એની ગરદનમાં ભરાઈ ગયું. તેને તેણે ખંખેરી નાખ્યું. તેની વિચારમાળા પાછી ચાલી: "પણ ઈશ્વર છે ખરો? બહારથી આગળો વાસેલા બારણાને જ હું ઠોક ઠોક કરતો હોઉં એમ તો ન બને? બારણાને આગળો દીધેલો છે એ તો સહુ જોઈ શકે છે. કુદરત — આ બુલબુલ ને આ પતંગિયાં — એ જ આગળો છે. પેલા જુવાનની વાત કદાચ સાચી હોય." તેણે પાછી પ્રાર્થના મોટેથી બોલવા માંડી, ને લાંબો વખત ચાલુ રાખી. છેવટે આ વિચારો અલોપ થઈ ગયા, ને તેને ફરી શાન્તિ ને સ્વસ્થતા લાગવા માંડી. તેણે ઘંટડી વગાડી, ને સેવકને કહ્યું: "પેલા શેઠને કહે હવે એમની છોકરીને લઈ આવે."

વેપારી છોકરીનો હાથ પકડી તેને લાવ્યો, ને તેને ઓરડીમાં મૂકી તરત જ ચાલતો થયો.

છોકરી બહુ દેખાવડી, ભરાવદાર, ને સાવ ઠીંગણી હતી. તેનો ચહેરો ફીકો, ભયભીત ને બાળકના જેવો હતો. તેના સ્ત્રૈણ અવયવો બહુ વિકાસ પામેલા હતા. સર્જિયસ પ્રવેશદ્વાર આગળની પાટલી પર બેઠો રહ્યો; ને છોકરી તેની આગળ થઈને પસાર થઈને આશિષ લેવા તેની સામે ઊભી રહી ત્યારે તેણે જે રીતે એ છોકરી સામે જોયું તે જોઈ એ પોતે સડક થઈ ગયો. છોકરી એની આગળથી પસાર થઈ ત્યારે તેના સ્ત્રીત્વનું તીવ્ર ભાન એના મનમાં જાગ્રત થયું. પણ તેના ચહેરા પરથી એણે જોઈ લીધું કે છોકરી વિષયી ને મંદ બુદ્ધિની છે. તે ઊભો થઈને ઓરડીમાં ગયો. છોકરી એની રાહ જોતી એક સ્ટૂલ પર બેઠી હતી. ને એ અંદર આવ્યો એટલે ઊભી થઈ.

"મારે બાપાજી પાસે જવું છે," તેણે કહ્યું.

"બીશ નહીં તું," સાધુએ કહ્યું. "તને શું દરદ છે?"

"મને આખે શરીરે દરદ થાય છે," તેણે કહ્યું. ને એકાએક તેનો ચહેરો સ્મિતથી ઝળકી ઊઠ્યો.

"તું સાજી થઈ જઈશ," સાધુ બોલ્યો. "પ્રાર્થના કર!"

"પ્રાર્થના કર્યે શું વળવાનું છે? મેં પ્રાર્થના તો ઘણી કરી, પણ જરાયે ફાયદો થતો નથી." — કહી તેણે હસવું ચાલુ રાખ્યું. "તમે મારે માટે પ્રાર્થના કરો ને મારા પર હાથ મૂકો. મેં તમને સ્વપ્નામાં જોયેલા."

"તેં મને શું કરતો જોયેલો?"

"આમ કરતા." કહી તેણે સાધુનો હાથ પકડી પોતાને શરીરે લગાડ્યો.

સાધુએ તેને જમણો હાથ પકડવા દીધો.

"તારું નામ શું?" એટલું પૂછતાં તો તેને અંગે ધ્રુજારી આવી ગઈ. તેને થયું કે હું વાસનામાં ઘેરાયો ને એ વાસના હવે અંકુશમાં રહે તેમ નથી.

"મેરી. કેમ?"

મેરીએ એનો હાથ લઈ તેના પર ચૂમી ભરી.

"તું શું કરે છે?" સાધુએ કહ્યું. "મેરી, તું બદમાસ છે!"

"એમ કે? હઈશ વળી. પણ એમાં થઈ શું ગયું?"

પરોઢિયે સર્જિયસ ઓરડી બહાર આવેલી રવેશીમાં ગયો.

"આ બધું શું ખરેખર બન્યું છે? છોકરીનો બાપ આવશે, તેને એ બધું કહ્યા વિના રહેવાની છે? બહુ લુચ્ચી છોકરી છે! હવે મારે શું કરવું? આ કુહાડી રહી. એનાથી જ મેં તે દહાડે આંગળી કાપી નાખેલી." તેણે કુહાડી લીધી, ને ઓરડીમાં જવા મોઢું ફેરવ્યું.

ત્યાં તો સેવક આવીને હાજર થયો.

"લાકડાં ચીરવાં છે? લાવો, કુહાડી મને આપો."

સર્જિયસે કુહાડી આપી દીધી, ને ઓરડીમાં ગયો. મેરી ત્યાં ઘસઘસાટ ઊંઘતી હતી. તેના તરફ નજર કરતાં સર્જિયસને ત્રાસ વછૂટ્યો. તે અંદરની ઓરડીમાં ગયો. પેલાં ખેડૂતનાં કપડાં સાચવી રાખેલાં તે પહેર્યાં, કાતર લીધી, ને પોતાના લાંબા વાળ કાપી નાખ્યા. પછી બહાર નીકળી ટેકરી ઊતર્યો, ને નદીએ પહોંચ્યો. ત્રણ વરસથી તે આ સ્થળે આવ્યો નહોતો.

દીન પાસે થઈને એક રસ્તો જતો હતો, તેના પર તે ચાલ્યો. સૂરજ

માથે આવ્યો ત્યાં સુધી ચાલ ચાલ કર્યું. પછી રાઈના એક ખેતરમાં ગયો, ને ત્યાં જમીન પર સૂઈ ગયો. સાંજુકા પહોરનો એક ગામડા પાસે ગયો, પણ તેમાં પેઠા વિના નદીને કાંઠે ટેકરી હતી તે તરફ ગયો, ને ત્યાં ફરી આરામ લેવા સૂઈ ગયો.

પરોઢનો વખત હતો. સૂર્યોદયને અડધા કલાકની વાર હતી. હવા ભીની હતી, આકાશ વાદળાંથી છવાયેલું હતું, ને પશ્ચિમ તરફથી પ્રભાતનો શીતળ વાયુ વાતો હતો. "હા, મારે આ બધાનો અંત આણવો જોઈએ. ઈશ્વર તો નથી. પણ આનો અંત કેવી રીતે આણવો? નદીમાં ભૂસકો મારવો? મને તરતાં આવડે છે, એટલે હું ડૂબવાનો તો નથી. ગળે ફાંસો ખાઈને મરું? હા, આ ઉપરણો ડાળ પર નાખું એટલી જ વાર." આ વસ્તુ એવી શક્ય ને એવી સહેલી લાગી કે તેને કમકમાં આવી ગયાં. હંમેશની પેઠે નિરાશાની પળે તેને પ્રાર્થના કરવાની જરૂર લાગી. પણ પ્રાર્થના કરવી કોને? ઈશ્વર તો છે નહીં. તે હાથને ટેકે સૂઈ રહ્યો. પણ એકાએક તેને એવી તો ઊંઘ આવવા લાગી કે હથેળી પર માથું ટેકવી શકાય એવું રહ્યું નહીં. એટલે તેણે હાથ લાંબો કર્યો, તેના પર માથું મૂક્યું, ને ઊંઘી ગયો. પણ એ ઊંઘ પલકવાર જ ચાલી. તે એકાએક ઝબકીને જાગી ઊઠ્યો. પછી તેને સ્વપ્નાં ન આવ્યાં, પણ જૂની જૂની વાતો યાદ આવવા લાગી.

તેણે કલ્પનામાં જોયું કે પોતે ગામડામાં માને ઘેર નાનો બાળક છે. ત્યાં એક ગાડી આવે છે, ને તેમાંથી નિકોલસ મામા ઊતરે છે. તેમને લાંબી, પાવડા ઘાટની, કાળી દાઢી છે. તેમની સાથે નાનકડી ને પાતળી છોકરી પાશેંકા* છે. તેને મોટી ને સૌમ્ય આંખો છે. તેના મોઢા પર ભીરુતાનો એવો ભાવ છે કે જોનારને એની દયા જ આવે. પાશેંકાને છોકરાઓની સોબતમાં મૂકવામાં આવે છે. છોકરાઓને ન છૂટકે એની સાથે રમવું પડે છે, પણ એમાં એમને મજા પડતી નથી. પાશેંકામાં અક્કલ ઓછી છે. એટલે છેવટે છોકરા એની મશ્કરી કરે છે, ને એને તરી બતાવવાની ફરજ પાડે છે. તે ભોંય પર સૂઈ જાય છે, ને તરતી હોય એવી રીતે હાથપગ હલાવે છે. એ જોઈ છોકરા બધા હસે છે ને એની ઠેકડી કરે છે. પાશેંકા

* પાશેંકા એ પ્રાસ્કોવિયાનું ટૂંકું ને લાડનું નામ છે.

એ જુએ છે; શરમથી તેના ગાલ રાતાચોળ થઈ જાય છે; ને તેનો દેખાવ પહેલાં કરતાં વધારે દયાજનક બને છે — એટલો દયાજનક કે એ જોઈ સ્ટીપનને શરમ આવે છે. પાશૅંકાનું એ વેળાનું કુટિલ, હેતાળ, ને અધીનતા સૂચવનારું સ્મિત એ કદી ભૂલી શકે એમ નથી. તે પછી પણ એણે પાશૅંકાને ફરી જોયેલી એ એને યાદ આવ્યું. ત્યાર પછી લાંબે વખતે, સર્જિયસે સંસાર તજ્યો તે પહેલાં થોડા જ વખત પર, તે એક જમીનદારને પરણી હતી. એ પુરુષે એની બધી માલમતા વેડફી નાખી. તે એને મારતો પણ ખરો. પાશૅંકાને એક છોકરો ને એક છોકરી એમ બે સંતાન થયેલાં, પણ છોકરો નાનપણમાં જ મરી ગયો. તે સાવ બેહાલ થઈ ગયેલી એ પણ સર્જિયસે જોયેલું. પછી પાછી તે વિધવા થઈ ત્યાર બાદ એને મઠમાં જોયેલી. ત્યારે પણ તે પહેલાંના જેવી જ હતી. સાવ કમઅક્કલ હતી એમ તો નહીં; પણ દમ વગરની, તુચ્છ અને દયાજનક હતી. તે છોકરી, અને છોકરીનું સગપણ જેની સાથે થયેલું એ જુવાન, એને લઈ ને મઠમાં આવેલી. એ વખતે એમની ગરીબી શરૂ થઈ ચૂકી હતી. ત્યાર પછી એણે સાંભળેલું કે પાશૅંકા કોઈ નાના કસબામાં રહેતી હતી ને બહુ ગરીબીમાં દહાડા કાઢતી હતી.

"હું એનો વિચાર કેમ કરું છું?" એણે મનમાં પૂછ્યું. પણ એનું સ્મરણ મનમાંથી ખસે જ નહીં. "એ ક્યાં હશે? એની કેવી દશા હશે? નાનપણમાં અમારી આગળ ભોંય પર એને તરી બતાવવું પડેલું, એ વેળા હતી તેવી જ દુઃખી એ આજે પણ હશે? પણ મારે એનો વિચાર શા સારુ કરવો જોઈએ? હું આ શું કરી રહ્યો છું? મારે તો જિંદગીનો અંત જ આણવો જોઈએ."

ફરી પાછી તેને બીક લાગી; ને એ વિચારને મનમાંથી હઠાવવા તેણે પાશૅંકાનો વિચાર કરવા માંડ્યો.

આવી સ્થિતિમાં તે લાંબો વખત પડી રહ્યો. ક્યારેક આપઘાત વિના છૂટકો નથી એવો વિચાર કરે; ને ક્યારેક પાશૅંકાને યાદ કરે. પાશૅંકા એની નજર આગળ મુક્તિના સાધનરૂપે દેખાતી હતી. છેવટે તે ઊંઘી ગયો. ઊંઘમાં તેણે એક દેવદૂત જોયો. તેણે પાસે આવી કહ્યું: "તું પાશૅંકા પાસે જા; ને તેની પાસેથી શીખ કે તારે શું કરવું જોઈએ, તેં શું પાપ કર્યું છે, ને તને મુક્તિ શી રીતે મળે."

તે જાગ્યો, મનમાં નિશ્ચય કર્યો કે આ દેવદૂતને ઈશ્વરે જ મોકલ્યો. તે રાજી થયો, ને દેવદૂતે કહેલું તેમ કરવાનો નિર્ધાર કર્યો. પાશેંકા જે ગામમાં રહેતી હતી તેનું નામ એ જાણતો હતો. તે ત્રણસો વર્સ્ટ (બસો માઈલ) દૂર હતું. એટલે સુધી ચાલીને જવા તે નીકળ્યો.

૬

પાશેંકા તો ઘણાં વરસ થયાં પાશેંકા મટી ગઈ હતી, ને ઘરડી, સુકાઈ ગયેલી, ને શરીરે કરચલીઓવાળી પ્રાસ્કોવિયા મિખેલોવના બની હતી. માવરીકેવ નામનો એક નકામો ઠરેલો, દારૂડિયો અમલદાર તેનો જમાઈ હતો. તેની છેલ્લી નોકરી જે કસબાના ગામમાં હતી ત્યાં પાશેંકા રહેતી હતી, ને કુટુંબનો નિર્વાહ ચલાવતી હતી. કુટુંબમાં દીકરી, માંદો ને મનોરોગથી પીડાતો જમાઈ, ને દીકરીનાં પાંચ છોકરાં હતાં. એ બધાંનો નિર્વાહ કરવા તે વેપારીઓની છોકરીઓને સંગીત શીખવતી; રોજ એક એક કલાકના એવા ચાર, ને ક્યારેક પાંચ, વર્ગ ભણાવતી; ને એ રીતે મહિને સાઠેક રૂબલ (પાંચ પાઉંડ) કમાતી. આ પરિવાર આમ પાશેંકાની મહેનત પર નભતો હતો. જમાઈને બીજી કંઈક નોકરી મળે એવી આશામાં સહુ દિવસ કાઢતાં હતાં. પ્રાસ્કોવિયાએ તેનાં સૌ સંબંધીઓ ને ઓળખીતાંઓને કાગળો લખી જમાઈને માટે કંઈક જગા મેળવી આપવાની વિનંતી કરી હતી. એવો કાગળ એણે સર્જિયસને પણ લખેલો, પણ તે એને મળ્યો નહોતો.

શનિવારનો દિવસ હતો. પ્રાસ્કોવિયા પોતે મીઠાઈને માટે લોટ બાંધતી હતી. એવી મીઠાઈ એના બાપની જાગીર પર એક દૂબળી રસોઇયણ બહુ સારી બનાવતી તે તેને યાદ હતું. રવિવારે છોકરીનાં છોકરાંને કંઈક મિષ્ટાન્ન આપવાનો તેનો વિચાર હતો.

તેની દીકરી માશા સૌથી નાના બાળકને ધવડાવતી હતી. મોટો છોકરો ને મોટી છોકરી નિશાળે ગયાં હતાં. જમાઈને રાતે ઊંઘ આવેલી નહીં, એટલે અત્યારે ઊંઘતો હતો. પ્રાસ્કોવિયા પોતે પણ રાતનો મોટો ભાગ જાગી હતી, કેમ કે દીકરી એના ધણી પર ગુસ્સે થયેલી તેને શાંત પાડવાનો પ્રયત્ન એને કરવો પડેલો.

તેણે જોયું કે જમાઈ શરીરે નબળો પડી ગયેલો એટલે એની જે

દશા હતી તે એનાથી બદલી શકાય એવી નહોતી. તે સમજતી હતી કે દીકરી એના વરને ઠોક પાડચા કરશે એથી કશો લાભ થવાનો નથી. એટલે તે દીકરીના ઠપકાને હળવા પાડવાનો, અને બોલાચાલી ને વઢવાડ રોકવાનો, બનતો બધો પ્રયત્ન કરી છૂટતી. માણસો વચ્ચે ઊંચાં મન થાય ને અંટસ વધે એથી પ્રાસ્કોવિયાને ખરેખરું શારીરિક દુ:ખ થતું. તે સાફ સમજતી કે કડવાશ કરવાથી કદી સ્થિતિ સુધરતી નથી, પણ ઊલટી બગડે છે. ખરું જોતાં એને વિશે એ વિચાર જ ન કરતી, પણ જેમ દુર્ગંધથી, કર્કશ અવાજથી, કે પોતાના શરીર પર પડતા મારથી તેને જેવું દુ:ખ થાય, તેવું જ દુ:ખ કોઈ માણસને ક્રોધ કરતું જોઈને થતું.

તેણે લુકેરિયાને હમણાં જ લોટ બાંધતાં શીખવ્યું હતું, ને તેથી તેના મનમાં સંતોષ થતો હતો. એટલામાં છ વરસનો મીશા, શરીરે ઝભલું ને વાંકા નાનકડા પગ પર સાંધેલાં મોજાં પહેરીને, રસોડામાં દોડી આવ્યો. તેના ચહેરા પરથી તે છળી ગયો હોય એમ લાગતું હતું.

"દાદીમા, દાદીમા, છે ને તે એક બિહામણો ડોસો તમને મળવા આવ્યો છે."

લુકેરિયાએ બારણા બહાર નજર કરી.

"કોઈક જાત્રાળુ જેવો લાગે છે. માણસ..."

પ્રાસ્કોવિયાએ એની પાતળી કોણીઓ એકબીજા સાથે ઘસી, મળવસ્ત્ર પર હાથ લૂછ્યા, ને પોતાના પાકીટમાંથી ડોસા માટે પાંચ કૉપેક (એક પેની)નો સિક્કો લેવા મેડે ગઈ. ત્યાં તો યાદ આવ્યું કે પાકીટમાં દસ કૉપેકથી ઓછું કંઈ છે નહીં; એટલે પૈસાને બદલે રોટી આપવાનો વિચાર કર્યો. રોટી મૂકવાના કબાટ આગળ ગઈ ત્યાં તો એકાએક મનમાં શરમ આવી; "અરે, હું કેવી તે મેં જીવ ટૂંકો કર્યો, ને દસ કૉપેક આપતાં કચવાઈ!" એટલે લુકેરિયાને રોટીનો ટુકડો કાપવાનું કહી પોતે દસ કૉપેકનો સિક્કો લેવા માળ પર ગઈ. "આ જ લાગની છે તું," તેણે મનમાં કહ્યું. "હવે તારે બમણું આપવું જ પડશે."

તેણે જાત્રાળુને રોટી ને પૈસા બંને આપ્યાં. આપતી વખતે તેને મનમાં દાન આપવાનો ગર્વ તો શાનો થાય? ઊલટું આટલું ઓછું આપવા માટે તેણે માફી માગી. પેલા માણસનો બાંધો બહુ કદાવર ને આંજી નાખે એવો હતો.

સર્જિયસે ભિક્ષુકના વેશમાં ત્રણસો વર્સ્ટ પગે ચાલીને કાપી નાખ્યા હતા. તેનાં કપડાં ચીંથરેહાલ હતાં. તે સુકાઈ ગયો હતો. હવાના ફેરફારોની અસર શરીર પર થઈ હતી. લાંબા વાળ હતા તે તેણે કાપી નાખ્યા હતા, ને ખેડૂતના જેવાં ટોપી ને જોડા પહેર્યાં હતાં. અને તે બહુ નમ્રતાથી નમન કરતો હતો. છતાં તેના શરીરનો દેખાવ હજુ જોનારને આંજે એવો, ને તેથી આકર્ષક હતો. પણ પ્રાસ્કોવિયાએ એને ઓળખ્યો નહીં. ઓળખે પણ શી રીતે ? તેને જોયાને પણ વીસેક વરસ થવા આવ્યાં હતાં.

"મારા પર નારાજ ન થશો, મહારાજ. તમારે કંઈ ખાવાનું જોઈતું હશે, નહીં ?"

સર્જિયસે રોટી ને પૈસા લીધા, છતાં તે ખસ્યો નહીં, પણ તેની સામે જોતો ઊભો રહ્યો, એ જોઈ પ્રાસ્કોવિયાને નવાઈ લાગી.

"પાશેંકા, હું તારી પાસે આવ્યો છું ! મને ઘરમાં આવવા દે...."

તેની સુંદર કાળી આંખોમાં જે આંસુ આવવાં શરૂ થયાં હતાં તેનાથી તે ચમકતી હતી, ને પ્રાસ્કોવિયા સામે એકીટસે જોઈ તેને આગ્રહપૂર્વક આજીજી કરતી હતી. સહેજસાજ ધોળા વાળવાળી તેની મૂછોની તળે તેના હોઠ કાંપતા હતા, એ દેખાવ દયા ઉપજાવે એવો હતો.

પ્રાસ્કોવિયાએ પોતાની સાવ કરમાઈ ગયેલી છાતી પર હાથ દબાવ્યા, મોં ઉઘાડ્યું, ને આંખો ફાડી જાત્રાળુ સામે જોઈ રહી, ને કંઈક યાદ આવતાં સડક થઈ ગઈ.

"હોય નહીં ! સ્ટીવા ! સરજી ! સાધુ સર્જિયસ !"

"હા, એ જ હું." સર્જિયસે ધીમે સાદે કહ્યું. "માત્ર હું હવે સર્જિયસ કે સાધુ સર્જિયસ નથી, પણ મહાપાતક કરનારો, સ્ટીપન કાસાટ્સ્કી છું. મેં ઘોર પાપ કર્યાં છે. હું પતિત છું. મને ઘરમાં આવવા દે, ને મને મદદ કર !"

"હોય નહીં ! તમે આટલા બધા દીનહીન બની ગયા છો. તમારા આવા તે હાલ હોય ? હશે, પણ તમે અંદર તો આવો."

તેણે હાથ લાંબો કર્યો, પણ સ્ટીપન હાથ ન પકડતાં એની પાછળ પાછળ ઘરમાં ગયો.

પણ એને રાખવો ક્યાં ? ઘર સાવ નાનું હતું. અગાઉ પ્રાસ્કોવિયાને

માટે એક નાની ઓરડી હતી — દર જ હતું કહોને; પણ પાછળથી તે એણે દીકરીને આપી દીધી હતી, ને માશા ત્યાં બેઠી બેઠી બાળકને હીંચોળતી હતી.

"હમણાં તો અહીં બેસો," પ્રાસ્કોવિયાએ સ્ટીપનને કહ્યું, ને ઓરડામાં પાટલી પડી હતી તે બતાવી.

તે તરત જ બેસી ગયો; ને જાણે રોજની ટેવ હોય એમ ઝોળીના પટા પહેલાં એક ખભા પરથી ને પછી બીજા ખભા પરથી ઉતાર્યા.

"હે ભગવાન! હે મારા પ્રભુ! તમે કેવો ભિખારીનો વેશ પહેર્યો છે, મહારાજ! કેવી તમારી કીર્તિ, ને આજે આ હાલ..."

સર્જિયસે જવાબ દીધો નહીં. કેવળ નમ્રભાવે સહેજ મોં મલકાવ્યું; ને જે પાટલી પર બેઠો હતો તેની તળે ઝોળી મૂકી દીધી.

"માશા, તું જાણે છે આ કોણ છે?" — કહી પ્રાસ્કોવિયાએ દીકરીને કાનમાં વાત કરી; ને બે જણે મળીને નાની ઓરડીમાંથી ખાટલો ને પારણું બહાર કાઢ્યાં, ને સર્જિયસને માટે જગા કરી.

પ્રાસ્કોવિયા એને ઓરડીમાં લઈ ગઈ.

"તમે અહીં નિરાંતે આરામ લો. માઠું ન લગાડશો...પણ મારે હવે બહાર જવાનું છે."

"ક્યાં?"

"ભણાવવા જવાનું છે. મને કહેતાં શરમ આવે છે, પણ હું સંગીત શીખવું છું!"

"સંગીત? પણ એ તો સારું કામ છે. ફક્ત એક જ વાત કહી લઉં. પ્રાસ્કોવિયા, હું તારી પાસે એક ચોક્કસ ધારણાથી આવ્યો છું. તારી સાથે વાત ક્યારે કરી શકાશે?"

"હું બહુ ખુશીથી વાતો કરીશ. આજે સાંજ પર રાખીએ તો ચાલે?"

"હા. પણ એક બીજી વાત. મારી વાત કોઈને કરીશ નહીં, કે હું કોણ છું એ કહીશ નહીં. હું કોણ છું એ ભેદ મેં તને એકલીને કહ્યો છે. હું ક્યાં જતો રહ્યો છું એ કોઈ જાણતું નથી. ને ન જાણે એ જ સારું છે."

"અરે, પણ મેં મારી છોકરીને તો વાત કરી પણ ખરી."

"ભલે, તો એને કહે કે ત્રીજા કોઈને ન કહે."

સર્જિયસે બૂટ ઉતાર્યા, સૂઈ ગયો, ને એને તરત જ ઊંઘ આવી ગઈ. એક આખી રાત તે ઊંઘ્યો નહોતો, ને વીસેક માઇલ ચાલ્યો હતો.

પ્રાસ્કોવિયા પાછી આવી ત્યારે સર્જિયસ ઓરડીમાં બેઠો બેઠો એની રાહ જોતો હતો. તે જમવા બહાર આવ્યો નહોતો, પણ લુકેરિયા થોડોક સેરવો ને કાંજી લાવેલી તે ઓરડીમાં બેસીને જ પીધાં હતાં.

"તેં કહેલું એના કરતાં વહેલી ક્યાંથી આવી ?" સર્જિયસે પૂછ્યું. "હવે આપણે વાત કરીશું ?"

"મારાં એવાં ભાગ્ય ક્યાંથી હોય કે તમારા જેવા મહેમાન મારે ઘેર આવે ? મેં એક જગાએ ભણાવવાનું માંડી વાળ્યું. ભણાવવાનું નાસી નથી જવાનું.... હું તમને મળવા આવવાનો વિચાર કર્યા કરતી હતી. મેં તમને કાગળ પણ લખ્યો છે. ત્યાં તો તમે જ આંગણે આવીને ઊભા. કેવું મારું સદ્ભાગ્ય !"

"પાશેંકા, હું કહું તે સાંભળ. મરવા પડેલો માણસ છેલ્લીવારકો ભગવાનની આગળ પોતાનાં બધાં પાપની વાત કરે, તેમ તારી આગળ હું પેટછૂટી વાત કરું છું. પાશેંકા, હું સંતપુરુષ નથી. દુનિયાનો સાદોસીધો માણસ હોય છે એના જેવો સદ્ગુણી પણ નથી. હું પાપી છું, તિરસ્કારને પાત્ર છું, નીચ છું, ગર્વિષ્ઠ છું. હું આડે રસ્તે ચડી ગયો છું. સહુના કરતાં ખરાબ નહીં હોઉં તોયે, ઘણાખરા દુર્જનોના કરતાં તો બૂરો છું જ."

પ્રાસ્કોવિયા પહેલાં તો એની સામે આંખો ફાડીને ટગરટગર જોઈ રહી. પણ એણે કહી એ વાત એણે સાચી માની. ને એના કહેવાનો ભાવાર્થ પૂરેપૂરો સમજી એટલે તેના હાથને સ્પર્શ કરી દયાથી સહેજ હસી ને બોલી :

"તું અતિશયોક્તિ કરતો હઈશ, સ્ટીવા !"

"ના પાશેંકા. હું વ્યભિચારી છું; ખૂની છું, પાખંડી છું, ઠગારો છું."

"હે ભગવાન ! કેવી રીતે ?" પ્રાસ્કોવિયા નવાઈ પામીને બોલી ઊઠી.

"પણ મારે મારી આવરદા તો પૂરી કર્યે છૂટકો છે. હું માનતો હતો કે હું સર્વજ્ઞ છું. હું બીજા લોકને જીવનનો માર્ગ બતાવતો. પણ ખરેખાત હું કશું જ જાણતો નથી. તું મને રસ્તો બતાવ. એ શીખવા જ હું તારી પાસે આવ્યો છું."

"તું શું કહે છે, સ્ટીવા? તું મારી સામે હસે છે. હંમેશાં મારી મશ્કરી કેમ કરે છે તું?"

"ભલે, મશ્કરી કરું છું એમ તને લાગતું હોય, તો તને ઠીક લાગે એમ કર. પણ મને એટલું કહે કે તું આજે કેવી રીતે રહે છે, ને તારી આજ લગીની જિંદગી તેં કેવી રીતે કાઢી?"

"મેં? બહુ ભૂંડે હાલે કાઢી. ઘોર દુઃખ વેઠ્યું, હવે ભગવાન મને સજા કરી રહ્યો છે. હું એને માટે લાયક છું. મારા દહાડા બહુ દુઃખમાં જાય છે. માથે દુઃખનાં ઝાડ ઊગ્યાં છે, સ્ટીવા!"

"તારો સંસાર કેવો હતો? તું પતિ સાથે કેવી રીતે રહેતી?"

"એ બધું જ બૂરું હતું. હું પરણી, કેમ કે હું સાવ ભૂંડી રીતે પ્રેમમાં પડી. બાપાજીને તો એ ગમેલું નહીં, ને તેમણે સંમતિ ન આપી. પણ મેં ભૂંડીએ કશી વાત કાને ધરી નહીં, ને જક કરીને પરણી. પછી પતિને મદદ કરવાને બદલે મારી અદેખાઈથી એમને હેરાન હેરાન કરી નાખ્યા. મનની અદેખાઈને હું રોકી શકી નહીં."

"મેં સાંભળેલું કે એ દારૂની લતે ચડી ગયેલા."

"હા, પણ મેં એમને જરાયે જંપ વળવા દીધેલો નહીં. હું એમને રાત ને દહાડો વઢવઢ કરતી. દારૂની લત પણ એક રોગ છે એ તો તું જાણે છે! તેમાંથી એ છૂટી શક્યા નહીં. એમને દારૂ પીતાં રોકવા મેં આકાશપાતાળ કેટલાં એક કરેલાં, ને અમે કેવી લડવાડો કરેલી, એ મને અત્યારે આબેહૂબ યાદ આવે છે!"

તે નમણી આંખે સ્ટીપનની સામે જોઈ રહી. જૂની વાતોના સ્મરણથી તેના મનને દુઃખ થતું હતું.

સ્ટીપને સાંભળેલું કે પાશેંકાનો ધણી એને મારતો હતો, એ એને યાદ આવ્યું. અત્યારે પાશેંકાની ગરદન સાવ સુકાઈને કરમાઈ ગઈ હતી. તેના કાન પાછળની નસો ઊપસી આવેલી હતી. વાળ ઘણા ખરી પડ્યા હતા, ને ભરાવદાર અંબોડાની જગાએ જરાક જેટલી અંબોડી રહી હતી. ને વાળ પણ અડધા ધોળા ને અડધા રતૂમડા થઈ ગયા હતા. એ જોઈ, પાશેંકાને માથે કેવી વીતી હશે એનો ચિતાર એની નજર સામે ખડો થયો.

"પછી મારે બે બાળકનું પોષણ કરવાનું માથે આવ્યું. પૈસાટકા તો કાંઈ મળે નહીં."

"કેમ, તારી પાસે તો બાપાજીની મિલકત હતી ને?"

"એ તો અમે વાસિયાના જીવતાં જ વેચી નાખેલી. પૈસા આવ્યા તે બધા વાપરી નાખેલા. જિંદગી તો પૂરી કર્યે જ છૂટકો. આપણા તવંગર વર્ગની સહુ જુવાન સ્ત્રીઓની હોય છે એવી જ દશા મારી હતી. કમાણી થાય એવું કશું કામ આવડે નહીં. હું તો વળી સાવ નકામી ને લાચાર હતી. એટલે અમે ગાંઠે હતું તે બધું ખરચી નાખ્યું. મેં છોકરાંને ભણાવ્યાં. ને મારું પોતાનું ભણતર પણ જરા વધાર્યું. મિટિયા ચોથી ચોપડીમાં હતો ત્યાં જ માંદો પડ્યો, ને ભગવાને એને ઉપાડી લીધો. માશા મારા આ જમાઈ વાનિયાની સાથે પ્રેમમાં પડી. માણસ ભલો છે, પણ એનું ભાગ્ય ટૂંકું છે. માંદો ને માંદો રહે છે."

"બા!"— એની છોકરીના અવાજે વાતમાં ખલેલ પાડી — "મિટિયાને લે ને! મારાથી એકી સાથે બે જગાએ નહીં પહોંચાય."

પ્રાસ્કોવિયા થથરી, પણ ઊઠીને ઉતાવળે પગલે બહાર ગઈ. તેના જોડા અનેક થીગડાંવાળા હતા. થોડી વારમાં બે વરસના બાળકને હાથમાં લઈને આવી. છોકરો નાનકડા હાથ ઊંચા કરીને તેની શાલ પકડવા લાગ્યો.

"હું શું કહેતી હતી? હા, વાનિયાને અહીં સારી નોકરી હતી. ઉપરી પણ દયાળુ હતો. વાનિયાથી કામ થઈ શક્યું નહીં. એટલે નોકરી છોડી દેવી પડી."

"એમને દરદ શું છે?"

"જ્ઞાનતંતુ સાવ નબળા પડી ગયા છે. બહુ ભયંકર દરદ છે. એક ડાક્ટરને બતાવેલું. તેણે કહ્યું કે અહીંથી ક્યાંક બહાર જાય તો સારું. પણ જવાનું સાધન ક્યાંથી લાવવું?... હું તો એવી આશા રાખીને બેઠી છું કે દરદ આપોઆપ જતું રહેશે. એને કશી ખાસ વેદના થતી નથી, પણ..."

"લુકેરિયા!" એક ક્રોધભર્યો ને નબળો અવાજ આવ્યો. "મારે એનું કામ હોય ત્યારે અચૂક એને ક્યાંક મોકલી દીધી હોય. બા..."

"આવી!" પ્રાસ્કોવિયાએ ફરી વાત અધૂરી મૂકી, "હજુ તો વાનિયાએ ખાધું નથી. અમારી સાથે બેસીને તો ખાઈ શકતો નથી."

તેણે બહાર જઈને કશુંક ગોઠવ્યું; ને પાતળા કાળા હાથ લૂછતી

લૂછતી પાછી આવી.

"આવી મારી જિંદગી છે. હું રોજ બબડું છું, ને હમેશાં ઉદાસ રહું છું. પણ ઈશ્વરની કૃપા છે તે આ છોકરાં બધાં સારાં ને નીરોગી છે, ને હજુ જેમતેમ કરીને દહાડા કઢાય છે. પણ મારી જ વાત શું કામ કર્યા કરું?"

"પણ તું શાના પર જીવે છે?"

"થોડાક પૈસા કમાઉં છું. મને પહેલાં સંગીતનો કેવો કંટાળો હતો! પણ આજે મને એ કેવું કામ લાગે છે!" તે બેઠી હતી તેની પાસે ખાનાંવાળું કબાટ હતું; તેના પર તેનો હાથ પડયો હતો, ને તે પાતળી આંગળીઓ વડે કબાટ પર કશાકના તાલ ઠોકતી હતી.

"એક વાર ભણાવે એનું તને શું મળે છે?"

"ક્યારેક રૂબલ, ક્યારેક પચાસ કોપેક, ને ક્યારેક ત્રીસ. * એ માણસો બધાં મારા પર બહુ ભાવ રાખે છે."

"ને તારાં વિદ્યાર્થી મન દઈને શીખે છે ખરાં?" કહી સ્ટીપને સહેજ મોં મલકાવ્યું.

આ પ્રશ્ન તેણે સાચી જિજ્ઞાસાથી પૂછ્યો હોય એમ પહેલાં તો પ્રાસ્કોવિયાને લાગ્યું નહીં; એટલે જાણે કંઈ પૂછતી હોય એમ એની આંખો સામે જોઈ રહી.

"કેટલાંક શીખે છે. એમાં એક છોકરી છે તે બહુ જ હોશિયાર છે — છે તો કસાઈની છોકરી; પણ એવી ભલી ને માયાળુ છે! હું જો ચાલાક બૈરી હોત, તો બાપાજીનાં ઓળખીતાંમાંથી કોકને કહી મારા જમાઈને નોકરી અપાવી શકી હોત. પણ હું કશું કરી શકી નથી, ને એ સહુની મેં કેવી દશા કરી છે એ તું જુએ છે."

"હા, હા," કહી સ્ટીપને આંખો નીચી ઢાળી દીધી. "ને પાશેંકા, તું કંઈ ધરમધ્યાન કરે છે ખરી? પ્રાર્થના કરવા દેવળમાં જાય છે?"

"અરે, એ વાત જ જવા દે ને. એ બાબતમાં તો હું બહુ ખરાબ છું. મેં એ તરફ ધ્યાન જ નથી આપ્યું! બાળકો ઉપવાસ કરે ત્યારે સાથે હું કરું છું, ને કોઈ કોઈ વાર દેવળમાં જાઉં છું. પછી પાછી મહિનાઓ સુધી જતી નથી. છોકરાંને એકલાં મોકલું છું."

* "ક્યારેક બે શિલિંગ, ક્યારેક એક, ને ક્યારેક સાત પેન્સ."

"તું પોતે કેમ જતી નથી?"

"સાચું કહું?" (તેને મોઢે શરમના શેરડા પડયા.) "મને જતાં શરમ આવે છે. ફાટયાંતૂટયાં લૂગડાં પહેરીને જાઉં, તો મારી દીકરી ને એનાં છોકરાંની કેવી વગોવણી થાય! ને એ સિવાય બીજાં કપડાં મારી પાસે નથી. ઉપરાંત મનનું આળસ પણ ખરું."

"પણ તું ઘેર પ્રાર્થના કરે છે ખરી?"

"કરું છું. પણ એ પ્રાર્થના તે કેવી? પોપટની પેઠે બોલી જવાની. એ બરાબર નથી એ હું જાણું છું, પણ મારા મનમાં સાચી ધાર્મિક ભાવના જ નથી. મને તો એક જ વાતની ખબર છે કે હું કેવી ખરાબ છું...."

"હા, હા, બરાબર છે!" સ્ટીપને કહ્યું; જાણે એની વાતમાં સંમતિ પુરાવતો ન હોય.

"આવી હોં! આવી!" જમાઈની બૂમ સાંભળી તે બોલી; ને નાની અંબોડી સરખી કરીને ચાલી ગઈ.

પણ આ વેળા એને પાછી ફરતાં ઘણી વાર લાગી. પાછી આવી ત્યારે સ્ટીપન એની એ જ સ્થિતિમાં બેસી રહ્યો હતો. તેની કોણીઓ ઢીંચણ પર પડી હતી, ને માથું નીચું નમેલું હતું. પણ ઝોળી ખભે ભેરવેલી હતી.

પ્રાસ્કોવિયા આવી ત્યારે તેના હાથમાં પતરાનો નાનો, ખુલ્લો દીવો હતો. સ્ટીપને એની મનોહર પણ થાકથી ભરેલી આંખો ઊંચી કરી, ને ઊંડો નિસાસો નાખ્યો.

"તું કોણ છે એ મેં એમને કહ્યું નથી," પ્રાસ્કોવિયા બીતે બીતે કહેવા લાગી. "એટલું જ કહ્યું છે કે એ જાત્રાળુ છે, અમીર કુટુંબના છે, ને હું નાનપણમાં એમને ઓળખતી હતી. તું જમવાના ઓરડામાં ચાલ ચા પીવા."

"ના..."

"તો ભલે, અહીં લઈ આવું."

"ના, મારે કશું નથી જોઈતું. ભગવાન તારું ભલું કરે, પાશેંકા! હું હવે જાઉં છું. તને મારી દયા આવતી હોય, તો તેં મને જોયો છે એમ કોઈને કહેતી નહીં. ઈશ્વરને ખાતર કોઈને ય કહીશ નહીં. તારો પાડ માનું છું. નીચા પડી તને પગે લાગવાનું મન તો થાય છે, પણ હું જાણું

છું કે એથી તને સંકોચ થશે. તારો મોટો ઉપકાર થયો, પાશેંકા. ઈસુને ખાતર મને ક્ષમા કરજે!"

"મને આશીર્વાદ આપ!"

"આશીર્વાદ ભગવાનના જોઈએ! ઈસુને ખાતર મને ક્ષમા કરજે!" - તે ઊઠયો, પણ પ્રાસ્કોવિયાએ રોકયો. રોટી ને માખણ આપ્યા પછી જ જવા દીધો. તેણે એ બધું લીધું, ને ચાલતો થયો.

બહાર અંધારું હતું. તેણે બીજું ઘર વટાવ્યું નહીં હોય ત્યાં તો દેખાતો બંધ થઈ ગયો. પાદરીનો કૂતરો ભસતો હતો, તે પરથી જ પ્રાસ્કોવિયાએ જાણ્યું કે એ ત્યાં પહોંચ્યો હશે.

"ત્યારે મારા સ્વપ્નનો અર્થ આ હતો એમ! જેવી પાશેંકા છે તેવા મારે થવું જોઈતું હતું. પણ હું ન થયો. મેં ઈશ્વરની સેવા કરવાને બદલે માણસોની સેવા કરી; જ્યારે પાશેંકા માને છે કે હું માણસોની સેવા કરું છું, પણ તે ખરેખર તો ઈશ્વરની સેવા કરે છે. હું મારા મનથી માની બેઠો હતો કે હું લોકોને લાભ પહોંચાડું છું. પણ એવા લાભ કરતાં તો એક પણ સેવાનું કામ — બદલાની આશા રાખ્યા વિના આપેલો પાણીનો એક પ્યાલો પણ — વધારે કીમતી છે. પણ મારા એ કામમાં ઈશ્વરની સેવા કરવાની સાચી ઇચ્છા પણ અમુક અંશે નહોતી?" તેણે પોતાના મનને પૂછ્યું. તેનો જવાબ મળ્યો: "હા, હતી; પણ એમાં માણસોની વાહવા મેળવવાની ઇચ્છા ભળી, એને લીધે એ આખી દૂષિત બની ગઈ ને ઢંકાઈ ગઈ. હા, મારી પેઠે જે માણસ લોકોની વાહવા મેળવવાને જીવે છે તે ઈશ્વરને માને છે એમ કહી જ ન શકાય. પણ હવે હું ઈશ્વરને જ ખોળીશ!"

પછી, જેમ પાશેંકાને ગામ જતાં તે ચાલ્યો હતો, તેમ પગપાળો એક ગામથી બીજે ગામ ફરવા લાગ્યો. રસ્તે બીજાં યાત્રી સ્ત્રીપુરુષો મળે તેમને મળતો ને તેમની વિદાય લેતો. ભિક્ષા માગીને પેટ ભરતો, ને રાત પડે ત્યાં ઈસુને નામે વાસો રહેવાની જગા માગતો. ક્વચિત્ કોઈ ઘરવાળી ક્રોધે ભરાઈ એને વઢી નાખતી, અથવા કયારેક એકાદ પીધેલ ખેડૂત એને ગાળ દેતો. પણ મોટે ભાગે લોકો તેને ખાવાનું આપતા ને પાણી પાતા, એટલું જ નહીં પણ સાથે બાંધી જવાને કંઈ ભાતું સુધ્ધાં આપતા. તેના ખાનદાન વર્તનથી કેટલાક લોકોને એને વિશે સારો મત બંધાતો; તો

કેટલાક વળી આવા એક અમીરી ખવાસના માણસને ભીખ માગવા વારો આવેલો જોઈ રાજી થતા.

પણ તે વિનયથી સહુનાં મન હરી લેતો.

ઘણી વાર, એને કોઈ ઝૂંપડીમાં બાઇબલનું પુસ્તક નજરે પડે તો તે મોટેથી વાંચવા મંડી પડતો. તે સાંભળી લોકોને હંમેશાં લાગણી થઈ આવતી ને નવાઈ લાગતી; ને પોતે કોઈ નવો છતાં પરિચિત દેખાવ ન જોતો હોય એવો ભાસ થતો.

તે ક્યારેક લોકોને સલાહ આપતો, અથવા વાચન-લેખનના પોતાના જ્ઞાનનો લાભ આપતો, કે કંઈક કજિયો પતવી આપતો. આવી મદદ તે લોકોને કરી શકતો ત્યારે તેમનાં આભારનાં વચન સાંભળવા ઊભો રહેતો નહીં, પણ તરત જ ચાલતી પકડતો. ધીરે ધીરે તેના હૃદયમાં ઈશ્વરે દર્શન દેવા માંડ્યાં.

એક વાર બે ડોસીઓ ને એક સૈનિકની જોડે તે ચાલતો હતો. બીજી એક મુસાફરોની મંડળીએ એમને રસ્તામાં રોક્યાં. એ મંડળીમાં એક શ્રીમંત સ્ત્રી ને પુરુષ બગીમાં બેઠાં હતાં, ને બીજો એક પુરુષ ને સ્ત્રી ઘોડા પર હતાં. પતિ ઘોડા પર એની દીકરી જોડે બેઠો હતો; ને તેની સ્ત્રી બગીમાં એક ફ્રેન્ચ માણસ જોડે બેઠી હતી. એ માણસ કોક મુસાફર લાગતો હતો.

એ મંડળીનો થોભવાનો હેતુ પેલા ફ્રેન્ચ માણસને રશિયાના યાત્રાળુઓ બતાવવાનો હતો. રશિયામાં એક વહેમી કલ્પના એવી ચાલે છે કે આવા યાત્રાળુઓ કામ કરવાને બદલે એક ગામથી બીજે ગામ પગપાળા રખડતા ફરે છે.

પેલાં શ્રીમંત માણસો માંહોમાંહે ફ્રેન્ચ ભાષામાં વાતો કરવા લાગ્યાં. એમણે ધાર્યું હશે કે તેમ કરવાથી યાત્રાળુઓ તેમની વાત સમજી નહીં શકે.

ફ્રેન્ચ મુસાફર કહે: "એમને પૂછોને કે તમારી યાત્રાથી ભગવાન રાજી થાય છે એવી તમને પૂરી ખાતરી છે?"

પ્રશ્ન પુછાયો. એક ડોસીએ કહ્યું: "એ તો ભગવાન જાણે. અમારા પગ તીરથમાં પહોંચ્યા છે. પણ અમારાં હૈયાં કદાચ ન પહોંચ્યાં હોય."

પેલા લોકે સૈનિકને પૂછ્યું. એણે કહ્યું: "હું દુનિયામાં એકલો છું. મારે જવા જેવી બીજી કોઈ જગા નથી."

સ્ટીપનને પૂછ્યું: "તમે કોણ છો?"

"પ્રભુનો સેવક."

"એ શું કહે છે? કંઈ જવાબ દેતો નથી."

"એ કહે છે કે હું પ્રભુનો સેવક છું. પાદરીનો દીકરો હશે કદાચ. એ સાવ સાધારણ માણસ નથી. તમારી પાસે કાંઈ પરચૂરણ છે?"

ફ્રેન્ચ મુસાફરે પરચૂરણ કાઢ્યું, ને દરેક યાત્રાળુને વીસ વીસ કૉપેક આપ્યા.

"પણ એમને કહો કે આ પૈસા મેં દેવળની મીણબત્તી લેવાને નથી આપ્યા, પણ ચા લેવાને આપ્યા છે. ચા, તારે માટે ચા, સમજ્યો ડોસા?" તેણે સહેજ હસીને કહ્યું; ને મોજાંવાળા હાથ વડે સ્ટીપનનો વાંસો થાબડ્યો.

"ભગવાન તમારું ભલું કરે," સ્ટીપને જવાબ આપ્યો. તેમ કરતાં તેણે ટોપી માથા પરથી ઉતારી નહીં કે માથું નમાવ્યું નહીં.

આ મુલાકાતથી તેને વિશેષ આનંદ થયો, કેમ કે તેણે લોકોના મતની અવગણના કરી હતી, ને સૌથી સાદી ને સહેલી વસ્તુ કરી હતી — નમ્ર ભાવે વીસ કૉપેક સ્વીકાર્યા હતા, ને તેના જોડીદાર એક આંધળા ભિખારીને આપી દીધા હતા. જેમ જેમ તે માણસોના મતને ઓછું ને ઓછું મહત્ત્વ આપતો ગયો, તેમ તેમ તેને અંતરમાં ઈશ્વરની ઝાંખી વધારે ને વધારે થતી લાગવા માંડી.

સ્ટીપન આઠ મહિના આ પ્રમાણે પગપાળો ફર્યો. નવમે મહિને, તેની પાસે પાસપોર્ટ નહોતો એ કારણસર, તેને પકડવામાં આવ્યો. એક પ્રાન્તના મુખ્ય શહેરમાં તે કેટલાક યાત્રીઓની સાથે રાતવાસો રહેલો ત્યાં આ ધરપકડ થઈ. એને પોલીસચોકીએ લઈ ગયા. ત્યાં પૂછ્યું: "તું કોણ છે? તારો પાસપોર્ટ ક્યાં છે?" તેણે કહ્યું: "મારી પાસે પાસપોર્ટ તો નથી. હું પ્રભુનો સેવક છું." અદાલતે તેને રખડેલ વર્ગનો ગણ્યો, ને સાઇબીરિયામાં રહેવા મોકલી દીધો.

સાઇબીરિયામાં તેણે એક શ્રીમંત ને સુખી ખેડૂતને ત્યાં નોકરી લીધી છે, ને ત્યાં કાયમનો વસવાટ કર્યો છે. નોકર તરીકે તે બગીચામાં કામ કરે છે, છોકરાંને ભણાવે છે, ને માંદાની માવજત કરે છે.

(લખ્યા સાલ ૧૮૯૦, ૧૮૯૧, ને ૧૮૯૮)

કોની બહેન?

૧

૧૮૮૨ના મે માસની ૩જી તારીખે ફ્રાન્સના હાવ્ર બંદરેથી 'નૌત્ર-દામ-દ-વાં' નામનું એક ત્રણ સઢવાળું વહાણ ચીન જવા ઊપડ્યું. ચીનમાં માલ આપીને ત્યાંથી નવો માલ લઈ બ્યુનૉસ આઇરીસ ગયું; ને ત્યાંથી પાછો બીજો માલ લઈ બ્રાઝિલ પહોંચાડ્યો.

આ લાંબી સફરો ઉપરાંત વહાણને બીજાં પણ અનેક કારણસર વિલંબ થયો. વહાણમાં ભાંગફોડ થઈ, તેની સમરામણી કરવી પડી, મહિનાઓ સુધી પવન બંધ થઈ ગયો, વાવાઝોડાંને લીધે બહુ આડે રસ્તે જતું રહેવાયું, દરિયામાં અનેક સાહસો થયાં, ને કેટલાયે અકસ્માતો નડ્યા; તેને લીધે તેને ફ્રાન્સ પાછા પહોંચતાં ચાર વરસ થઈ ગયાં. છેવટે ૧૮૮૬ના મે માસની ૮મી તારીખે તે અમેરિકન ફળોના બંધ ડબા લઈને માર્સેલ્સ બંદરે પહોંચ્યું.

વહાણ હાવ્રથી ઊપડ્યું ત્યારે તેમાં એક કપ્તાન, એક માલમ, ને ચૌદ ખલાસી હતા. સફર દરમ્યાન એક ખલાસી મરી ગયો; ચાર તોફાનમાં ઝપટાઈ ગયા; ને ફ્રાન્સથી જેટલા નીકળેલા તેમાંથી માત્ર નવ જ ઘેર પાછા ફર્યા. જે માણસો ઓછા થયા તેમની જગાએ બે અમેરિકન, એક હબસી, ને સિંગાપુરના એક દારૂના પીઠામાંથી ઉઠાવી આણેલો એક સ્વીડ, એટલા નવા લીધા હતા.

વહાણના સઢ સંકેલી લેવામાં આવ્યા, ને દોરડાં તંગ બાંધવામાં આવ્યાં. વરાળથી ચાલતી ને ભારે અવાજ કરનારી એક હોડી વહાણને ખેંચી ગઈ, ને તેને ડક્કા પર નાંગરેલાં વહાણોની હારમાં મૂકી દીધું. દરિયો શાન્ત હતો; માત્ર પાણીનો સહેજસાજ ઉછાળો કાંઠા પર પછાડ મારતો હતો. ડક્કા પર ઊભેલાં વહાણોની હારમાં આ વહાણે જગા લીધી. ત્યાં મોટાં ને નાનાં, તમામ કદ, આકાર ને જાતનાં, ને દુનિયાના દેશદેશમાંથી આવેલાં વહાણોની ભારે ઠઠ જામી હતી. 'નૌત્ર-દામ-દ-વાં' એક ઇટાલિયન ને એક વિલાયતી વહાણ બેની વચ્ચે પડ્યું હતું. એ બંનેએ જરા જરા કોરે ખસીને આ નવા સોબતીને માટે જગા કરી હતી.

કપ્તાને જકાત ખાતાના અમલદારો ને બંદરના અધિકારીઓ જોડે કામ પતવી લીધું તે પછી તરત જ તેણે મોટા ભાગના ખલાસીઓને કાંઠે જઈ રાત રહેવાની રજા આપી.

ઉનાળાની ગરમ રાત હતી. માર્સેલ્સની શેરીઓ રોશનીથી ઝાકઝમાળ હતી. રાંધેલા ખોરાકની વાસ, લોકોની વાતોનો ગુંજારવ, ને વાહનોના ઘોંઘાટ વાતાવરણમાં વ્યાપી રહ્યાં હતાં; ને તેમાં વચ્ચે વચ્ચે આનંદોત્સવના અવાજની મેળવણી થતી હતી.

'નૉત્ર-દામ-દ-વાં'ના ખલાસીઓએ ચાર મહિનાથી કાંઠા પર પગ મૂક્યો નહોતો. એટલે આજે તેઓ બંદરે ઊતર્યા ત્યારે બબ્બે જણની જોડી કરીને બીતે બીતે ચાલવા લાગ્યા; જાણે શહેરમાં કદી ન આવેલા ગામડિયા ન હોય. ડક્કાની લગોલગ જે શેરીઓ હતી તેમાં ફરી વળ્યા. કૂતરા કશુંક શોધતા હોય ત્યારે જેમ બધે નાક અડાડીને સૂંઘી જુએ છે, તેમ આ લોકોની આંખો કશાકની શોધમાં ચારે બાજુ ફરતી હતી. ચાર મહિના થયાં તેમણે કોઈ સ્ત્રીનું મોઢું જોયું નહોતું, સૌથી મોખરે કાલેસ્તી દુકલો નામનો એક મજબૂત ને ચપળ ખલાસી ચાલતો હતો. એમની ટોળી કાંઠે ઊતરે ત્યારે હંમેશાં સૌથી આગળ એ જ ચાલે. સારી સારી જગાઓ કેમ શોધી કાઢવી, ને ક્યારેક સંકટમાં સપડાઈ જવાય તો તેમાંથી કેમ નીકળવું, એ એને આવડતું. ખલાસીઓ કાંઠે ઊતરે ત્યારે ઘણી વાર કરે છે એવા ટંટાફિસાદથી તે બનતા સુધી દૂર જ રહેતો. પણ બીજા જોડીદારોને લીધે ક્યારેક ઊતરવું પડે ત્યારે સામા લડનારને ખો ભુલાવી દેતો.

બંદરની શેરીઓ જાણે મેલા પાણીની ગટરો ન હોય એવી રીતે ગામ તરફથી દરિયા તરફ જાય છે તેનાં ભેજવાળાં ભોંયરાં ને જૂનાં કાતરિયાંમાંથી જે નાક ફાડી નાખે એવી ગંધ આવે છે તે હવામાં ચોમેર ફેલાય છે. પેલા ખલાસીઓએ આ શેરીઓમાં થોડી વાર આમતેમ લટાર મારી. છેવટે કાલેસ્તીએ એક બાજુની સાંકડી શેરી શોધી કાઢી. ત્યાં ઘરોનાં બારણાં પર મોટાં ને ઝગઝગતાં ફાનસ લટકતાં હતાં. તે આ શેરીમાં વળ્યો. બીજા ગાતા ને ઠઠ્ઠામશ્કરી કરતા એની પાછળ ચાલ્યા. આ ફાનસોના રંગીન કાચ પર ઘરના નંબર બહુ મોટે અક્ષરે ચીતરેલા હતા. નીચાં બારણાંમાં, ઘાસના ગૂંથણવાળી ખુરસીઓમાં, ફરાક પહેરીને સ્ત્રીઓ

બેઠેલી હતી. ખલાસીઓને જોતાં જ તે ઊઠીને ધસી આવી; શેરીમાં દોડી ખલાસીઓનો રસ્તો રોકીને ઊભી રહી; ને દરેક જણી એમને લોભાવીને પોતપોતાની ઓરડીમાં લઈ જવાનો પ્રયત્ન કરવા લાગી.

કેટલીક વાર કોઈ ગલીને છેડે એકાદ બારણું અણુંધાર્યું ઊઘડે ને તેમાં કોઈ અર્ધનગ્ન સ્ત્રી દેખા દે. તેણે બહુ ટૂંકું ફરાક ને બહુ ખૂલતા ગળાવાળી ને ઝીકની કોરવાળી કાંચળી પહેર્યાં હોય.

“એ છોકરાઓ ! અહીં આવો !” એવી એક સ્ત્રીએ આઘેથી બૂમ પાડી; એટલું જ નહીં પણ જાતે દોટ મૂકી એક ખલાસીને પકડયો ને પોતાનું બધું જોર વાપરી તેને પોતાની ઓરડી તરફ ખેંચ્યો. કોઈ કરોળિયો પોતાના કરતાં જોરાવર એવી માખીને પકડે એમ આ સ્ત્રી પેલાને વળગી રહી. ખલાસીએ ઢીલો વિરોધ કર્યો, ને બીજા આ ગજગ્રાહનું પરિણામ જોવા ઊભા રહ્યા. પણ કાલેસ્તી દુકલોએ બૂમ પાડી :

“ત્યાં નહીં, એ. ત્યાં જવાનું નથી; આગળ આવ !”

ખલાસીએ હુકમ માન્યો, ને બળજબરીએ પેલી સ્ત્રીની ચૂડમાંથી છૂટો થયો. ખલાસીઓ આગળ ચાલ્યા ગયા, ને પેલી ખીજવાયેલી બૈરી પાછળ ગાળો દેતી રહી ગઈ. ઝપાઝપીનો કોલાહલ સાંભળી એ શેરીની બીજી સ્ત્રીઓ દોડી આવી ખલાસીઓ પર તૂટી પડી, ને ઘોઘરે સાદે પોતાના માલનાં વખાણ કરવા લાગી. પણ ખલાસીઓ તો આગળ ને આગળ ચાલ્યા ગયા. રસ્તામાં ક્યારેક તેમને મમરેજ ખખડાવતો કોઈ સૈનિક, કે કોઈ રડયોખડયો કારકુન કે વેપારી કોઈ જાણીતી જગાએ જતા સામા મળતા. બીજી શેરીઓમાં એ જ જાતના બીજા દીવા બળતા હતા. પણ આ સૈનિકો તો ઘરોના વાડામાંથી વહેતો ને દુર્ગંધ મારતો કીચડ ખૂંદતા આગળ ને આગળ ચાલ્યા. છેવટે બીજાં ઘર કરતાં કંઈક સારા દેખાવવાળું એક ઘર આવ્યું ત્યાં દુકલો થોભ્યો, ને જોડીદારોને અંદર લઈ ગયો.

૨

ખલાસીઓ ઘરના દીવાનખાનામાં બેઠા હતા. દરેક જણે એક એક સોબતી પસંદ કરી હતી; તેનાથી તે આખી સાંજ છૂટો પડયો નહીં; એવો આ જગાનો ચાલ હતો. ત્રણ ટેબલ જોડાજોડ મૂકવામાં આવ્યાં હતાં. પહેલાં તો ખલાસીઓએ પોતપોતાની સોબતી જોડે બેસીને દારૂ

ઢીંચ્યો. પછી ઊઠીને માળ પર ગયા. લાકડાની નિસરણી પર વીસ જણના જાડા બૂટનો ભારે ખખડાટ લાંબા વખત સુધી ચાલ્યો. લથડિયાં ખાતા સહુ સાંકડાં બારણાંમાં થઈને જુદી જુદી ઓરડીઓમાં પહોંચ્યા. ત્યાંથી અવારનવાર દારૂ પીવા નીચે ઊતરતા, ને ફરી પાછા માળ પર જતા.

દારૂ પીવામાં કંઈ હિસાબ કે સુમાર રહ્યો નહીં. છ મહિનાનો આખો પગાર ચાર કલાકના વ્યભિચારમાં ખલાસ થઈ ગયો. રાતના અગિયારેક વાગ્યે બધા દારૂમાં ચકચૂર થઈ ગયા હતા, ને લોહિયાળી આંખે એલફેલ બોલતા હતા. પોતે શું બોલે છે એનું એમને ભાન નહોતું. તેઓ ગાતા, ધાંટાધાંટ કરતા, મુક્કી મારીને ટેબલ ધ્રુજાવી મૂકતા, અથવા ગળામાં દારૂ રેડતા. આ જોડીદારોની સાથે કાલેસ્તી દુકલો પણ સામેલ હતો. તેની સાથે એક મોટી, કદાવર, ને લાલચૂમ મોઢાવાળી સ્ત્રી બેઠી હતી. દુકલોએ પણ દારૂ તો બીજાઓના જેટલો જ ઢીંચ્યો હતો, પણ હજુ ભાન છેક ગુમાવ્યું નહોતું. કેટલાક વ્યવસ્થિત ને કડીબદ્ધ વિચારો એના મગજમાં અવારનવાર ઝબૂકી જતા. એના હૃદયમાં કોમળતાનો ભાવ પેદા થયો, ને પાસે બેઠેલી સોબતીને કંઈક કહેવું એવો વિચાર કરવા લાગ્યો. પણ મગજમાં વિચાર આવે કે તરત જ પાછા અલોપ થઈ જાય. એટલે ન તો એ વિચાર યાદ રહે કે ન બોલીને પ્રગટ કરી શકાય.

"હા," છેવટે તેણે જેમતેમ કરતાં કહ્યું, "બરાબર...બરાબર... ને તું અહીં લાંબા વખતથી રહે છે?"

"છ મહિનાથી," સ્ત્રીએ કહ્યું.

દુકલોએ માથું ડોલાવ્યું; જાણે એની વાતમાં સંમતિ પુરાવતો ન હોય.

"તું અહીં સુખી છે?"

સ્ત્રી પળવાર વિચારમાં પડી.

"હું ટેવાઈ ગઈ છું," તેણે કહ્યું. "જેમતેમ કરીને જીવતર પૂરું કરવું રહ્યું. ક્યાંક નોકરી કરવી કે ધોબીખાનામાં કામ કરવું એના જેટલું આ કામ ખરાબ નથી."

દુકલોએ સંમતિપૂર્વક માથું ડોલાવ્યું. જાણે આ વાતને સારુ પણ એની સ્તુતિ કરતો ન હોય.

"તું આ જિલ્લામાં જન્મી છે?"

સ્ત્રીએ માથું ધુણાવી ના પાડી.

"બહુ દૂરથી આવી છે?"

સ્ત્રીએ માથું ડોલાવી હા પાડી.

"ક્યાંથી?"

સ્ત્રી કંઈક યાદ કરવા માગતી હોય એમ અટકી, ને પછી બોલી: "હું પરપીનાનની છું."

"હા, હા," કહી તેણે પ્રશ્નો પૂછવા બંધ કર્યા.

"ને તમે કોણ છો — ખલાસી?" હવે સ્ત્રીએ પૂછવા માંડ્યું.

"હા, અમે બધા ખલાસી છીએ."

"તમે બહુ લાંબી સફરે ગયા હતા?"

"હા, બહુ જ લાંબી! અમે કંઈ કંઈ મુલક જોઈ નાખ્યા."

"તમે આખી દુનિયા ફરી આવ્યા?"

"હા, એક વાર નહીં પણ બે વાર પૃથ્વીની પ્રદક્ષિણા કરી."

સ્ત્રી જાણે કંઈક યાદ કરતી હોય એમ ફરી થોભી. પછી કહે: "તમને રસ્તે ઘણાં વહાણ મળ્યાં હશે નહીં?"

"હાસ્તો."

"તમને 'નોત્ર-દામ-દ-વાં' મળેલું ખરું? એ નામનું એક વહાણ છે."

પોતાના જ વહાણનું નામ સાંભળી દુકલોને નવાઈ લાગી. તેને થયું જરા જોઈએ તો ખરા આગળ શું કહે છે તે.

"હા, મળેલું," તેણે કહ્યું. "ગયે અઠવાડિયે જ મળેલું."

"સાચે જ?" કહેતાં સ્ત્રીના મોં પરનું લોહી ઊડી ગયું.

"નહીં તો? ખરેખાત."

"ખોટું તો નથી કહેતા ને?"

"ભગવાન પૂછે મને," તેણે કસમ ખાધા. "સાવ સાચું કહું છું."

"એ વહાણ પર કોઈ કાલેસ્તી દુકલો નામનો માણસ તમને મળેલો નહીં?"

"કાલેસ્તી દુકલો?" તેણે એ નામ ફરી ઉચ્ચાર્યું. તેને નવાઈ લાગી, એટલું જ નહીં પણ તે ચોંકી ઊઠ્યો. આ બૈરી એનું નામ શી રીતે જાણતી હશે?

"કેમ? તું એને ઓળખે છે?" તેણે પૂછ્યું.

સ્ત્રી પણ ચોંકી ઊઠી હતી, એમ સ્પષ્ટ દેખાતું હતું.

"ના, હું નહીં, પણ અહીં એક બીજી બૈરી છે તે એને ઓળખે છે."

"કઈ બૈરી? આ જ ઘરમાં છે?"

"ના, અહીં પડોશમાં છે."

"ક્યાં છે, કહે તો મને."

"અહુ આગ્રે નથી."

"એ કોણ છે?"

"કોણ હોય વળી? બૈરી — મારા જેવી."

"એને આ માણસ જોડે શો સંબંધ છે?"

"હું શું જાણું? કદાચ એક જ ગામનાં હશે."

બંને જણે એકબીજાની આંખોમાં સોંસરી ને ભેદક નજર નાખી.

"મારે એ બૈરીને મળવું છે."

"કેમ? એને કંઈ કહેવું છે?"

"હા, એને કહેવું છે કે..."

"કહેવું છે — શું?"

"કે મેં દુકલોને જોયો છે."

"તમે દુકલોને જોયો છે? એ જીવતો છે? સાજોતાજો છે?"

"સાવ સાજો છે. પણ તારે એ વાતનું શું કામ છે?"

સ્ત્રી ચૂપ થઈ ગઈ, ને તેણે ફરી ચિત્તને એકાગ્ર કર્યું. પછી ધીરે રહીને બોલી:

"નોત્ર-દામ-દ-વાં કયે બંદરે જવા નીકળ્યું છે?"

"કયે બંદરે? માર્સેલ્સ વળી."

"ખરેખાત?" સ્ત્રીથી બૂમ પડાઈ ગઈ.

"હા, ખરેખાત. સાવ સાચું."

"ને તમે દુકલોને ઓળખો છો?"

"મેં તો ક્યારનું કહ્યું કે હું ઓળખું છું."

સ્ત્રીએ જરાક વિચાર કરી જોયો.

"હા, હા, સારું થયું," તે ધીરે સાદે બોલી.

"તારે એનું શું કામ છે?"

"તમે એને મળો તો એને કહેજો... ના, ના, જવા દો. ન કહેશો."

"શું કહું એને?"

"કશું નહીં, જવા દોને એ વાત."

એની સામે નજર નાખતાં દુકલોના મનની બેચેની વધવા લાગી.

"તું પોતે એને ઓળખે છે ?" તેણે પૂછ્યું.

"ના, હું પોતે નથી ઓળખતી."

"તો પછી તારે એનું શું કામ છે ?"

સ્ત્રીએ જવાબ ન આપ્યો, પણ કૂદકો મારીને ઊભી થઈ, ને ગલ્લા આગળ જયાં ઘરની માલિક બેઠી હતી ત્યાં ગઈ. ત્યાંથી એક લીંબુ લીધું, તેની બે ચીર કરી, ને તે પાણીના જામમાં નિચોવી કાલેસ્તીને આપ્યું.

"લો — આ પીઓ !"

"આ શાને માટે છે ?" તેણે જામ હાથમાં લેતાં પૂછ્યું.

"તમારું મગજ ઠેકાણે આવે એટલા માટે. પછી હું તમને કંઈક વાત કહીશ. આ પી જાઓ !"

દુકલો તે પી ગયો, ને હાથ વડે હોઠ લૂછી નાખ્યા.

"ચાલ, હવે કહે ! હું ધ્યાન દઈને સાંભળું છું."

"પણ તમે એને એમ ન જાણવા દેશો કે તમે મને જોઈ છે, તેમ જ એ પણ ન કહેશો કે તમે આ વાત કોની પાસેથી સાંભળી છે."

"વારુ, નહીં કહું."

"સોગન ખાઓ."

તેણે સોગન ખાધા.

"ભગવાન સાક્ષી છે હોં !"

"હા, ભગવાન સાક્ષી છે !"

"સારું, ત્યારે. એને એમ કહેજો કે તારા બાપ ને તારી મા મરી ગયાં છે. ને તારો ભાઈ પણ. ગામમાં તાવનો વાવડ ચાલ્યો, ને એ બધાં એક જ મહિનામાં મરી ગયાં."

દુકલોને હૃદય પર લોહીનો ધસારો થતો લાગ્યો. થોડીક પળ તો તે ચૂપ બેસી રહ્યો. શું કહેવું તે સૂઝયું નહીં. પછી બોલ્યો :

"ખરી વાત ?"

"હા, ખરેખરી."

"તને કોણે કહ્યું ?"

સ્ત્રીએ કાલેસ્તીના ખભા પર હાથ મૂકયા, ને તેની આંખો સામે

સોંસરી નજરે જોઈ રહી.

"તમે સોગન ખાઓ કે તમે એ વાત કોઈને કહેશો નહીં."

તેણે સોગન ખાધા: "ભગવાન મને પૂછે જો હું કોઈને કહું તો."

"હું એની બહેન છું."

"ફાંસિયાં!" કાલેસ્તીથી કારમી ચીસ પડાઈ ગઈ.

ફાંસિયાં એકીટસે એની સામે જોઈ રહી; ને હોઠ ધીરે ધીરે ફરકાવીને, જાણે એમાંથી બોલ જ ન નીકળતા હોય એવી રીતે બોલી:

"ત્યારે તું જ કાલેસ્તી છે, એમ!"

બંને જણ હાલ્યાંચાલ્યાં નહીં, પણ જાણે સજડ થઈ ગયાં હોય એમ એકબીજાની આંખો સામે ટગરટગર જોતાં બેસી રહ્યાં.

એમની આસપાસ બીજાંઓ પીધેલ અવાજે શોરબકોર કરતાં હતાં. પ્યાલાના ખણખણાટ, હાથના તાળોટા, એડીઓના ખખડાટ, ને સ્ત્રીઓની ભેદક ચીસો કાને પડતાં હતાં; ને તેમાં ગાનતાન અને બૂમબરાડાની મેળવણી થતી હતી.

"એ કેમ કરીને બન્યું?" કાલેસ્તીએ એટલો ધીરો અવાજ કાઢયો કે ફાંસિયાં પણ એના શબ્દો પૂરા સાંભળી ન શકી.

તેની આંખો એકાએક આંસુથી ભરાઈ આવી. તે કહેવા લાગી:

"એ ત્રણેને કાળ એક જ મહિનામાં લઈ ગયો. પછી હું શું કરું? હું એકલી પડી. દવા, ડાક્ટર, ને ત્રણ દફનનું ખરચ... એ દેવું ભરવાને મારે એકેએક ચીજ વેચવી પડી. મારી પાસે પહેરેલાં કપડાં સિવાય કશું ન રહ્યું. હું કારયુને ત્યાં નોકર રહી... તને યાદ છે એ માણસ? પેલો લંગડો. હું ત્યારે પંદર જ વરસની હતી. તું ગયો ત્યારે મને ચૌદ પણ પૂરાં નહોતાં થયાં. મેં એની સાથે આડો વ્યવહાર કર્યો... અમે ખેડૂતની છોકરીઓ કેવી મૂરખ હઈએ છીએ તે તું જાણે છે. પછી હું એક અમલદારને ત્યાં આયા થઈ—ત્યાં પણ એની એ જ દશા. થોડો વખત એ માણસે મને રખાત તરીકે રાખી, ને મને જુદું રહેવાનું પણ ગોઠવી આપ્યું. પણ એ લાંબો વખત ચાલ્યું નહીં. એણે મને વહેતી મૂકી. ત્રણ દિવસની લાંઘણ થઈ. કોઈ નોકરીમાં રાખે જ નહીં. એટલે બીજી બૈરીઓની પેઠે હું પણ અહીં આવી." બોલતાં બોલતાં એની આંખમાંથી

ચોધાર આંસુ વહેવા લાગ્યાં. તેનાથી તેના ગાલ ભીંજાઈ ગયા ને આંસુ ટપકીને મોંમાં જવા લાગ્યાં.

"અરે રે, આપણે આ શું કર્યું ?" કાલેસ્તી બોલ્યો.

"મેં ધાર્યું તું પણ મરી ગયો હઈશ. મારો ઉપાય શો ?" તે રોતાં રોતાં બહુ જ ધીમેથી બોલી.

"તેં મને ઓળખ્યો કેમ નહીં ?" કાલેસ્તીએ પણ હોઠ ફફડાવતાં જ કહ્યું.

"કોણ જાણે. મારો વાંક નથી." કહી તે ધ્રુસકે ધ્રુસકે રોવા લાગી.

"હું તને કેવી રીતે ઓળખી શકું ?" ભાઈ ફરી બોલ્યો. "હું તને ઘેર મૂકીને ગયો ત્યારે તારો દેખાવ કેવો જુદો હતો ! પણ તારે તો મને ઓળખવો જોઈતો હતો !"

બહેને નિરાશાથી હાથ ઊંચા કર્યા.

"હું તો એટલા બધા પુરુષોને જોઉં છું કે ન પૂછ વાત. હવે મને બધા એકસરખા દેખાય છે !"

ભાઈનું હૈયું દુઃખથી એવું ભેદાઈ ગયું કે નાના છોકરાને કોઈ મારે ને તે મોટેથી ભેંકડો મૂકે એની પેઠે રડવાનું એને મન થઈ આવ્યું.

તે ઊઠયો ને બહેનને નજર સામે હાથ છેટે ઊભી કરીને પકડી રાખી. પછી પોતાના મોટા ખલાસીના પંજામાં એનું માથું ઝાલ્યું, ને તેના મોઢા સામે એકીટસે જોઈ રહ્યો.

ધીરે ધીરે એને ઓળખ પડતી ગઈ. જે નાનકડી, પાતળી, આનંદથી કલ્લોલ કરતી બાળાને તે ઘેર મૂકી ગયેલો તે જ આ હતી. જેમને આશરે એને મૂકી ગયેલો તેમની તો આંખો બંધ કરવાનું એ બિચારીને નસીબે આવ્યું હતું.

"હા, તું જ ફ્રાંસિયાં છે ! મારી બહેન !" તે બોલી ઊઠયો, ને એકાએક ડૂસકાં ભરવા લાગ્યો. એ મજબૂત, કદાવર માણસનાં ડૂસકાં હતાં; ને દારૂડિયાની હેડકી જેવો એનો અવાજ હતો. તેણે બહેનનું માથું છોડી દીધું; ને ટેબલ પર એટલા જોરથી મુક્કો માર્યો કે કાચના જામ નીચે પડીને કકડા થઈ ગયા. પછી તેણે ગળું ફાટી જાય એવે સાદે રાડ પાડી.

તેના જોડીદારો નવાઈ પામતા એની પાસે દોડી આવ્યા.

"જુઓને કેવો ડંફાસ મારે છે," એક જણે કહ્યું.

"એ રાડો બંધ કર," બીજો બોલ્યો.

"અલ્યા દુકલો! શાની આ ઘાંટાઘાંટ કરી મૂકી છે? ચાલ પાછા મેડે જઈએ," ત્રીજાએ કહ્યું; ને તેણે એક હાથે કાલેસ્તીની બાંય પકડી. તેનો બીજો હાથ એક લાલચોળ મોઢાવાળી, હસતી, કાળી આંખો, ને ગુલાબી, પહોળા ગળાના, રેશમી ફ્રાકવાળી એક સ્ત્રીને વીંટળાયેલો હતો.

કાલેસ્તી એકાએક શાન્ત થઈ ગયો, ને સાસ ખાઈ પોતાના જોડીદારો સામે જોવા લાગ્યો. પછી, તે જ્યારે લડવા નીકળતો ત્યારે એના મોઢા પર જે વિચિત્ર અને નિશ્ચયસૂચક ભાવ ફેલાતો એવો જ ભાવ અત્યારે એના ચહેરા પર દેખાયો. તે લથડિયાં ખાતો પેલી છોકરીને પકડી રાખનાર ખલાસી પાસે ગયો, તેને જોરથી ધબ્બો માર્યો, ને બેને છૂટાં પાડયાં.

"ખસ અહીંથી! જોતો નથી એ તારી બહેન છે તે? એ દરેક બૈરી કોકની તો બહેન હશે જ ને. જો, આ મારી બહેન, ફાંસિયાં છે! હા, હા... હા..." ને તે એવાં જોરજોરથી ડૂસકાં ખાવા લાગ્યો કે એનો અવાજ લગભગ હસવાના જેવો જ લાગે. પછી તેણે લથડિયું ખાધું, હાથ ઊંચા કર્યા, ને ધડ દઈ ને ભોંય પર પડયો. ત્યાં તે આળોટવા લાગ્યો, ને હાથપગ જમીન પર પછાડવા લાગ્યો. હૈયું ફાટું ફાટું થઈ રહ્યું હોય એમ એનું ગળું રૂંધાઈ ગયું.

"એને પથારીમાં સુવાડવો જોઈએ," એક જોડીદારે કહ્યું. "આપણે રસ્તા પર જઈશું તો પોલીસ એને પકડી લેશે."

જોડીદારો એને ઉપાડી માળ પર ફાંસિયાંની ઓરડીમાં લઈ ગયા, ને ત્યાં બહેનની પથારી પર એને સુવાડયો.

ત્રણ મૃત્યુ

૧

પાનખરનો વખત હતો. ધોરી રસ્તા પર બે ગાડી સપાટાબંધ જતી હતી. ઘોડા પૂરપાટમાં દોડી રહ્યા હતા. પહેલી ગાડીમાં બે સ્ત્રીઓ બેઠી હતી. એક શેઠાણી હતી; તે પાતળી ને ફીકી હતી. બીજી નોકર હતી; તે જાડી, લાલબૂમ ને ચળકતી હતી. તેને માથે જે ટોપી હતી તેનો રંગ ઊડી ગયેલો હતો; ને તેના ટૂંકા સૂકા વાળ ટોપી નીચેથી ખસી જતા હતા, તેને તે રાતા હાથ વડે ફરીફરીને સંકોરી સરખા કરતી હતી. હાથ પરનું મોજું ફાટી ગયું હતું. તેની ભરાવદાર છાતી પર ઊનની શાલ ઢાંકેલી હતી. આરોગ્ય એના અંગેઅંગમાં બોલી રહ્યું હતું. એની ચંચળ કાળી આંખો કયારેક બારી આગળથી સરી જતાં ખેતરો નિહાળતી; કયારેક ડરતી ડરતી શેઠાણી તરફ જોઈ લેતી; ને કયારેક બેચેન બની ગાડીના ખૂણા તપાસતી. તેના નાકની આગળ અભરાઈએ ટિંગાડેલો, શેઠાણીનો ટોપ લટકતો હતો. તેના ખોળામાં એક ગલૂડિયું પડ્યું હતું. તેના પગ ગાડીમાં ખડકેલી પેટીઓ પર ટેકવેલા હતા, ને પેટીઓ પર અથડાતાં તેનો ટપ ટપ અવાજ સંભળાતો. સાથે ગાડીઓની સ્પ્રિંગો ચૂં ચૂં કરતી, ને બારીઓનાં ચોકઠાં ખખડતાં, તેનો પણ અવાજ એમાં સૂર પુરાવતો.

શેઠાણીએ બે હાથ જોડીને ઢીંચણ પર રાખ્યા હતા. આંખો બંધ કરી હતી. પીઠ પાછળ તકિયા ટેકવ્યા હતા તેના પર તે ધીરે ધીરે ઝોલાં ખાતી હતી. અવારનવાર સહેજ ભવાં ચડાવી, બહુ જ ધીરેથી ઉધરસ ખાતી. એને માથે નાની ધોળી ટોપી હતી; ને કોમળ સફેદ ગળા પર ભૂરો રૂમાલ બાંધેલો હતો. સહેજ રતૂમડા, બહુ જ આછા, ને ઓળેલા વાળમાં પાડેલો સીધો સેંથો ટોપી નીચે જરાતરા દેખાતો હતો. એ પહોળા સેંથાની ચામડી સાવ ધોળી હતી; ને તે સૂકી હોઈ જાણે મરણનો આભાસ આપતી હતી. તેનાં અંગો નાજુક ને રૂપાળાં હતાં, પણ ચામડી મેદથી ભરેલી ને ફીકાશ પડતી હતી. છતાં તેના ગાલ પર ઘાસણીના રોગીને

હોય એવી લાલી હતી. હોઠ સૂકા ને વારંવાર ફરકતા હતા. પાંપણો આછા વાળવાળી ને સીધીસટ હતી. મુસાફરીમાં પહેરવાનો તેનો સુતરાઉ ડગલો સૂફી સપાટ છાતી પર ઢાંકેલો હતો. આંખો મીંચેલી હતી, છતાં મોઢા પર થાક, ચીડ, ને લાંબા કાળના દર્દનો ભાવ તરી આવતો હતો.

ગાડી પાછળની બેઠક પર એક નોકર બેઠેલો હતો, તે બેઠકના હાથા પર ટેકો દઈને ઝોકાં ખાતો હતો. ગાડીવાન મોટેથી બૂમો પાડી, ચાર મોટા ને પરસેવે નાહી રહેલા ઘોડાને સિસકારી રહ્યો હતો; અને પાછળની ગાડીનો ગાડીવાન એને બોલાવતો હતો તેના તરફ અવારનવાર નજર નાખતો હતો. રસ્તાની માટી ને ચાકવાળી સપાટી પર પૈડાંના પહોળા ને સમાંતર ચીલા એકધારા ને ઝપાટાભેર ફેલાતા હતા. આકાશ ધૂંધળું હતું. હવા ઠંડી હતી. ખેતરો ને રસ્તા પર ભીનું ઝાકળ જામી રહ્યું હતું. ગાડીની અંદર હવા બંધિયાર હોવાથી ઉકળાટ થતો હતો; અને કોલન વૉટર તથા ધૂળની વાસ આવતી હતી. માંદી શેઠાણીએ ડોક સહેજ ઊંચી કરી ધીરે રહીને આંખો ઉઘાડી. આંખો મોટી ને તેજસ્વી હતી.

"ફરી પાછું!" કહી તેણે નોકરના ડગલાનો એક છેડો પગને સહેજ અડેલો હતો તે એના રૂપાળા, પાતળા હાથ વડે એકદમ ખસેડી નાખ્યો. ને દુઃખને લીધે મોઢું મચકોડયું. મત્રેશાએ બંને હાથ વડે ડગલો ભેગો કરી લીધો; મજબૂત પગ પર ઊભી થઈ; ને જરા દૂર જઈને બેઠી. તેનો તાજો ચહેરો પણ લાલચોળ થઈ ગયો. શેઠાણીએ પણ બંને હાથ બેઠક પર ટેકવી, ઊંચી થઈને સહેજ આઘી બેસવાનો પ્રયત્ન કર્યો; પણ શરીરમાં એટલી શક્તિ નહોતી. તેનું મોઢું મચકોડાયું. ચહેરા પર કમજોર ગુસ્સા, દ્વેષ ને કટાક્ષનો ભાવ છવાઈ ગયો, તેને લીધે આખા ચહેરાની કળા ફરી ગઈ. "મને જરા મદદ તો કર!...ના, ના, એવી ઊઠવેઠ ના કરતી! આટલું તો હું પોતે કરી શકીશ. પણ મહેરબાની કરીને તારી થેલીઓ કે બીજું કશું મારી પાછળ ન મૂકતી હોય તો!... ના, તું મને અડે નહીં એ જ સારું છે. મને કેમ અડાય ને કેમ ફેરવાય એ તને આવડતું તો છે નહીં!" કહી શેઠાણીએ આંખો મીંચી દીધી. પાછી એકાએક પાંપણો ઉઘાડી નોકર સામે તાકીને જોઈ રહી. મત્રેશા એની સામે જોઈ નીચલો લાલચોળ હોઠ કરડવા લાગી. શેઠાણીની છાતીમાંથી ઊંડો નિસાસો નીકળ્યો, ને તે પૂરો થઈ રહે તે પહેલાં ખાંસી આવવા

લાગી. તેણે નજર ફેરવી લીધી, મોઢું મચકોડયું, ને બંને હાથે જોરથી છાતીને પકડી રાખી. ખાંસી મટી એટલે ફરી પાછી આંખો મીંચી, ને સૂનમૂન બેસી રહી. બંને ગાડીઓ એક ગામડામાં દાખલ થઈ. મત્રેશાએ શાલ નીચેથી જાડો હાથ કાઢયો, ને છાતી પર ક્રૅાસની નિશાની કરી.

"શું છે એ?" શેઠાણીએ પૂછ્યું.

"સ્ટેશન છે, બાઈ."

"હું પૂછું છું તેં ક્રૅાસની નિશાની શા માટે કરી?"

"અહીં એક દેવળ છે, બાઈસાહેબ."

માંદી શેઠાણીએ બારી તરફ નજર કરી; અને ગામડાના જે મોટા દેવળ પાસેથી ગાડી પસાર થતી હતી તેના તરફ મોટી આંખો ફાડીને જોઈ રહી.

બંને ગાડી સ્ટેશન આગળ થોભી. પાછલી ગાડીમાંથી માંદી બાઈનો વર અને ડાકટર ઊતરી પડયા, ને આગલી ગાડી પાસે આવ્યા.

"કેમ લાગે છે?" કહી ડાકટરે નાડી પર હાથ મૂકયો.

"કેમ લાગે છે તને? થાક તો નથી લાગ્યો ને?" શેઠે ફ્રેન્ચમાં* પૂછ્યું. "જરા ઊતરીને બહાર નથી આવવું?"

મત્રેશા પોટલાં ભેગાં કરી એક ખૂણામાં દબાઈને બેઠી, જેથી આ લોકોની વાતમાં ખલેલ ન પડે.

"ખાસ કંઈ નથી. છે એવું ને એવું જ છે," શેઠાણીએ કહ્યું, "મારે નથી ઊતરવું."

ધણી જરા ઊભો રહી સ્ટેશનના મકાનમાં ગયો. મત્રેશા પણ ગાડીમાંથી કૂદી પડી, ને પગની આંગળીઓ પર ચાલતી ચાલતી ધૂળમાં થઈને દરવાજામાં પેઠી.

"હું માંદી છું એટલા માટે તમારે કંઈ ભૂખ્યા રહેવાની જરૂર નથી!" ગાડીની બારી પાસે ડાકટર ઊભો હતો તેને શેઠાણીએ સહેજ મોં મલકાવીને કહ્યું.

ડાકટર ગાડી પાસેથી ધીરે પગલે ગયો ને કૂદકા મારતો સ્ટેશનનાં પગથિયાં ચડી ગયો એટલે તરત શેઠાણી મનમાં કહેવા લાગી: "મારો તો કોઈ ભાવ જ પૂછતું નથી. એ સહુ સાજાં છે, એટલે એમને પરવા નથી. હે મારા પ્રભુ!"

"કેમ, ડાકટર?" ડાકટર મળ્યો એટલે મોં મલકાવીને, હાથ ઘસતાં ઘસતાં,

---

*રશિયામાં એ કાળે ભદ્રલોકમાં માંહોમાંહે ફ્રેન્ચમાં વાત કરવાનો રિવાજ હતો; ને એમાં શિષ્ટતા ગણાતી.

શેઠે કહ્યું. "મેં ખાણાનો કરંડિયો અહીં લાવવાનું કહ્યું છે. તમને શું લાગે છે?"

"સો ટચની વાત," ડાક્ટરે જવાબ દીધો.

"કેમ, એને કેમ છે?" શેઠે નિસાસો નાખી, ધીરે અવાજે પૂછ્યું, ને ભવાં ચડાવ્યાં.

"મેં તો તમને કહ્યું છે. મેરીબહેન ઇટાલી પહોંચી શકવાનાં નથી — ભગવાન કરે ને આવી હવામાં મૉસ્કો પહોંચી જાય તોયે ઘણું છે."

"પણ આપણે શું કરીએ? હે ભગવાન! હે મારા પ્રભુ!" કહી શેઠે હાથ વડે આંખો ઢાંકી દીધી. ખાવાનો કરંડિયો લાવનાર માણસને કહ્યું: "લાવ અહીંયાં!"

"એમણે ઘેર જ રહેવું જોઈતું હતું," કહી ડાક્ટરે ખભા ચડાવ્યા.

"પણ હું શું કરું?" શેઠ બોલ્યા. "તમે તો જાણો છો મેં એને ઘેર રાખવાને બધા ઉપાય અજમાવ્યા. ખરચની વાત કરી. છોકરાંને પાછળ મૂકી જવાં પડશે ને તે હેરાન થશે એ કહ્યું. મારા વેપારને કેવો ધક્કો લાગશે એનું પણ વર્ણન કર્યું. પણ એણે એક વાત સાંભળી નહીં. એ તો જાણે સાજી ન હોય એમ પરદેશમાં કેવી રીતે રહેવું એની યોજનાઓ ઘડે છે. એની સ્થિતિ વિશે સાચી વાત કહીએ તો હાથે કરીને એને મારવા જેવું થાય."

"મરી તો એ ચૂકેલાં જ છે — એ તમારે સમજવું જોઈએ, વાસીલી શેઠ. માણસ ફેફસાં વિના જીવી શકતું નથી; ને ફેફસાં કંઈ નવાં ઊગવાનાં નથી. બહુ દુઃખની વાત છે. ખરેખરું વસમું કામ છે. પણ કરાય શું? મારું ને તમારું કામ તો એટલું જ છે કે એમનો આખરકાળ શાન્તિમાં જાય એવી તજવીજ કરવી. એને માટે તો પાદરી જોઈએ."

"ઓ મારા પ્રભુ! મારી કેવી દુર્દશા! મારે એને વીલની યાદ દેવી પડશે! ચાહે તે થાય, પણ એ વાત મારાથી એની આગળ થઈ શકવાની નથી. તમે તો જાણો છો એ કેવી ભલી છે..."

"છતાં રસ્તા ગાડી ચાલવા જેવા થાય ત્યાં સુધી થોભી જવા એમને સમજાવી જુઓ," ડાક્ટરે માથું હલાવીને કહ્યું. "નહીં તો કદાચ મુસાફરીમાં જ કંઈક માઠો બનાવ બની જશે."

"અક્ષુ, અલી ઓ અક્ષુ!"ની રાડો પાડતાં સ્ટેશન માસ્તરની છોકરીએ બંડી માથા પર નાખી, ને કાદવવાળા પાછલા ઓટલા પર પગ પછાડયા. "અલી આવે છે કે? ચાલ પેલી શેઠાનીને જોવા જઈએ. કહે

છે કે એની છાતીમાં રોગ છે તેને માટે પરદેશ લઈ જાય છે. ખઈવાળાં માણસ કેવાં દેખાતાં હશે એ મેં તો કદી જોયું નથી!"

છોકરી કૂદીને ઊમરા પર ચડી; ને બંને છોકરીઓ એકબીજાના હાથ પકડી દરવાજા બહાર દોડી. પછી ધીમે પગલે ગાડી આગળથી પસાર થઈ, ને ખુલ્લી બારીમાં ડોકિયું કર્યું. શેઠાણીએ એમના તરફ મોં તો કર્યું, પણ એમનું કુતૂહલ જોઈ ભવાં ચડાવ્યાં ને નજર ફેરવી લીધી.

"મા — રે!" કહી સ્ટેશન માસ્તરની છોકરીએ એકદમ નજર ફેરવી લીધી. "બાઈ કેવી રૂપાળી હશે, ને હવે કેવી થઈ ગઈ છે! બહુ ભયંકર કહેવાય. તેં જોયું કે નહીં, અક્ષુ?"

"હા, કેવી સુકાઈ ગઈ છે!" અક્ષુએ સૂરમાં સૂર પુરાવતાં કહ્યું, "ચાલ આપણે ફરી જઈને જોઈએ. જાણે કૂવે જતાં હોઈએ એવો દેખાવ કરીશું. જો, એણે મોઢું ફેરવી લીધું; ને મેં તો એને પૂરી જોઈ પણ નહીં. કેવી દુઃખની વાત કહેવાય, માશા!"

"હા, ને કેવો કાદવ છે!" માશાએ કહ્યું, ને બંને જણી દરવાજામાં થઈને દોડી.

"મારો દેખાવ નક્કી ભયંકર લાગતો હશે. હું જલદી જલદી પરદેશ પહોંચી શકું તો કેવું સારું થાય! હું ત્યાં ઝપાટાબંધ સાજી થઈ જાઉં."

"હવે કેમ છે તને?" કહી પતિ એની પાસે આવ્યો. મોઢામાં ખાવાનું તો હજુ ચાલુ હતું.

શેઠાણીએ વિચાર કર્યો: "હંમેશા એનો એ જ સવાલ. ને પોતે તો ખારેગ છે."

"ઠી — ક," તેણે ભીડેલા દાંતમાંથી ગગણતો જવાબ દીધો.

"તું જાણે છે, વહાલી, મને બીક છે કે આવી હવામાં મુસાફરી કરીને તું વધારે માંદી પડશે. ડાકટર પણ એમ જ કહે છે. આપણે પાછાં ફરીએ તો સારું એમ તને નથી લાગતું?"

બાઈએ ક્રોધભર્યું મૌન ધારણ કર્યું.

"હવા કદાચ સુધરશે, ને રસ્તા ગાડી ચાલે એવા થશે. એટલા વખતમાં તને જરા સારું પણ થશે. ને આપણે બધાં સાથે જઈશું."

"માફ કરો હવે. આટલા દહાડા તમારું કહેવું ન સાંભળ્યું હોત તો અત્યારે હું કંઈ નહીં તો બર્લિન પહોંચી હોત, ને સાવ સાજી થઈ ગઈ હોત.

"પણ શું થાય, મારા બુલબુલ, તું જાણે છે કે તું કહે છે એ કોઈ ઉપાયે થઈ શકે એમ નહોતું. પણ તું જો હજુ એક મહિનો થોભી જાય તો તારી તબિયતમાં સારો સુધારો થાય, મારું કામ પતી જાય, ને છોકરાંને પણ આપણી સાથે લઈ જવાય."

"છોકરાં સાજાં છે, પણ હું સાજી નથી."

"પણ તું એટલું તો સમજ, વહાલી, કે આવી હવામાં રસ્તે તારી તબિયત બગડી તો ... કંઈ નહીં તો પોતાના ઘરનું આંગણું તો ખરું!"

"શું કરું ઘરના આંગણાને? ... ઘેર મરવું, એમ જ ને?" કહેતાં કહેતાં શેઠાણીનો પિત્તો ઊછળી આવ્યો. પણ 'મરવું' એ શબ્દથી તે બી ગઈ હોય એમ લાગ્યું. તેણે પતિ સામે નજર નાખી; જાણે એને વીનવતી ને પૂછતી ન હોય. શેઠ માથું નીચું કરી ચુપચાપ ઊભો રહ્યો. શેઠાણીનું મોઢું એકદમ બાળકની પેઠે પહોળું થયું, ને તેના ગાલ પર આંસુની ધારા ચાલી. પતિએ રૂમાલથી મોઢું ઢાંકી દીધું, ને ધીરે પગલે ગાડી આગળથી ચાલ્યો ગયો.

"ના, હું તો જઈશ જ," કહી શેઠાણીએ આકાશ તરફ નજર નાખી, હાથ જોડ્યા ને બહુ ધીરે અવાજે અસ્પષ્ટ શબ્દો ઉચ્ચાર્યા: "હે પ્રભુ, આ શાને માટે?" બોલતાં બોલતાં તેનાં આંસુ વધારે જોરથી વહેવા લાગ્યાં. તેણે લાંબા વખત સુધી ભારપૂર્વક પ્રાર્થના કરી. પણ તેની છાતી પહેલાંના જેવી જ દુખવી ચાલુ રહી. તેનો મૂંઝારો મટ્યો નહીં. આકાશ, ખેતર ને રસ્તો એ બધું હતું તેવું જ ભૂખરું ને ગમગીન હતું. પાનખરનું ધૂમસ ફેલાયેલું હતું, તે નહોતું ઘાડું થતું કે નહોતું પાતળું થતું. તે કાદવવાળા રસ્તા પર, છાપરાં પર, ગાડી પર, ને ગાડીવાનોના ઘેટાના ચામડાના ડગલા પર જામ્યું હતું. ગાડીવાનો મોટે ને પ્રસન્ન અવાજે વાતો કરતા કરતા પૈડાંમાં તેલ પૂરતા હતા ને ઘોડાને સાજ પહેરાવતા હતા.

૨

ગાડી તો તૈયાર થઈ, પણ ગાડીવાન હજુ રસળતો હતો. સ્ટેશન પર ગાડીવાનોની ઓરડી હતી ત્યાં ગયો હતો. ઓરડીમાં હવા ગરમ હતી, બાફ મારતો હતો, ને અંધારું હતું. ભઠ્ઠીમાં શેકાતી રોટી, કોબીજ, ઘેટાંના ચામડાના ડગલા, ને માણસો એ બધાંની સખત દુર્ગંધ આવતી હતી. ઓરડીમાં કેટલાયે ગાડીવાન બેઠા હતા. રસોઇયણ ભઠ્ઠીમાં રોટી શેકતી હતી. ને ભઠ્ઠીને માથે એક માંદો માણસ ઘેટાનું ચામડું ઓઢીને પડ્યો હતો.

"થિયોડૉરકાકા! કહું છું, એ થિયોડૉરકાકા!" કહેતો કહેતો એક જુવાન ગાડીવાન ઓરડીમાં પેઠો. તેણે ઘેટાના ચામડાનો ડગલો પહેર્યો હતો, પટામાં ચાબુક ખોસ્યો હતો, ને તે પેલા માંદા માણસને બૂમ બારીને બોલાવતો હતો.

"થિયોડૉરનું શું કામ પડ્યું છે તારે, અલ્યા એદી?" બીજા એક ગાડીવાને પૂછ્યું. "પણે તારી ગાડી તો ઊભી છે તારી વાટ જોતી."

"મારે એમના બૂટ માગી લેવા છે; મારા સાવ ફાટી ગયા છે," કહી જુવાને કપાળ પર છવાઈ ગયેલા માથાના વાળ ઊંચા કર્યા, ને પટામાં ખોસેલાં હાથનાં મોજાં સીધાં કર્યાં. "કાકા ઊંઘી ગયા છે? કહું છું, થિયોડૉરકાકા!" કહેતાંકને તે ભઠ્ઠી પાસે ગયો.

"શું છે?" એક નિર્બળ અવાજે જવાબ દીધો. એક પાતળા ને રાતી દાઢીવાળા ચહેરાએ ભઠ્ઠીના ઉપલા ભાગમાં દેખા દીધી. તેના પહોળા, સુકાયેલા, ફીકા ને વાળવાળા હાથે ખૂણિયાળા ખભાને ઢાંકનારા મેલા ખમીસ પર ડગલો ઓઢી લીધો.

"મને કંઈક પીવાનું આપ તો, પોરિયા... તારે શું જોઈએ છે?"

છોકરાએ પાણીનો જામ તેના હાથમાં આપ્યો. પછી કહે: "જુઓ કાકા, મને લાગે છે તમારે આ નવા બૂટ હવે નહીં જોઈએ. તો મને કેમ ન આપી દો? હું નથી ધારતો તમે હવે હરીફરી શકો."

માંદા માણસે થાકી ગયેલું માથું ચળકતા જામ સુધી નીચું કર્યું. આખી મૂછ ડહોળા પાણીમાં ડૂબવા દીધી, ને આસ્તે આસ્તે પણ તરસ્યા માણસની પેઠે પાણી પીધું. એની દાઢીનાં જટિયાં મેલાં હતાં. ઊંડી ઊતરી ગયેલી આંખે ઝાંખ વળેલી, એટલે સામે ઊભેલા છોકરાનું મોં બરાબર સૂઝતું નહોતું. પાણી પી રહ્યો એટલે તેણે ભીના હોઠ લૂછવાને હાથ ઊંચો કરવાનો પ્રયત્ન કર્યો; પણ હાથ ઊંચો થયો નહીં, એટલે ડગલાની બાંય વડે હોઠ લૂછી નાખ્યા. તે કંઈ બોલ્યો નહીં. નાક વડે જોરથી શ્વાસ લઈ તેણે છોકરાની આંખ જોડે આંખ મેળવી, ને શરીરમાંનું જોર ભેગું કર્યું.

"પણ કદાચ તમે બૂટ કોકને આપવાનું વચન દઈ ચૂક્યા હશો," છોકરો કહેવા લાગ્યો. "વચનથી બંધાયા હો તો ભલે. બહાર ભેજ ઘણો છે, ને એમાં મારે કામે જવાનું છે, એટલે મને મનમાં થયું, 'ચાલ તો ખરો જરા, થિયોડૉરકાકા પાસે બૂટ માગી જોઈએ; એમને હવે કંઈ બૂટની જરૂર પડવાની નથી.' તમારે જોઈતા હોય તો બેલાશક કહેજો હોં, કાકા."

માંદા ડોસાની છાતીમાં કંઈક ઘડઘડાટ ને ખળખળાટ થતો લાગ્યો. તે બેવડ વળી ગયો, ને ખાંસી ગળા સુધી આવીને અટકી ગઈ એટલે તેનો જીવ મૂંઝાવા લાગ્યો.

"એમને જ હવે બૂટની જરૂર પડવાની છે ને!" એકાએક રસોઇ-યણ, આખી ઓરડી સાંભળે એટલે મોટેથી બોલી ઊઠી. "મહિનો થયાં ભઠ્ઠીથી હેઠો પગ તો મૂક્યો નથી! જુઓને કેવા હાંફે છે — મને તો એમનો ઘરેડો સંભળાય છે ને મનમાં કંઈનું કંઈ થઈ આવે છે. એમને હવે બૂટનું શું કામ છે? એમને કંઈ નવા બૂટ પહેરાવીને તો દફનાવવાના નથી. ડોસાનું આયખું હવે પૂરું થયું — આમ કહું છું એમાં પાપ હોય તો ભગવાન મને માફ કરે! જુઓને એમનો જીવ કેવો મૂંઝાય છે. એમને બીજી કોઈ ઓરડીમાં કે ક્યાંક લઈ જવા જોઈએ. કહે છે કે પેલા મોટા ગામમાં તો ઇસ્પિતાલ પણ છે. ભઠ્ઠીનો ઉપલો ખૂણો એ રોકી લે એ સારું કહેવાય? — એથી બીજું મારે તો કશું કહેવાનું નથી. મારી પાસે જગા જરાયે મળે નહીં, ને લોકો કહે છે ચોખ્ખાઈ રાખો. ચોખ્ખાઈ તે ક્યાંથીરાખું?"

"અલ્યા સરજી! ચાલ તો, બેસી જા તારી ગાડી પર. શેઠિયા લોક ક્યાર-ના રાહ જુએ છે!" ગાડીવાનોના મુકાદમે બૂમ પાડી, ને બારણામાં ડોકિયું કર્યું.

સરજી તો જવાબની રાહ જોયા વિના જવાની તૈયારીમાં હતો, પણ માંદા ડોસાએ ઉધરસ ખાતાં ખાતાં તેના તરફ નજર કરીને એમ સૂચવ્યું કે મારે તને કંઈક જવાબ આપવો છે.

ખાંસી જરાક રોકાઈ ને પળનો વિરામ મળ્યો એટલે ડોસો કહે: "મારા બૂટ લઈ જા, સરજી." અને ધીમે સાદે ઉમેર્યું: "પણ જો, સાંભળ. ...હું મરી જાઉં પછી એક પથરો ખરીદીને મારી કબર પર ઊભો કરજે."

"મોટો પાડ તમારો, કાકા. ત્યારે હું બૂટ લઈ જાઉં છું. ને પથરો જરૂર ખરીદીને ઊભો કરીશ."

"અલ્યા છોકરાઓ, સાંભળો છો કે?" ડોસાએ મહામુસીબતે કહ્યું, ને પાછો બેવડ વળીને ખોં ખોં કરવા લાગ્યો.

"હા, કાકા, સાંભળીએ છીએ," એક ગાડીવાને કહ્યું. "જા, જઈને ગાડી પર બેસ, સરજી. પેલા મુકાદમ પાછા આવે. શિર્કિન શેઠાણી માંદાં છે એ તો જાણે છે તું."

સરજીએ પોતાના મોટા ખોખ જેવા ને સાવ ફાટી ગયેલા બૂટ કાઢ્યા

ને એક બાંકડા તળે મૂકી દીધા. થિયોડોરકાકાના બૂટ એને બરાબર બેસી ગયા. તે પહેરી એ ગાડી પાસે ગયો. તેની આંખો તો પગ પર જ ચોંટી રહી હતી.

"કેવા સરસ બૂટ! લાવ એને તેલ લગાડી દઉં," એક ગાડીવાન બોલ્યો. તેના હાથમાં ગાડીની ધરીમાં ઊંજવાનું તેલ હતું. સરજીએ ગાડી પર ચડી રેન હાથમાં લીધી એટલે પેલા જોડીદારે પૂછ્યું: "બૂટ કાકાએ મફતમાં જ આપી દીધા?"

"કેમ, તને અદેખાઈ આવે છે?" કહી સરજી ઊંચો થયો, ને ડગલાની ચાળ પગ નીચે ખોસી દીધી. "હાં, ચાલો ભઈલા! ઉપાડો પગ, મારા રૂપલા!" કહી તેણે ઘોડાને ટકોર કરી, ને ચાબુક ચમકાવ્યો; એટલે બંને ગાડીઓ અંદરનાં ઉતારુ ને પેટીપટારા સાથે, ભીના રસ્તા પર ચાલવા લાગી; ને પાનખરના ભૂખરા ધૂમસમાં અલોપ થઈ ગઈ.

પેલી હવા વિનાની ઓરડીમાં ડોસો ભઠ્ઠીના ઉપલા ભાગમાં પડી રહ્યો. ખાંસી કેમે કર્યે બંધ થઈ નહીં, એટલે પ્રયત્ન કરીને તેણે પડખું ફેરવ્યું ને ચૂપ થઈ ગયો.

સાંજે મોડા સુધી ઓરડીમાં જમવા આવનાર લોકોની અવરજવર ચાલુ રહી. માંદા માણસે કશો અવાજ કર્યો નહીં. રાત પડી એટલે રસોઇયણ ભઠ્ઠી પર ચડી, ને પોતાનો ઘેટાના ચામડાનો ડગલો લેવાને ડોસાના પગ પર ટેકો દઈ હાથ લાંબો કર્યો.

"મારા પર નારાજ ના થઈશ, નાટાસ્યા," ડોસાએ કહ્યું. "હવે થોડા જ વખતમાં હું તારો આ ખૂણો ખાલી કરી દઈશ."

"બહુ સારું, બહુ સારું, એની શું કામ ચિન્તા કરો છો?" નાટાસ્યા ધીમે રહીને બોલી. "પણ તમને દરદ શું થાય છે? કહો તો ખરા, કાકા."

"મારું આખું શરીર અંદરથી ખવાઈ ગયું છે. ભગવાન જાણે શું છે તે!"

"મને લાગે છે તમને ખાંસી આવે છે ત્યારે ગળું દુખે છે, નહીં?"

"એકેએક અંગ દુખે છે. મારું મોત આવ્યું છે — એ થયું છે. ઓ, ઓ, ઓ!" ડોસાએ ઊંહકારા કર્યા.

"પગ આમ ઢાંકી દો," કહી નાટાસ્યાએ એને ડગલો ઓઢાડ્યો, ને ભઠ્ઠી પરથી નીચે ઊતરી.

ઓરડીમાં રાતનો દીવો ધીમો ધીમો બળતો હતો. નાટાસ્યા અને દસેક ગાડીવાન ભોંય પર કે બાંકડા પર ઊંઘતાં હતાં, ને જોરથી નસકોરાં બોલાવતાં

હતાં. માંદો ડોસો ધીરે ધીરે ઊંહકારા કરતો હતો, ખોં ખોં કરતો હતો, ને ભઠ્ઠી પર પાસાં ઘસતો હતો. પરોઢનો સુમાર થયે તે સાવ શાન્ત થઈ ગયો.

પો ફાટવા આવ્યો ત્યારે ઝાંખા અજવાળામાં જાગીને આળસ મરડતાં નાટાસ્યા કહેવા લાગી: "રાતે મને વિચિત્ર સ્વપ્નું આવ્યું. જાણે થિયેડૉરકાકા ભઠ્ઠી પરથી ઊતર્યા ને લાકડાં ફાડવા ગયા. કહે: 'નાટાસ્યા, ચાલ, તને મદદ કરું!' મેં કહ્યું: 'તમે હવે લાકડાં શી રીતે ફાડી શકવાના?' પણ એમણે તો કુહાડી લેતાંકને ફડાફડ લાકડાં ચીરવા માંડયાં, ને છોડિયાં ચારે પાસ ઊડવા લાગ્યાં. મેં કહ્યું: 'આ શું કરો છો? તમે તો માંદા હતા ને?' તો કહે: 'ના રે, હું તો સાવ સાજો છું.' કહીને કુહાડી એવી વીંઝવા માંડી કે હું તો છળી ગઈ. મારાથી ચીસ પડાઈ ગઈ, ને હું જાગી ગઈ. કાકા મરી તો નહીં ગયા હોય? થિયેડૉરકાકા! એ થિયેડૉરકાકા!"

થિયેડૉરે જવાબ વાળ્યો નહીં.

"કદાચ ખરેખર મરી ગયા હોય. લાવ જઈને જોઉં તો ખરો," એક ગાડીવાન જાગીને કહેવા લાગ્યો.

રાતા વાળવાળો ડોસાનો પાતળો હાથ ભઠ્ઠી પરથી લટકતો હતો. તે ફીકો ને ટાઢોબોળ હતો.

"હું જઈ સ્ટેશન માસ્તરને કહી આવું," ગાડીવાન બોલ્યો. "મને લાગે છે ડોસા સ્વધામ પહોંચ્યા."

થિયેડૉરને કોઈ સગાં નહોતાં; તે બહુ આઘેના કોઈ ગામનો હતો. બીજે દિવસે લોકોએ તેને જંગલની પેલી પાર આવેલા નવા કબ્રસ્તાનમાં દફનાવ્યો. નાટાસ્યાએ ઘણા દિવસ સુધી પોતાના સ્વપ્નાની, ને થિયેડૉરકાકા મરી ગયા એ શોધ પહેલી પોતે કર્યાની વાત, જે કોઈ મળ્યું તેની આગળ કરી.

૩

વસંતઋતુ બેઠી હતી. શહેરની ભીની શેરીઓમાં થઈને પાણીની નાની નદીઓ વહેતી હતી, ને થીજી ગયેલા ખાતરના ઢગલા વચ્ચે ખળખળાટ કરતી હતી. રસ્તા પર ચાલતા માણસોનાં કપડાંના રંગ ભભકદાર લાગતા હતા; ને તેમના અવાજ તીણા નીકળતા. બગીચાઓની વાડો પાછળ ઝાડ પરની કળીઓ ફૂલી રહી હતી; ને ઝાડની ડાળીઓ પવનની તાજી લહેરોમાં ઝૂલતી તેનો અવાજ સંભળાતો હતો. ઠેરઠેર મોતી જેવાં પારદર્શક ટીપાં આઝાંને નીચે પડતાં હતાં... ચકલીઓ ચીંચીં કરતી હતી, ને નાનકડી પાંખો વડે જેમતેમ ફફડતી

હતી. શેરીની જે બાજુ પર તડકો પડતો હતો ત્યાં, વાડો, ઘરો ને ઝાડો પર એકએક વસ્તુ હાલતી ને ચળકતી હતી. આકાશમાં, પૃથ્વી પર, ને માણસોનાં હૈયાંમાં બધે આનન્દ અને યૌવન વ્યાપી રહ્યાં હતાં.

ધોરી રસ્તા પર આવેલા એક મોટા ને શ્રીમંત ઘરની સામે શેરીમાં તાજું ઘાસ પાથરેલું હતું. એ ઘરમાં પરદેશ જવા અધીરી બનેલી પેલી શેઠાણીના જીવનની ઘડીઓ ગણાતી હતી.

તેના ઓરડાના બંધ બારણા આગળ શેઠ અને એક આધેડ બાઈ ઊભાં હતાં. સોફા પર એક પાદરી માથું નમાવીને બેઠેલો હતો; તેણે ઝભ્ભામાં કશુંક વીંટાળીને પકડી રાખ્યું હતું. ઓરડાના એક ખૂણામાં માંદી શેઠાણીની ઘરડી મા માંદા માણસને ફેરવવાની ખુરસી પર પડી પડી ડૂસકાં મૂકીને રોતી હતી. તેની પાસે એક નોકર હાથમાં ચોખ્ખો રૂમાલ લઈને ઊભી હતી, ને રાહ જોતી હતી કે ડોસી રૂમાલ માગે કે તરત આપું. બીજી એક બાઈ ડોસીના લમણા પર કશુંક ઘસતી હતી, ને તેની ટોપી તળે થઈને ધોળા વાળવાળા માથા પર ફૂંક મારતી હતી.

"ભગવાન ઈસુ તમને મદદ કરે, બહેન," બારણા પાસે ઊભેલી આધેડ બાઈને શેઠે કહ્યું. "એને તમારા પર અજબ શ્રદ્ધા છે. એની સાથે વાત કેમ કરવી એ તમે જાણો છો. એટલે તમે જાઓને, બહેન, એને ગમે તેમ કરીને પણ સમજાવો." તે બારણું ઉઘાડવા જતો હતો, પણ શેઠાણીની બહેને રોક્યો; અનેક વાર રૂમાલથી આંખો લૂછી, ને માથું ધુણાવ્યું.

"હું રડી હોઉં એવું હવે દેખાતું હોય એમ મને નથી લાગતું," કહી તેણે જાતે બારણું ઉઘાડ્યું, ને ઓરડામાં ગઈ.

શેઠનું મન બહુ જ વિહ્વળ દશામાં હતું. તેની બેચેનીનો પાર નહોતો. તે ડોસી તરફ ગયો તો ખરો, પણ થોડાં ડગલાં બાકી રહ્યાં ત્યાંથી જ પાછો વળ્યો, ઓરડામાં આમતેમ ફર્યો, ને પાદરી પાસે ગયો. પાદરીએ એની સામે નજર નાખી, ભવાં ચડાવી આકાશ તરફ જોયું, ને નિસાસો નાખ્યો. તે વેળા એની જાડી ને સહેજસાજ ધોળી દાઢી પણ ઊંચી થઈ, ને નીચી બેઠી.

"હે ભગવાન, હે મારા પ્રભુ!" શેઠે કહ્યું.

"શું કરાય?" કહી પાદરીએ નિસાસો નાખ્યો; ને ફરી પાછાં એનાં ભવાં ને દાઢી ઊંચાંનીચાં થયાં.

"એની મા પણ અહીં છે!" શેઠે જાણે સાવ નિરાશ થઈને કહ્યું.

"એનાથી એ સહન થવાનું નથી. તમે જાણો છો એને મા પર એટલું બધું હેત છે ... મને કશી ગમ પડતી નથી! તમે એની માને દિલાસો આપીને ઘેર જવા ન સમજાવો?"

પાદરી ઊઠીને ડોસી પાસે ગયો.

"ખરું છે. માના હૈયામાં શું થતું હશે એ કોઈ સમજી ન શકે," તેણે કહ્યું. "પણ ભગવાન તો દયાળુ છે."

ડોસીના ચહેરા પર એકાએક વ્યાકુળતા ફેલાઈ ગઈ, તેની આંખો ચકળવકળ થવા માંડી, ને તેને બહુ જ સખત હેડકી આવવા લાગી.

"ભગવાન તો દયાળુ છે," હેડકી જરા અટકી ને ડોસી કંઈક શાન્ત પડી એટલે પાદરી કહેવા લાગ્યો. "મારા પરગણાની જ એક બાઈની વાત કહું. એની સ્થિતિ તો મેરીબહેનના કરતાં ઘણી ખરાબ હતી. પણ એક સાદા વેપારીએ એને વનસ્પતિનાં કંઈક ઓસડ આપીને જોતજોતામાં સાજી કરી. એ વેપારી હજુ પણ મૉસ્કોમાં છે. મેં વાસીલી શેઠને વાત કરી છે — આપણે એની દવા કરી જોઈશું... કંઈ નહીં તો બહેનના મનને તો આસાએશ લાગશે. પ્રભુ તો જે ધારે તે કરી શકે છે."

"ના, એ જીવવાની નથી," ડોસીએ કહ્યું. "ભગવાન મારે બદલે એને લઈ જાય છે." આટલું કહેતાંમાં હેડકી એટલી તો વધી પડી કે એને મૂર્છા આવી ગઈ.

શેઠે આ જોઈ હાથ વડે મોઢું ઢાંકી દીધું, ને ઓરડામાંથી બહાર જતો રહ્યો.

ચાલીમાં એને સૌથી પહેલો એનો ૭ વરસનો છોકરો મળ્યો. તે એની નાની બહેનની પાછળ પુરજોશમાં દોડતો હતો.

"આપ છોકરાંને એમની મા પાસે લઈ જવાનું નહીં ફરમાવો?" આયાએ પૂછ્યું.

"ના, એ છોકરાંને જોવા નથી માગતી — જુએ તો એનું મન ઉશ્કેરાઈ જાય."

છોકરો પળવાર થોભ્યો, ને પિતાના મોં સામે તાકીને જોઈ રહ્યો. પછી એણે પગ ઉછાળીને દોટ મૂકી, ને હરખથી બુમરાણ કરી મૂક્યું.

"એબી ઢોંગ કરે છે, બાપાજી, કે હું તો કાળો ઘોડો છું," બહેન તરફ આંગળી કરીને તે બોલ્યો.

દરમિયાન પેલા બીજા ઓરડામાં શેઠાણી પાસે એની બહેન બેઠી હતી, ને ચતુરાઈથી વાતચીત કરીને એનું મન મોતના વિચાર તરફ વાળવાનો પ્રયત્ન કરી રહી હતી. બીજી બારી પાસે ડાક્ટર દવાનું મિશ્રણ તૈયાર કરતો હતો.

સફેદ ઝભ્ભો પહેરીને સૂતેલી દર્દી ચોમેર તકિયાને અઢેલી પથારીમાં બેઠી હતી, ને ચુપચાપ બહેન સામે જોઈ રહી હતી.

"ના, બહેન," તે અણધારી વચ્ચે બોલી ઊઠી. "ના, મને મોતના વિચાર માટે તૈયાર ન કરીશ. હું બાળક છું એમ ન માનતી. હું ખ્રિસ્તી છું. હું એ બધું સમજું છું. હું જાણું છું કે મારે હવે ઝાઝું જીવવાનું નથી. મને એ પણ ખબર છે કે મારા વરે મારું કહ્યું વહેલું સાંભળ્યું હોત તો હું અત્યારે ઇટાલીમાં હોત, ને કદાચ — ના, ચોક્કસ — સાજી થઈ ગઈ હોત. એ વાત સહુએ એમને કહી હતી. પણ શું કરાય, બહેન? ભગવાનની જ એવી ઇચ્છા હશે. આપણી સહુએ ભારે પાપ કર્યાં છે. એ હું જાણું છું. પણ મને ભગવાનની દયા પર ભરોસો છે; એટલે હું માનું છું કે સહુને એમનાં પાપની ક્ષમા મળશે. હું મારી પોતાની સ્થિતિ સમજવા મથી રહી છું. મારે ઘણાં પાપોનો જવાબ દેવો પડવાનો છે, બહેન. પણ મારે દુઃખ પણ કેટલું બધું વેઠવું પડ્યું છે! હું ધીરજ રાખીને દુઃખ સહન કરવા મથું છું..."

"તો હું પાદરીને બોલાવું, બહેન? પાદરી ધર્મક્રિયા કરશે પછી તને વધારે આરામ લાગશે."

દર્દીએ માથું નીચું કરી સંમતિ દર્શાવી.

"હે ભગવાન, હું પાપી છું. મને માફ કર," તે બહુ જ ધીમેથી બોલી.

બહેને બહાર જઈ પાદરીને આંખથી અણસારો કર્યો.

"એ તો દેવી છે!" તેણે બનેવીને કહ્યું, ને તેની આંખ ભરાઈ આવી. શેઠ તો ચોધાર આંસુ પાડવા લાગ્યો. પાદરી જોડેની ઓરડીમાં ગયો. ડોસી હજુ બેભાન હતી, ને ઓરડામાં બધું સૂમસામ હતું. પાંચ મિનિટ પછી પાદરી બહાર આવ્યો; તેણે ઝભ્ભો ઉતાર્યો, ને વાળ સીધા કર્યા.

"ઇશ્વરકૃપાથી એમના મનને હવે શાન્તિ વળી છે, ને તમને મળવા માગે છે," પાદરીએ કહ્યું.

દર્દીની બહેન ને શેઠ દર્દીના ઓરડામાં ગયાં. શેઠાણી મૂગી મૂગી

રોતી હતી, ને એક મૂર્તિ સામે ટગર ટગર જોઈ રહી હતી.

"તને મુબારકબાદી આપું છું, વહાલી," * પતિએ કહ્યું.

"પાડ તમારો! હવે મને કેવું સારું લાગે છે! મારા મનમાં એવો હરખ થાય છે કે હું તે કહી શકતી નથી!" દર્દીએ કહ્યું. તેના પાતળા હોઠ પર આછું સ્મિત ફરકી રહ્યું. "ભગવાન કેવો દયાળુ છે, નહીં? દયાળુ છે, ને સર્વશક્તિમાન છે!" ફરી તેણે ઉત્કંઠા ને આજીજીની નજરે મૂર્તિ સામે જોયું, ને તેની આંખો ભરાઈ આવી.

પછી એકાએક, જાણે કંઈક યાદ આવ્યું હોય એમ, તેણે પતિને નિશાની કરી ને પાસે આવવા સૂચવ્યું.

"હું કહું છું તે તમે કદી કરતા નથી..." તેણે નિર્બળ ને અસંતુષ્ટ અવાજે કહ્યું.

પતિ ડોક લાંબી કરી નમ્ર ભાવે તેનું કહેવું સાંભળી રહ્યો.

"શું છે, વહાલી?"

"મેં તમને કેટલીયે વાર કહ્યું નથી કે આ ડાકટરો કશું જાણતા નથી? કેટલીક સાદી બાઈઓ હોય છે. તેઓ માણસને અચૂક સાજો કરે છે. પાદરીએ મને કહ્યું... એક વેપારી પણ છે... એને બોલાવો!"

"કોને, વહાલી?"

"હે પ્રભુ, તમારે કશું સમજવું જ નથી ને!"... દર્દીના ચહેરાની કળા ફરી ગઈ, ને તેણે આંખ મીંચી દીધી.

ડાકટરે આવી તેનો હાથ પકડ્યો. નાડી વધારે ને વધારે ધીમી પડતી હતી. ડાકટરે પતિ સામે જોયું, દર્દીએ જોયું, ને ભયભીત થઈને ચોમેર નજર નાખી. એની બહેન આઘી ગઈ ને રોવા લાગી.

"કોઈ રડશો નહીં. તમે દુઃખી ના થશો, ને મને પણ ના કરશો," દર્દીએ કહ્યું. "મારી છેવટની શાન્તિમાં ભંગ ના પાડશો."

"તું તો દેવી છે!" બહેને તેના હાથ પર ચૂમી લેતાં કહ્યું.

"ના, અહીં ચૂમી લે! મરેલાં માણસને જ હાથ પર ચૂમી લે છે. હે પ્રભુ! હે મારા નાથ!"

એ સાંજે દર્દીએ દેહ છોડ્યો. મોટા ઘરના સંગીતના ઓરડામાં એક કફનમાં શબને ગોઠવવામાં આવ્યું. એક પાદરી એકલો એ મોટા

* આ ધર્મક્રિયા કરાવનારને મુબારકબાદી આપવાનો રિવાજ રશિયામાં હતો.

ઓરડામાં બેઠો બેઠો, ગૂંગણે ને એકસૂરે અવાજે, ડેવિડનાં સ્તોત્રોનો પાઠ કરતો હતો. મોટી ચાંદીની દીવીઓ પર મૂકેલી મીણબત્તીઓનું અજવાળું મડદાનાં ફીકાં ભવાં પર, મીણ જેવા ભારે હાથ પર, ને કફનના ઓછાડ પર પડતું હતું. શબનાં ઢીંચણ ને પગનાં આંગળાં ઊપસી આવેલાં ને બિહામણાં દેખાતાં હતાં. પાદરી શબ્દોનો અર્થ સમજ્યા વિના એક જ સૂરમાં સ્તોત્રો ગગડાવ્યે જતો હતો. ને એ શાન્ત નીરવ ઓરડામાં એના શબ્દો વિચિત્ર અવાજ કરતા ફેલાઈ જતા હતા. વચ્ચે વચ્ચે દૂરના ઓરડામાંથી બાળકોની બોલચાલ ને તેમના પગનો ખખડાટ સંભળાતાં હતાં.

સ્તોત્રમાં એક જગાએ કહેલું હતું: "તું તારું મુખ સંતાડી રાખે છે, એથી લોકો મૂંઝાઈ જાય છે. તું એમનો શ્વાસ હરી લે છે, એટલે લોકો મરીને માટીમાં મળી જાય છે. તું એમના જીવને મોકલે છે, એટલે તેઓ જન્મ લે છે; અને તું ધરતીના પડને નવું રૂપ આપે છે. ભગવાનનો યશ સદાકાળ કાયમ રહેવાનો છે."

શબનો ચહેરો કડક ને ભવ્ય દેખાતો હતો. એનાં સ્વચ્છ શીતળ ભવાંમાં કે સખત બીડેલા હોઠમાં જરાયે હાલચાલ નહોતી. તે જાણે સાવ એકાગ્ર થઈ ગઈ હોય એવો ભાસ થતો હતો. પણ એ અત્યારે પણ પેલા સ્તોત્રના આ ગંભીર શબ્દો સમજી હશે ખરી?

૪

મહિના પછી એ મૃતાત્માની કબર પર પથ્થરની એક છત્રી બંધાવા લાગી. પેલા ગાડીવાન ડોસાની કબર પર તો હજુયે પથરો મુકાયો નહોતો. કોઈ એક માણસ થઈ ગયેલો તે અહીં દટાયો છે એટલી નિશાની દેખાડનાર માત્ર એક માટીનો ઢગલો હતો, તેના પર આછું લીલું ઘાસ ઊગ્યું હતું એટલું જ.

સ્ટેશનની પેલી ઓરડીમાં એક દહાડો રસોઇયણ કહેવા લાગી: "તું જો થિયોડોરકાકાની કબર પર પથરો નહીં ઊભો કરે તો તને પાપ લાગશે હોં, સરજી. આજ સુધી તો તું કહેતો હતો કે, 'શિયાળો છે, શિયાળો છે!' પણ તું હવે તારું વચન કેમ પાળતો નથી? તું જાણે છે હું સાક્ષી હતી તે. કાકાએ તને દેખા દઈને યાદ પણ દેવડાવી છે. હવે જો તું પથરો નહીં ખરીદે તો કાકો આવીને તારો ટોટો જ પીસી નાખશે. પછી તો તું જાણે."

"હોય કે ? હું કંઈ ફરી જતો નથી." સરજીએ જવાબ આપ્યો. "મેં કોલ આપ્યો છે એટલે પથરો તો ખરીદવાનો જ. એને માટે દોઢ રૂબલ પડે તોયે શું થઈ ગયું ? હું ભૂલી નથી ગયો. લાવવાની જ ખોટી થાય છે. હવે શહેરમાં જઈશ ને, ત્યારે ખરીદી લાવીશ."

"પણ કંઈ નહીં તો એક ક્રોસ તો કબર ઉપર મૂક. એ તો મૂકવો જ જોઈએ. નહીં તો ખરેખર પાપ લાગશે તને," એક ઘરડા ગાડીવાને ટાપશી પૂરી. "એના બૂટ તું પહેરે છે એ તો ખરું ને."

"ક્રોસ મને ક્યાંથી મળે ? લાકડામાંથી કાપીને તો મારાથી તૈયાર ન કરી શકાય."

"શી વાત કરે છે ? લાકડામાંથી ક્રોસ નહીં કાપી શકાય ? લે કુહાડી ને સવારે વહેલો જા જંગલમાં. લાકડું કાપીને ક્રોસ જરૂર બનાવાશે. નાનું એશ કે એવા કશાકનું ઝાડ કાપજે, એટલે એમાંથી ક્રોસ બનશે... જંગલના રખેવાળને કદાચ દારૂ પાવો પડે. પણ દરેક નજીવી ચીજ માટે એનું મોં ભરવું પડે એ ન પોસાય. જોને મારા ખપાટિયાની ચીપ ભાંગી ગઈ હતી, તે હું જઈને નવી લઈ આવ્યો, ને કોઈએ એક અક્ષરેય કહ્યો નહીં."

બીજે દહાડે સવારે, પો ફાટ્યો કે તરત, સરજી કુહાડી લઈને જંગલમાં ગયો.

ઝાકળનો ઠંડો ધોળો થર એકેએક ચીજ પર જામી ગયો હતો. તેને સૂર્યનાં કિરણુ અડયાં નહોતાં; ને ઝાકળ હજુ પડયાં કરતું હતું. પૂર્વ દિશામાં બહુ જ ધીમે ધીમે અજવાળું વધતું હતું. તેના ઝાંખા તેજનું પ્રતિબિંબ આકાશના જે ભાગ પર હજુ વાદળાંનો પાતળો પડદો છવાયેલો હતો તેના પર પડતું હતું. જમીન પર ઘાસનું એકે તરણું, કે ઝાડની સૌથી ઉપલી ડાળીઓ પરનું એકે પાંદડું, હાલતું નહોતું. માત્ર અવારનવાર ઝાડવામાં પાંખોનો ફફડાટ થતો, કે જમીન પર કશાકનો ખખડાટ થતો, તેને લીધે જ જંગલની નીરવ શાન્તિમાં ખલેલ પડતી. એકાએક જંગલને એક છેડે કુદરતથી જુદી જાતનો, વિચિત્ર અવાજ ગાજી ઊઠયો, ને શમી ગયો. એવો જ અવાજ પાછો ફરી સંભળાયો; ને એક સ્થિર ઊભેલા ઝાડના મૂળ આગળ તાલભેર એનો એ અવાજ ફરીફરી થવા લાગ્યો. એક ઝાડનો ઉપલો ભાગ થરથર કાંપવા લાગ્યો; તેનાં રસદાર પાંદડાં બહુ જ ધીરે સાદે કંઈક કહેવા લાગ્યાં; ને એક ડાળ પર

જે પંખી બેઠું હતું તે બે વાર સીત્કાર કરતું એક જગાએથી બીજી જગાએ ઊડ્યું, ને પૂંછડી હલાવતું બીજા ઝાડ પર જઈને બેઠું.

ઝાડના મૂળ પર પડતી કુહાડીનો અવાજ વધારે ને વધારે ધીમો આવવા લાગ્યો. ભીની સફેદ ચીરો ઝાકળવાળા ઘાસ પર વેરાવા લાગી; ને કુહાડીના ઘા ઉપરાંત એક ધીમો ચરેડાટ પણ સંભળાવા માંડ્યો. ઝાડનો આખો દેહ કાંપી ઊઠ્યો. ઝાડ નીચું નમ્યું ને પાછું ઊંચું થયું, ને ભયથી ધ્રૂજી ઊઠ્યું. ક્ષણ વાર બધે શાન્તિ ફેલાઈ ગઈ. પણ ઝાડ પાછું નમ્યું. એના થડમાંથી કડડડ કરતો અવાજ આવ્યો; ડાળીઓ ભાંગી ગઈ; નાનાં ડાળાં લટકી રહ્યાં; ને ઝાડ પડ્યું, તેની સાથે તેનો છેક ઉપરનો ભાગ ભીની જમીનને અડ્યો.

કુહાડી ને પગલાંના અવાજ શાંત થઈ ગયા. પંખી કલરવ કરતું ઊંચે ઊડી ગયું. એની પાંખો ઝાડની એક ડાંખળી જોડે ઘસાઈ, એટલે ડાંખળી હાલી; ને પછી ડાંખળી ને તેના પરનાં પાંદડાં બંને ઝાડના બીજા ભાગોની પેઠે નીરવ બની ગયાં. આ ઝાડ પડવાથી જે જગા સાફ થઈ તેમાં પોતાની સ્થિર ડાળીઓની શોભાનું પ્રદર્શન કરવામાં બીજાં ઝાડને પહેલાં કરતાં વધારે આનંદ આવવા લાગ્યો.

ઊગતા સૂરજનાં પ્રથમ કિરણો જાડા ચળકતા વાદળને ભેદી ઝબકી ઊઠ્યાં, ને પૃથ્વી તથા આકાશ પર ફેલાઈ ગયાં. ખાડાખૈયામાં ધૂમસ પાણીનાં મોજાંની પેઠે કંપવા લાગ્યું. ઝાકળ ચમક ચમક કરતું લીલોતરી પર રમવા લાગ્યું. પારદર્શક વાદળાં વધારે ધોળાં બન્યાં; અને આકાશની ભૂરી કમાન પર ઝપાટાબંધ ફેલાઈ ગયાં. પંખીઓએ ઝાડીમાં બેઠે બેઠે પાંખો ફફડાવી; ને જાણે ગભરાયાં હોય એમ કશાક કારણસર આનંદનો કલરવ કરી મૂક્યો. ઝાડનાં મથાળાં પર રસદાર પાંદડાં આનંદ અને શાંતિથી બહુ ધીરે સાદે ઘુસપુસ કરવા લાગ્યાં અને જે ઝાડ હજુ જીવતાં હતાં તેની ડાળીઓ પેલા મરેલા ને ભોંયભેગા થયેલા ઝાડ ઉપર ધીરે ધીરે ને રુઆબભેર ડોલવા લાગી.

માટીની પૂતળી

[ટૉલ્સ્ટૉયે લગ્ન પછી છ મહિને એમની નાની સાળી કુમારી તાતિયાના બ્હેર્સને નીચેનો રમૂજી કાગળ લખેલો, તેમાં એક પૂતળીની વાર્તા આપી છે. શરૂઆતમાં પાંચ લીટીઓ ટૉલ્સ્ટૉયની પત્ની કાઉન્ટેસ સોફિયા ટૉલ્સ્ટૉયના અક્ષરમાં છે, ને બાકીનો કાગળ ટૉલ્સ્ટૉયના પોતાના અક્ષરમાં.]

૨૧મી માર્ચ ૧૮૬૩

કેમ, તાનિયા, તારું હૈયું સુકાઈ કેમ ગયું છે?.... તું મને બિલકુલ કાગળ જ લખતી નથી. તારા કાગળો મને તો બહુ ગમે છે. લ્યોવોચકાએ તને પેલો ઘેલો કાગળ લખેલો તેનો પણ તેં હજુ જવાબ આપ્યો નથી. હું તો એમાંથી એક અક્ષર પણ સમજી શકી નહોતી.

૨૩મી માર્ચ ૧૮૬૩

બહેન તાનિયા, સોનિયાએ* લખવું શરૂ તો કર્યું પણ એકાએક અટકી ગઈ, કેમ કે આગળ લખી શકાયું નહીં. કેમ ન લખાયું એ તું જાણે છે, તાનિયા? એની વિચિત્ર દશા થઈ છે; ને મારી દશા તો એથીયે વિચિત્ર થઈ છે. તું જાણે છે કે આપણી પેઠે એ પણ હાડમાંસ ને લોહીની બનેલી છે. એ સ્થિતિમાં કેટલાક લાભ છે, ને કેટલાક ગેરલાભ પણ છે. એ શ્વાસ લેતી હતી. એનું શરીર હૂંફાળું હતું; કેટલીક વાર તો ગરમ ગરમ થઈ જતું. તે નાક નસેકતી (કેટલું જોરથી!), વગેરે. એ બધા ઉપરાંત તે પોતાના અવયવો પર કાબૂ રાખી શકતી. તેના હાથપગ જુદી જુદી રીતે ફરી શકતા. ટૂંકામાં, એને આપણા જેવું જ શરીર હતું. એકાએક ૨૧મી માર્ચે રાતે દસ વાગ્યે એની ને મારી આ અસાધારણ દશા થવા પામી. તાનિયા, હું જાણું છું તું એને હંમેશા ચાહતી હતી (હવે તને એને વિશે કેવી લાગણી ઊપજશે એ હું નથી જાણતો). મને ખબર છે કે તને મારે વિશે સમભાવ હતો, ને તું મારે વિશે રસ લેતી. હું એ પણ જાણું છું કે તું શાણી છે, જીવનના મોટા મોટા પ્રશ્નો વિશે ડહાપણથી વિચાર કરી શકે છે, ને તને તારાં માતાપિતા વિશે પ્રેમ છે (એમને આ બનાવની ખબર આપજે), એટલે આ ઘટના કેવી રીતે બની એટલું જ હું તને લખું છું.

---

* તાનિયા, સોનિયા, ને લ્યોવોચકા એ અનુક્રમે તાતિયાના, સોફિયા ને લિયોનાં ટૂંકાં ને લાડનાં નામ છે.

તે દહાડે હું સવારે વહેલો ઊઠયો, ખૂબ ચાલ્યો ને ઘોડા પર ફરી આવ્યો. બપારે ને સાંજે અમે સાથે જમ્યાં, ને વાંચતાં હતાં (એ હજુ વાંચી શકતી હતી). મારું મન શાંતિ ને આનંદમાં હતું. દસ વાગ્યે મેં ફોઈબાને સલામ કરી (ત્યાં સુધી સોનિયા હંમેશના જેવી સાજીતાજી હતી, ને એણે મને કહ્યું કે, "તમે જાઓ, હું આવું છું.") ને સૂઈ ગયો. ઊંઘમાં મેં સાંભળ્યું કે એણે બારણું ઉઘાડ્યું. તે કપડાં કાઢતી હતી તે વેળા એનો શ્વાસોચ્છ્વાસ પણ સાંભળ્યો...પડદા પાછળથી નીકળી ને પથારી પાસે આવી એ પણ સાંભળ્યું. મેં આંખ ઉઘાડી... તો શું જોઉં છું?— તું ને હું જે સોનિયાને આટલાં વરસથી જોતાં હતાં તે નહીં, પણ સફેદ ને ચકચકતી ચીની માટીની સોનિયા! તારાં બા ને બાપુજીને જે માટી વિશે કજિયો થયેલો તે જ માટીની બનેલી. એ માટીની પૂતળીઓને ઉઘાડા ને ઠંડા ખભા હોય છે, ને તેમનાં ગળાં ને હાથ આગળ નમેલાં હોય છે; પણ શરીરના એ બધા ભાગ માટીના એક જ લોંદામાંથી બનાવેલા હોય છે, એ તું જાણે છે. એ પૂતળીઓને કાળા રંગેલા ને ઓળેલા વાળ હોય છે ને એ રંગ ઉપલા ભાગમાં ઘસાઈ જાય છે. તેમની આંખો માટીની, ને તેના ડોળા બહુ મોટા ને ઊપસી આવેલા હોય છે, ને આંખોના ખૂણા કાળા રંગેલા હોય છે. ફરાકને સળ પાડેલા હોય છે. પણ એ બધું માટીના એક જ લોંદાનું બનેલું હોય છે. સોનિયા આબેહૂબ એવી હતી! હું એના હાથને અડચો — તો તે સુંવાળી લાગી. તેનો સ્પર્શ મને સારો લાગ્યો. ઠંડી માટીની હતી ખરી ને! મને થયું હું ઊંઘતો હોઈશ. એટલે હું બરાબર જાગીને બેઠો. પણ એ તો હતી તેવી ને તેવી જ મારી સામે ઊભી રહી. ન હાલે કે ન ચાલે. મેં પૂછ્યું: 'તું માટીની છે?' તેણે મોઢું ખોલ્યા વિના જ (મોઢું તો હતું તેમનું તેમ જ રહ્યું. મોઢાના વાંકા હોઠ લાલચોળ રંગેલા હતા.) તેણે જવાબ દીધો: 'હા, માટીની છું.' મને તો ધ્રુજારી આવી ગઈ. મેં એના પગ તરફ નજર નાખી: એ પણ માટીના; ને (હું કેવો છળી ગયો હઈશ તેનો ખ્યાલ તને આવી શકશે) માટીની બેસણી પર જડાઈ ગયેલા. બેસણી ને શરીર માટીના એક જ લોંદામાંથી બનાવેલાં. બેસણીનો દેખાવ જાણે જમીન હોય એવો કરેલો હતો, ને ઘાસ ચીતરવા માટે લીલો રંગ લગાડેલો હતો. ડાબા પગની પાસે, ઢીંચણથી સહેજ ઉપરના

ભાગમાં ને તેની પાછળ માટીની થાંભલી હતી. તે રતૂમડી રંગેલી હતી. કદાચ ઝાડનું ઠૂંઠું બનાવવા માટે તેમ કર્યું હશે. એ પણ પૂતળીનો જ એક ભાગ હતો. મેં જોયું કે આ ઠૂંઠા વિના એનાથી ટટાર ઊભી શકાય એમ નહોતું. મારા દુઃખનો પાર રહ્યો નથી. તને એને વિશે પ્રેમ હતો, એટલે તું તો એની કલ્પના કરી શકશે. મને મારી આંખ, મારા હાથ વગેરે પર હજુ વિશ્વાસ બેસતો નહોતો. એટલે મેં એને બોલાવવા માંડી. પેલી બેસણી ને સાથેના ઠૂંઠા વિના એનાથી ખસી શકાય એમ નહોતું. એટલે તે બેસણી સહિત સહેજ ડોલી, ને મારી તરફ ઝૂકી. માટીની બેસણી ભોંય પર અથડાઈ તેનો અવાજ મેં સાંભળ્યો. હું એને ફરી અડચો, તેનું આખું શરીર સુંવાળું, અડતાં સારું લાગે એવું, ને માટીનું એટલે ઠંડુંગાર હતું. હું એનો હાથ ઊંચો કરવા ગયો, પણ હાથ ઊંચો ન થયો. એની કોણી ને પડખા વચ્ચેના ભાગમાં આંગળી, અથવા ખીલી પણ, ખોસી જોઈ; પણ તે ખોસાય જ શાની? માટી હતી ખરી ને. બજારમાં મળે છે, ને જેમાંથી જાતજાતનાં વાસણ બને છે, એવી જ માટી આ હતી. પૂતળી કેવળ બહારના દેખાવ માટે જ ઘડેલી હતી. મેં એની કાંચળી તપાસી જોઈ. તે પણ શરીરનો જ એક ભાગ હતો. મેં વધારે બારીકાઈથી જોયું તો નીચેના ભાગમાં કાંચળીના સળનો એક ટુકડો તૂટી ગયેલો, એટલે ત્યાં રતૂમડો રંગ દેખાતો હતો. માથાના ઉપલા ભાગમાં કાળો રંગ સહેજ ઘસાઈ ગયેલો, એટલે ત્યાં ધોળું ધોળું દેખાતું હતું. એક જગાએ હોઠ પરથી પણ રંગ ઘસાઈ ગયેલો, ને એક ખભા પરથી એક ટુકડો તૂટી ગયેલો. પણ પૂતળી એવી સરસ બનાવેલી હતી, ને એવી કુદરતી હતી, કે ભલે પૂતળી તો પૂતળી, પણ આપણી સોનિયા જ હતી. કાંચળી પણ એ પહેરતી હતી તેવી જ, ઝીકની કોરવાળી હતી. માથા પાછળ કાળા વાળનો અંબોડો હતો, તે પણ માટીનો. સુંદર પાતળા હાથ, મોટી આંખો ને હોઠ — એ બધું આબેહૂબ હતું, પણ માટીનું. મારા ગભરાટનો પાર રહ્યો નહીં; ને શું કહેવું કે કરવું કે વિચારવું એ મને સૂઝ્યું નહીં. એ તો મને ખુશીથી મદદ કરત, પણ માટીની પૂતળી શું કરી શકે? અડધી મીંચેલી આંખો, આંખના ડોળા ને ભમર, બધું દૂરથી જોતાં જીવતા માણસનું હોય એવું જ લાગતું હતું. એ મારા તરફ જોતી નહોતી, પણ મારી પેલી પાર એની પથારી

હતી તેના તરફ જોઈ રહી હતી. તેને સૂઈ જવું હોય એમ લાગતું હતું, ને તે આખો વખત બેસણી પર ઝોલાં ખાતી હતી. મારું મન હાથમાં રહ્યું નહીં, એટલે મેં એને પકડીને પથારીમાં સુવડાવવા ઉપાડી. મારી આંગળીઓ એના ટાઢા, માટીના શરીર પર જરાયે દબાઈ નહીં. એથી વધારે આશ્ચર્ય તો મને એ થયું કે એ ખાલી બાટલી જેવી હલકીફૂલ થઈ ગઈ હતી. પછી એકાએક તેનું શરીર નાનું થવા લાગ્યું, ને બહુ જ નાનું — મારી હથેળી કરતાંયે નાનું — થઈ ગયું. છતાં શરીરનો ઘાટ તો એનો એ જ હતો. મેં એક ઉસીકું ઉપાડયું, એના એક ખૂણામાં પૂતળીને મૂકી, તેના પર ઉસીકાનો બીજો ખૂણો મારી મૂઠી વડે દબાવ્યો, ને એને ત્યાં સુવાડી દીધી. પછી એની રાતે પહેરવાની ટોપી લીધી, તેની ચાર ગડ કરી, ને તેનાથી એને માથા લગી ઢાંકી દીધી. એ તો ત્યાં ચૂપચાપ પડી રહી. પછી મેં દીવો હોલવ્યો, ને એને મારી દાઢી તળે મૂકી. ત્યાં તો ઓચિંતો ઉસીકા નીચેથી એનો અવાજ સંભળાયો: "ફોઈબા, હું માટીની કેમ બની ગઈ?" મને શો જવાબ દેવો એની ખબર નહોતી. એણે ફરી કહ્યું: "હું માટીની છું એથી કશો ફરક પડશે?" મારે એના મનને દુઃખ થવા દેવું નહોતું, એટલે કહ્યું: "ના, કશો ફરક નહીં પડે." મેં ફરી અંધારામાં એને સ્પર્શ કરી જોયો — એ પહેલાંના જેવી જ કડીગાર, ને માટીની હતી. એનું પેટ તે જીવતી હતી ત્યારે હતું એવું જ, મોટા ફાંદવાળું, હતું — માટીની પૂતળીને માટે એવું પેટ કંઈ કુદરતી ન કહેવાય. પછી મારા મનમાં કંઈક વિચિત્ર લાગણી થઈ આવી. મને એકાએક એમ થઈ ગયું કે એ પૂતળી છે એ કેવું સરસ છે! મને નવાઈ લાગતી મટી ગઈ — આખો બનાવ મને બહુ સ્વાભાવિક લાગ્યો. મેં એને બહાર કાઢી, એક હાથમાંથી બીજા હાથમાં લીધી, ને મારા માથા તળે [illegible] દીધી. એને એ બધું ગમ્યું. અમે ઊંઘી ગયાં.

સવારે હું ઊઠયો, ને એની સામે નજર નાખ્યા વિના જ બહાર [illegible] ગયો. રાતનો બનાવ ઘણો જ ભયંકર લાગતો હતો. હું બપોરે જમવા આવ્યો ત્યારે તો પાછી તે હંમેશના જેવી — આપણા જેવી સામાન્ય જ — બની ગઈ હતી. રાતે બનેલી વાત મેં એને યાદ ન કરાવી. [illegible] એ વાત કરીશ તો સોનિયા ને ફોઈબા બંનેનાં મનને દુઃખ થશે. આ વાત મેં હજી કોઈને કરી નથી. આ તને લખું છું એ જ. મેં

ધારેલું એ બધી ગઈગુજરી થઈ ગઈ. પણ તે દિવસથી, અમે જ્યારે જ્યારે એકલાં પડીએ છીએ ત્યારે એની એ ઘટના બને છે. સોનિયા એકાએક ટચૂકડી માટીની પૂતળી બની જાય છે. બીજાંઓની હાજરીમાં તો હંમેશના જેવી માણસ હોય છે. એના મનને આથી ત્રાસ નથી થતો, ને મને પણ નથી થતો. ખરૂં કહું તો વિચિત્ર લાગે એવું છે, પણ હું કબૂલ કરૂં છું કે મને એ વાતથી આનંદ થાય છે. અને એ માટીની છે છતાં અમે બહુ સુખી છીએ.

બહેન તાનિયા, હું આ બધું એટલા માટે લખું છું કે તું તારાં બાપુજી ને બાને આ વાત કરજે; અને બાપુજી પાસે ડાકટરને પૂછી લેવડાવજે કે આ બનાવનો અર્થ શો? ને જે બાળક જન્મવાનું છે તેને આથી કંઈ હાનિ તો નહીં થાય? અત્યારે અમે એકલાં છીએ, એટલે એ મારી નેકટાઈ તળે બેઠી છે, ને એનું અણીદાર નાક મારા ગળામાં ખૂંચ ખૂંચ કરે છે. ગઈ કાલે એ ઓરડામાં એકલી પડી હતી. હું અંદર ગયો ત્યાં જોયું કે ડોરા (અમારી નાની કૂતરી) એને ખૂણામાં ખેંચી ગઈ હતી ને તેની સાથે ગેલ કરતી હતી. ભાંગી નહોતી નાખી એટલું સદ્ભાગ્ય. મેં ડોરાને ફટકારી, ને સોનિયાને વાસ્કોટના ગજવામાં મૂકી મારા અભ્યાસખંડમાં લઈ ગયો. પણ મેં ટુલાથી એક નાની લાકડાની પેટી મંગાવી છે તે આજે આવવાની વકી છે. પેટીની બહાર મોરોક્કો ચામડું મઢેલું છે, ને અંદરના ભાગમાં મખમલનું અસ્તર કરાવ્યું છે. એમાં પૂતળીબાઈને માટે એવી રીતે જગા રાખી છે કે અંદર મૂકી હોય ત્યારે કોણી, માથું ને પીઠ બધું સરખી રીતે રહે. પછી ભાંગી જવાની બીક જ નહીં. પૂતળીને પણ હું શેમોય ચામડાથી મઢી લઈશ.

મેં આ કાગળ લખીને તૈયાર કર્યો હતો તેવામાં એક ભયંકર આફત આવી પડી. એ ટેબલ પર ઊભી હતી, ત્યાં અમારી ઘરડી નોકર નાતાલિયાએ પસાર થતાં એને અડફેટ મારી. એટલે પૂતળી પડી ગઈ, ને ઠુંઠા પાસેના ઢીંચણના ઉપલા ભાગમાં પગ ભાંગી ગયો. અમારો નોકર ઍલેકસી કહે છે કે ઈંડાંની સફેદીમાંથી બનાવેલા એક લેપ વડે એને સાંધી શકાશે. મૉસ્કોમાં આવો લેપ બનતો હોય તો મને મોકલી આપજે.